The Gujarat Printing Press—Ahmedabad.

અર્પણ છે

આ પુસ્તક

દही से प्राप्त

શ્રી વીર પિતાને

કે જેના વચનોને અભાવે

આ દુનીઆ વસવા જેવી જ રહેત નહિ

અને જે થી મર્યાદીત પરોક્ષ મનુષ્યની ઈર્ષ્યા,

ઈર્ષ્યીત વર ક્ષણમાત્રમા ટગી શકતા કેચો

કરત જ નહિ

।।श्री।।

।।या पुसतक साह रामकुमार किशे नेयसराई

द० रामकुमार का

આત્માર્થી મહાશયોને

એક અપીલ

મ્હારૂં ગજું નથી કે આવાં પુસ્તકો મ્હારા ખર્ચે છપાવી વિના મૂલ્યે તેનો પ્રચાર કરી જનસમાજમાં શાસ્ત્રવાંચનનો શોખ ઉત્પન્ન કરૂં તો પણ શ્રીમંત સ્વધર્મીઓને રસ્તો બતાવવા માટે આ બોજો મ્હેં ઉપાડ્યો છે.

આવીજ રીતે બીજા સૂત્રોનો સાર પણ પ્રગટ કરવાની મ્હારી ઇચ્છા છે પણ તે કામનું ખર્ચ જુદા જુદા શ્રીમંતોએ ઉપાડી લેવું જોઇએ છે માત્ર રૂ ૧ એકજ સદ્‌ગૃહસ્થ ઉપાડે તો બીજા બે સૂત્રોનો સાર પ્રગટ કરવાની તૈયારીમાંજ છું કોઇ આત્માર્થી મહાશયને આ પહેલો મણકો જોયા પછી ઇચ્છા થાય તો મ્હને લખી જણાવવા કૃપા કરવી.

પાંચકૂવા, અમદાવાદ. | વાડીલાલ મોતીલાલ શાહ, અધિપતિ જૈનસમાચાર

પ્રસ્તાવના



જે પદાર્થોમાં અને જે પદાર્થો સમ્બન્ધી વિચારોમાં આ જ
કાળના મનુષ્યો એટલા બધા મુંઝાઇ રહ્યા છે કે આત્માના અનુભવ
રૂપી મધુરા રસાસ્વાદની તેમને (અમારું કહી નહિ હોય એટલી બધી)
આવશ્યકતા છે આત્માનો અનુભવ સહજ રસ્તે થઇ શકે જ્ઞાની પુરુ
ષના મુખકમળ દ્વારા જ્ઞાની પુરુષ આપનું માટે પારસમાં ?
સત્તા મળતા મળ્યા છે તે ગ્રંથો દ્વારા અમર જ્ઞાની પુરુષોએ
નુયાયી સત્તા પછી સાથ રૂપમાં ઉપજતી કદાચ સાર
રૂપી અધિકાર

આ ગ્રન્થમાંનો પહેલો રસ્તો તો આ કાળમાં આ ભૂમિના
મનુષ્યો માટે બંધ છે મતલબ કે એવા કેવળજ્ઞાની મહાત્માઓ
વિદ્યમાન જ નથી.

બીજો રસ્તો જે જ્ઞાનીએ આપણાં કલ્યાણના સમર્થ રૂપ
સત્તા તે ભાવથી ભાષામાં હોવાથી સામાન્ય માણસો
થી તેનો લાભ લઇ શકે એમ નથી. કેટલાક તે ભાષાથી
વાકેફ ન હોવાને લીધે કેટલાક સમની
પડ્યા રહ્યા આજ નમ હોવાથી અને કેટલાક પડ્યા
પાન થયેલા વખત અશક્ય હોવાથી, આ
પ્રાચીન રીતનો લાભ મળવો જ બનાવ છે.

અને એટલા / માટે સૂત્રોનું દોહન કરીને તેનો એકંદર સાર ટૂંકમાં અને સરળ ગુજરાતીમાં લખાવાની જરૂર સૌથી વધારે છે એ જરૂર પુરી પાડવા માટે જ આ જૈન શાસ્ત્રમાળા ની યોજના કરવામાં આવી છે આ યોજનાને ફતેહમંદ બનાવવા માટે અર્થાત્ તેનો ઘણા માણસો લાભ લઇ શકે તે માટે જૈન સમાચાર ના ગ્રાહકોને અમારા ખર્ચે એક નકલ મફત આપવા ઠરાવ્યું અને બીજાઓને છેક જ નામની કિંમતે વેચવાનું ઠરાવ્યું દાખલા તરીકે 7 ચાર સૂત્રો આ પહેલા મણકામાં માત્ર આઠ આનાની નજીવી કિંમતમાં આપવામાં આવ્યાં છે તેજ ચાર સૂત્રોની હસ્તલિખિત પ્રત ખરીદવા ઇચ્છનારે રૂપીઆ દશ ખરચવા પડે છે। અને દશ ખર્ચવા છતાં તે સમજવાં કઠણ કેટલાક વર્ષોનો ભોગ આપવો પડે છે।

પ્રગટવા લાયક સર્વ ચીજોમાં પહેલે નંબરે જ્ઞાન છે કે 7 જ્ઞાનના મતિ શ્રુત અવધિ મનઃપર્યવ અને કેવળ એવા પાંચ પ્રકાર છે આ પાંચમાં પણ પરમ ઉપકારી જ્ઞાન તે શ્રુત જ્ઞાન છે. કે મતિજ્ઞાનાદિક બીજા જ્ઞાનો વડે જણાયેલા પદાર્થોનું સ્વરૂપ આ જ્ઞાન દ્વારા જ જણાય છે. આ શ્રુત જ્ઞાનના પ્રતાપે ભૂતકાળમાં ગૌતમ આદિ અનેક જીવો સંસાર સમુદ્ર તરી ગયા વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી મંધરાદિક તીર્થંકરની વાણી સાંભળીને ઘણા જીવો તરવાનું કામ કરી રહ્યા છે અને આગામિક કાળે પદ્મનાભાદિક તીર્થંકરની વાણી સાંભળીને યથારૂચિ અનુસાર પ્રમુખ અનેક જીવ તરશે. આવું પરમ ઉપકારી શ્રુત જ્ઞાન આ ભરતાદિ ક્ષેત્રમાં વર્તનાય છે વાચકો આ ચા શ્રી ન સાધન દ્વારા સાંભળી વા વાંચી તે પર મનન કરી મનમાં શ્રદ્ધા ઉત્પન્ન કરશે અને શ્રદ્ધા સહિત વર્તન કરશે તે જીવ કર્મથી વિમુક્ત થશે

શ્રુત જ્ઞાનની કલ્પના એક સમ્પૂર્ણ અંગ વાળા મનુષ્યના આકારથી કરી શકાય. જેમ માણસના જુદાં જુદાં અંગો વડે સર્વ ક્રિયાઓ થઈ શકે છે અર્થાત્ સર્વ ક્રિયાઓનો સમાવેશ મનુષ્ય શરીરમાં થાય છે તેમ સર્વ જ્ઞાનના-સર્વ દર્શનોનો સમાવેશ શ્રુત જ્ઞાનમાં થઈ જાય છે. શ્રુત જ્ઞાનનાં બાર અંગ અને બાર ઉપાંગ છે જે પૈકી બારમું અંગ (દૃષ્ટિવાદ) વિચ્છેદ ગયું છે.

૧૧ અંગમાં આચારાંગ સુયગડાંગ ઠાણાંગ સમવાયાંગ ભગવતી જ્ઞાતા ઉપાસકદશાંગ અંતગડ અનુત્તરોવવાઈ પ્રશ્નવ્યાકરણ અને વિપાકસૂત્ર એ સૂત્રોનો સમાવેશ થાય છે

૧૨ ઉપાંગમાં ઉવવાઈ રાયપસેણી, જીવાભિગમ પન્નવણા જંબુદ્વિપપન્નતિ ચંદપન્નતિ સૂરપન્નતિ નિરાવલીકા કપ્પવડંસીયા, પુપ્ફીઆ પુપ્ફચુલીઆ અને વન્હીદશા એ સૂત્રોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જ્ઞાનપૂરકના અન્ય સાધનની જરૂરીઆતે મૂકવા યોગ્ય ચાર મૂળસૂત્રો છે જેનાં નામ દશવૈકાલિક ઉત્તરાધ્યયન નંદી અને અનુયોગદ્વાર એ પ્રમાણે છે. આમાંના છેલ્લા સૂત્રમાં દ્રવ્યાનુયોગ વગેરે ચાર બાબતો દાખલ કરીને તેમ જ સાર્થ રચના ગ-દે-તત્ત્વ ૩૪ પદાર્થ આદિના તત્ત્વજ્ઞાનનો બોધ પણ બારીકાઈથી બતાવવા દ્વારાથી તે ઘણું કઠિન અને તત્ત્વજ્ઞાનમય તથા સારગ્રંથને રૂપ આપનારૂં સૂત્ર છે.

૬૨ ચાર છેદ સૂત્ર જેમાં બૃહત્કલ્પ વ્યવહાર નિશીથ દશાશ્રુતસ્કંધ જે ચાલતા અમલ વડે થાય છે આમને જ્ઞાનપૂરકના ઉત્તમ વધામણું સ્થાન અપાયું છે. ૬૮ સૂત્રમાં ચોમાસામાં પાની ખુલ્લીઓ ઊંચી કરી પવિત્ર વધાના સાધના જરૂર છે

ઉપર કહેલાં ૧૧+૧૨+૪+૪=૩૧ સૂત્રો ઉપરાંત જ્ઞાનપુરુષની વાણીની રચનાએ ગુંથવા યોગ્ય આવશ્યક સૂત્ર છે કે જે વડે મનુષ્ય Commission અને Ommission ના રૂપમાં, પોતાથી થયેલાં સર્વ પાપોનું પુનઃસ્મરણ કરી શકે અને પશ્ચાત્તાપ કરી તેવાં પાપો ફરી પછી ન થાય એ માટે નિશ્ચય બાંધી શકે. આ આવશ્યક સૂત્ર ગુંથવાની રચનાએ કરવાનું કારણ એ છે કે આ સૂત્રનું રહસ્ય સમજીને તદનુસાર વર્તનાર મનુષ્ય જ જૈન ધર્મની ઉંચી શ્રેણીઓ સમજવાને સાધક બની શકે એવાનો / મજબ ઉં તેને સમજવા નાં નિમિત્ત થાય છે.

પરન્તુ આ ૩૨ થી જ જૈન શાસ્ત્રનો ભંડાર પૂરો થતો નથી. જ્ઞાન તો બાર પૂર્વ સુધી છે એમાં થોડા માત્ર રૂપે ૩૨ જ શુદ્ધ હાલતમાં રહી આવ્યાં છે. આ ઉપરાંત કેટલાક બીજા ૧૩ સૂત્રોને માને છે તે જૈન ધર્મનાં તો ખરાં જ પરન્તુ કાળ જતે એમાં જુદા જુદા પક્ષોના માણસોએ પોતાની મતિકલ્પના મુજબ ભેળસેળ (Interpolations) કરવાથી તે પ્રમાણ રૂપ માની શકાય નહિ. હા, કોઈ મત (પછી તે જૈનનો હો કે અન્યતરનો હો) વાંચવામાં કશી હરકત નથી માત્ર એટલી જ દરકાર છે કે તે અપક્ષપાત માણસ બુદ્ધ તરીકે મત મેળવી કસુદ રાખેલા ૩૨ સૂત્રોના સાર ધ્યાનમાં રાખી પક્ષના ભેળસેળવાળાં સૂત્રો કે ગ્રન્થો વાંચે તો કદાપિ એના હાથમાં ખાટી અસર થાય નહિ. ? હવે આપણે વચન સુધી સાચા રૂપ નહિ માનેલા સૂત્રો કહે છે કે ૩૨ સૂત્રો મત કાઢ વાળા વખતનાં સત્ય છે તે વાંચ્યા પછી બાકી ૪૫ કે ૮૪ કહ્યા અને ૯ નંગ સઘળા વધારે તે સર્વ વાસ રૂપે જ વંચાય છે.

ફરી ફરીથી ચેતાવવાની જરૂર છે કે તીર્થંકરોએ પ્રથમ જે ઉપદેશ કરેલો અને જે ઉપદેશને ગણધરોએ સૂત્ર રૂપમાં ગુંથેલો તે સર્વ કાંઈ આ ૩૨ કે ૪૫ કે ૮૪માં સમાયેલો નથી. આમાં તો અલ્પ માત્ર છે પરન્તુ આજના આપણે વામન મનુષ્યો આરામાં ૩૨ સૂત્ર પણ વાંચી કે સાંભળી શકતા નથી તો હજારો શાસ્ત્રોનું રક્ષણ ના આપણાથી થાય જ કેવી રીતે!

ભગવાન શ્રી મહાવીર, પરદુઃખભંજન વિક્રમ પૂર્વે ૪૭૦ વર્ષે મુક્તિ ગયાં એટલે આજે એ વાતને ૨૪૩૬ વર્ષ થયાં. તે વીર પ્રભુના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે એટલે આજથી ૧૪૫૬ વર્ષ ઉપર જૈન સૂત્રો (કે જે તે વખત સુધી કંઠે હતાં) અક્ષરમાં મૂકાયાં અર્થાત્ લખાયાં એમ મનાય છે. દુકાળ વગેરે કારણે સ્મરણશક્તિ ઘટતી જતી જોઈ વલ્લભીપુર અને મથુરામાં રહેનારા જૈન આચાર્યોએ પણ વિદ્વાન સાધુ મુનિરાજોની સ્મરણશક્તિની મદદથી રક્ષણ કર્યું અને પછી મથુરા મુનિવરોએ એક સ્થાને એકઠા થઈ સૂત્રો [illegible] જેટલાં સ્મૃતિમાં [illegible] પાછાં [illegible] પુસ્તકારૂઢ કરીને લખી રાખ્યાં.

આ પછી વખતો વખત પણ મુનિવરોએ પોતપોતાના [illegible] પ્રમાણે [illegible] નહિ પણ [illegible] નામે આગમો [illegible] પણ [illegible] લખાયાં હતાં અને તેમાં [illegible] વખતોવખત [illegible] નવાં [illegible] [illegible] વિશ્વાસનીય ન [illegible] તો પણ [illegible] અને અનુભવ આપનારી [illegible] છે [illegible] વિચારવું [illegible]

શ્રી

વિપાક સૂત્ર

પ્રથમ સ્કંધ—દુઃખ વિપાક,

જેમાં

અશુભ કર્મના ફળ દર્શક

દશ ' અધ્યયનો ' સમાવવામાં આવ્યાં છે.

અધ્યયન ૧ મુ—મૃગાપુત્ર　અધ્યયન ૬ મુ—નંદીવર્ધન
૨ જું—ઉજ્ઝિય　〃　૭ મુ—ઉંબર
૩ જું—અભગ્નસેન　〃　૮ મુ—શૌરિયદત્ત
૪ થું—શકટ　૯ મુ—દેવદત્તા
૫ મુ— બૃહસ્પતિ　૧૦ મુ—અંજુ

" कडाण कम्माण न मोक्ख अत्थी "
" કર્યાં કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી "

પ્રવેશિકા



કાળ* તે સમયને વિષે (એટલે અવસર્પિણીના ચોથા આરાને વિષે) ચંપા+ નામે નગરી હતી. (તેનું વર્ણન શ્રી ઉવવાઇ સૂત્રથી જાણવું.) ત્યાં શ્રેણીક રાજાનો પુત્ર કોણીક રાજ્ય કરતો હતો.

તે નગરીની બહાર ઉત્તર અને પૂર્વ દિશાના વિભાગને વિષે એટલે ઈશાન કોણમાં નંદનવન સમાન એક ઉદ્યાન (બાગ) હતું. તેમાં પૂર્ણભદ્ર નામે યક્ષ (દેવ)નું દેરૂં હતું

---

* કાળ — વખતના એક ભાગને-અંશ ભાગ ને સમય કહેવાય છે. કાળ બે છે; ઉત્સર્પિણી કાળ (કે જેમાં આયુષ્ય અવગાહના રૂપ-રસ વગેરે પ્રતિદિન વધતું જાય) અવસર્પિણી કાળ (કે જેમાં આયુષ્યાદિ પ્રતિદિન ઓછું થતું જાય) અને ના અવસર્પિણી નો ઉત્સર્પિણી કાળ (કે જેમાં વધ-ઘટ નહિ.) પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં અવસર્પિણી કાળ છે અને પાંચ મહાવિદેહક્ષેત્રમાં નો અવસર્પિણી ના ઉત્સર્પિણી કાળ છે; માટે ત્યાં આરા નું પરાવર્તન નથી.

+ એક લાખ યોજનનો જંબુદ્વીપ છે તેમાં આ ભરત ક્ષેત્ર ૧ ૧૯ કટકા છે ભરતના બે ભાગ છે; દક્ષિણ ભરત અને ઉત્તર ભરત. ઉત્તર ભરતમાં અનાર્યની વસ્તી છે અને દક્ષિણ ભરતમાં બત્રીસ હજાર દેશ કહ્યા છે જેમાંના ૨૫॥ દેશ આર્ય અને બાકીના ૩૧૯૭૪॥ દેશ અનાર્ય છે જે ૨૫॥ દેશ આર્ય છે તેમાં મુખ્ય મગધ દેશ છે એમાં રાજગૃહી વગેરે ૧ ક્રોડ ૬૬ લાખ ગામ છે બીજો અંગ દેશ છે તેમાં ચંપા નગરી છે અને તેમાં ૫ લાખ ગામ છે

એકદા આ ઉદ્યાનમાં આર્ય* સુધર્મ સ્વામી** પાંચસો સાધુના પરિવાર સાથે મુનિયોગ્ય અભિગ્રહ ધારણ કરીને એક ગામથી બીજે ગામ વિહાર કરતા કરતા આવી પહોંચ્યા અને આવ્યા આ

આર્ય એ ઇંગ્રેજી Reverend જેવો છે જે ને ધર્મગુરૂને લગા પડ છે શ્રી તીર્થમાં આર્ય વપરાય છે

** આપ સદ્ગુણી હોય છે તે આ પરથી વિચારવા જેવું છે. સંસાર પક્ષે તેઓના માતાપિતા ખાનદાન—આબરૂદાર હોય છે (અને સામાન્ય રીતે નીચ માતાપિતાને પેટે ગુણી પુરૂષો જન્મતા જ નથી) વળી તેઓ શરીરે મજબૂત હોય છે (કારણકે શરીરબળે કર્મ બાંધવા સુગમ હોય તેમ શરીર કર્મ છોડવામાં પણ સહાયક ગણાય છે) વળી તેઓ સ્વરૂપ વાન પણ હોય છે આજ કેટલાક ભારતવર્ષના લોકો પોતાને કેવળ જ્ઞાન પણ જણાવી જાય છે તેવામાં આવી આત્મિક શક્તિ હોવાનો સંભવ નથી એ આ ઉપરથી સહેજ સમજાઈ શકશે. એક પ્રખ્યાત અંગ્રેજ લેખક લખે છે કે —

The person (man of Cosmic consciousness) has an exceptional physique exceptional beauty of build and carriage exceptionally handsome features exceptional health exceptional sweetness of temper exceptional magnetism. (ભાવાર્થ —તે માણસની તંદુરસ્તી અસાધારણ સારી હોય ચહેરો અસાધારણ સુંદર હોય બાંધો અસાધારણ મજબૂત હોય મીઠાશ બોલવાની તેની અસાધારણ આકર્ષક હોય સ્વભાવ અસાધારણ મીઠાશવાળો હોય અને તેનામાં કુદરતી ગુણ—આકર્ષણ શક્તિ પણ અસાધારણ અર્થાત્ સાધારણ રીતે જોવામાં ન આવે તેવામાં આવતી હોય

નીને ઉદ્યાનમાં ઉતર્યા આર્ય સુધર્મ સ્વામી કેવા છે ? જાતિ (એટલે માતાનો પક્ષ) અને કુળ (એટલે પિતાનો પક્ષ) બન્નેથી તેઓ નિર્મળ છે ચાદ પૂર્વ અને ચાર જ્ઞાનના ધારણહાર છે વજ્રઋષભનારાચ સંઘયણના ધણી છે અનુત્તર વિમાનના દેવતાથી પણ અધિક કાન્તિવાન છે શ્રીમાન મહાવીર પ્રભુના શિષ્ય આર્ય સુધર્મ સ્વામી આવા પ્રતાપી ગુરુ હતા.

તેઓ ચંપા નગરી બહારના ઉદ્યાનમાં પધાર્યા છે એવા ખબર નગરીમાં ફેલાતાં ઘણા ધર્મપ્રેમી લોકો દર્શન અને ઉપદેશ શ્રવણના લાભ લેવા આવ્યા અને ઇચ્છીત લાભ લઈને પોતપોતાને ઘેર ગયા

આર્ય સુધર્મ સ્વામીની સાથે તેમના શિષ્ય જંબુ સ્વામી હતા તેઓ જાતિ અને કુળે કરી નિર્મળ હોવા સાથે સાત હાથ ઉંચા હતા તેઓ ધ્યાનાન્તરે જ્યાં સુધર્મ સ્વામી બિરાજે છે ત્યાં આવી ત્રણવાર પ્રદક્ષિણા દેઈ પર્યાન નમાવી વંદના નમસ્કાર કરી બે હાથ જોડી સવિનય કહેતા હતા- હે પૂજ્ય ! શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ જેઓ મોક્ષપદને પ્રાપ્ત થયા તેમણે અગીઆરમું અંગ ? વિપાક સૂત્ર તેનો અર્થ કેવી રીતે પ્રરૂપેલો છે તે મને વ્યાખ્યાવના કૃપાવંત થશો !

આર્ય સુધર્મ સ્વામી વ્યાખ્યાનમાં ફરમાવતા હતા —વિપાક સૂત્રના બે સ્કંધ (ભાગ) છે (૧) દુઃખ વિપાક અને (૨ સુખ વિપાક. દરેક સ્કંધમાં ૧ —૧ અધ્યયનોનો સમાવેશ કર્યો છે. આ ૨ અધ્યયનો પૈકી દુઃખ વિપાકનાં દશ અધ્યયનો અનુક્રમે નીચે મુજબ છે

અધ્યયન ૧ લુ

મૃગાપુત્ર



કાળ તે સમયને વિષે મૃગાગ્રામ (મિગાગ્રામ) નામે નગર હતું ત્યાંના વિજય નામે ક્ષત્રિય રાજાને રૂપલાવણ્યસંપન્ન એવી મૃગાવતી નામે રાણી હતી. તેને પેટે જન્મથી આંધળો જન્મથી મુંગો જન્મથી બહેરો જન્મથી પાંગળો હાથપગરહિત તથા વાત-કફાદિક રોગે કરી સહિત એવો એક પુત્ર જન્મ્યો હતો જેનું નામ મૃગાપુત્ર પાડ્યું હતું. આ બાળકને કોઈ જોઈ નય નહિ એટલા માટે ભોંયરામાં રાખવામાં આવતો.

આ જ નગરીમાં એક જન્માંધ ભિક્ષુક રહેતો હતો કે જેના માથાના વાળ હમેશા વિખરાયલા રહેતા અને જેની ઉપર માખીઓ બણબણાટ કરી મૂકતી. આ દેખતા માણસ હાથમાં લાકડી પકડાવી તેને ઘેરેઘેર ભિક્ષા માટે દોરી જતા.

તે મૃગાગામ નગરની બહાર ઉત્તર-પૂર્વના દિશાભાગને વિષે (એટલે ઇશાન કોણમાં) છ ઋતુનાં ફળ પુષ્પોવડે સુશોભિત એવું ચંદનપાદપ નામે ઉદ્યાન હતું ત્યાં ઘણા કાળનું જુનું સુધર્મ નામે યક્ષનું દેરું હતું આ ઉદ્યાનમાં તે કાળ તે સમયને વિષે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ સમોસર્યા તેમને વાંદવાને લોકો ત્યા ગયા તે જોઈ વિજયરાજા પણ વાંદવા નીકળ્યો અને ત્યાં જઈને ભગવાનની સેવાભક્તિ કરવા લાગ્યો

ઘણા લોકોનો કોલાહલ સાંભળીને પેલો અંધ પુરુષ પણ પેલા દેખતા પુરુષની લાકડીવડે દોરાતો થકો શ્રી મહાવીર સ્વામીને વાંદવા આવ્યો ત્યા પહોંચીને પ્રભુને ત્રણવાર જમણી તરફથી નારંભીને પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કરી પર્યુપાસના (સેવા ભક્તિ) કરવા લાગ્યો.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરે વિજયરાજા તથા પ્રજાને ધર્મકથા ફરમાવ્યા બાદ સૌ પોતપોતાની જગાએ પાછા ગયા. તે સમયે ભગવાનના વડા શિષ્ય શ્રી મુનિ (ગૌતમ) નામે અણગાર કે જેઓ તપ-સંયમે કરી પોતાના આત્માને ભાવતા થકા વિચરતા હતા તેઓ પેલા અંધ પુરુષને જોવાથી ઉત્પન્ન થયેલા અચંબો મટાડવા અર્થે પ્રભુને પૂછવા લાગ્યા "હે પૂજ્ય કોઈ બીજો જન્માંધ માણસ જન્મ્યો આપના જાણવામાં છે ?"

પ્રભુ કહેતા હવા "ગૌતમ એક બીજો પણ છે. આ મૃગાગામમાં વિજય રાજા અને મૃગાદેવીનો અંગજાત મૃગાપુત્ર નામે

આંધળો છે તે જન્માંધ છે. વળી તે જન્મથી મુંગો બહેરો અને અપંગ છે તેને હાથ-પગ ઉપાંગાદિ આકાર માત્ર જ નજરપડે નથી. તેને તેની મા ભોંયરામાં રાખી અન્નજળથી પોષે છે "

શ્રી ગૌતમે પૂછ્યું હે ભગવન્! આપની આજ્ઞા હોય તો હું તે મૃગાપુત્રને જોવા જઉં" પ્રભુએ કહ્યું હે દેવાનાં વલ્લભ! જેમ સુખ ઉપજે તેમ કરો "

આજ્ઞા મળવાથી હર્ષિત થઈ શ્રી ગૌતમ સ્વામી ઇર્યાસમિતિ સાચવતા થકા નગરની મધ્યોમધ્ય થઈને મૃગાદેવીના આવાસમાં ગયા રાણી હર્ષને પામી અને બોલી અહો પૂજ્ય! આ પ્રભો તે આપનું અત્ર પધારવું થયું છે! જે આજ્ઞા હોય તે ફરમાવો."

શ્રી ગૌતમ સ્વામી બોલ્યા હે દેવાનુપ્રિયે! તમારા પુત્રને જોવાને હેતાવળો અત્ર આવ્યો છું

આ સાંભળી રાણીએ મૃગાપુત્ર પછી અનુક્રમે જન્મેલા ચાર પુત્રોને વસ્ત્રાલંકાર પહેરાવી શ્રી ગૌતમને પગે લગાડ્યા અને બોલી હે પૂજ્ય! આ રહ્યા મારા પુત્રો!

શ્રી ગૌતમ કહેતા હવા અહો દેવાનુપ્રિયે! તારા આ પુત્રોને જોવા હું આવ્યો નથી પણ તારો વડો પુત્ર મૃગાપુત્ર કે જે જન્માંધ છે અને જેને ભોંયરામાં રાખી મુક્યો છે તેને જોવા હું આવ્યો છું "

ભગવાન ગૌતમ પ્રત્યે મૃગાવતી દેવી કહેતી હવી હે

પૂજ્યપાદ કેવા અતિશય જ્ઞાની મહાત્મા આપને ન્યાં શુભ પગલાં કરી ! ભગવાન ગૌતમ કેવા દયા ... મારા પુણ્યોદય પ્રેમે પધારી મારા ... જ્ઞાની મ... ... મને કોઈ દિન ઠે તેમને આ વાત કહી નહીં મ... નમ્યુ

મૃગાપુત્રને અમને (બન્નેને) વચન થયા ... કહેતી બોલી ... પૂજ્ય ... મજૂર ... આપને ... દેખાડું છું " એમ કહી ... ભોંયરામાં ... તે ... પરવાનો ... આપી ... ... ભોંયરામાં ... ... જી ગૌતમ સ્વામી પાસે આવી ... પૂજ્ય ... પધારો તમને ... ...

મે પ્રત્યક્ષ તો જોયા નથી પરન્તુ ખચીત ! આ મનુષ્ય નરક સરખુ દુઃખ ભોગવે છે

પછી તેઓ ત્યાંથી ચાલી નગરની મધ્યોમધ્ય થઇ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સમક્ષ આવ્યા અને ત્રણવાર વંદન નમસ્કાર કરીને જોયેલુ સર્વ કહી સંભળાવ્યા બાદ પૂછ્યું કે હે પૂજ્ય ! એ મૃગાપુત્ર પૂર્વ ભવે કોણ હતો ? તેનું શું નામ અને ગોત્ર હતું ? કયા ગામ કે નગરમાં તે વસતો હતો ? શાં અશુભ તથા કુપાત્ર દાન દીધાં હતાં ? શાં માંસાદિક અભક્ષ્ય ભોગવ્યાં હતાં ? શાં કુવ્યસનાદિક કીધાં હતાં ? અને કેવી જાતનાં પાપ કાળનાં આચરેલાં જીવહિંસાદિ નઠારાં કર્મોને નિંદી—નિવૃત્ત નહિ થવાથી તેને આવાં દુઃખ રૂપ * ભોગવવાં પડે છે ? કૃપા કરી આ સર્વ ખુલાસો કરશો

ભગવાન કહેતા હવા. તે કાળ તે સમયને વિષે જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં શતદ્વારા નામે નગર હતું જેને સો દરવાજા હતા. તે ઋદ્ધિએ કરી ભરપુર અને ભયરહિત હતું ધનપતિ નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો તે નગરથી અતિ દૂર નહિ તેમ અતિ નજીક નહિ એટલે અંતરે અગ્નિકોણમાં વિજયવર્ધમાન નામે ઋદ્ધિવંત ખેડા હતું તેના તાબામાં પ[illegible] ગામ હતા જેની ઉપર

---

* દુઃખ રૂપ અથવા વિપાક કેવાં કૃત્યોથી બને છે તેનો સહજ ખ્યાલ આવવા ઉપરના શબ્દો મૂકી આપ્યા છે કુવ્યસન માંસાહાર, કુપાત્રદાન એ વગેરેના વિપાક કેવા હોય છે એ [illegible] નહિ પણ મરતા પહેલાં કર્મોને નિંદી પશ્ચાતાપ કરી સમ્યકત્વ ન [illegible] પણ બિજા કરવા વિપાક (કર્મ) ભોગવવા પડે છે

માટીના કોટવાળા ગામને ખેડા કહે છે

આ ભરતમાં આ સમા ખેડાનો અધિપતિ એકાઇ રાઠોડ હતો. તે પ ગામ મહિતનું અગ્રેસરપણું તથા સ્વામીપણું ભોગવતો હતો. તે પણો અધર્મી અને કુકૃત્ય કરવામાં આનંદ માનનારો હતો. લાંચ પાસેથી કર અને ખેડુતો પાસેથી જમીન ભાગ પણો લેતા અને તેમાં પણ નિતદિન વધારો કરતો. લોક ત ત્રાસ કેના લોકોને મારતો આજીવકાવનો અને કહેતો કે તારી પાસે મારું આ ભરવું અને પરભવનું લેવું છે તે દે! એકનો એક મુન્હા પશુને આપે ના ભીને પશુનો ફડ લેતો ચોરને પોલતો ગામને બાળતો રસ્તે જતા લોકોને લૂટતો ચોને જાને પીતો તથા બીજા પાસે પીડા કરાવતો અને આઆશાસ્થી ભ્રષ્ટ કરાવતો આમ લોકોને અત્યંત દુખ દઈ નિધન કરી પોતે પૈસો એકઠો કરતો

વળી તે રાઠોડ કેવા હતો ? રાજ્ય યુવરાજ શેઠ સાર્થવાહ ઇત્યાદિના કાર્યનો નાશ કરતો તથા હસવતો. ખોટા વિચારનું કામ અને ગુહ્ય (છાની) તથા ગ નવણી વાતનો નિશ્ચય કરતો નહિ, વિવાદ તથા વ્યવહાર વિ. સાંભળ્યું હોય ન સાંભળ્યું કહેતો ન સાંભળ્યું હોય સાંભળ્યું કહેતો દીઠું અણદીઠું કહેતો અને અણ દીઠું દીઠું કહેતા બોલ્યું અણબોલ્યું કરતા (તાડતો) અને લીધું અણ લીધું કહેતો (કરી લ્યો.) આવી રીતે તીવ્ર શબ્દે અને તીવ્ર કર્મ કરી વર્તતા અશુભ કર્મ એ / જેનું વિધાન ૭ એવો તે રાઠોડ જ્ઞાનાવરણ આદિ કર્મ બાંધતો વિચરતો હતો.

એવા એ એકાઇ રાઠોડના શરીરમાં એકદા એકીવખતે ૧૬ રોગ પ્રગટ થયા (૧) શ્વાસ-દમ (૨) ઉધરસ (૩) તાવ,

(૪) દાદ (૫) કૃષ્ને મિરો રણ (૬) ભગંદર, (૭) હરૌ (મસા) નું દુઃખું (૮ અરુચ્છું (૯) દષ્ટિશૂળ (૧)મસ્તક શૂળ (૧૧) અરુચિ, (૧૨) આંખની વેદના (૧૩) કાનની વેદના (૧૪) ખ જ (ખરજ) (૧૫) જળોદર અને (૧) કોઢ.

આ ૧૬ રોગ પ્રગટ થવાથી તેણે કુંબીઓને કહ્યું— તમે તમો અને આપણા ગામમાં જ્યા બે રસ્તા ત્રણ રસ્તા ચાર રસ્તા અને ઘણા રસ્તા મળતા હોય એવા મોટા ચકલા આગળ ઉભા રહી મોટે અવાજે સાદ પાડો કે એકાઇના શરીરમાં ૧૬ રોગ નનર થયા છે તેમાંના એકને પણ જે કોઇ વૈદકશાસ્ત્ર ભણેલો અમર વગર ભણ્યે રોગનિદાન જાણનારો વૈદ અથવા વૈદપુત્ર મટાડશે તો તેને ઘણી લક્ષ્મી આપવામાં આવેશે એવી ઉદ્ઘોષણા ૨–૩ વાર મોટા અવાજથી કરી પછી મારી આજ્ઞા પાછી સોંપો (અર્થાત્ હુકમનો અમલ થયેલો મને જણાવી જાઓ.)

તેઓએ તેમ કર્યુ

ઉદ્ઘોષણા સાંભળીને ઘણા વૈદ્યો તથા વૈદ્યપુત્રો પોતપોતાનાં શસ્ત્રોનાં ભાજન તથા દવાની ઝોળીઓ વગેરે લઇને ખડ ની વચ્ચોવચ્ચ થઇને એકાઇના ઘેર ગયા તેઓમાંથી કોઇ નાડી તુએ છે કોઇ રોગનું નિદાન પૂછે છે કોઇ તેલનું મર્દન કરાવે છે કોઇ ઓસડનું વિલેપન કરાવે છે પકવેલું ઘી તથા ઉકાળા વગેરે પાય છે ઉલટી તથા જુલાબ કરાવે છે ડામ દે છે પછી તનનાં આસ્થીમિશ્ર રગ વડે સ્નાન કરાવે છે ગુદાએ તથ ભગાડે

છે અસ્તીકર્મ કરાવે છે (ગુદા દ્વારા તેલનો પ્રવેશ કરાવે છે) ચામડાની નાડ તેલ વાળી કરી ગુદામાં મુકે છે નાસ દે છે નસ્તર વડે રસ ખોલે છે ચામડીને કાપે છે માથે ચામડું વીંટી તેલ સીંચી અગ્નિએ શેકે છે ઘણી જાતના ખાર ખવરાવે છે રોહિણી વગેરે અનેક વન પતિની છાલ તથા મૂળ વડે શેકે છે સરણ વગેરે કંદ તથા પાંદડાથી શેકે છે ઘણી પ્રકારની ઔષધિના જળથી તથા બીજા પ્રકારથી શેકે છે ઠુંઠ-જળ નાખે છે હરડે આમળા તથા અસા ગિંધ વિગેરે ફકાવે છે કરિયાતુ પાય છે અને ગોળીઓ ખવરાવે છે ઇત્યાદિ ઘણાં પ્રકારનાં ઓસડ વેસડ તથા ઉપચારો કરે છે પરન્તુ એક પણ રોગ ટળાવી શક્યો નહિ. આથી વૈદો અતિ ખેદ પામી પોતપોતાને ઠેકાણે ચાલ્યા ગયા

વૈદ્ય અને સારવાર કરનારા તથા ઓસડ વેસડ લાવનારા માણસો ત્યાગીને નિરૂપાય થયા અને એકાઇ રોગ રાજની પીડા પામ્યાં (કર્યો. (એકાઇ નહિ પણ શારીરિક વ્યાધિ સાથે રાજ્ય તથા અંતેઉર (રાણીઓ) ના વિષે મુર્ચ્છાભાવ હોવાથી આ ર્તધ્યાન તથા રૌદ્રધ્યાન ધ્યાવા લાગ્યો) (શારીરિક અને માનસિક દુઃખ ભોગવતાં થકાં) અઢીસો વર્ષનાં પરમ ઉત્કૃષ્ટ આયુષ્યને અંતે મૃત્યુ પામી—

રત્નપ્રભા પૃથ્વી (એટલે પહેલી નરક) માં ઉપ

ત્યાં એક સાગરોપમની સ્થિતિ ભોગવ્યા પછી અંતરા રહિત નીકળીને તે જીવ આ મૃગાગામના વિજયક્ષત્રી રાજાની મૃગાદેવી રાણીની કુક્ષીએ પુત્રપણે ઉપન્યો ઉપજતાં વાંત માતાના શરીરમાં

ઉત્પત્તિ વડના પ્રમાદ થઈ એટલુંજ નહિ પણ તે દિવસથી રાણી તે રાજ બળ અપ્રીતિ ભાવતીજ અને અણગમો બતાવવા લાગ્યા. એકદા એક સમીના પાછલા પ્રહરને વિષે રાણી કુટુંબજાગરિકા (એટલે કુટુંબનાં સુખ દુઃખનો વિચાર) કરતી હતી તે વખતે એને વિચાર થયો કે "અહો! હું કે જે મારા સ્વામીને વલ્લભ હતી વિશ્વાસનું ઠામ હતી તેજ હું, આ ગર્ભ મારી કુખીએ ઉત્પન્ન થયો છે ત્યારથી સ્વામીને અપ્રિય અને અપ્રતિજકારી થઈ પડી છું માટે એ ગર્ભ ઓષધ્યાદિકે કરી સડે પડે ગળે મરે તેવો પ્રયાસ કરું તો ઠીક. એમ વિચારી અનેક પ્રકારના ખાર તથા કડવી અને તુરી વસ્તુઓ ખાધી મત્રાવેલા પાણી પીધાં, વગેરે કરવા છતાં ગર્ભ સડ્યો પડ્યો ગળ્યો મુઓ નહિ તેથી મૃગાવતી રાણીએ તથા મને કરી ખેદ પામી અને અભિલાષ રહિત થઇ દુઃખે ગર્ભને નિર્વહતી હતી.

આ બાળકને ગર્ભમાં છતાંજ આઠ નાડી પોતાના શરીરમાં જ વહે છે આઠ નાડી શરીરની બહાર રહે છે આઠ નાડીથી પરૂ વહે છે અને આઠ નાડીથી લોહી વહે છે બે બે કાનને આંતરે બે, બે આંખને આંતરે બે બે નાકના આંતરે અને બે બે ધમણીના આંતરે (અપાન પ્રદેશે) તેનાથી વારંવાર લોહી પરૂ વહે છે વળી તે બાળકને ગર્ભમાં છતાંજ ભસ્મામિ નામે વ્યાધિ ઉપન્યો છે તેથી તે બાળક જે આહાર કરે છે તે તરત જ નાશ પામીને પરૂપણે તથા રુધિરપણે પરિણમે છે તેનો પછી તે આહાર કરે છે.

ગર્ભને નવ માસ પરિપૂર્ણ થયે મૃગાવતી રાણીએ એક દિવસે તે બાળકને જન્મ્યો તે જાતિ અંધ અંગોપાંગ રહિત અને

ઇંદ્રિઓના આકાર માત્ર છે પણ પ્રગટપણે નથી એવા રૂપે જ બો- આવું (ઘાગ વારવાના નીસાવસ જેવું) રૂપ જોઇને મૃગાદેવી બીની અને ત્રાસ પામી ધાવમાતાને બોલાવી કહેવા લાગી કે જાઓ એ બાળકને એકાંત ઉકરડે નાખો." તે ધાવમાતાએ મૃગાદેવીનું વચન તહત (કબુલ) કીધું અને એ વાત વિજયક્ષત્રી રાજા પાસે જઇને સવિનય નિવેદન કરી. રાજા ઉતાવળો મૃગાદેવી પાસે આવીને કહેવા લાગ્યો. આ " તમારો પહેલીવારનો ગર્ભ છે માટે તેને ઉકરડે નાખશો તો તમારાં સંતાન જીવશે નહિ માટે તેને ઉકરડે નહિ નાખતાં ભોંયરામાં છાનો રાખી અન્ન પાણીથી પોષો" તે વચન મૃગાદેવીએ તહત કરી બાળકને ભોંયરામાં રાખ્યો. અને તેને આહાર પાણીથી પોષવા માંડ્યો. આવી રીતે મૃગાપુત્ર બાળક પૂર્વભવના પણ કાળના સંચિત કર્મ-ફળનું મહા અથાગ દુઃખ ભોગવે છે ત્યાંથી છવીસ વરસનું પરિપૂર્ણ આયુષ્ય ભોગવીને કાળસમયે કાળ કરીને આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્યપર્વતની સમીપે સિંહના કુળને વિષે સિંહપણે ઉપજશે. ત્યાં પણ પાપ સંચિત કરીને કાળ સમયે કાળ કરીને આ રત્નપ્રભાપૃથ્વી એટલે પહેલી નરકે ઉત્કૃષ્ટી એક સાગરોપમની સ્થિતિએ ઉપજશે. ત્યાંથી આંતરા રહિત નીકળીને નકુળ (નોળ અથવા પો) થશે ત્યાંથી કાળ કરીને બીજી નરકે ત્રણ સાગરની સ્થિતિએ ઉપજશે.

સંવત ૧૯૩૩ ની છાપેલી પ્રતમાં ૩૨ વરસનું આયુષ્ય લખેલું હોવાથી અમોએ બીજી ત્રણ લખેલી પ્રતો મેળવી તે બધામાં ૨૬ વરસ હોવાથી અમોએ તે પ્રમાણે લખ્યું છે

ત્યાંથી આંતરા રહિત નીકળીને પક્ષી વિષે ઉપજશે. ત્યાં પણ કાળ કરીને ત્રીજી નરકે સાત સાગરની સ્થિતિએ ઉપજશે. ત્યાંથી નીકળીને સિંહ થશે ત્યાંથી મરીને ચોથી નરકે જશે. પછી સર્પ થશે પછી પાંચમી નરકે જશે. પછી સ્ત્રી થશે ત્યાંથી છઠ્ઠી નરકે જશે. પછી મનુષ્ય થશે. ત્યાંથી સાતમી નરકે જશે. ત્યાંથી આંતરા રહિત નીકળીને જળચર પંચેંદ્રિય તિર્યંચ યોનિ એટલે માછલાં, કાચબા, મઢા, મગર, સુસુમારાદિક જળચરની સાડીબાર લાખ કુલકોડીને વિષે ઉપજશે ત્યાંથી અનેક યોનિના ભેદને વિષે અનેક લાખવાર મરીને ત્યાંને ત્યાંજ ઉપજશે ત્યાંથી નીકળીને ચોપદને વિષે ઉરપરી સર્પને વિષે ભૂજપરીને વિષે પક્ષીને વિષે ચૌરેંદ્રિને વિષે તેઇંદ્રીને વિષે બેઇંદ્રીને વિષે વનસ્પતિ માંહે કડવાવૃક્ષને વિષે કડવા દુધને વિષે વાયુકાય અગ્નિકાય અપકાય અને પૃથ્વીકાયને વિષે અનેક લાખવાર મરી મરીને ત્યાંજ ઉપજશે. પછી ત્યાંથી આંતરા રહિત નીકળીને સુપ્રતિષ્ઠ નગર ને વિષે રાંડપણે ઉપજશે. તે જુવાન થયે એકદા વર્ષાઋતુના પહેલા મહિને (શ્રાવણ માસમાં) ગંગા મહાનદીના વડની ભાડી (ઉપરથી ભાગાવડે ખણતા) તે ભાગની ભેખડ તુટી પડવાથી અપાય મરણ પામશે. ત્યાંથી સુપ્રતિષ્ઠ નગરને વિષે શેઠના કુળને વિષે પુત્રપણે ઉપજશે તે જુવાનપણે શાસ્ત્રમાં કહ્યા છે તેવા ઘર

ઋતુ ૬ છે—માગશર, પોષ હિમ ઋતુ ૧, માઘ ફાગણ શિશિર ઋતુ ૨, ચૈત્ર વૈશાખ વસંતઋતુ ૩, જેઠ અસાડ ગ્રીષ્મઋતુ ૪, શ્રાવણ ભાદરવો વર્ષાઋતુ ૫ આસો કાર્તક શરદઋતુ ૬

સાધુ સમીપે ધર્મ સાંભળી તે હૈયે ધારી સાધુ થઈ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરી બ્રહ્મચર્ય અને ઘણાં વરસનું ચારિત્ર પાળી આલોચી પડિક્કમી સમાધિ પામી કાળ સમયે કાળ કરીને સુધર્મ દેવલોકે દેવતાપણે ઉપજશે. ત્યાંથી આંતરા રહિત દેવતાનું શરીર છોડીને મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્તમકુળ સમૃદ્ધિવંત અને દઢપ્રતિજ્ઞાવન અનગારની પેઠે દઢપૈના એવે નામે સમકીતી જીવ થશે. ત્યાં તે બહોંતેર કળા શીખશે. પછી દિક્ષા લઈ મુક્તિ જશે.

સાર

મૂળ સૂત્રના અધ્યાયમાં ઉમેરો કર્યા સિવાય માત્ર સાર કહી બતાવ્યા પછી હવે આપણે એ અધ્યયન – પાઠ નો સાર તપાસીશું.

“ ‘કર્મનો કાયદો ’ અચળ છે ” આ એકજ સિદ્ધાંતમાં જેણે સંપૂર્ણ વિશ્વાસ રહ્યો તે માણસ વદમા–મોટો બ્હાર ઘુમતા થવાના જ કારણ કે ન શું કરવાથી કે શું વિચારવાથી સુખ મળે છે અને શું કરવાથી કે શું વિચારવાથી દુઃખ મળે છે તે બરાબર કાળજીપૂર્વક તપાસે છે અને કદાપિ અયોગ્ય કરી એમ બરાબર વિચારી એમ તો પણ મનમાં બેદિલ થાય છે પરન્તુ જેઓ ધનની મોટી મોટી વાતો કરતા છતા કર્મના અચળ કાયદામાં બિલકુલ શ્રદ્ધા રાખતા નથી તેઓને સમ્મતિ જ થતું નથી—તો મોક્ષ તો મળે જ ક્યાંથી !

કર્મ એ કાંઈ નસીબ નથી માણસે જાણ્યેઅજાણ્યે વખતમાં કરેલા સારાં કે નરસાં કામોનું હવેલ એજ કર્મ છે જેમ કોઈ

બેગુદાર પોતાનું બેવું છોડતો નથી તેમ સારા કે ખોટાં કામો બદલો લીધા સિવાય રહેતાં નથી. કેટલાક ફલો જલદી ફળે છે અને રાણ જેમાં ફલો સો વર્ષે ફળે છે તેમ કેટલાંક કામોનું ફળ સુખ કે દુઃખના રૂપમાં જલદી મળે છે અને કેટલાંનું કેટલાક વર્ષ પછી કે ભવો પછી મળે છે કોઈ પણ બનાવ અણધાર્યો અનિયમિત રીતે કે કોઇ દેવની ઇચ્છા મુજબ બનતો નથી જે કોઈ બને છે તે આ જના કાળના વા ઉપરના ગત ભવના કે હજારો ભવો પહેલાંના કોઇ કાર્ય કે કાર્યોના પરિણામ તરીકે જ બને છે. શ્રીમંતો આ કાયદો સમજે તો દગાબાજી આપોઆપ છોડી દે ગરીબો આ કાયદો લક્ષમાં ઉતારે તો આર્ત ધ્યાન છોડી દે દુષ્ટો આ કાયદાની ખુબી પીછાને તો રૌદ્ર ધ્યાન અને ખુનો છોડી દે પ્રજા આ કાયદો સમજે તો રાજકીય ખુનો (Anarchism) અને હુલ્લડો બંધ થાય અને રાજાઓ આ કાયદો સમજે તો ભારે કર, ગોરી કાળી ચામડીના તફાવત કોઈ જાતનો જુલમ કે પક્ષપાત થવા પામે જ નહિ.

શ્રી વિપાક સૂત્ર નું આ પહેલું અધ્યયન જેવું સાધુ છે તે ગુજ આ જમાનાને માટે તો અમૂલ્ય અને ઉપકારી છે. રાજ સ્ત્તાધારીએ આમાંથી ઘણી શિખામણ લેવાની છે એકાઇ રાઠોડ નામના રાજાએ કર ઘણા લીધા લાંચો લીધી લોકોને અનેક રીતે લુંટીને પોતાના મહેલ સોનાના બનાવ્યા, આપ્તસ્વાર્થતાનો નગાર કર્યો અને એવાં અનેક કુકર્મો કર્યાં એનું ફળ એને કેટલું બધું ખરાબ મળ્યું ! માત્ર ૨૫ વર્ષના આયુષ્યમાં કરાયેલાં પાપોનો બદલો પહેલી નરકથી સાતમી નરકમાં અનંતા વર્ષ સુધી ભટકીને

વાગ્યો પડ્યો! અનેક ક્ષુદ્ર પ્રાણીઓના શરીર ધારણ કરી જન્મ જરા મરણમાં દુઃખ સહવાં પડ્યાં અને છેવટે સાધુને પદે આવીને પણ મહા દુઃખ ભોગવવું પડ્યું! અરે ખુદ માતાએ પણ તે બંધના સંકટ-પડન માટે અનેક કોશીશ કરી હતી!

જો ભગવાનને આ વાત ગૌતમ જેવા સ્વામી પાસે કરી સમજાવવામાં ત્યાં પણ સ્વાર્થ નહતો કે કોઈ જુલમી રાજાને અન્યોક્તિથી સમજાવવાનો ઇરાદો નહતો તો ભગવાનના આ શબ્દો પર, હે રાજન્ો! હે ઠાકોરો! હે શ્રીમંતો! જો તમને ખરીનજ મહા બેસતી હોય તો અન્યાયને છોડી કર્મના અત્યંત કાપવામાં વિશ્વાસ રાખો અને જેમ બને તેમ ન્યાયને પથે પળો. કિન્તુ એટલું દુઃખ ન સમજે સાહેબી હમેશ નહિ રહે આ ? ? લક્ષ્મીનો કે સત્તાનો મદ ધરાવો છો તે બહુ તો આ ભવ સુધી પણ પછી -પછી શું? પછી નરક તિર્યંચાદિ યોનીઓમાં ભયંકર દુઃખ ભમવા તૈયાર છો!

અને એમ પણ કોને ખબર કે નિશ્ચય આર્ત ધ્યાન કે રૌદ્ર ધ્યાનના પરિણામે તમે આ ભવમાં જ એવા મહારોગમાં કે કોઈ મોટી આપત્તિમાં સપડાઈ નહિ જાઓ!

કોઈ રાજ્યાદિ એમ સમજે કે આપણે તો દુરસ્તીના નિયમો ત્યાગીને ચાલીશું તો મહા કોણ ક્યાંથી આવવાના હતા? પરન્તુ ગરીબ બિચારા તે અજ્ઞાનતાના પુતળાને ખબર નથી કે રાજ્યમાં ક્રૂર યા રાજાઓનો તિરસ્કાર થવાના દાખલા હજુ આ સુધરેલા દેશમાં પણ બન્યા છે કેટલાક રાજાઓ પર (આપણે ગરી ધ્યાન કરુ તેમ) નામાંકિત રાજ્ય અધિકારી રૈન એમી ૧ ૭ કે

હતી હજાર દીનાર (સુવર્ણ મહોર) નો લાભ લેતી હતી. આમર-રથ-પાલખી વગેરે તેને રાજાએ બક્ષીસમા આપ્યુ હતું બીજી પણી ગણિકાનું ઉપરીપણુ ભોગવતી હતી. આવી રીતે આ કામધ્વજા ઘણા સુખમાં દિવસ નિર્ગમન કરતી હતી.

એજ નગરમાં વળી વિજયમિત્ર નામે ધનાઢય સાર્થવાહ (વ્યાપારી) રહેતો હતો તેને સુભદ્રા નામે સ્ત્રી અને ઉઝિત નામે બાળક હતો (આ ઉઝિતનું ચરિત્ર અત્રે આપવાનું છે)

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી એકદા આ નગરમાં પધાર્યા. રાજા તથા પ્રજા તેમને વંદી ધનકથા સાંભળી પોતપોતાને ઠેકાણે ગયા. પછી ભગવાનના વડા શિષ્ય ઇંદ્રભૂતિ (ગૌતમ સ્વામી) જેઓ તેજો લેશ્યા સહિત છે અને છઠ્ઠ છઠ્ઠનાં પારણાં કરતા વિચરે છે તેઓ પહેલા પ્રહરમાં સઝાય (સ્વાધ્યાય-જ્ઞાનાભ્યાસ) કરી બીજા પહોરમાં ધ્યાન કરી ત્રીજ પ્રહરે ગોચરી માટે નીકળ્યા ઉંચ તથા નીચ કુળને વિષે અટન કરતા કરતા તેઓ રાજમાર્ગઉપર આવી પહોંચ્યા ત્યાં તેમણે એક આશ્ચર્યજનક દેખાવ જોયો

અનેક બીજા સુભટ બખ્તરાદિકનાં ચિન્હે કરી સહિત ધ્વજાઓ હાથમાં ધારણ કરી હાથીએ ચઢયા છે તે હાથીઓ અંબાડી સહિત છે અને નીચે પટ ઝુલે છે તથા તેમની કોટમાં આભરણ પહેરાવ્યા છે. વળી બિખામણા અને રાતા મુખવાળા ઘોડાઓ ઉપર સવારો બખ્તરાદિ ધારણ કરી ચઢયા છે. તે ઘોડાઓ ચામર, આરિસા સહિત છે અને લગામ ખચ્ચી રાખવાથી તેઓના કેટ

[illegible]

ભેગા થયેલા છે. વળી તે સાથે ઘણે માણસનાં સૈન્ય છે તેઓએ બખતર પહેર્યાં છે ધનુષ્ય ધારણ કરી પણછ બાંધી છે અને હાથમાં ઘણી જાતનાં શસ્ત્રો ધારણ કર્યા છે એવા ઘણા મનુષ્યો અને હાથીઓ તથા ઘોડા વગેરે સમૂહના મધ્ય એક ચોરને બેઠો છે તેને પાછળ અંગે બાંધ્યો છે નાક-કાન કાપ્યાં છે પરસેવે શરીર ભીનું થયું છે મારવાને માટે હાથ કડીએ બાંધ્યા છે ચોરને યોગ્ય એવાં વસ્ત્ર પહેરાવ્યાં છે ગળે રાતા કણેરના ફુલની માળા પહેરાવી છે મોઢે મેશ ચોપડી છે શરીરે ગેરૂ ચોપડ્યો છે એવે વળી તેના શરીરનું માંસ તલ તલ જેટલું છેદીને તેને જ ખવરાવે છે અને આક્રોશ વચને કરી તથા ચોરે અને વાંસે કરી માર મારી અસત પીડ ઉપજાવે છે (તેને માત્ર શ્વાસોશ્વાસ લે છે તે જ સુખ છે.) અને અનેક નરનારીના સમૂહમાં જ્યાં બે રસ્તા ત્રણ રસ્તા ચાર રસ્તા મળતા હોય એવે મોટે રસ્તે ખાખરું ઢોલ વગાડતાં એવા શબ્દો સંભળાવે છે કે " આ પુરૂષ, કોઈ રાજાનો કે રાજપુત્રનો અપરાધ કરવાથી હણાતો નથી, પણ પોતાના કરેલા કર્મ કરીનેજ હણાય છે તથા દુઃખી થાય છે. "

ઉપર પ્રમાણે દેખાવ જોઇ શ્રી ગૌતમ સ્વામી વિચારવા લાગ્યા. અહો! આ પુરૂષ પૂર્વ ભવમાં આચરણ આચર્યાં નહિ હોય તથા ધર્મમાં નહિ હોય તેથી અશુભ કર્મનાં ફળ નરક સમાન ભોગવે છે મેં નારકીનાં દુઃખ પ્રત્યક્ષ તો દીઠાં નથી પણ આ પુરૂષ નિશ્ચય નારકી સરખા દુઃખ ભોગવે છે. એમ ચિંતવીને વાણિજ્યગામને વિષે ઉચ્ચનીચ કુળે ભ્રમણ કરતા પોતાની મર્યાદાએ સામુદાણી ભિક્ષા ગ્રહણ કરી નગરના મધ્યમાંથી નીકળી

જેથી ઉંચુ ન્હા જ કરી શકાય નહિ. કેટલાકને જળાશય કે અસ્તીકાય કે જ્વાળામુખી પર્વતનો વાસ સહવો પડે છે. કેટલાકને ખોરાકમાં કાંઈ ન્હી જ અણધારી રીતે દાખલ થઈને રીબાવે છે એ સર્વ કર્મના દાવપેચ છે અને તેને અટકાવવા કોઈ સમર્થ નથી.


કર્મના કાયદા નું રહસ્ય સમજનારા ખુદ મહાવીર પ્રભુ પણ એ કાયદાની ચુંગાલમાંથી છટકી શક્યા નહોતા. તેમના કાનમાં પણ ગોવાળીઆએ ખીલા ઠોક્યા હતા એ શું કર્મના કાયદાનો અમલ નહોતો?

માટે હે મનુષ્ય બાંધવ! શાન્ત થા. વિચારશીલ થા. કર્મના અટલ કાયદા માં દૃઢ મહાવ્રત થા! અને તેવી શાન્તિ આપનારા કુકર્મને પણ છોડી દે. અને તેવા ભયાનક દેખાતા પણ સહામને (તેના શુભ વિપાકની ખાત્રી રાખીને) નિડરપણે આચર જે આજે જે જે તું જુએ છે કે ભોગવે છે તે સર્વ ભૂતકાળના તારા કૃત્યોનું પરિણામ હતો તો ત્યારે માનજે કે આજે જે જે તું કરે છે અને વિચારે છે તે સર્વનું યથાયોગ્ય ફળ તારે ભોગવવાનું જ છે માટે—

એક હાથે લેવુ હોય તો—
બીજા હાથે આપ.
એક હાથે લણવુ હોય તો—
બીજા હાથે વાવ.
એક આંખે ચમત્કારી જ્ઞાન જોવુ હોય તો—
બીજી આંખે સમ્યક્ દૃષ્ટિ કર
સારી સારી વાતો કરનારા ધર્મશાસ્ત્રો જેવુ એમ નથી—
પણ અટળ અનિયંત્રીત કાયદાની ઉદ્‌ઘોષણા છે.

અધ્યયન ૨ જુ

उज्झियकुमार



તે કાળ તે સમયને વિષે વાણિજ્યગ્રામ નામે નગર હતું. તે ઋદ્ધિવંત અને ભયરહિત હતું તેના ઇશાન કોણમાં દુતિપલાસ નામે ઉદ્યાન હતું, ત્યાં સુધર્મ નામે યક્ષનું દેરૂં હતું નગરના રાજાનું નામ મિત્ર હતું અને તેની રાણીનું નામ શ્રીદેવી હતું

આ નગરમાં કામધ્વજા નામે ગણિકા રહેતી હતી. ૫ પાંચ ઇન્દ્રિઓએ સંપૂર્ણ રૂપવતી પુરુષની ૭૨ તથા સ્ત્રીની ૬૪ કળાની જાણકાર ૨૯ વિશેષના ગુણને વિષે રમણ કરતી ૩૧ રતિના ગુણને ભોગવતી ૩૨ પુરુષના ઉપચારને વિષે પ્રવીણ, નવે અંગને જાગૃત કરી શકે એવી ૧૮ દેશની ભાષા જાણનારી શૃંગાર સર્વ પર એવા સુંદર પોશાક ધારણ કરનારી ગીત-ગાન-નૃત્યમાં કુશળ હાથીના જેવી ચાલ વાળી હસવામાં તથા નેત્ર વિકારી તથા ભાષણે મનોહર વચનો વડે વિલાસને વિષે કુશળ જના રચનારી કામ્બળ ઉપર વિષે કુશળના ધરાવનારી મનોહર સ્તન—ઘટ સમાન મુખ—કમળ સમાન હાથ અને કાચબા જેવા પગ વાળી અને નાટ્યશાળામાં કુશળ હતી. તેના ઘેર ઊંચી ધ્વજ બાંધી

હતી હજાર દીનાર (સુવર્ણ મહોર) નો લાભ લેતી હતી. આભરણ-પાત્રઓ વગેરે તેને રાજાએ બક્ષીસમાં આપ્યું હતું બીજી ઘણી ગણિકાનું ઉપરીપણું ભોગવતી હતી આવી રીતે આ કામધ્વજા ઘણા સુખમાં દિવસ નિર્ગમન કરતી હતી.

એજ નગરમાં વળી વિજયમિત્ર નામે ધનાઢ્ય સાર્થવાહ (વ્યાપારી) રહેતો હતો તેને સુભદ્રા નામે સ્ત્રી અને ઉજ્ઝિત નામે બાળક હતો (આ ઉજ્ઝિતનું ચરિત્ર અત્રે આપવાનું છે)

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી એકદા આ નગરમાં પધાર્યા. રાજા તથા પ્રજા તેમને વંદી ધનકથા સાંભળી પોતપોતાને ઠેકાણે ગયા. પછી ભગવાનના વૃદ્ધ શિષ્ય ઇંદ્રભૂતિ (ગૌતમ સ્વામી) જેઓ તેજો લેશ્યા સહિત છે અને છઠ્ઠ છઠ્ઠનાં પારણાં કરતા વિચરે છે તેઓ પહેલા પ્રહરમાં સઝાય (સ્વાધ્યાય-જ્ઞાનાભ્યાસ) કરી બીજા પહરમાં ધ્યાન કરી ત્રીજા પ્રહરે ગોચરી માટે નીકળ્યા ઉંચ તથા નીચ કુળને વિષે અટન કરતા કરતા તેઓ રાજમાર્ગપર આવી પહોંચ્યા ત્યાં તેમણે એક આશ્ચર્યજનક દેખાવ જોયો.

બખ્તર પહેરેલા સુભટ ધ્વજાદિકનાં ચિન્હે કરી સહિત ધ્વજાઓ હાથમાં ધારણ કરી હાથીએ ગયા છે તે હાથીઓ અંબાડી સહિત છે અને નીચે ઘંટ ઝુલે છે તથા તેમની કોટમાં આભરણ પહેરાવ્યાં છે. વળી બિયામણા અને સતા મુખવાળા ઘોડાઓ ઉપર સવારો ખડ્ગાદિ ધારણ કરી ગયા છે. તે ઘોડાઓ ચામર અરિસા સહિત છે અને લગામ ખેંચી રાખવાથી તેઓના હોઠ

મુનિ ચર્ચાનું કર્તવ્ય ઉપસર્ગ સહમા હોવાથે.

ઊભા ઊભેલા છે વળી તે સાથે પગે ચાલનારું સૈન્ય છે તેઓએ બખ્તર પહેર્યાં છે ધનુષ્ય ધારણ કરી પણછ બાંધી છે અને હાથમાં ઘણી જાતનાં શસ્ત્રો ધારણ કર્યાં છે એવા ઘણા મનુષ્યો અને હાથીઓ તથા ઘોડા વગેરે સમૂહના મધ્ય એક ચોરને બેસાડી તેને પાછા હાથે બાંધ્યો છે નાક-કાન કાપ્યાં છે પરસેવે શરીર ભીનું થયું છે મારવાને માટે હાથ કડીએ બાંધ્યા છે ચોરને યોગ્ય એવાં વસ્ત્ર પહેરાવ્યાં છે અને રાતા કણેરના ફૂલની માળા પહેરાવી છે મોઢે મેશ ચૂસી છે શરીરે ગેરુ ચોપડ્યો છે એવે વેશે તેના શરીરનું માંસ તલ તલ જેટલું છેદીને તેને જ ખવરાવે છે અને આક્રોશ વચને કરી તથા સોટે અને વાંસે કરી માર મારી અસત પીડા ઉપજાવે છે (તેને માત્ર શ્વાસોશ્વાસ લે છે તે જ સુખ છે.) અને અનેક નરનારીના સમૂહમાં જ્યાં બે રસ્તા ત્રણ રસ્તા ચાર રસ્તા મળતા હોય એવે મોરે રસ્તે ખોખરું ઢોલ વજડાવતાં એવા શબ્દો સંભળાવે છે કે “ આ પુરુષ, કોઈ રાજાનો કે રાજપુત્રનો અપરાધ કરવાથી હણાતો નથી, પણ પોતાના કરેલા કર્મે કરીનેજ હણાય છે તથા છેદાય છે !”

ઉપર પ્રમાણે દેખાવ જોઈ શ્રી ગૌતમ સ્વામી વિચારવા લાગ્યા અહાહા ! આ પુરુષ પૂર્વ ભવનાં માઠાં આચરણ આચર્યાં નહિ હોય તથા ધર્મ્યાં નહિ હોય, તેથી અશુભ કર્મનાં ફળ પ્રત્યક્ષ ભોગવતો વિચરે છે. મ નારકીના દુઃખ પ્રત્યક્ષ તો દીઠાં નથી પણ આ પુરુષ નિશ્ચય નારકી સરખા દુઃખ ભોગવે છે. એમ ચીંતવીને વાણિજ્યગ્રામને વિષે ઉંચ-નીચ કુળે ભ્રમણ કરતાં પોતાની મર્યાદાએ સામુદાણી ભિક્ષા ગ્રહણ કરી નગરની મધ્યોમધ્ય થઈને

જ્યાં ભગવાન મહાવીર બીરાજે છે ત્યાં આવ્યા. આવીને આહાર દેખાડી તેમને વાંદી નમસ્કાર કરી કહેતા હવા "હે ભગવન્! આપની આજ્ઞા થવાથી હું નગરને વિષે ગોચરી માટે ગયો હતો ત્યાં એક પાપી પુરૂષને નરકના સરખી વેદના ભોગવતો દીઠો. (એમ કહી દીઠેલા બનાવ કહી સંભળાવ્યો) હે ભગવન્! એ પુરૂષ પૂર્વ ભવે કોણ હતો? અને શાં પાપ કર્યા હતાં કે આવું અગાધ દુઃખ ભોગવતો વિચરે છે?"

શ્રમણ ભગવાન મહાવીર ફરમાવતા હવા: ગોતમ! સાંભળ.–

તે કાળ તે સમયને વિષે આ જંબુદ્વિપના ભરતક્ષેત્રને વિષે હથીણાપુર (હસ્તીનાપુર) નામે નગર હતું તે ઋદ્ધિએ કરી સહિત હતું ત્યાં સુનંદ નામે રાજા હતો. તે જેમ પર્વતમાં હેમવત મણિમાળા તથા મેરુ મોટા તથા દેવમાં સુધર્મેન્દ્ર મોટા તેમ સર્વ રાજામાં મોટો હતો. તે હથીણાપુર નગરના મધ્ય ભાગને વિષે એક મોટા ગો-શાળાનો મંડપ હતો જે અનેક થાંભલા સહિત અને તથા ઘાટદાર હતા. તેમાં તે નગરની ધણીઆતી અથવા નધણીઆતી પશુ ગાયો કે આખલા, બળદ ભેંસો પાડા નિર્ભયપણે પાસ ચારો ખાઈ સુખથી રહેતા હતા. તે હથીણાપુરને વિષે મહાપાપી અને નઠારા કામમાં આનંદ માનનારો એવો ભીમ નામે કુટગ્રાહી રહેતો હતો તેને ઉત્પલા નામે સ્ત્રી હતી. તે એકદા ગર્ભવતી થઈ તેના ગર્ભને ત્રણ માસે આવો દોહલો[1] ઉપન્યો કે — જે પુન્યવાની માતાઓને આવા મનોરથ પરિપૂર્ણ થતા હશે તેનો મનુષ્યભવ પ્રમાણ

---

[1] દોહદ અથવા ગર્ભ પ્રભાવે મનોરથ થાય છે.

છે—જેવા કે નાચો વગેરેના ભા (દુધ આવવાનાં કારણ) તથા સ્તન અને ભગંદ વગેરેના રાખે કાન આંખ, નાક જીભ હોઠ વગા રોગની સરકતી ચામડી વગેરેના માંસના સાળા કરી તેને તથ તળીને તથા અગ્નિથી સેકીને, લવણ, મરચુ વગેરે મસાલા નાખીને દારૂ સાથે ભેળવીને એવી રીતનો ? ખોરાક ખાતી ડોહળો પરિપૂર્ણ કરતી વિચરે છે તે માતાને ધન્ય છે ! અને મને અધન્ય છે કે જેથી કરી મારો મનોરથ સફળ થતો નથી.

આવા વિચારથી તે ઉપ્પલા સ્ત્રી મનોવૃત્તિ પૂર્ણ નહિ થવાથી અને ભોજન નહિ કરવાથી શરીરે સુકાઇ ગઇ તે દુર્બળ થઇ, અપમાના અહંકાર અણભોગવતી ગ્રીષ્મ પામેલા ફુલની માળાના જેવી નિસ્તેજ અને પાંડુરંગી બની. એકઠા નીચુ મુખ કરી મનમાં સંકલ્પવિકલ્પ કરતી આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાતી ઉદાસ થઇને બેઠી છે તેવે સમયે તેનો પતિ ભીમ ત્યાં આવ્યો તે પોતાની સ્ત્રીને ચિંતાતુર દેખીને બોલ્યો. " તમે શોકાતુર થઇ શા માટે વિકલ્પ કરોછો ! સ્ત્રીએ પોતાને જેવો ડોહળો થયો હતો તે કહ્યો ત્યારે ભીમ કુટમાટી બોલ્યો તમે એ બાબતની ચિંતા કરશો નહિ. હું તમારી ઇચ્છા પરિપૂર્ણ કરીશ. " એવાં મધુર વચનો સાંભળી ઉપ્પલા સંતોષ પામી.

હવે ભીમકુટમાટી મધ્યરાત્રિના સમયે એકલો બખ્તર પહેરીને હાથમાં હથિયાર ગ્રહીને પોતાના ઘરથી નીકળ્યો. તેનુ હસ્તીનાપુર નગરના મધ્યોમધ્ય થઇને જ્યાં ગોશાળાનો મંડપ છે ત્યાં આવીને ગાયો બળદ વગેરેના આગળ બે પગની જંઘાની ચરબીની

ચામડી અગર આજગની હરકતી ચામડી તથા અંગોપાંગ છેદીને તેનું માંસ લઈને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવીને પોતાની સ્ત્રીને આપ્યું. તે સ્ત્રીએ તે માંસના સોળા કરીને દારૂ સાથે ભેળવીને જમતી થકી પોતાનો ડોહળો પૂરો કર્યો. એમ પોતાના ગર્ભને સુખે ધારણ કરતાં નવ માસ પૂરા થયે એક દિવસે તેણે બાળકને જન્મ આપ્યો. તે બાળકનો જન્મ થતાં જ તે મોટા મોટા શબ્દે ચીસ પાડી આરડાટ શબ્દે રડ્યો તેના ભયકારી શબ્દ સાંભળી તે ગામનાં ગાયો વગેરે પશુઓએ ત્રાસ ભય અને ઉદ્વેગ પામી સઘળી દિશાઓમાં દોડાદોડ કરી મૂકી. તેથી તે બાળકનાં માતાપિતાએ (ગાયો વગેરેને ત્રાસ થવાથી) તે પુત્રનું ગોત્રાસીઓ એવું નામ પાડ્યું પછી તે બાળક યુવાન થયે તેનો પિતા મૃત્યુ પામ્યો. સર્વ સ્વજનોએ તેનો અગ્નિ સંસ્કાર કર્યો. પછી એક દિવસે સુનંદ રાજાએ તે ગોત્રાસીઆ કુમારને ચાકિયાપણે સ્થાપ્યા. ગોત્રાસી તે સર્વ પાપીઆ માંહે અધિકાર તથા અધર્મી અને ખોટું કામ કરવામાં આનંદ માનનાર હતો.

તે ગોત્રાસીઓ બાળક દિન પ્રતિદિન મધ્યરાત્રિને સમયે એકલા બખ્તર પહેરી, હાથમાં શસ્ત્ર ધારણ કરી પોતાના ઘરથી નીકળીને જ્યાં ગોશાળા છે ત્યાં આવીને ગાય તથા બળદ વગેરેનાં અંગોપાંગ છેદીને તે માંસ લેઈને પોતાના ઘેર આવી તેના સોળા પ્રમુખ કરી દારૂ સાથે ખાતો થકો વિચરે છે એવી રીતે નિત્ય કર્મ અને અશુભ પરિણામ એ જ જેનું વિજ્ઞાન છે એવો તે ગોત્રાસીઓ ઘણું પાપ ઉપાર્જન કરીને પાંચસો વર્ષનું આયુષ્ય ભોગ

થીને આર્તધ્યાન-રૌદ્રધ્યાને કાળ કરીને બીજી નરકે ઉત્કૃષ્ટી ત્રણ સાગરની સ્થિતિએ નારકીપણે ઉપન્યો. ત્યાંથી નીકળીને ઉપર કહેલા વાણિજ્યગામમાં વિજયમિત્ર નામના સાર્થવાહની સુભદ્રા નામની સ્ત્રી મૃતવંધ્યા હતી (મુએલાં બાળક જણતી હતી) તેને પેટે પુત્રપણે ઉપન્યો. નવમાસ પરિપૂર્ણ થયે તેનો જન્મ થયો. જન્મતાં વાંત (ઉકરડે) નખાવીને પાછો ઘેર આણ્યો. પછી તેનો જન્મ મહોત્સવ કર્યો. ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્યનાં દર્શન કરાવી છઠ્ઠીની જાગરીકા જાગી સત્કારપૂર્વક કુટુંબીઓને જમાડી બારમે દિવસે તે બાળકનું ગુણનિષ્પન્ન નામ (ઉકરડે નખાવ્યો હતો તે ઉપરથી) ઉજ્ઝિત કુમાર પાડ્યું.

હવે તે બાળક પાંચ ધાવ માતાઓવડે મોટો થાય છે. તેના નામ.—૧ खीरधाई એટલે દૂધ ધવરાવનારી, ૨ मज्जणधाई એટલે સ્નાનાદિક કરાવનારી ૩ मंडणधाई એટલે વસ્ત્ર આભરણ પહેરાવનારી ૪ किलावणधाई એટલે રમત કરાવનારી, ૫ अंकधाई એટલે ખોળે બેસારનારી કે કાંખે લેનારી એ રીતે પાંચ ધાવ માતાઓથી દ્વીપનાની પેઠે વ્યાઘાત-વિઘ્ન રહિત જેમ ચંપક વૃક્ષ પવનની સુધાદિકને વિષે સુખે સુખે વધે છે તેમ આ બાળક આંહી સુખે સુખે વૃદ્ધિ પામતો હતો.

એક દિવસે વિજયમિત્ર સાર્થવાહ ચાર પ્રકારનાં કરીઆણાં ભરી (જેવાં કે ૧ गणिमं એટલે ગણી શકાય તેવાં એટલે શ્રીફળ વગેરે ૨ धरिमं એટલે તોળીને અપાય તે ગોળ ઘી વગેરે, ૩ मेज्जं એટલે માપ ભરીને અપાય તે ધાન્યાદિક અને ૪ पा(

રિષ્ઠેરક્ષેપ એટલે પરીક્ષા થાય તે/ રત્નાદિક) વગેરે સમુદ્ર માંહે વહાણે ચઢી જતાં ત વહાણ ભાગવાથી લક્ષ્મી સહિત સર્વ વસ્તુ બુડી ગઈ અને તે ધર્મના શરણ રહિત મૃત્યુ પામ્યો તેની બાપણ યુવરાજ કોટવાળ કુટુંબીક શેઠ સાર્થવાહ વગેરેના પેર સ્ત્રી. મૃત્યુના સમાચાર સાંભળી તેની સ્ત્રી મોટા મોટે કરી પોક પામતી એવી મધપૂડાની પેઠે મુર્છા ખાઈ ધરણીએ ઢળી પડી તે મે પડીએ સાવચેત થઈ. પછી ઘણા મિત્ર તથા જ્ઞાતિજનો તથા પોતાના પરિવાર સહિત રૂદન કરતી આક્રંદ કરતી સ્વામીની મૃત્યુક્રિયા કરી. ત્યારપછી કેટલાએક દિવસે તે મુગ્ધા સ્ત્રી પણ પોતાના ભરથારનું દુઃખ ધરતી મૃત્યુ પામી

ઉજ્ઝિત કુમારનાં માતાપિતા મૃત્યુ પામ્યાં એટલે તે નગરના કોટવાળે તેને તેના ઘરમાંથી બહાર કાઢીને તે ઘર બીજાને આપ્યુ એટલે તે વાણિજ્યગામના વિષે બે રસ્તા ત્રણ રસ્તા ચાર રસ્તા ને વિષે જુગારીઆના અખાડાને વિષે વેશ્યાના ઘરને વિષે કલાલના ઘરને વિષે રહેવા લાગ્યો અને નિરંકુશ થવાથી પોતાની મરજી પ્રમાણે ચાલી ચોરીઓ જુગારીઓ વેશ્યાનો યારી અને વ્યભિચારી થયો અને કામધ્વજા ગણિકા સાથે સંબંધ થવાથી તેણી સાથે ભોગ ભોગવતો વિચરવા લાગ્યો. તે દરમ્યાનમાં મિત્રરાજાએ પોતાની શ્રીદેવી રાણીને ગુહ્ય સ્થાનકે ગુળરોગ ઉત્પન્ન થવાથી તેનાથી ભોગ-ભોગવી નહિ શકવાથી, તે ઉજ્ઝિત કુમારને કામધ્વજા ગણિકાના ઘરમાંથી નિકાલ કરી કાઢ્યો અને ગણિકાને પોતાના અંતપુરમાં રાખી પોતે તેનાથી કામભોગ ભોગવવા લાગ્યો. ઉજ્ઝિત કુમાર

કામધ્વજાના ઘરમાંથી કઢાવવાથી મૂર્છા પામ્યો અને વિષયાસક્ત થવાથી અન્ય ઠેકાણે શાન્તિ નહિ પામવાથી (તેજ ગણિકામાં તેનું મન રહેલું છે અને તેને જ ભોગવવાની ઇચ્છા છે તેથી) તેને મળવા માટે લાગ જોતો છિદ્ર જોવા લાગ્યો.

એક દિવસના સમયે લાગ જોઇ ઉજ્ઝિત કુમાર કામધ્વજા ગણિકાના ઘરમાં પ્રવેશ કરી તેનાથી વિશેષ સુખ ભોગવે છે તે જ અવસરે મિત્રરાજ સ્નાન કરી સર્વ અલંકાર પહેરી, ઘણા મનુષ્યના વૃંદ સાથે જ્યાં કામધ્વજાનું ઘર છે ત્યાં આવ્યો. આવીને અંદર પ્રવેશ કરીને જુએ છે તો તે ઉજ્ઝિત કુમારને ગણિકા સાથે ભોગ ભોગવતો દીઠો. દેખતાં વાંત જ ક્રોધાતુર થઇ ત્રણ ભ્રકુટી ચડાવી તેને સેવક પાસે પકડાવી મૂઠી ઢીંચણ, કોણીના પ્રહારથી ગાત્ર ભગ્ન કરાવી, પાશ બંધનથી બાંધી મારવાની આજ્ઞા દીધી. હે ગૌતમ ! તે આ પ્રકારે એ ઉજ્ઝિત બાળક પૂર્વભવના પાપના અશુભ કર્મના ઉદયે આ શિક્ષાને ભોગવે છે.

ગૌતમસ્વામી કહે. "હે ભગવન્ ! એ ઉજ્ઝિત બાળક ત્યાંથી કાળ કરીને ક્યાં જશે ?"

ભગવાન કહેતા હવા. તે ઉજ્ઝિત બાળક પચીસ વર્ષનું આયુષ્ય ભોગવીને આજ દિવસના ત્રીજા ભાગને વિષે શૂળીએ પરોવાથી કાળ કરીને પહેલી રત્નપ્રભા નરકને વિષે નારકીપણે ઉપજશે. ત્યાંથી આંતરારહિત નીકળીને આ જંબુદ્વિપના ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્ય પર્વતના મૂળે વાંદરાપણે ઉપજશે. તે ત્યાં યૌવનાવસ્થાએ ભોગને વિષે લીન થવાથી પાપકર્મ સંચય કરી કાળ કરીને આ

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ઈંદ્રપુર નગરને વિષે ગણિકાના કુળમાં પુત્રપણે ઉપજશે. ત્યાં તેનાં માતાપિતા જન્મ થતાં નપુંસક કરશે અને નપુંસકના ચેષ્ટાકર્મ શીખવશે. તથા તેનાં માતાપિતા બારમે દિવસ તેનું પ્રિયસેન નપુંસક એવું નામ પાડશે. તે યુવાન થયે ઈંદ્રપુર નગરમાં રાજા યુવરાજ સેનાપતિ આદિને ઘણા પ્રકારે વિદ્યા મંત્ર વશીકરણ, આધિક્ષેપન ક્રિયા વગેરેથી વશ કરી તેઓનું ધન હરતો થકો એવા મનુષ્યો સંબંધી ભોગ ભોગવતો થકો વિચરશે ત્યાં પાપકર્મનો સમુદાય ઉપાર્જીને ૧૨૧ વર્ષનું આયુષ્ય ભોગવીને કાળના સમયે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીની પહેલી નરકે નારકીપણે ઉપજશે. ત્યાંથી નીકળીને ઘો તથા નકુળ (નોળ) થશે. એમ સંસાર માંહી ભમશે. જેમ મૃગાપુત્ર (એળીઆ) નો અધિકાર કહ્યો છે તેમજ પૃથ્વી આદિકને વિષે ઉપજશે. ત્યાંથી અનંતર રહિત નીકળીને આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે ચંપાનગરીએ પાડો થશે ત્યાં એકદા મિત્ર પુરુષો ભેળા થયે તને જીવિતથી ચુકવશે (મારશે). મરીને તેજ ચંપાનગરીમાં શ્રેષ્ઠીના કુળને વિષે પુત્રપણે ઉપજશે. ત્યાં જુવાન થયે જેવા શાસ્ત્રમાં કહ્યા છે તેવા સાધુ પાસેથી કેવળી પરૂપ્યો ધર્મ પામી સાધુ થશે ત્યાંથી આઉખું પૂરું કરી સુધર્મ નામે દેવલોકે દેવપણે ઉપજશે. ત્યાંથી પહેલા અધ્યયને કહ્યું છે તેમજ સર્વ દુઃખનો અંત કરી મોક્ષને વિષે જશે.

સાર

પહેલા અધ્યયનમાં લક્ષ્મી અને સત્તાના દુરૂપયોગના કડવા વિપાકનું વર્ણન આપ્યા પછી આ બીજા અધ્યયનમાં સતત વધુ વિષયાસક્તીના કડવા વિપાકનો ખ્યાલ આપે છે. કારણમાં કે દા ગણા તે કુમાર કે જેનું એ બનાવ ઉપરથી જ ઉજ્ઝિત કુમાર એવું નામ પડ્યું હતું તે કામધ્વજા ગણિકાના મોહમાં લીન થવાથી આ લોક તેમજ પરલોકમાં કેવી રીતે ભયંકર દુઃખો પામ્યો તેનો આ અધ્યયન અચ્છો ચીતાર આપે છે. તેમજ હિંસા અને માંસાહારના વિપાક કેવા હોય છે તેનું ચિત્ર પણ આબેહૂબ આ અધ્યયનમાં આલેખ્યું છે. વિષયની સત્તા ઘણી પ્રબળ છે અને એ જ્યાં ત્યાં વધારે ખીલી છે. એ ભયંકર પરન્તુ સુંદર બહાના પાસમાં ઘણા મનુષ્ય બંધાય. શરીરથી કદાચ આ જાળને આજ ન છોડી શકાય તો પણ મનથી તો છોડવી જ. અને મન પૂરતું ના કરીને અંતર પણ મોહ પણ હો નહીં.

અધ્યયન ૩ જુ

अभग्गसेन चोर



કાળ તે સમયને વિષે પુરીમતાલ નામે એક ઋદ્ધિવત નગર હતું. તે નગરથી ઉત્તર અને પૂર્વ દિશાની વચ્ચેના ઇશાન કોણમાં અમોઘદસી (અમોઘદર્શન) નામે ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અમોઘદસી નામે યક્ષનું સ્થાનક હતું. તે પુરીમતાલ નગરને વિષે મહાબલ નામે રાજા હતો. તે નગરથી ઉત્તર અને પૂર્વ દિશાની વચ્ચેના ઇશાન કોણમાં દેશને અંતે એક સાલાટવી એવે નામે ચોરપલ્લી એટલે ચોરનું ગામ હતું. તે પર્વત-ગુફાએ કરી સહિત છે અને વંશ જાળનો ગઢ કરેલો ચારેકોર વિંટ્યો છે. તેને ફરતી ખાઈ છે. તેથી માંહી સુગમ અને બહાર દુર્ગમ છે એટલે બહાર પાણી હોવાથી બહારનો માણસ અંદર પેસી શકે તેમ નથી. તેમાં નીકળવાને ઘણાં અપદ્વાર (બારી) છે. તેમાંથી જાણીતા માણસને જ પસવા નીકળવા દે છે, અનેરાને (બીજાને) નહિ. એ સાલાટવી ચોરપલ્લીને વિષે વિજય એવે નામે ચોરનો સેનાપતિ વસે છે. તે અધર્મી છે અને ઘણા જીવને મારન કરીને લોહી ખરડ્યા હાથ રહે છે. તેનું શુરવીરપણું અને દ્રઢપણું ઘણા ગામે વિસ્તર્યું છે

તે અકાય કરવામાં આદસિક અને ખ મ વાપરવામાં ચતુર છે. પાંચસો ચોરનું અધિપતિપણું કરે છે પર્વતથી ઉપર છે એમની આડ છેડીને એ ઘરની સધિ છેદીને ભીંત ફોડીને ખાતર પાડીને ધન લે છે વળી બીજા માણસો જેના હાથ નાસિકા છેદ્યાં હોય તેઓને સાજા કરી સાથે રાખે છે

તે વિજયચોર પુરિમતાલ નગરથી ઈશાન કોણમાં જનપદ નામે દેશ છે તેનાં ઘણા ગામ અને નગરમાં માણસોની ઘાત કરતો ગાયને મારી લાવતો બદીવાનને મારી લાવતો રસ્તે જતા સાથને લુંટતો ઘરમાંથી ખાતર પાડતો, લોકોને ઉપદ્રવિત કરતો જીવતાઓનો માર મારતો સ્થાનક રહિત કરતો અને ધન-ધાન્ય રહિત કરતો થકો વિચરે છે અને મહાબલ રાજાને વારંવાર દ્રવ્ય માંથી ભાગ લેતો રહે છે એ વિજયચોર સેનાપતિને ખદસિરિ નામે સ્ત્રી છે તે પાંચ ઇંદ્રિએ કરી સહિત છે તે વિજયચોરનો પુત્ર અને ખદસિરિનો અગજાત (અગથી ઉપનેલો) અભગસેન નામે કુમાર છે તે પણ પાંચ ઇંદ્રી સહિત છે

તે કાળ તે સમયને વિષે ભગવાન મહાવીર પુરીમતાલ નગરે પધાર્યા તેમને વાદવાને રાજા તથા પ્રજા નીકળી યાવત્ ધર્મકથા સાંભળી સર્વ પાછાં વળ્યાં પછી શ્રમણ ભગવાન મહાવીરના વડા શિષ્ય ગૌતમ ભગવાનની આજ્ઞા માગી ગામ માંહે ગોચરીએ ગયા જ્યા તેમણે રાજ્યમાર્ગમાં નીચે પ્રમાણે દેખાવ જોયો.

એક પુરૂષને બે હાથે બાંધીને ઘણા હાથી ઘોડા અને રથ કારણમાં માણસની વચ્ચે રાજાના ચાકર પહેલા ચાકરૂ બેસાડીને

આક પિત્રાઇ કાકાને તેની સમક્ષ મારી, તેઓ તરફડતા અને દયા મણ્યું શબ્દે કરતા છતાં તેઓના શરીરના માંસના કાકણી સરખા કડકા કરી તેને ખવરાવે છે અને તેનું લોહી પાણીને બદલે પાય છે. બીજા ચકલે આક મામાને તેની સમક્ષ મારીને તેનું માંસ ખવરાવે છે ત્રીજા ચકલે આક વડા પિત્રાઇ કાકાને મારીને તેનું માંસ ખવરાવે છે ચોથા ચકલે આક વડી માસીઓ ને મારી તેનું માંસ ખવરાવે છે પાંચમા ચકલે આક પોતાના બેટા છઠ્ઠા ચકલે આક વહુઓ સાતમા ચકલે આક જમાઇ આઠમા ચકલે આક બેટી નવમા ચકલે આક બેટીના બેટા દશમા ચકલે આક બેટીની બેટી અગીયારમા ચકલે આક દોહિત્રી (બેટીની બેટી) ના ધણી બારમા ચકલે આક દોહિતા (બેટીના બેટા) ની વહુ, તેરમા ચકલે આક ફુઆ ચૌદમા ચકલે આક ફોઇ (બાપની બહેનો) પંદરમા ચકલે આક માસીના ધણી (માસા) સોળમા ચકલે આક માસી સત્તરમા ચકલે આક મામી અને અઢારમા ચકલે બાકી રહેલા મિત્ર સહ નતિ ગોત્રિયા દાસ-દાસી માતા-પિતાને મારીને તેના કાકણી સરખા માંસના કડકા કરી ખ વરાવ છે અને તેઓનું લોહી પાણી બદલે પાય છે

ઉપર બનાવેલ દેખાવ જોઇ શ્રી ગૌતમ સ્વામી ભગવાન મહાવીર પાસ આવી કહેતા હવા કે પુજ્ય ! હું આપની આજ્ઞા માગીને પુરીમતાલ નગરીને વિષે ગોચરીએ ગયો હતો ત્યાં ઉપર બનાવેલ દેખાવ દીઠા (એમ કહી ઉપરની હકીકત કહી બતાવી) તે પુરૂષ પૂર્વ ભવ કોણ હતા અને શા પાતિક કર્યાં હતાં કે આવાં અસાધ્ય દુઃખ ભોગવતા ફિરે છે ?

સમકતગુણે ખુશાલો કર્યો તે કાળ ન સમયને વિષે આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં પુરીમતાલ નામે અદ્વિતીય નગર હતું ત્યાં ઉદાય નામે મોટા રાજા હતા. ત્યાં નિમલ નામ એક અદ્વિતીય અને વાણિયો (ઉનનો વેપાર કરનાર) હતો. તે અધર્મી હતો વળી ભી તેનું શું? ધર્મ આનંદ પામતો હતા. તેણે ખણા કૃપણ ભાતપાણી તથા દામ આપી મજુરીઆ રાખ્યા છે તેઓ દીન તેએ ભીન ખાટલાને કોદાળી તથા વાંસના મોટા ટોપલા તથા નાની ટોપલીઓ લઈને પુરિમતાલ નગરની ચારે દિશા તથા વિદિશાને વિષે ઘણાં કામડાનાં ઉન પુંઠાનાં ઉન ખા ઘીના ઉન, દીદાડીના ઉન ભભરાનાં ઉન કશ (મોરલી) નાં ઉન, કૂકડીનાં ઉન અને વળી બીજા પણ ભ્રમર ભમર ખચર (આકાશમાં ચાલનાર) ઇત્યાદિના ઉન લેઈને મોટા તથા નાના ગાડાના રોજ ભરીને જ્યાં નિવાસ અડવાણિયો છે ત્યાં આવીને તેને આપતા. તે સઘળે અડવાણિયો સર્વેને મજુરીના દામ આપતો. વળી તે ઉનને તાવડાને વિષે મોટી કડાઈને વિષે નાખી અગ્નીવડે ઉકાળો તપાવીને કરી તેનો તથા ભાગ કરીને અનાદિકે ઊંડાને તથા ભાદિક તેઓને ગ ભોને દુકાન માંડીને ના વેપારે આજીવિકા કરતો અને પાન પણ તે ઉન તથા સાળ વ્યનો એવાં કામ કરીને નિત્ય અતિ પાડું પાપ ઉપાર્જન એક હજાર વરસનું પૂરું આયુષ્ય ભોગવીને કાળને અવસર કાળ કરીને બીજી નરકે ઉત્કૃષ્ટી સાત સાગરોપમના સ્થિતિમાં નારકીપણે ઉપન્યા ત્યાંથી આવીને ગંગ નાંખીને ઉરર । ની સા ૧૧૧ માગણીને વિષે વિજય ચોર સનાપતિની

અંધસિરિ ભાર્યાની કુખને વિષે પુત્રપણે ઉપન્યો અંધસિરિને એકદા ત્રણ માસ અતિપૂર્ણ થયે એવો ડોહલો (મનોરથ) ઉપન્યો કે.—

ધન્ય છે તેની માતાપિતાને કે જે સ્ત્રી ઘણા મિત્ર ગોત્રીઆ સ્વજન વેવાહીઓ દાસ દાસી ઇત્યાદિની સ્ત્રીઓ સાથે તથા અનેરા ચોરની સ્ત્રીઓ સાથે પરિવરી થકી સ્નાન કરી સર્વ અલંકાર પહેરીને અન્નપાણી ખાદીમ સાદીમ મદ્યાદિક સહિત ખાતી થકી વિચરે છે અને જમ્યાપછી પુરુષના વેષાદિ પુરુષની આભરણ, વસ્ત્ર અને હથિયારથી સજ્જ થઇ ઉપાડ્યાં ખડ્ગ ખાંધે લઇ ભાથાનાં તીર નાખી ધનુષ સહિત ધનુષ્ય ખમી ને પાસે ઘટ બાંધી જેમ સમુદ્ર ગર્જના કરે તેમ ગર્જના કરતી અને સમુદ્રની વળાની પેઠે ઉતાવળી અતિ કરતી અને સાહસની ચારેય દિશે સર્વ દિશાને વિષે જોતી થકી આવીને ડોહલો પૂર્ણ કરે. મારો એવો ડોહલો ક્યારે પુરો થશે ! એમ વિચારતી ઝુરવા લાગી એકદા વિજય ચોરે તેને આર્તધ્યાન ધ્યાતી જોઇ પૂછ્યું: " તમે શા માટે આર્તધ્યાન ધ્યાઓ છો ? સ્ત્રીએ કહ્યું " મારા મનને ત્રણ માસ થવાથી યાવત્ આર્તધ્યાન ધ્યાઉં છું તે સાંભળીને વિજય ચોરે કહ્યું

જેમ સુખ ઉપજે તેમ કરો તમારો મનોરથ હું પુરો કરીશ." એ વચન સાંભળીને તે સ્ત્રી હર્ષ સંતોષ પામી. પછી ઘણા મિત્ર જ્ઞાતિના સમુખની સ્ત્રીઓ તથા બીજી ચોરની સ્ત્રીઓ સાથે પરિવરી થકી સ્નાન કરીને આભરણ પહેરીને ચાર પ્રકારનો આહાર મદ્ય સાથે ખાતી થકી વિચરવા લાગી. પછી પુરુષનો વેષ કરીને પુરુષનાં આભરણ વસ્ત્ર અને હથિયાર સજીને ઠી ની ખુશ થતી થકી ડોહલો

પૂરો કરવા લાગી. એવી રીતે ડાહલો સંપૂર્ણ થવાથી અભને સુખે સુખે ધરી રાખી વિચરે છે. નવમાસ પુરા થયે બાળક જન્મ્યો. તેનો દસ દિવસ સુધી જન્મમહોત્સવ કરી અગીયારમે દિવસ સમાં સ્નબંધીન જમાડીને ઉપર રમાડે ડાહલો ઉપન્યો માટે તેનું નામ અભગ્નસેણ કુમાર પાડયું. તે પાંચ માતાએ કરી મોટા થવા લાગ્યો. ઉમ્મરલાયક થયે તેને આઠ કન્યા પરણાવી આઠ દાત દીધી. કુમાર હવે સુખ ભોગવવા લાગ્યે. એવામાં વિજય ચાર કાળધર્મને પામ્યો તેથા તેથી અભગ્નસેણ કુમારે પાંચસો ચાર સાથે લાકીક મૃત્યુ ક્રિયા કરી પછી અભગ્નસેણ ચારના સેનાપતિ થયો. તે મહા અધર્મી પાપી થયો. મહાબલ રાજાના ગામમાંથી ગામ લઇ વર્તેથી બનો અને જનપદ દેશના લોકને ઘણા નકારે દુઃખ દેતા. તે જનપદ દેશના લોક ઘણું દુઃખ સહન નહિ થવાથી માહોમાંહી ભેગા થઇ એક મોટું ભરણું લઇ પુરિમતાલ નગરે આવી મહાબલ રાજાને આમળ મુકી બે હાથ જોડી કહેવા લાગ્યા "હે સ્વામિન્! સાલાટવી ચોરપલ્લીના સેનાપતિ અભગ્નસેણ ચાર અમારા ઘણા ગામના લોકોને મારે છે તથા ધન રહિત કરે છે માટે હે સ્વામિન્! આપનું શરણ ઇચ્છીએ છીએ

જનપદ દેશના લોકોની અરજ સાંભળીને મહાબલ રાજા ક્રોધમાન થઇ સભના પેરે ધ્રુસવાસ કરી કપાળે ત્રણ લીટીઓ ચડાવી દંડ સેનાપતિને તેડાવીને કહેવા લાગ્યા "તમે જાઓ, સાલાટવી ચારપલ્લીને વિધ્વંસ-કરો અને અભગ્નસેણ ચારને જીવતો પકડીને મને આપો આપો" પછી દંડ સેનાપતિ રાજાનો હુકમ માથે ચડાવી બખ્તર પહેરી હથિયાર બાંધી સભાને હથિયાર

સહિત પશુ સને ચોર વાછત્ર ન (ાજનો મંદિરમાંથી કોલાહલ
શબ્દો કરાવતો પુરિમતાલ નગરની મધ્યોમધ્ય થઈને શાલાટવી
તરફ આવ્યો. આ હકીકત અભગ્નસેન ચોર સેનાપતિના એજી
ચાર પુરૂષ ગુપ્તચરોએ ચોરપલ્લીએ જઈ અભગ્નસેન ચોરસેનાપતિને
બે હાથ જોડી નિવેદન કરી તે દંડે ધારીને અભગ્નસેન ચોરસે
નાપતિ પોતાના પાંચસો ચોરને તેડાવીને કહેવા લાગ્યા. પુરિમ
તાલ નગરના મહાબલ રાજાનો સેનાપતિ દંડ લેઈને આપણી
ચોરપલ્લીને જીતવા આવે છે. આપણે તેને અહીં આવતાં પહેલાં જ
હણીને પાછો વાળવા છે " તે વાત પાંચસો ચોરોએ કબુલ રાખી.
ત્યાર પછી અભગ્નસેન ચોરસેનાપતિએ ચાર પ્રકારનો આહાર
નીપજાવ્યો અને પાંચસો ચોર સાથે સ્નાન કરી, વિઘ્ન ટાળવા
નિમિત્ત ... મંડપને વિષે આવી, અશનાદિક ચાર
સાથે ... સ્વચ્છ પાણીએ ચળુ કરી મુખ પવિત્ર કીધાં. પછી
સંધ્યાએ સવારે ... પહોરે દહીભાત ખાઈ વાજીંત્ર વાગતે
પાછલા પહોરે સંધ્યા સમયે શાલાટવી ચોરપલ્લીથી નીકળીને
જ્યાં વિષમ માર્ગ એટલે કંઈને પેસવું મુશ્કેલ છે એવી જગ્યાએ
પર્વતની વચ્ચે આવીને ઉભા રહી દંડસેનાપતિની વાટ જોતા બેઠા.
તેવામાં દંડ સેનાપતિ ત્યાં આવ્યો એટલે સામસામા બન્નેએ સં
ગ્રામ કીધો. તેમાં અભગ્નસેન ચોરે દંડ સેનાપતિને શીઘ્ર હાર
પમાડીને તેના લશ્કરને દશ દિશામાં નસાડી મુક્યું. દંડસેનાપતિ
હાર પામી મનોબળ કાયબળ અને પરાક્રમ રહિત થઈ પુરિમતાલ
નગરે આવી મહાબલ રાજાને બે હાથ જોડીને કહેવા લાગ્યો કે

સ્વામિન્ ! અભગ્નસેણ ચોરને મહા વિષમ ગઢ છે તેણે કરીને તે અતિશય ઘોડાના બળે કરી હસ્તીના બળે કરી સુભટના બળે કરી, રથના બળે કરી ચાર પ્રકારની સેન્યાના બળે કરીને પણ ગ્રહાય તેમ નથી પણ જો તેને ચાર ભેદે એટલે સામ વચન વડે ધનાદિક વડે વિશ્વાસ વડે અને અંતરના માણસને ધનાદિક દેઈ ફોડવે કરીને ઉપાય યોજીએ તો ગ્રહ્ય થાય એમ છે માટે તેને મહા અર્થની (અનુ ગતી) ઉત્તમ પુરૂષને યોગ્ય એવી વસ્તુનું વારવાર ભેટણું મોકલી વિશ્વાસ બેસાડીએ તો પકડાય

ઉપરનો તર્ક ધ્યાનમાં લઈ એકદા મહાબલ રાજાએ પુરિમ તાલ નગરને વિષે એક મોટી લાંબી પહોળી કુટાગાર શાળા કરાવી તેને અનેક સ્થંભ છે અને તે જોવા લાયક છે પછી તે રાજાએ પુરિમતાલ નગરને વિષે દાણ લેવું નહિ ઇત્યાદિક યાવત્ દશ દીન સુધી પ્રમોદના ઓત્સવનો પડો વજડાવ્યો પછી કાટુંબિક પુરૂષને તેડાવીને રાજાએ કહ્યું કે "હે દેવાનુપ્રિય ! તમે જાઓ શાલાટવી ચોરગામ અભગ્નસેણ ચારસેનાપતિને બે હાથ જોડીને કહો કે—હે દેવાનુપ્રિય પુરિમતાલ નગરે મહાબલ રાજાએ દશ દિવસનો મહોત્સવ માંડ્યો છે માટે તમને ચાર પ્રકારનો આહાર પુષ્પ, કપડાં અલંકાર અહીં આણી આપીએ કે તમે ત્યાં પધારશો ? તે કાટુંબિક પુરૂષે બે હાથ જોડીને મહાબલ રાજાની આજ્ઞા પ્રમાણ કીધી અને પુરિમતાલ નગરથી નીકળીને અતિ ઉતાવળે નહિ ઘણે સ્થાનકે વાસો વસતો જેણ થોરા મળી, પાણી આદિક કરતો જ્યાં ચોરપલ્લી છે ત્યાં આવીને અભ

અભગ્ન ચોરસેનાપતિને હાથ જોડીને જય વિજય કરી વધાવીને ઉપર પ્રમાણે કહ્યું તે સાંભળીને અભગ્નસેન ચોરસેનાપતિએ તે પુરુષને કહ્યું "અમે પુરિમતાલ નગરે આવીશું" એમ કહીને તે પુરુષને વસ્ત્ર તાંબુલાદિક સત્કારે કરી પાછો વાળ્યો.

હવે તે અભગ્નસેન ચોર ઘણા મિત્ર જ્ઞાતિ પરિવાર સહિત સ્નાન કરીને સર્વ અલંકાર પહેરીને શાલાટવી ચોરપલ્લીથી નીકળીને પુરિમતાલ નગરને વિષે જ્યાં મહાબલ રાજા છે ત્યાં આવીને બે હાથ જોડીને બોલ્યો: 'જય હો સ્વામી! વિજય હો પ્રભો!' એવાં વચને કરી વધાવીને ભારે મૂલ્યનું ભેટણું મૂક્યું તે ભેટણું મહાબલ રાજાએ સ્વીકાર્યું અને તેને સત્કાર સન્માન દેઈને કૂટાગાર શાળાને વિષે રહેવાનો આવાસ ઉતરવાને દીધો અને તેને સીરપાવ દેઈ ખુશી કીધો. પછી કૌટુંબિક પુરુષને બોલાવીને ચાર પ્રકારનો આહાર મદ્ય પુષ્પ અલંકાર કૂટાગારશાળાએ મોકલાવી આપ્યા ત્યાર પછી અભગ્નસેન ચોરસેનાપતિ ઘણા મિત્ર જ્ઞાતિ સાથે સ્નાન કરી સર્વ આભરણ, કપડાં પહેરી ચાર પ્રકારનો આહાર મદ્ય પીતો ખાતો સુખ ભોગવવા લાગ્યો. એટલે મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષને તેડાવીને કહ્યું કે-"હે દેવાનુપ્રિય! તમે જાઓ પુરિમતાલ નગરના દરવાજાના દ્વાર બંધ કરો અને અભગ્નસેન ચોરસેનાપતિને જીવતો પકડીને મને આણી આપો." એ હુકમ સુણી કૌટુંબિક પુરુષે પુરિમતાલ નગરના દરવાજા બંધ કરી અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો બાંધીને મહાબલ રાજાને આણી આપ્યો. ત્યારપછી રાજાએ અભગ્નસેન ચોરને ઉપર પ્રમાણે બાંધી

મારવાની આજ્ઞા દીધી. ગૌતમ ! અભગ્નસેન ચોરસેનાપતિ પૂર્વે કીધેલાં ઘણા કાળનાં પાપકર્મના ફળની ક્રિયા ઉપર પ્રમાણે ભોગવતો વિચરે છે.

ગૌતમ કહે. હે ભગવન્ ! હે પૂજ્ય ! એ ચોરસેનાપતિ કાળને અવસરે કાળ કરીને ક્યાં જશે ?

સર્વજ્ઞ વદ્યા અભગ્નસેન ચોરસેનાપતિ સત્તાવીસ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને આજ દિવસના છેલ્લા ત્રીજા ભાગને વિષે શૂળીએ પરોવ્યાથી કાળ કરીને પહેલી રત્નપ્રભા નરકને વિષે ઉત્કૃષ્ટી સ્થિતિએ નારકીપણે ઉપજશે. ત્યાંથી આંતર રહિત નીકળીને મૃગાપુત્રની પેરે સંસારમાંહી પૃથ્વીને વિષે ભમશે. ત્યાંથી નીકળીને વાણારસી નગરીને વિષે ભુંડપણે ઉપજશે. ત્યાં શિકારી પારધીનાઓ તેને હણી નાખશે ત્યાંથી વાણારસી નગરીમાં શેઠના કુળને વિષે પુત્રપણે ઉપજશે. ત્યાંથી બાળભાવથી મૂકાયા બાદ જેમ મૃગાપુત્રે દીક્ષા લીધી તેમ દીક્ષા લેઈ આઠ કર્મનો અંત કરી મુક્તિ જશે.

સાર


હિંસા અને ચોરીનું ફળ કેવું મળે છે તે આ અધ્યયનથી સ્પષ્ટ સમજી શકાશે.

અધ્યયન ૪ થુ



સગડ (શકટ)* કુમાર





તે કાળ તે સમયને વિષે સોહંજણી નામે નગરી હતી તે ઋદ્ધિવંત અને સમૃદ્ધિવંત હતી. નગરીથી ઈશાન કોણમાં દેવરમણ નામે ઉદ્યાન હતું તેમાં અમોઘ નામે યક્ષનું જુનું સ્થાનક હતું. તે નગરીના રાજાનું નામ મહચંદ હતું. તેને સામંતોનો ભાણ અને યુવરાજ કુમાર અથવા સુસેન નામે પ્રધાન હતો.

આ નગરીમાં સુદર્શના નામે ગણિકા રહેતી હતી તેમ જ અતિ ઋદ્ધિવંત સુભદ્ર નામે સાર્થવાહ વસતો હતો. આ સાર્થવાહને ભદ્રા નામની સ્ત્રી અને સગડ અથવા શકટ નામે પુત્ર હતો.

એકદા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી આ નગરીમાં પધાર્યા ધર્મકથા સાંભળીને પ્રજા પાછી ગઈ ત્યારબાદ શ્રી ગૌતમસ્વામી ગોચરી માર્ગે આવ્યા ત્યાં તેમણે એક વિચિત્ર દેખાવ જોયો.

ઘણા હાથી ઘોડા અને પુરુષોની મધ્યમાં એક સ્ત્રી અને પુરુ

---

* શકટ=ગાડું

મે નાખ્યા છે. સ્ત્રીના પાછળ પુરૂષને નાખ્યો છે અને તેઓનાં નાક કાન કાપ્યાં છે અને તેઓ એવા શબ્દ કરે છે કે “ અમે અમારા પાપે દુઃખી થઈએ છીએ ' ”

ઉપર પ્રમાણે દેખાવ જોઈ ગૌતમ સ્વામી શ્રી મહાવીર સ્વામી પાસે જઈને સવિનય પૂછતા હતા “ હે ભગવન્ ! એ સ્ત્રી પુરૂષ પૂર્વ ભવે કોણ હતાં અને શા પાપ કર્મ કરવે કરી આવી સ્થિતિ પામ્યા છે ?”

ભગવાન કહેતા હતા — હે ગૌતમ તે સમયને વિષે આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે છગલપુર નામે નગર હતું ત્યાં સિંહગિરિ નામે મોટો રાજા હતો ત્યાં છન્નિક નામે ખાટકી (કસાઈ) રહે છે તે અધિક ધનાઢ્ય, અધર્મી છે અને પારકાનું બુરૂ કરી રાજી થાય છે તેને ચાકરી ઘણા (નોકર) રોજ પગાર આપે બકરા મેંઢા ચિત્તા હિરણ હરિણ સસલાં મોર દેશ પાડા ઇત્યાદિ અનેક જાતનાં સેંકડો સમુદાય હજાર હજારના સમુદાય અને લાખ લાખના સમુદાય વિનાશ કરવા વાસ્તે વાડામાં પાળી રાખ્યા છે ઘણી જાતના પુરૂષ પશુ માટે (મજૂરી) આપી પાડા વગેરે જે જનાવરોને તેઓના વાડામાં રખાવ્યાં છે. નોકર ચાકરી વગેરે અનેક રોગને પોતાના ઘરમાં રાખ્યા છે. ઘણી જાતના પુરૂષ પશુ ચાકરી પાડા વગેરેને મારીને તેના માંસના છરી વડે કકડા કરીને તે છન્નિક ખાટકીને વગાડી આપે છે એ પ્રમાણે તે ખાટકી બકરાનું માંસ પાડા વગેરેનું માંસ કડાઈમાં તળીને બજારમાં વેચીને તથા તેના નાણાં કરીને રાજ્યમાંથી વગેરે આજીવિકા કરે છે. એવાં પાપ કર્મ કરતો થકો તે છન્નિક નામે ખાટકી માંસમાં ગૃદ્ધ

વતા વિચરશે. ત્યાર પછી તે સમ કુમાર કુકમાદી આદિમાનો હોશે અભિગ્રહ કરી વિચરશે અને અતિ પાપ ઉપાર્જીને કાળને સમયે કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નરકને વિ નારકીપણે ઉપજશે, યાવત્ મૃગાપુત્રની પેરે સંસારની માંહે ભમશે ત્યાંથી આંતરા રહિત નીકળીને વાણારસી નગરીને વિષે માછલાપણે ઉપજશે. ત્યાં મા ઈીએ મારીયો થકો તે જ નગરીને વિષે શેઠના કુળે પુત્રપણે ઉપજશે ત્યાં સમકિત પામી ચારિત્ર લેઈને સુધર્મ દેવલોકે દેવતા થઈને મહાવિદેહ ક્ષેત્રને વિષે મુક્તિ જશે.

સાર

અભિચારનું ફળ આ લોક તેમજ પરલોકમાં કેવું મળે છે તેનો ચીતાર આપવા માટે આ અધ્યયન કહેવામાં આવ્યું જણાય છે. આ અધ્યયનમાંથી એક વધુ તત્ત્વ એ નીકળી આવે છે કે માણસનું મન જે વસ્તુની તિવ્ર ઇચ્છા કરે છે તે વસ્તુ તેને મળે છે પુરી ઇચ્છામાં તલ્લીન રહેવાથી પ્રથમ મન ત્યાં ઉપજ થએલી તે વસ્તુ પાછળથી સ્વરૂપે પણ મળી રહે છે અને ઇચ્છા કરનાર આ રચાએલ પાપે કર્મની પરંપરાઓરંભ ચા કરે છે આ જ કારણથી શાસ્ત્રકારો કહે છે કે એક બુરા કૃત્ય કરતાં પણ બુરી ઇચ્છા (અને તેમાં પણ તિવ્ર બુરી ઇચ્છા) થી બચવા ચતીને આવનું એક માણસ એક ખુંઈ કૃત્ય કરીને પછી મનને તે રસ્તેથી ઠ રાખ ત્યા પાપપરંપરા આગળ ચાલતી નથી

સમાન સર્પની પેરે ભુસવાડા કરતા કપાળની ત્રણ લીટીઓ ચડાવી ને તેને પોતાના માણસો પાસે પકડાવીને અડદા-પાડુએ કરી (દોરીને મધે તેવી રીતે) ખૂબ માર મરાવ્યો. અને મદનદ રાજા પાસે આવીને બે હાથ જોડીને ફરિયાદ કરી કે " હે સ્વામિન્! સનકે મારા અંતઃપુરમાં અપરાધ કીધો છે " એ વચન સાંભળી મદનદ રાજાએ સુદીન પ્રધાનને કહ્યું કે હે દેવાનુપ્રિય તમારી ઇચ્છા પ્રમાણે સનક કુમારને શિક્ષા કરો. આ પ્રમાણે રાજાની આજ્ઞા મળવાથી સન કુમારને અને સુદર્શના સખિજાને ઉપર કહ્યા પ્રમાણે બાંધીને મારવાની આજ્ઞા દીધી. હે ગૌતમ એ સનક કુમાર પૂર્વે કીધેલાં ઘણા કાળનાં નઠારા કર્મની શિક્ષા ઉપર પ્રમાણે ભોગવે છે. ગૌતમ કહે હે ભગવન્! એ સન કુમાર ત્યાંથી કાળ કરીને ક્યાં જશે!

સર્વજ્ઞ પ્રભુ કહેતા હવા સન કુમાર સનાતન વર્ષનું ઉત્કૃષ્ટુ આયુષ્ય ભોગવીને આજ દિવસના ત્રીજ ભાગે એક મોટી લોઢાની તપ્તી અગ્નિવર્ણ સરખી સ્ત્રી આકારની પ્રતિમાને આલિંગન કરાવવાથી કાળને સમયે કાળ કરીને રત્નપ્રભા પૃથ્વીના વિષે નારકીપણે ઉપજશે. ત્યાંથી આંતરા રહિત નીકળીને શ્રાવસ્તી નગરીને વિષે મ જાગના કુળને વિષે ગુપ્તપણે ઉપજશે. બારમે દિવસ પુત્રનું નામ સમર અને પુત્રીનું નામ સુદર્શના પાડશે. સમ બાળક યુવાન અવસ્થાવંત થશે અને સુદર્શના પણ યુવાન વયે રૂપ લાવણ્યતાએ પરિપૂર્ણ થશે. સુદર્શના કુમારિકાનું અત્યાન રૂપ જોઈ સમ કુમાર તેનાથી મોહિત થઈ તેની (પોતાની બ્હેન) સાથે મનુષ્ય મનના ભોગ ભોગ

તે પાપનો વંશ વધતો નથી પરન્તુ એક માણસ એક પાપ કરી રહી ન રહી શકવા છતાં મનમાં તે પાપ (ઇચ્છા રૂપે) ચિન્તવ્યા કરે તો તે ઇચ્છીત વસ્તુ, તેમ ઇચ્છાને લીધે વધેલી મોટી તેને મળવાની અને તેનાથી પાપ કર્મ વધ્યા કરવાનું એક ખરાબ કૃત્યથી એક જ પાપ ઉપાર્જન થાય છે જ્યારે એક ખરાબ કૃત્યની તેમ ઇચ્છાથી પાપની પરંપરા ચાલે છે સદર કુમારે અભિગ્રહમાં ચિત્ત સમ્બુ અને એ સ્ત્રીને ભોગવવાની તેમ ઇચ્છા કરી તો મરીને નારકીના બંધ નરક દુઃખ ભોગવ્યા પછી તેજ સ્ત્રીના ભાઈ તરીકે જન્મી સ્નેહનથી વિષય ભોગ ભોગવ્યા છે અને આ રીતે પાપ પરંપરા વધતીજ ગઈ. માટેજ કે કોઈએ એમ ન સમજવું કે આપણે કુંવારા રહીએ અથવા પરસ્ત્રીને ચોથા વ્રતની બાધા લઈએ અથવા પરસ્ત્રીગમનનો નિયમ લઈએ તેથી આપણે જે છૂટ્યા. સૌથી મોટું પાપ માનસિક છે, મનમાં વિષય-વિકારના સંકલ્પ વારંવાર થવા પામતા હોય તો તથી પણ કરવાનું

સીધ્યામિણી આ જનાવના જુદાદિ આ પ્રમાણે કરે સદર લીધ ક છાને પરિણામે મરીને પ્રેત લોકમાં ગયા ત્યાં વિષય સુખ અને સુર ભ્યાની કલ્પના કર્યા કરતો સુક્ષ્મ શરીરથી સુરતના પામીજ ભટકતો અને તેથીજ ભોગવ્યા વગર પ્રેત ભોગવની પ્રબળ થયો. ભાવથી તે ભવ
1 કુંભી જતો તથી પોતે તેઓની નજીકમાં જ કાયા રોગ શરીર પોતાને ન દોષથી તેઓનો ભ્રમ કરવાને તરત આગળ છે. જેમ એક ભાઈ પ્રેતાત્મ લોક પામતો નારકીનું દુઃખ ભાવથી ભાવેજ વધારે છે. શો ભાવથી જાતની નરક દુઃખ ભોગવી અતિ મનુષ્ય નહિ જ મળી શકે. આથી ભવ સીધ્યામિણી કરે

અધ્યયન ૫ મું

કુમાર વૃહસ્પતિદત્ત

તે કાળ તે સમયને વિષે કોસંબી નામે ઋદ્ધિવતી નગરી હતી. તેની બહાર ઇશાન કોણમાં ચંદ્રાવતર નામે ઉદ્યાન હતું જ્યાં શ્વેતભદ્ર યક્ષ રહેતો હતો.

આ નગરીના રાજા શતાનીકને રાણી મૃગાવતીથી ઉદાયન નામે કુંવર હતો અને પદ્માવતી નામે પુત્રવધુ હતી.

રાજાના પુરોહિતનું નામ સોમદત્ત હતું. જે ચાર વેદનો જાણ હતો. તેને વસુદત્તા નામે સ્ત્રીથી બૃહસ્પતિદત્ત નામે પુત્ર હતો.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર ફરતા કોસંબી નગરીએ સમોસર્યા. તેમની આજ્ઞા લઇ તેમના વડા શિષ્ય ગૌતમ નામે અણગાર ગોચરીએ પધાર્યા. ત્યાં રાજમાર્ગમાં ઘણા હાથી ઘોડા અને મનુષ્યના સમુદાયમાંથી એક પુરુષને દેખીને અરેરે! ઉત્પન્ન થયે ભગવાન મહાવીરને વંદના નમસ્કાર કરી પૂછતા હવા "હે ભગવન્! એ પુરુષ પૂર્વ ભવ કોણ હતો?

ભગવાન કહેતા હવા—

આ જંબુદ્વિપના ભરતખંડને વિષે સર્વતોભદ્ર નામે ઋદ્ધિવંત નગર હતું. ત્યાં જિતશત્રુ નામે રાજા હતો. તેને મહેશ્વરદત્ત નામે પુરોહિત હતો તે ચાર વેદનો જાણ હતો ને મહેશ્વરદત્ત પુરોહિત

કુમારે પકડ્યો અને ફરી તેને અગ્નિદાહ દેઇ મોટી ઋદ્ધિએ ફરી
તેની મૃત્યુ ક્રિયા કરી. પછી ઉદાયનને રાજ્યાભિષેક થયો. ઉદાયન
કુમારને રાજ્ય મળવાથી મજકૂર બૃહસ્પતિદત્ત પુરોહિત પદ પામ્યા
અને ઉદાયનના અંતઃપુરને વિષે વખતો વખત જવા લાગ્યો.
એકદા પદ્માવતી દેવી સાથે આસક્ત થયો થકો તેનાથી ઉદાર ભોગ
ભોગવે છે. એક સમયે ઉદાયન રાજા સ્નાન કરી વસ્ત્રાભરણ પહેરી
ત્યાં આવ્યો. બૃહસ્પતિદત્તને ભોગ ભોગવતો દેખીને ક્રોધ રીસ
ચઢાવીને મીસમીસાયમાન થઇ સર્પની પેરે સુસવાટા કરતો કપાળની
ત્રણ લીટીઓ ચઢાવીને તેને પોતાના માણસો પાસે પકડાવીને ઉપર
પ્રમાણે મારવાની શિક્ષા કીધી. હે ગૌતમ! એ બૃહસ્પતિદત્ત
પુરોહિત પૂર્વ કીધેલાં પાપ કર્મના માઠા ફળ ભોગવે છે.

ગૌતમ કહે છે હે ભગવન્! એ બૃહસ્પતિદત્ત પુરોહિત
ત્યાંથી કાળ કરીને ક્યાં જશે?

સર્વજ્ઞ પ્રભુ વદ્યા—બૃહસ્પતિદત્ત પુરોહિત ચોસઠ વર્ષનું પરમ
ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને આજે દિવસના ત્રીજે ભાગે શૂળીએ
પરોવ્યા થકી કાળને સમયે કાળ કરીને રત્નપ્રભા નામની
પહેલી નરકે જશે. યાવત્ સંસાર ભમી મૃગાપુત્રની પેરે પૃથ્વીઆદિક
વિષે ભમશે. ત્યાંથી નીકળીને હસ્તીનાગપુરને વિષે મૃગપણે ઉપજશે.
ત્યાં વાગરીથી હણાયો થકો એ જ હસ્તીનાગપુર નગરને વિષે શેઠના
કુળે પુત્રપણે ઉપજશે. ત્યાં સમકિત પામી ચારિત્ર લઇ સુધર્મ કલ્પે
દેવ થઇ મહાવિદેહ ક્ષેત્રને વિષે સિદ્ધશે (મુક્તિ પામશે).

સાર

હિંસા અને વ્યભિચારનું ફળ બતાવવું એ આ અધ્યયનનો સાર
મુખ્ય જ છે

અધ્યયન ૬ ઠું



राजपुत्र नंदीवर्धन

કાળ તે સમયને વિષે મથુરા નામે નગરી હતી. તેના ભંડીર નામે ઉદ્યાનમાં સુદર્શન નામે યક્ષનું સ્થાનક હતું.

આ નગરીના રાજા શ્રીદામને રાણી બંધુશ્રીથી નંદીવર્ધન પુત્ર થયો હતો કે જે મોટો પુત્ર હોય યુવરાજ કહેવાતો હતો. (ગાદીનો હકદાર ને લોભ ભર્તા રાજભાગ્યવાનની તેમ સામાને લીધે કેવું કરમ કરવા પ્રવૃત્ત છે અને તેનું ફળ કેવું ભોગવે છે તે આ અધ્યયનમાં કહેવામાં આવશે.)

શ્રીદામ રાજાને સુબુદ્ધિ નામે પ્રધાન હતો જે સામ-દામ-ભેદાદિએ કરીને વશ કરવાની કળામાં નિપુણ હતો. તેને વળી એક બહુમિત્ર નામે પુત્ર હતો.

રાજાએ ચિત્ર નામે નાઈ (નાપીક-હજામ) ને રાજ-ગૃહમાં તથા અંતઃપુરમાં જવા આવવાની છૂટ આપી હતી.

આવા ભંડીર ઉદ્યાનમાંથી મહાવીર સ્વામી પધાર્યા તેમન

વાંદવા રાજા તથા પ્રજા નીકળ્યાં. યાવત્ વાંદી ધર્મકથા સાંભળી સર્વ પાછાં વળ્યાં. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર દેવના વડા શિષ્ય ગૌતમ નામે અણગાર, ગૌચરીએ જતાં રાજમાર્ગે આવતાને ત્યાં આ પ્રમાણે ત્યાં તેમણે પૂર્વવત્ ઘણા હાથી ઘોડા અને અને મનુષ્યોના સમૂહ વચ્ચે નીચે પ્રમાણે દેખાવ જોયો—

એક પુરુષને ઘણા પુરુષોએ એક લોઢાના અગ્નિ સમાન ખુબ ઉનું કરેલા સિંહાસન ઉપર બેસાડેલો છે અને કેટલાક કળશમાં તાંબાનો રસ અને સીસાનો ઉનું રસ તથા ચુનાદિક મિશ્ર ઉનું પાણી ભરીને તથા ખાર મિશ્રિત ઉનું તેલ ભરીને રાજ્યાભિષેક નિમિત્ત તેના શરીર ઉપર સીંચે છે તથા અઢારસરો અને નવસરો ઇત્યાદિ હારના હાર ખુબ તપાવી અગ્નિ સમાન કરીને ગળાની આસપાસ મુકીને તેને પહેરાવ્યા છે તથા માથે મુગટ પણ લોઢાનો ખુબ ઉનું કરીને પહેરાવ્યો છે

એવું આશ્ચર્યકારક દેખાવ જોઈને શ્રી ગૌતમ સ્વામી ફરી ભગવાન મહાવીર પાસે આવી ભગવાન નિવેદન કરી પૂછ્યું કે હે પ્રભુ એ પુરુષ પૂર્વ ભવમાં પાતિક કર્યા હશે કે જેથી તે નરક જેવાં નારકી દુઃખ ભોગવે છે ?"

ભગવંત કહે છે હે ગૌતમ ! આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે સિંહપુર નામે એક સમૃદ્ધ નગર હતું. તેનો સિંહરથ નામે રાજા હતો. તેને ગુનેગારોને શિક્ષા કરનાર દુર્યોધન નામે કોટવાળ હતો. તે પાપાચારી અને નાસ્તિક, પાપ કરવામાં આનંદ માનનારો હતો. તે ગુનેગારોને શિક્ષા કરવામાં ઉપયોગના [illegible]

આ પ્રમાણે રાખ્યાં હતાં—ઘણી લોઢાની કુડીઓ પૈકી કેટલીકમાં તાંબાનો ઉષ્ણ રસ કેટલીકમાં તરવાનો ઉષ્ણ રસ કેટલીકમાં સીસાનો ઉષ્ણ રસ અને કેટલીકમાં ચૂર્ણાદિક મિશ્ર ઉષ્ણ પાણી ઠોકોઠ ભરી રાખ્યાં હતાં તથા ઘણા માટીના ઘડા અને માટલીઓ પૈકી કેટલીક વાસણોમાં અશ્વનાં મૂત્ર કેટલાકમાં હાથીનાં મૂત્ર કેટલાકમાં ઉંટનાં મૂત્ર કેટલાકમાં ગાયનાં મૂત્ર કેટલાકમાં બકરીનાં મૂત્ર અને કેટલાકમાં ભેંસનાં મૂત્ર ઠોકોઠ ભરી રાખ્યાં હતાં તથા હાથપગનાં બંધન (બેડીઓ) લાકડાની હેડો અને સાંકળોના ઢગલા કરી રાખ્યા હતા તથા ભોંયવાંસની લતા વેત્રની લતા આંબલીની ડાળ ચામડાની નાડી અને મુંજના સૂત્રના ઢગલા કરી રાખ્યા હતા તથા નાના મોટા પથ્થર ગદા લાકડી મોટા મુગળ અને મોગરીઓના ઢગલા કરી રાખ્યા હતા તથા અતિ પાતળી અને મજબૂત ચામડીઓ સૂત્ર સહિત વાળની રાસડીઓના ઢગલા કરી રાખ્યા હતા તથા ઘણાં ખડ્ગ કરવત છરી વગેરેના ઢગલા કરી રાખ્યા હતા તથા લોઢાના ખીલા વાંસની તિક્ષ્ણ ખીલીઓ અને વીંછીના આંકડાના આકારે ચામડાના કોરડાના ઢગલા કરી રાખ્યા હતા તથા સોયા વગેરે કામ દેવાના હથિયારના ઢગલા કરી રાખ્યા હતા તથા મુષ્ટિ વગેરે શસ્ત્ર નાના છરપલા કુહાડા નખ છેદવાની નરેણી, કામની નાની સળી વગેરેના ઢગલા કરી રાખ્યા હતા તે વડે દુર્યોધન કોટવાળ ચોરને પરસ્ત્રી લંપટને ગાંઠીઆને રાજાનો અપરાધ કરનારને બાળઘાતકને વિશ્વાસઘાતીને, જુગારીઓને અને ધૂર્ત પુરુષ વગેરેને નીચે પ્રમાણે શિક્ષા કરતો હતો—

૩ ન્હારોને ભીંત પૂરણ પાસે પકડાવીને જમીન પર ચિતા નખા વીને ચોદ ઢકે મુખ કરાવીને કોઇને ઉનું પાણી, કોઇને ઉનું તરવું કોઇને ઉનું સીસું અને કોઇને ચુનાદિક મળેલું ઉનું પાણી અને કોઇને ખાર સહિત ઉનું તેલ પાય છે. તથા કોઇને પોતાનું મૂત્ર, કોઇને હાથીનું મૂત્ર કોઇને ઉંટનું મૂત્ર વગેરેનાં મૂત્ર પાય છે. તથા કેટલાએકને ઉંધા નાખીને તેના ઉપર બાગ મૂકીને તથા ભાર ઉચકાવીને પીડા કરે છે તથા કેટલાએકને હાથ હાથકડીઓ અને પગે બેડીઓ પહેરાવે છે તથા લાકડાની હેડમાં પગ ઘલાય છ કેટલાએકનાં અંગ સંકોચી ભેગા કરીને તેને સાંકળે વડે બાંધે છે કોઇના હાથ છેદાવે છે કોઇના અંગોપાંગ વિદારે છે કેટલાએકને વાંસની છડી વગેરેથી મરાય છ કેટલાએકને ચિતા સુવાડીને છાતી ઉપર પથ્થરની પાટ મૂકાવીને તે ઉપર લાકડું મૂકાવીને તેના ઉપર આખુસ મરાય છ કેટલાએકને સુતની દોરડી વ મરાય છ કેટલાએકના હાથ પગ બાંધીને કુવા માંહી ઉંધા માથે લટકાવી અધર કરે છે કેટલાએકને શસ્ત્રની ધારવડે મરાય છ કેટલાએકને ત્રિક ક્ષાર તથા ચોપડી ખાર મરાવે છે કેટલાએકના કપાળ પુરી, કોણી, ગુદા, પગના તળાં વિગેરેમાં હાથના ખીલા તથા વાંસની સળીઓ ઘલાવે છે કેટલા એકને હાથ પગની આંગળીએ દાભની સોય બેઉને ડાભ વડે મરે પીને ભોમરાદિક કરીને ફુકાય છ પછી તે સુધી સહિત આંગળીએ ખનિ ખણાવી સારી વસ્તુ ઉપજાવે છે કેટલાએકના નરેણી વ નખ છેદાય છ તથા છસહિત વ અંગ કપાય છે ૯ ૪

ઉપર પ્રમાણે દુર્યોધન ગિરનાર પર્વત મોટા કર્મ કરીને તે વડે અતિશયે પાપ ઉપાર્જીને એકત્રીસ સાગરનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળને સમયે કાળ કરીને છઠ્ઠી નરકે ત્રીસ સાગરોપમની સ્થિતિએ નારકીપણે ઉપન્યો. ત્યાંથી અંતર રહિત નીકળીને ઉપરી મથુરા નગરીને વિષે શ્રીદામ રાજાની બંધુમતી રાણીની કુખને વિષે પુત્રપણે ઉપન્યો. ત્યાર પછી બંધુમતીએ નવ માસ પરિપૂર્ણ થયે બાળકને જન્મ આપ્યો. તેનું માતપિતાએ બાર દિવસ ગયા પછી નંદીષેણ (નંદીવર્દ્ધન) એવું નામ પાડ્યું તે નંદીષેણ બાળક પાંચ ધાવ માતાએ વધવા લાગ્યો. અનુક્રમે બાલ્યાવસ્થા મુકાઈ યૌવનપણું પામ્યો. યુવરાજ હોવાથી પિતાની પછી પોતાને રાજ્ય મળવાનો ઉત્કંઠ થવાથી એક દિવસ રાજ્યને વિષે તથા અંતઃપુરને વિષે મૂર્છિત થયો થકો એવી વાંચ્છના કરવા લાગ્યો કે જો શ્રીદામ રાજાને જીવિતથી રહિત કરું તો એ રાજ્યલક્ષ્મી હું ભોગવું. એમ વિચારી શ્રીદામ રાજાને મારવાનો સમય અને છિદ્ર જોવા લાગ્યો. તેણે ચિત્ર હજામને બોલાવ્યો અને કહ્યું કે તું રાજાના સર્વ સ્થાનકે તથા અંતઃપુરમાં અલંકાર તથા નાઈકર્મ કરવા માટે જાય છે તો તેમને અલંકાર તથા ક્ષૌર કર્મ કરતાં ડોકને વિષે છુરો બેસારી માર તો હું તને અડધું રાજ્ય આપીશ. અને આપણે બંને જણ સાથે રાજ્યલક્ષ્મીના ઉદાર ભોગ ભોગવીશું. નાઈએ એ વાત કબુલ રાખી. પરન્તુ પાછળથી તેને એવો વિચાર ઉત્પન્ન થયો કે—જો આ વાત શ્રીદામરાજા જાણશે તો મને ભુંડા હાલે મારશે. એમ વિચારી શ્રીદામરાજાન પાસે એકાંતમાં આવી બે હાથ

તેણી ગુપ્તપણે કરવા માંડ્યા " હે સ્વામિન્ નંદીષેણ કુમાર રાજ્યને વિષે મૂર્છિત થયા થકા આપને જીવતા મારીને પોતે રાજ્ય કરવાની ઇચ્છા રાખે છે. શ્રીદામ રાજા ઉપરની વાત સાંભળીને ક્રોધ ધારીને શીઘ્ર રીસે ચઢતો મિસમિસાયમાન થઇને નંદીષેણ કુમારને અનેરા રૂપ પાસે પકડાવીને હે ગૌતમ! તમે દીઠા તેવું એવી રીતના શિક્ષા કરાવે છે.

ગૌતમ કહે " હે પ્રભુ! નંદીષેણ કુમાર ત્યાંથી મરીને ક્યાં જશે?"

શ્રમણ ભગવંત કહે છે. "નંદીષેણ કુમાર સાઠ વરસનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળને સમય કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નરકને વિષે નારકીપણે ઉપજશે યાવત્ સંસાર વિષે મૃગા પુત્રની પેરે ભમશે. ત્યાંથી નીકળીને હસ્તીનાપુરને વિષે મચ્છપણું ઉપજશે ત્યાં માછીમારે માર્યો થકો તે જ નગરને વિષે શેઠના કુળને વિષે આવી પામી શુદ્ધ સમ્યક્ત્વ દેવતા થઇને મહાવિદેહ ક્ષેત્રે ચરમ ભવ પામી મુક્તિ જાને યોગ્ય થાશે. ઉપન્ને જાણ ઇત્યાદિ સ્વરૂપ જાણવું આયાપમાદી કર્મથી મારશે કર્મ ક્ષય કરી સર્વ દુઃખનો અંત થાશે.

સાર

એક તીવ્ર ઇચ્છા, અનેક પાપોની પરંપરામાં માણસને ધસડી જાય છે એ અગત્યના કહેવાયેલા સિદ્ધાંત વધારે સ્પષ્ટતાથી સમજવવા માટે આ આખ્યાન કહેવાયું હોય એમ જણાય છે. નંદીસેને રાજ્ય મેળવવાની તીવ્ર ઇચ્છાથી પિતાનું પણ ખૂન કરાવ્યું. એના બદલામાં જીવતાંજીવત નરક જેવી પીડા ભોગવી અને પિતા-પુત્રના જીવ વચ્ચે શત્રુતાનો સમ્બન્ધ ચાલુ થયો.

આ આખ્યાન, વળી રાજપુરુષોને અને અમલદારોને પણ બોધદાયક છે. મનના ખરા અધ્યવસાય કરીને કરાતી ક્રિયાઓ શિક્ષા ભોગવનાર કરતાં શિક્ષા કરનારને માટે પણ કર્મ ઉત્પન્ન કરેછ

અધ્યયન ૭ મુ

उंबरदत्त

પાડલીસ નામે નગરના રાજાનું નામ સિદ્ધારથ હતું એ નગરમા સાગરદત્ત નામે એક સાર્થવાહ રહેતો હતા અને પોતાની ગંગદત્તા નામની સ્ત્રીથી ઉંબરદત્ત નામે પુત્ર થયા હતો. આ નગરીની બહાર વનખંડ નામે ઉદ્યાન હતું તેમાં ઉંબરદત્ત નામે યક્ષનું સ્થાનક હતું

એકદા આ ઉદ્યાનમા શ્રી મહાવીર સ્વામી પધાર્યા ધર્મકથા થઇ રહ્યા બાદ શ્રી ગૌતમ અણગાર ગોચરી માટે નગરમા પૂર્વ દરવાજેથી પ્રવેશ કરીને જતા હતા ત્યા તેમણે એક વિચિત્ર પુરુષ જોયા

તે પુરુષ આઠ પ્રકારના વ્યાધિથી અસહ્ય દરદ ભોગવી રહ્યો હતો તેનું સર્વ શરીર સડી ગયું છે હાથ પગ મુખ વગેરેની આંગળીઓ સડી ગઇ છે કાન નાક ખરી પડ્યા છે તેમાંથી પીળાં પરુ ઝરે છે અને કીડીઓ ખદબદે છે ...

લાગ પડે છે કાન નાસિકા વારંવાર ભમે છે ઉધરસીમાં થતા કફ વિષ્ટા લોહીના કણિયા કૃમિના કણિયા નીકળે છે કમેજકારી અને બીજાને કરુણા ઉપજે એવાં દીનતાનાં વચનો રોતો થકો બોલે છે ભાખીનાં ૨૬ અવગણ કરતા તેની પુંઠે ... છે રૂંધી હાડકી સરખું માથુ છે એટલે માથાના કેશ ખોળવા વિખયા છે પહેરેલાં કપડાં જીર્ણ પહેર્યું છે અને હાથમાં આહારના અર્થે ભાંગેલું શરાવલું (ઠીકરૂં) અને પાણીના અર્થે ભાંગેલો ઘડો લેઇ ભાગી ખાવાને ઘેર ઘેર ભમે છે. એવી રીતે આજીવિકા કરતો મનુષ્ય ગૌતમ સ્વામીએ દીઠો દેખીને પોતે નીચ ઉચ કુળે અટણ કરતા યથાયોગ્ય આહાર લેઇને પાડલીસંડ નગરથી નીકળીને જ્યાં ભગવાન મહાવીર બીરાજે છે ત્યાં આવીને તેમને આહાર દેખાડીને તેમની આજ્ઞા લેઇ જેમ સર્પ બીલમાં સરલપણે પેસે તેમ ... ... આહાર કરીને સંતસ્નેહે સંયમ અને તપસ્નેહે તપ કરી આત્માને ભાવતા થકા વિચરે છે

પછી ગૌતમ સ્વામીએ બીજા ... પારણે પહેલે પહર સજ્ઝાય કરી તથા બીજે પહર ધ્યાન ધરીને ગુરુની આજ્ઞા માગીને ગોચરી નિમિત્ત પાડલીસંડ નગરના દક્ષિણ દિશાના દરવાજે પ્રવેશ કીધો ત્યાં પણ પૂર્વોક્ત પુરુષ બીજી વારનો દીઠો ત્યારપછી ત્રીજા

સાધુએ આહાર કેવી રીતે કરવાનો છે તે આ વચનમાં કહ્યું ! ખાતા પેટને ... આપવાનું છે નહિ કે સ્વાદ કરવાનો

/

જુના પારણે એજ નગરના પશ્ચિમના દરવાજે પ્રવેશ કરતા પણ એક પુરૂષને દીઠો તથા ચોથા જુના પારણે ઉત્તર દિશાના દરવાજે પ્રવેશ કરતાં પણ એક પુરૂષને ભીખ માગતો દીઠો આ પ્રમાણે આશ્ચર્યકારક દેખાવ જોઈ ગૌતમ સ્વામી શ્રી મહાવીર સ્વામી પાસે આવી કહેવા લાગ્યા હે ભગવન્ ! એ પુરૂષના પાછલો ભવ દરશાવશો ?

શ્રી સર્વજ્ઞ વચન હે ગૌતમ તે પ્રભવને વિષે આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રને વિષે વિજયપુર નામે નગર હતું ત્યાં કનકરથ નામે ક્ષત્રિય રાજા હતો. તેને ધનવન્તરી નામે વૈદ્ય હતો તે આઠ વિધિ વૈદકશાસ્ત્રનો જાણ હતો ૧ બાળકના રોગનો જાણ, ૨ કાય ચિકિત્સાનો જાણ (આંખ, કાન વગેરેના રોગ મટાડવામાં કુશળ) ૩ હથિયારના ઘા રૂઝવવામાં કુશળ ૪ જ્વર જાનિઆ રાદિ કાયાના રોગનો જાણ ૫ સાપ વીંછી વગેરેના ઝેર ઉતાર વામાં કુશળ ૬ ભૂત-પિશાચાદિના રોગ મટાડવામાં કુશળ ૭ રસા યન વિધિ (ધાતુ મારવા)માં કુશળ ૮ વાજીકરણ (વીર્ય વધા રવા)માં કુશળ. વળી તેનો હાથ અમૃત સમાન સુખકારી હતો (તરત આરામ કરનારો હતો.) આવા સમર્થ ધનવન્તરી વૈદ્ય વિજયપુર નગરમાં કનકરથ રાજાની રાણીઓ રાજકુમાર પ્રધાન સેનાપતિ સાર્થવાહ સનાથ અનાથ બ્રાહ્મણ ભિખારી શ્રમણ વગેરે ઘણા લોકોના નાના પ્રકારના રોગો ની ચિકિત્સા કરતો હતો. તેઓમાંના કેટલાઓને મચ્છનું માંસ ખા વાનો ઉપદેશ દેતો તથા કેટલાકને કાચબાનું ગાયનું મગરમચ્છનું

મનુષ્યાદનું આયુનું રોગનું મરણનું મનનું મમતાનું એમનું પ ણાનું ક્ષ ાનું મીરનું એ આદિ ને બીજા પણાં ઘણાંમાં ગણ સ અને એમ રાખીને મન આત્માના સ્વરૂપ દેના તથા પોતેપણ નાનું સાદી મેળવું આમ અને તથા મનના સુખ કરી ઇત્ય ના મૂળ ( ) આમે આત્મા એ પ્રમાણે કમ કરી પણાં પાપ કરાઇને ભવીમાં ઘણું પરમ ઉત્પન્ન આયુષ આત્માને કાળ સમય ક્ષણ કરીને છૂટી નરકે જઈ આદિમાં સાનરમાં નિમિત્તે નારકીપણું ઉત્પન્ન ત્યાંથી નીકળીને ઉપર ક પાક દીમ નનરના આમરણ આયુષ્યની નમતા આત્મા હવે પુત્ર પનું રૂપ ર

આ ગ નરથા આત્મા મનના દ્વારાથી ઉપજ કર્મ આ જન્મની ઉત્પત્તિ ય ા ર ા તને એ પ્રસ્તાવે મનુષ્યગતીને મનપ કુળચિંતા કરતા થકા અત્યા મનુષ્યમાત્ર ઉપના કે ું આત્મતા આયુષ્યની આય પણ વરસથી તનુના સુખ તેમનું છું પણ ર આમરણને ા નર્ કારણ કે હું અને પુત્ર અથવા પુત્રીને પામી જન્મ છે ન ગ ઈ આત્મા ની પુરુષના ઉદયના પ્રભાવથી ાિ રૂપનિ એ પોતાના ભાગ્યને દાનાના સ્થાને ા ર નીચા અને મૂળમાં મધ્યે આધાર છે કાય તેથી દર ા ામા એમાંગી ઘરાર ન આત્માને જન્મ છે અને અને જન્મ મ તેમના ું ન કીધાં નહિ જેથી ઠ જ એથી આ

---

૧ ધીર ૧ રના આત્માસ્મિ સ્થાને

કાંઇ મહિનું એક પણ ન પામી. (કલ્યુ નહિ.) ત માટ કાંઇ નવ કેમની શાસરત્ન સાધવાદને પૂછીને અતિ પમ્યું કઇ વન મેપ માળા અમ હાર મહીને પછી ભીઓ સાથે ઉભરતન યશન માનક લ્ય તેને મદા મોન પુષની અભ્યા કરીને પન શામીને પામના કે એવા વિચાર કરીને નવાદય થયે પોતાના પતિની આજ્ઞા માનીને ઉપર નમાળે પ નની સામગ્રી થઇને પછીઆઠ મિત્રાદિક સ્ત્રીઓ સાથે પોતાના ઘરથી નીકળીને પાલખીમાં નમતી મધ્યા મધ્ય થઇને ત્યાં પુ કરણી વાવડી છ ત્યા આવી આવીને તેમાં સ્નાન મજ્જન કરી પવિત્ર થઇ ઉભરતન યશન માનક આવી તેના પ્રતિ માને પ્રણામ કરી તેને પુષ્પગૃહ પુષ્પ વાળગૃહ સ્નાન કરા વીને મુખ્યાગા વસ્ત્ર લુછીને સુંદર વસ્ત્ર પહેરાવી કઇ વન મેપ માળાદિ ચઢાવી પુષ્પ કેરની ગન્ધ ધૂપાદિ વ ૧ પુષ્પ પતિને કરવા વાની સ્તવના દેવાનુપ્રિય ૧ દુ ન અપત્ય ઇચ્છો પામીશ ના નમાવી પ ન યાત્રા કરીશ નથા ભંડારમાં ક ઃ વધારીશ અ નમાનુ કરી ર દિશાથી આવી હતી ત દિશાએ ગઇ પર આ

પછી પર કદળા મનરથ પત્ન ઇ ર ણ્ણી નરકથી અનન્ત રહિત નીકળીને આ નગરના સાધની પ પુત્રપણું પન્ના

આશા મનનિ વસ્તુ માસ પૂરે પુ થય ન નગરના આવત અ ય ઉદરથી જન્મો ક મ ય છ ન સ્નાનની માતન ક ત્ય ઇરીને ય માગ કીધું તેરપ અપત્યાદિક મઠ રસારનું આ દાર નાંખ નાને પુષ્પાદિ ન ૧ન પ નિરવિધિ સ્ત્રીઓને સાથ

એકને પાડલીસ નગરની મધ્યોમધ્ય નીકળીને પુષ્કરણી વાવડીમાં પેસી સ્નાન કરી માંસશીક નિમિત્ત ચાર પ્રકારનો આહાર દારૂ-માંસ સાથે ખાતી વિચરે છે એમ વિચારીને સંકેત થયે સાગરદત્ત સાર્થવાહની આજ્ઞા માગીને મિત્રાદિકની પત્નીઓ સાથે ઉંબરદત્ત યક્ષના સ્થાનકે જઇ તેની પૂજા અર્ચા કરી ચાર પ્રકારનો આહાર દારૂ માંસ સાથે ખાઈ ગદ્ધુઓ પરિપૂર્ણ કીધા એ પ્રમાણે ગર્ભને સુખે સુખે ધરી ખતાં નવ માસ પરિપૂર્ણ થયે પુત્રનો જન્મ થયો જન્મની સ્થિતિ (મહોત્સવ વિગેરે) કીધી પછી ઉંબરદત્ત યક્ષની પૂજાવડે એ પુત્ર ઉત્પન્ન થયો એમ માનીને તેનું ઉંબરદત્ત નામ પાડ્યું

ઉંબરદત્ત બાળક પાંચ ધાવે વધવા લાગ્યો ત્યાર પછી સાગરદત્ત સાર્થવાહ સમુદ્રમાંહી બુડવાથી મરણ પામ્યા તથા ગંગદત્તા પણ મરણ પામી એટલે રાજાએ ઉંબરદત્તને તેના ઘરમાંથી બહાર કાઢ્યો પછી અનુક્રમે તેના શરીરને વિષે સાથે ૮ ઉપર પ્રમાણે તમે નથી તેવા ઉપાય નહિ એવા સોળ રોગ પ્રગટ થયા.

આમ માની અથવા શાસ્ત્ર છે નહિ કે એમ હોય. આ ઉપરથી સમજવાનું છે કે યક્ષાદિ પુત્ર વગેરે આપી શકતા નથી, તે તો પૂર્વનાં સંચીત કર્મના પ્રતાપે મળે છે કે જેમ છે તેવી પ્રતિમાનો દેખાવ અને પૂજનની વાત હોય આગમમાં આવે છે પણ જીન મૂર્તિ કે જેને દેખાવ કે પૂજવું નામ નિશાન પણ મળતું નથી એ પરથી સમજી શકાશે કે જૈનોમાં મૂર્તિપૂજા એ વજન દલીલ નહિ

ને ાાામ ઉંજ્જન માગક ગર્દભિલના નાગરા કમ કરતે ફરી
ત્યાં કાળ ભાનત છે

શ્રીમાન કદ ન ભગવત ઉજ્જયિની નગરમાં ત્યાંથી કાળ
કરીને સ્વર્ગે ગયા । "

ભગવાન કના હતા ઉજ્જયિની નગરમાં મનાતર વજ્રનું
પાન કેનૂમ આયુષ્ય ભોગવીને કાળને અવસરે કાળ કરીને દેવલોકમાં
ગયા ત્યાર પછી નરકે નાગદત્ત રૂપ લઈ પડી મુસાફરની
પર મનાર નારી અમદા પછી લક્ષ્મીનાપુર નગરને વિષે ફકત પન
રૂપ લઈ ત્યાંથી દશાપુર નગરને વિષે ગોતના પુત્રને વિષે રૂપ ન
નાપ પામી સુખમ કાપ દેવતા થઈ મહાવિદેહ ક્ષેત્ર માંથી
(નહિ પામશે)

સાર

વચોના વધ થી મહાવીરનો આ ઉપદેશ પણ આમ વર્ષા મારે / કરાયલા દોષ એમ મ બતે છે. આમ ન ! અનાર્યની સોબતથી આ / અનાર્ય પની જની પ્રત્યક્ષ જોવામાં આવે છે કે લીપર આર્મિક એરલે માઝાનું તથા સપ અને આમીના દરદીને સપગા ધાકટો—રે વૈદો પણ આપવા લાગ્યા છે ર ધીરીડનો ઉપયોગ તો દી તાંને યાબનાં બાબ છે આ અપવિત્ર ચીજો કે જે પીર હિંસાને પરિણામે / બને છે તે મનુષ્યના શરીરમાં ત્યાંથી તેની બુદ્ધિને બ્રષ્ટ કરે છ તથા આ પાલિમક શક્તિ દરી ખીલવા દેતી નથી. આરલા માટે તો દનબા દમબા વિદ્યાયતના અનાર્ય દવેશના લાકોમાં દેરલાક આવ આ નામાકે એવી મ ગીઓ વાપી છ કે જેમાં માન વર સ્ત્રી દ ક રદામ્ના આમ્રાદારના આન કરે તેમને ઉતરા વનના એમ્બર ગણવામા આવ છ અને ત્યાર પછી ક્રમેક્રમે બીજા અને પરેલા વનમાં દ બલ કરવામાં આવ છ જ્યા સુધી શરીર અપવિત્ર ચીજથી બંધાય છ ત્યા સુધી બુદ્ધિ દરી પવિત્ર થઇ શકે નહિ એ સિદ્ધાન્ત વિદ્યાસ્તના લાકો બરાબર સમ ત્યા લાગ્યા ત્યારે આપણા આર બધુઓ દવા નિમિત્ત એ આહારનો સ્વાદ કરતાં શીખ્યા છે! અને આ લાગ્યા પછી મજબુતી કે મઝા ખાતર ખાવા લાગ્યા છ! તેવાઓએ ઉત્તમ જ્ઞાનનું દુખ સાજવાર કલ્પનાઓ ઉતારવા કૃપા કરવી



અધ્યયન ૮ મુ.

सोरियदत्त माछी

સોરિયપુર નગરમાં સોરિયદત્ત નામે [illegible] વસતા હતા. [illegible] એ નગરની બહાર સોરીવતંસ નામે ઉદ્યાનને [illegible] સોરિય નામે યક્ષ હતા.

[illegible] નગરમાં [illegible] માછી (મચ્છીમાર) ના [illegible] (મહોલ્લા) હતા. ત્યાં સમુદ્દત્ત નામે ધીવર (મચ્છીમાર) વસતા [illegible] સમુદ્દત્તા નામે [illegible] સોરિયદત્ત નામે [illegible] હતા.

[illegible] મહાવીર સ્વામી સમોસર્યા [illegible] તમને [illegible] ગૌતમ [illegible] સોરિયપુર નગરને [illegible] તમને [illegible]

ઓકે છે જે ઉધરસીમાં વારંવાર પરુ-વાળી અને કૃમિના કવળિયા નાખે છે આવો દેખાવ જોઈ ગૌતમ સ્વામી શ્રી મહાવીર સ્વા-પાસે આવી સવિનય પૂછવા લાગ્યા. હે ભગવન્ ! એ પુરૂષનો પાછલા ભવ શું હશે ?

ભગવાન ઉવાચઃ તે કાળ તે સમયને વિષે, આ જંબુદ્વિપના ભરતક્ષત્રને વિષે નંદીપુર નામે નગર હતું ત્યાં મિત્ર રાજા અને તેનો સિરિયો એવે નામે રસોઇઓ હતો તે મહા પાપી અને દુષ્ટ કૃત્ય કરવામાં આનંદ માનતો હતો. તેમ માછલાં પકડનાર ઘણા માછી અને વાઘરી તથા કસ્યાદિક ચાલાક અને તેતરાદિક પક્ષીને પકડનાર વ્યાધીને પગાર આપીને તથા ભોજન સારૂ નોકર રાખ્યા છે તેઓ નિત પ્રતિ દિન ઘણાં નાનાં મોટાં માછલી બેસ પાક તેતર મોર આદિ ઘણાં પક્ષીઓને છેદ રહિત કરીને આપી આવે અને ઘણા તેતર મોર આદિ પક્ષીઓને પાંજરામાં પૂરી રાખે છે વળી ઘણા લોક તેતર, મોર આદિ પક્ષીઓની પાંખો છેદના પેખી નાખીને તેને જીવતા આપે છે ત્યાર પછી એ સીરીઓ નામે રસોઇઓ ઘણા જળચર થળચર અને ખેચર (પક્ષી)-ના માંસના કાતરણીએ કરી સૂક્ષ્મ કટકા કરીને તેને તમે તળીને તથા બરફ આમલી આદિના ખાટે રસે તથા દાડમ કોઠ દાડમના રસે સરકારીને તથા માછલાના રસે કરી અગ્નિ તેલાદિકે સરકારીને પાકિ ટકા માંસ નીપજાવી તથા ઘણા માછલીઓના માંસનો રસ નીપજાવીને મિત્ર રાજાના ભોજન સમય ભોજન વેળાએ આપતો હતો. તેમજ વળી પણ તેણે જાતનું માંસ મદ્ય પીને તળીને સેકીને

મહાદિક સાથે આવો વિચારે છે આ વખતે આહાર ત્યાગ કરીને
તેત્રીસમા વરસનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળને સમયે કાળ
કરીને છઠ્ઠી નરકે ઉપન્યા. ત્યાંથી નીકળીને ઉપર કહેલા અમુ
લ્લ માજીમરની સમુદત્તા ભાર્યાની કુખે પુત્રપણે ઉપન્યા

સમુદત્તા ભાર્યા પુનર્જન્મ ઘણાથી તેને પુત્રપ્રાપ્તિ અવ
સરમાં આવવાની પર આરિતદામે જવાની પૂજા આપ્યા હોવાથી હતી
ત્યારે તેનું નામ આરિતદત્ત પાડ્યું તે બાળક પાંચ વર્ષનો થ
ગયો, અનુક્રમ બાલ્યાવસ્થા મૂકીને યુવાવસ્થા પામ્યા અને વિજ્ઞાનની
પ્રાપ્તિ થઇ ત્યાર પછી તેનો પિતા અમુદત્ત કાળ ધર્મને પામવાથી
પોતે સ્વતંત્ર થિર માય રોજી મ ુકાવ કીધું પછી પાતે માળી
ના મ ભાર ખેરાત આગેવાન થ વિગેરે ... તેણે પોતા
આજુબાજુના પત્થર આપીને તથા અન્ન પાણીના સારૂ નોકર રાખ્યા.
તથા દિન પ્રતિદિન એક કાષ્ટની દોરીમાં બેસીને મોટી નદીમાં પ
સીને પવન મધ્યે નગરાદિક વડે પા પ તથા ૩૯ મધ્ય ભમાને
પણ નકારે અા રજી યુક્તિઓ વડે તથા પણ નકાસની જાતે
અને ભ રહો વડે તમામ નગના નાના મોટા આઠમાં વર્ગને દોર
ભરી નદીના કાંઠે અખી તેથી ખજીના કરીને ત કે નગર તારકે
થયા તેના વધ તેના સબ કરી અગ્નિમાં હોડી શસ્ત્રોએ વનના

આવા વખતે મોરિદત્ત મ ... મધ્યના મહાદિક તરફ
મોટી પહાર કરના ગામ ... ના મધ્યે વજન્ય ... પુત્ર
રહો તેની ... ... પમના મનકાં ... નગરીને કહેવું

આમા "તમ મોટા મણને વિષે મોટે શબ્દે નિર્ધાર પાડી એમ કહ્યા કે—સૌરિયદત્ત માછીને મત્સ્યનો કાંટો ગળે ચાટ્યો છે તે જો કોઇ વૈદ્ય કે વૈદ્યનો પુત્ર કાઢશે તો તેને ઘણી લક્ષ્મી આપવામાં આવશે. એ પ્રમાણે ઢંઢેરો પીટાવ્યા તેથી ઘણા વૈદ્યો વગેરે તે સાબતીન કરિ કાસ્વાન આવ્યા અને ઉત્પાતિક બુદ્ધિ (અનુમાનથી અનુભવથી ધાતાની બુદ્ધિ) એ કરી ઉપચાર કર્યા તથા ઔષધ વગેર ઘણું પાર્યા પણ કોઇ કરિ કાઢવાને સમર્થ થયા નહિ. તેથી તમામ વૈદ્યો થાકીને પાછા ચાલ્યા ગયા. હે ગૌતમ ! ઉપર પ્રમાણે સૌરિયદત્ત માછી કાંટાની અસાધ્ય વેદના અને રૂધિર સહિત પુત્ર જન્મના ઘણા કાળનાં માઠાં કર્મનાં ફળ ભોગવતો થકો વિચરે છે.

ગૌતમ કહે "હે ભગવન્ ! એ સૌરિયદત્ત માછી ત્યાંથી કાળ કરીને ક્યાં જશે ?

ભગવાન કહે હે ગૌતમ ! તે માછી સત્તર વરસનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભાગવીને કાળને સમયે કાળ કરીને રત્નપ્રભા પહેલી નરકે ઉપજશે. પછી સંસાર માંહી મૃગાપુત્રની પેઠે ભમશે પછી હસ્તીનાપુર નગરને વિષે માછલાપણે ઉપજશે. ત્યાંથી મરી શેઠના કુળને વિષે ઉપજશે ત્યાં બોધ પામી સુધર્મ દેવલોકે દેવતા થઇને મહાવિદેહને વિષે સિદ્ધ થશે (મુક્તિ પામશે.)



સાર

હિંસાનું ફળ સમજાવનારા આ અધ્યયનનો સાર જણાય છે.



અધ્યયન ૯ મું

દેવદત્તા

તે કાળ ને સમયને વિષે રોહીડ નામે નગર હતું ત્યાં પૃથ્વીવતંસક નામે ઉદ્યાન ધરણ નામે યક્ષ વૈશ્રમણદત્ત રાજા શ્રીદેવી રાણી પુષ્યનંદી કુમાર નામે યુવરાજ અને દત્ત નામે ધનાઢ્ય ગાથાપતિ હતા. એ ગાથાપતિને કૃષ્ણશ્રી નામે ભાર્યા ને દત્ત ગાથાપતિની બેટી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામે અતિ રૂપવતી પુત્રી હતી. એ કાળમાં વર્ધમાન સ્વામી સમોસર્યા. પર્ષદા વાંદવા નીકળી. ગૌતમ સ્વામી નગરમાં ભિક્ષા અર્થે ગયા. ત્યાં એક સ્ત્રીને દીઠી. પછી ગૌતમ સ્વામી પાછા આવ્યા. પૂર્વભવની પૃચ્છા કરી ભગવાન બોલ્યા.

એમ નિશ્ચે હે ગૌતમ તે કાળ ને સમયને વિષે આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે સુપ્રતિષ્ઠ નામે નગર હતું. ત્યાં મહાસેન નામે રાજા હતો. તેને ધારિણી પ્રમુખ હજાર રાણીઓ અને

હતો તે મહાસેન રાજાનો પુત્ર અને ધારિણી રાણીનો અંગજાત સિંહસેન નામે કુમાર હતો તે અનુપમ રૂપવંત અને યુવરાજ હતો. તેને તેનાં માતાપિતાએ એકદા સમકાળે અતિ ઉંચા પાંચસો મહેલ શ્રીમરબધ કરાવી આપી એક દિવસ મોટા રાજાની શ્યામાદેવી પ્રમુખ પ કન્યાઓ પરણાવી અને પાંચસો કોડી સોનૈયા પાંચસો હાથી ઈત્યાદિ પાંચસો પાંચસો સર્વ વસ્તુઓ દીધી. પછી સિંહસેન કુમાર શ્યામાદેવી પ્રમુખ પાંચસો રાણીઓથી મહેલ ઉપર પાંચ પ્રકારે વિષય સુખ ભોગવે છે ત્યાર પછી એકદા સમયે તેનો પિતા મહાસેન રાજા મૃત્યુ પામ્યો તેનું મૃત્યુ કાર્ય કરી પોતે યુવરાજ હોવાથી ભૂમિપતિ થયો

હવે સિંહસેન રાજા પાંચસો રાણીઓ પૈકી એક શ્યામાદેવી રાણી ઉપર મૂર્છિત થયો હોવાથી તેનો સત્કાર કરે છે બીજી સર્વ રાણીને આદર નથી અનુમોદે નહિ વચનાદિક પણ સંતોષે નહિ તેથી બાકીની ચારસો નવાણું રાણીઓએ તથા તેઓની ધાવમાતાઓએ એવો વિચાર કીધો કે શ્યામાદેવીને વિષે પ્રયોગે અગ્નિને પ્રયોગે તથા શસ્ત્રને યોગે કરીને જીવિતથી રહિત કરવી એવો નિશ્ચય કરી મારવાનો લાગ અને અવસર જોતી થકી સર્વ રાણીઓ વિચરે છે એ વાત શ્યામાદેવીના જાણવામાં આવવાથી ભયભીત થઈ જ્યાં કોપઘર છે ત્યાં આવીને આર્તધ્યાન કરવા લાગી

સિંહસેન રાજા શ્યામાદેવીને કોપઘર વિષે પેઠી જાણી ત્યાં આવી તેને આશ્વાસના કરી એમ કહેવા લાગ્યો. તમે શા માટે આર્તધ્યાન ધ્યાવો છો ? શ્યામાદેવી કહે હે સ્વામિન્ ! મારી

ચારસો નવાણું શોક્યો તથા તેઓની માતાઓ તમે મારાથી મોહિત થયા છે એમ જાણી મને મારવા માટે છિદ્ર તેની થકી વિચારે છે માટે તેના ભયથી ડરીને આર્તધ્યાન ધ્યાઉં છું સિંહસેન બોલ્યો તમે આર્તધ્યાન કરશો નહિ તમારા શરીરને કંઈ ન થાય તેવો બંદોબસ્ત કરીશ." એવા મીઠા વચને તેને સંતોષીને ત્યાંથી નીકળીને કૌટુંબિક પુરુષોને તેડાવીને કહ્યું "તમે જાઓ સુપ્રતિષ્ઠ નગરની બહાર એક મોટી ઘણા થાંભલા સહિત જોવા યોગ્ય કૂટાગારશાળા કરાવો અને તે પ્રમાણે કરી મારી આજ્ઞા મને પાછી સોંપો" આજ્ઞાકારી પુરુષોએ ઠીક કહી વચન માન્યું તરત શ્રી સુપ્રતિષ્ઠ નગરની બહાર પશ્ચિમ દિશાને વિભાગે એક મોટી અને ઘણા થાંભલા સહિત જોવા લાયક કૂટાગારશાળા કરીને સિંહસેન રાજા પાસે આવીને આજ્ઞા પાછી સોંપી.

ત્યાર પછી એકદા પ્રસ્તાવે સિંહસેન રાજાએ પોતાની ચારસો નવાણું રાણીઓ અને તેની પાંચ માતાઓને આમંત્રીને ઉપર કહેલી કૂટાગાર શાળાએ તેડાવી આભૂષણ તથા અનેક પ્રકારનાં વસ્ત્ર પુષ્પ ગંધમાળા અલંકાર અને ચાર પ્રકારના અશનાદિક કૌટુંબિક પુરુષ પાસે ત્યાં મોકલાવ્યાં ત્યાં તેઓ યથાયોગ્ય મદ્ય અને ચાર પ્રકારનાં અશનાદિક ગાન સાથે ખાતી પીતી ગંધર્વ નાટક કરી આનંદ પ્રમોદે વર્તતી વિચરે છે આવા વખતના અવસરમાં સિંહસેન રાજાએ અર્ધરાત્રિને સમયે ઘણા માણસો સાથે આવીને કૂટાગારશાળાએ આવીને તેનાં તમામ દ્વાર (બારી-બારણાં) બંધ કરાવીને તેને ચારે તરફથી અગ્નિ લગાડી તેથી ચારસો નવાણું રાણીઓ તથા તેઓની

ચારસો નવાણું ધારણીનામાં અસત પીડાથી આઠ દ કરતી અંતે મૃત્યુ પામી.

સિંહસેન રાજા ઉપર પ્રમાદે કરી કરવાથી અનંત પાપ ઉપાર્જીને ચાલીસસો વરસનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળને સમયે કાળ કરીને છઠ્ઠી નરકે ઉત્કૃષ્ટી બાવીશ સાગરોપમની સ્થિતિએ ઉપન્યો. ત્યાંથી આંતરા રહિત નીકળીને ઉપર કહેલા રોહીડ નગરને વિષે દત્ત નામે સાર્થવાહની કૃષ્ણશ્રી ભાર્યાની કૂખે પુત્રીપણે ઉપન્યો. ત્યાર પછી કૃષ્ણશ્રીને નવમે માસે અસત રૂપવત પુત્રી જન્મી. તેનું સર્વ સ્નેહીને જમાડી દેવદત્તા એવું નામ પાડ્યું તે કન્યા પાંચ ધાવે કરી વધવા લાગી અનુક્રમે બાલ્યાવસ્થા મુકાઈ યુવાવસ્થા પામ થતાં રૂપ અને લાવણ્ય કરી અનિર્વચનીય થઈ.

દેવદત્તા કુમારિકા એકદા પ્રસ્તાવે સ્નાન કરી શણગાર પહેરી પછી દાસીઓ સાથે સોનાના તાર ખચેલી દડીએ રમતી હતી. તે અવસરે વૈશ્રમણદત્ત રાજા સ્નાન કરી શણગાર પહેરી વિભૂષિત થઈ ઘોડે બેઠો ઘણા પુરુષ સાથે પરીવર્યો થકો અશ્વને ક્રિયા કરાવવા જતો દત્ત સાર્થપતિના ઘર સમીપ આવ્યા ત્યાં દેવદત્તાને સોનાની દડીએ રમતી દેખી તેના રૂપ અને લાવણ્ય કરી વિસ્મય થયો. અને આદેશકારી પુરુષને તે કન્યાનું નામ પૂછ્યું તે પુરુષ કહેવા લાગ્યો "હે સ્વામિન્! તે દત્ત સાર્થવાહની બેટી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામે કુમારિકા છે." ત્યાર પછી વૈશ્રમણદત્ત રાજા અશ્વ ખેલાવીને ઘેર આવ્યો અને અભ્યંતર પુરુષને તેડાવીને કહેવા લાગ્યો "તમે જઈને દત્ત સાર્થવાહની પુત્રી કૃષ્ણશ્રીને આપણા પુષ્યનંદી યુવરાજ માટે ભાર્યાપણે માગો"

અભ્યંતર પુરૂષ રાજાનું વચન તહત કરી દત્ત સાર્થવાહના ઘેર જઈ દેવદત્તા પુત્રીને પુસનંદી યુવરાજને ભાર્યાપણે વરવા માગી. દત્ત સાર્થવાહે તે માગું ખુશીથી કબુલ કીધું અને તે વાત અભ્યંતર પુરૂષે વૈસમણદત્ત રાજાને આવી વિદિત કરી.

દત્ત સાર્થવાહે અન્યદા પ્રસ્તાવે શુભ મુહૂર્તે એવી દેવદત્તા પુત્રીને સ્નાન કરાવી કીમતી આભૂષણો પહેરાવી સહસ્ત્ર પુરૂષ ઉપાડે એવી શિબિકા (પાલખી) ઉપર બેસાડીને ઘણા મિત્ર તથા જ્ઞાતિજનને સાથે લઈને સર્વ પ્રકારના વાજીંત્ર વગડાવતા રોહિડ નામા નગરની મધ્ય મધ્ય થઈને જ્યાં વૈસમણદત્ત રાજાનું ઘર છે ત્યાં આવીને તેમને બે હાથ જોડીને દેવદત્તા કુમારિકા આપી. ત્યાર પછી વૈસમણદત્ત રાજાએ ઘણા હર્ષ સહિત ચાર પ્રકારના આહાર નીપજાવીને મિત્ર જ્ઞાતિ કુટુંબ સમસ્તને આમંત્રીને જમાડી પુસનંદી કુમાર અને દેવદત્તા કુમારિકાને સોના રૂપાના કળશ કરી સ્નાન કરાવી પાટે બેસાડી શ્વેત વસ્ત્ર ભૂષણ પહેરાવી મોટા ઠાઠ થકી સર્વ વાજીંત્ર વાગતે પાણિગ્રહણ કરાવ્યું. પછી પુસનંદી કુમાર દેવદત્તા કુમારિકા સાથે મનુષ્ય સંબંધી ઉદાર પાંચે પ્રકારના કામભોગ ભોગવતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી વૈસમણદત્ત રાજા અન્યદા પ્રસ્તાવે કાળધર્મ પામ્યા. તેની મૃત્યુ ક્રિયા કરી પુસનંદી ગાદીએ બેઠો. અને પોતાની માતા શ્રીદેવીનો ભક્ત થયો. દિન પ્રતિદિન શ્રીદેવીને પગે પડીને શતપાક સહસ્ત્રપાક તેલ શરીરે મર્દન કરાવી સુગંધમય પાણીએ સ્નાન કરાવી તેને ભોજન જમાડીને પછી પોતે સ્નાન કરી જમી મનુષ્ય સંબંધી પ્રધાન ભોગ ભોગવતો વિચરે છે. ત્યાર પછી એકદા પ્રસ્તાવ દેવદત્તા દેવીને રાત્રિના મધ્ય ભાગે કુટુંબજાગરિકા જાગતાં એવો અધ્યવસાય (વિચાર) ઉપન્યો કે પુસનંદી રાજા શ્રીદેવી માતાનો ભક્ત થયો છે

તથી શ્રીરંગીને ક્ષીનમ્ય રહિત કહું તો સુખ ઉપજે એમ વિચારી તેને મારવાનો લાગ એતી વિચર છે.

એકદા પ્રસ્તાવે શ્રીરંગીને સ્નાન કરી દારૂ પીને એકાંત રપ ગર્ભ સજ્યાને વિષે નિ [illegible] દેવદત્તા ત્યાં આવી અને પાસે કોઈ માણસ નહિ જોઈને એક લાકડાનો કકડો ખૂબ અગ્નિમાં તપાવી [illegible] ત્યાં કરી તેને સાણસાથી પકડીને શ્રીરંગીના મુખ માંહે મેલ્યો તેથી તે મોટે મોટે શબ્દ આરડીને મૃત્યુ પામી. તે આરડવાનો શબ્દ સાંભળીને તેની દાસી ત્યાં આવીને મુર્છા છતી દેવદત્તાને નાસતી દીઠી અને શ્રીરંગીને મૃત્યુ પામેલી જોઈ પછે રોઈ કરીને [illegible] પ્રમુખ રાજાને વિદિત કરી પોતાની માતાનું [illegible] રીતે મરણ સર્વ સાંભળી [illegible] પછી [illegible] એક મુહુર્ત અંતરે [illegible] પછી [illegible] મંત્રી [illegible] કરવા મંત્રીની અનુમતિ કરી પછી [illegible] દેવદત્તાને [illegible] ઉપર [illegible] મારવાની આજ્ઞા દીધી. [illegible] દેવદત્તા [illegible] ઘણા [illegible] ઉપર [illegible] મોટા [illegible] એમ જ છે

[illegible] કહે કે ભગવન્ દેવદત્તાએ [illegible] દેવદત્તા [illegible] [illegible]

અધ્યયન ૧૦ મું.

अञ्जु

તે કાળ, તે સમયને વિષે વર્દ્ધમાન નામે નગર હતું. ત્યાં વિજયવર્દ્ધમાન નામે ઉદ્યાન, માનભદ્ર યક્ષ અને વિજયમિત્ર નામે રાજા હતો. ત્યાં ધનદેવ નામે ધનાઢ્ય સાર્થવાહ હતો. તેને પ્રિયંગુ ભાર્યા નામે અને અંજૂ નામે અભિરામ રૂપવતી પુત્રી હતી. તે સમયને વિષે ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા-રાજા વાંદ્યા ધર્મકથા સાંભળી પાછી વળી. ત્યારપછી તેમના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ પૂર્વવત્ ગોચરીએ અટન કરતા વિજયમિત્ર રાજાના ઘરની અશોકવાડીની સમીપે આવ્યા. ત્યાં એક સ્ત્રી બાદીમાંસના ક્ષય થકી દુર્બળ કકડીભૂત થયેલી ભુખાએ વ્યાપેલી હાડ ચામડી ચોંટી ગયેલી જીર્ણ વસ્ત્ર અને મેલી સાડી પહેરેલી કષ્ટકારી દશામાં અને નબળાં વચનને ઉચ્ચાર કરતી. એવી સ્ત્રીને દેખીને શ્રી ગૌતમે શ્રી ભગવાન પાસે આ રીતે પૂર્વવત્ તેનો પાછલો ભવ પૂછ્યો.

ભગવાન બોલ્યા: તે કાળ તે સમયને વિષે આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે ઈંદ્રપુર નામે નગર હતું, ત્યાં ઇંદ્રદત્ત રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં પૃથ્વીશ્રી નામે ગણિકા રહેતી હતી. તે

તથા શ્રીદેવીને જીવીતવ્ય રહિત કરૂં તો સુખ ઉપજે " એમ વિચારી તેને મારવાનો લાગ જોતી વિચરે છે

એકદા પ્રસ્તાવે શ્રીદેવીને સ્નાન કરી દારૂ પીને એકાંત સ્થળમાં શય્યાને વિષે નિદ્રાવશ પડેલી દેખી દેવદત્તા ત્યાં આવી અને પાસે કોઇ માણસને નહિ જોવાથી એક લોઢાનો દંડ ખૂબ અગ્નિમાં તપાવી કસુંબાના ફુલ જેવો કરી તેને સાણસાથી પકડીને શ્રીદેવીના ગુહ્યસ્થાનમાં પ્રક્ષેપ્યો તેથી તે મોટે મોટે શબ્દે આરડીને મૃત્યુ પામી તેનો આરડ શબ્દ સાંભળીને તેની દાસી ત્યાં આવીને જુએ છે તો દેવદત્તાને નાસતી દીઠી અને શ્રીદેવીને મૃત્યુ પામેલી જોઇ ઘણો શોક કરી તે હકીકત પૂસનંદી રાજાને વિદિત કરી. પોતાની માતાનું એ રીતે મરણ થયેલું સાંભળી પૂસનંદી ઘણો શોકાતુર થઇ કોપેલી અપાર રક્તની ઝાળની પેઠે ભોંયપર ઢળી પડ્યો પછી એક મુહૂર્ત આંતરે સ્વસ્થ થઇ ઘણાં મનુષ્યો સાથે આક્રંદ કરતા શ્રીદેવી માતાની મૃત્યુક્રિયા કરી. પછી ઘણો ક્રોધાયમાન થઇ દેવદત્તાને અન્ય પુરૂષ પાસે પકડાવીને ઉપર જણાવ્યું બાંધી મારવાની આજ્ઞા દીધી. હે ગૌતમ ! દેવદત્તા દેવી પૂર્વભવમાં ઘણા કાળની નઠારાં કર્મ કરવાથી ઉપર જણાવ્યું તેનાં માઠાં ફળ ભોગવે છે

ગૌતમ કહે હે ભગવન્ ! દેવદત્તા ત્યાંથી કાળ કરીને ક્યાં જશે ?
ભગવાન બોલ્યા દેવદત્તા એંશી વરસનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળને સમયે કાળ કરીને રત્નપ્રભા પૃથ્વી એટલે પહેલી નરકે જશે ત્યાંથી નીકળી વનસ્પતી વાઉ તેઉમાં ઉપજશે. ત્યાં ગડીઆસ્થી આંખી મરાવાને લીધે મરી એજ નગરમાં શેઠના કુળને વિષે ઉપજી બોધ પામી સંયમ લઇ દેવતા થઇ મહાવિદેહ ક્ષેત્રે મુક્તિ પામશે.

માં ઉપજશે. ત્યાંથી આંતરા રહિત નીકળીને સર્વતોભદ્ર નગરના મોર થશે. ત્યાં ચીડીમારથી હણાઈ તેજ નગરમાં શેઠના ઘેર પુત્રપણે ઉપજશે. અહીં સાધુ સમીપે ધર્મ પામી દિક્ષા લેઈ સુધર્મ કલ્પે દેવતા થઈ મહાવિદેહક્ષેત્રને વિષે (મૃગાપુત્રની માફક) મુક્તિ પામશે.

સાર

"ભોગ રોગ સમ" એવું ભર્તૃહરીનું વાક્ય એવડા સત્યવાળું છે એમ આ પરથી સાબિત થાય છે. પૃથ્વીશ્રી અથવા પુરુષશ્રી નામની ગણિકા વિષયભોગમાં રાચી રહેતી અને એમાંજ સર્વ સુખનો સાગર માનતી. તેના ફલ તરીકે એજ સુખ [illegible] એને મહા દુઃખનું કારણ થઈ પડ્યું. "જેવી જાતનું પાપ તેવીજ જાતનું ફળ" એ કહેવાની ખુબી છે. 'જેવું વૃક્ષ તેવા ફળ' એમ આપણે હમેશ બોલીએ છીએ પણ કોણ જાણે શાએ કારણથી પાપાચરણ કરતી વખતે જે જાતના સુખ ખાતર તે પાપાચરણ કરીએ છીએ તેજ જાતના દુઃખ ફળ તરીકે અવશ્ય ભોગવવાના છે એવું તો આપણને સ્વપ્ને પણ થતું નથી.

ઘણા તલવર પ્રધાન શેઠ સેનાપતિ પુરોહિત પ્રમુખને મૂર્છિતના વશ્ય કરીને તેનાથી મનુષ્ય સંબંધી પ્રધાન ભોગ ભોગવતી હતી. એવા પાપ કર્મ કરીને પાંત્રીસસો વર્ષનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળને અવસરે કાળ કરીને છઠ્ઠી નરકને વિષે બાવીશ સાગરોપમની સ્થિતિએ નારકીપણે ઉપની. ત્યાંથી નીકળીને ઉપરના વર્ધમાનપુર નગરને વિષે ધનદેવ સાર્થવાહની પ્રિયંગુ નામે ભાર્યાની કુખને વિષે પુત્રીપણે ઉપની. નવમે માસે તેનો જન્મ થયા પછી તેનું અંજૂ એવું નામ પાડ્યું. (શેષ સર્વ દેવદત્તાની પેરે જાણવું)

એકદા નગરના વિજય રાજાએ અંજૂ પરણવા જોતાં જેમ વૈશ્રમણદત્ત રાજાએ દેવદત્તા દીઠી તેમ તેણે અંજૂ કન્યા દીઠી તેનાથી પોતે પાણિગ્રહણ કીધું અને તેનાથી ભોગ ભોગવવા લાગ્યો એકદા અંજૂને શરીરને વિષે યોનિ રોગ પ્રસર થયા. ઘણા પ્રકારે ઔષધ વગેરે કીધાં પણ તે રોગ મટ્યા ના કોઈ પ્રકાર પણ નહિ તથા અંજૂ દેવી સૂકા રાજની લાકડાની પેઠે સુકાઈ ગઈ દુર્બળ થતી દયામણાં વચન બોલતી વિલાપ કરતી ફરે છે. હે ગૌતમ ! અંજૂ દેવી પૂર્વ ભવનાં ઘણા કાળનાં નઠારાં કર્મ કરવાથી ઉપર પ્રમાણે તેના માઠાં ફળ ભોગવે છે.

ગૌતમ ૮૯ હે ભગવન્ અંજૂદેવી ત્યાંથી કાળ કરીને ક્યાં જશે?" શ્રી સ્વામી ઉવાચ. હે ગૌતમ ! અંજૂદેવી ૯૦ વર્ષનું પરમ ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને કાળ કરીને પહેલી નરકે ઉપજશે પછી

માં ૭૫ લો. ત્યાંથી આંતરા રહિત નીકળીને સર્વતોભદ્ર નગરમાં મેર થશે ત્યાં ચોરીમાસથી દગ્ધાઈ તેજ નગરમાં શેઠના ઘેર પુત્રપણે ઉપજશે. અહીં સાધુ સમીપે ધર્મ પામી દીક્ષા લેઈ સુધર્મ કલ્પે દેવતા થઈ મહાવિદેહક્ષેત્રને વિષે (મૃગાપુત્રની માફક) મુક્તિ પામશે.

સાર

“માગ તેગ મય ” એવું ભગવતીનું વાક્ય એવકા સત્યવાળુ છે એમ આ પરથી નક્કી સાબીત થાય છે પૃથ્વીશ્રી અથવા પુરૂષી શ્રી નામની મણિકા વિષયભોગમાં રાચી રહેતી અને એમાંજ સર્વ સુખનો આગર માનતી તો તેના ફળ તરીકે એ દુઃખની ખાણ એને મહા દુઃખનું કારણ થઈ પડી “જેવી જાતનું પાપ તેવીજ જાતનું ફળ” એ જોવાની ખુબી છે ‘ જેવું વૃક્ષ તેવા ફળ ’ એમ આપણે હમેશ બોલીએ છીએ પણ કોણ જાણે શાએ કમનસીબથી પાપાચરણ કરતી વખતે જે જાતના સુખ ખાતર તે પાપાચરણ કરીએ છીએ તેજ જાતના દુઃખ ફળ તરીકે અવશ્ય ભોગવવાનાં છે એવું તો આપને સ્વપ્ન પણ થતું નથી.

શ્રી

વિપાક સૂત્ર.

દ્વિતીય સ્કંધ સુખવિપાક,

જેમા

સુખ આપનારાં કર્મોનો અધિકાર

૧૦ અધ્યયનથી સમજાવવામા આવ્યો છે.

અધ્યયન ૧ લું–સુબાહુ	અધ્યયન ૬ ઠું–ધનપતિ
" ૨ જું–ભદ્રનંદી	૭ મું–મહાબલ
૩ જું–સુજાત	૮ મું–ભદ્રનંદી
૪ થું–સુવાસવ	૯ મું–મહચંદ
" ૫ મું–જિનદાસ	૧૦ મું–વરદત્ત

પ્રવેશિકા



તે કાળ તે સમયને વિષે રાજગૃહ નગરે ગુણશીલ નામે ઉદ્યાને શ્રી સુધર્મ સ્વામી સમોસર્યા. તેમને જંબુસ્વામી સેવા–ભક્તિ–વિનય કરી પૂછવા લાગ્યા. હે પૂજ્ય! શ્રમણ ભગવાન મહાવીર જેઓ મુક્તિ પામ્યા તેઓએ શ્રી વિપાક સૂત્રના 'દુઃખ વિપાક' નામના પહેલા સ્કંધના પ્રરૂપેલા અર્થ આપે મને કહ્યા. હવે 'સુખ વિપાક' નામના બીજા સ્કંધના અર્થ મને કૃપા કરીને કહો.

આર્ય સુધર્મ સ્વામી તે અરજ સ્વીકારીને નીચે પ્રમાણે ફરમાવતા હવા.

અધ્યયન પહેલુ

सुवाहुकुमार



તે કાળ તે સમયને વિષે હસ્તિશીર્ષ નામે નગર હતું. તેની બહાર ઈશાન કોણમાં પુષ્પકરંડક નામે ઉદ્યાન કૃતમાલ વન અને પ્રિય નામે યક્ષનું યક્ષાયતન હતું. તે નગરને વિષે અદીનશત્રુ રાજા હતો. તેને ધારિણી દેવી પ્રમુખ ૮ હજાર સ્ત્રીઓનું અંતઃપુર હતું. એકદા ધારિણી પટરાણીએ અર્ધરાત્રિને વિષે સ્વપ્નમાં સિંહ દીઠો. નવ માસ પૂરા થયે પુત્રનો જન્મ થયો. તેનો મેઘ કુમારની પેઠે જન્મ મહોત્સવ કરી તેનું સુબાહુકુમાર નામ પાડ્યું. યુવાવસ્થાએ તેને પુષ્પચૂલા પ્રમુખ પાંચસો રાજકન્યાઓ પરણાવી પાંચસો સુવર્ણદાન દીધા અને પાંચસો મહેલ રહેવા આપ્યા. તેમાં તે સુબાહુ કુમાર પંચ વિષય સુખ ભોગવવા લાગ્યો.

તે કાળ તે સમયને વિષે ભગવાન મહાવીર સ્વામી પુષ્પકરંડક ઉદ્યાને પધાર્યા. તેમને વંદવા તથા રાજા કૂણીકની પેઠે વાંદી પાછો વળ્યો. સુબાહુ કુમાર પણ જમાલિની પેઠે રથે બેસી વાંદવા

યક્ષાયતન એ સંસ્કૃત શબ્દ છે. યક્ષનું આયતન એટલે ઘર. આયતન દેવળ. અહીં લેવાનું એ છે કે યક્ષના દેવળના નામ દેવનું તેમજ બાગ છે પણ એ દેવનું નામ કોઈ જગ્યાએ આવતું નથી.

નીકળ્યો તે ધર્મ સાંભળી સાચો જાણી શ્રી મહાવીર સમીપ પાંચ અનુવ્રત અને સાત શિક્ષાવ્રત એ બાર પ્રકારે ગૃહસ્થનો ધર્મ અંગીકાર કરી પાછો વળ્યો ત્યાર પછી શ્રી ગૌતમ સ્વામી સુબાહુ કુમારનું રૂપ દેખીને આશ્ચર્ય પામી શ્રી મહાવીર દેવને પૂછવા લાગ્યા કે પૂજ્ય ! સુબાહુકુમાર અનંત રૂપ ઋદ્ધિ અને સુખ શા પુન્યવડે પામ્યા છે ?

ભગવાન કહે તે કાળ તે સમયને વિષે જંબુદ્વિપના ભરતક્ષેત્રને વિષે હસ્તિનાગપુર નામે ઋદ્ધિવંત નગર હતું ત્યાં સુમુખ નામે ગાથાપતિ વસતો હતો તે નગરના સહસ્ત્રવન ઉદ્યાને ધર્મઘોષ નામે સ્થીવર પધાર્યા સાધુ સાથે વિચરતા હતા. તેમના વડા શિષ્ય સુદત્ત નામે અણગાર તે નિરંતર પ્રતિ માસક્ષમણ તપ કરી વિચરતા હતા તે એકદા માસક્ષમણના પારણે ગૌતમ સ્વામીની પેઠે ગુરૂની આજ્ઞા માગીને હસ્તિનાપુર નગરને વિષે અટણ કરતા ઉપર કહેલા સુમુખ નામે ગાથાપતિના ઘરને વિષે આવ્યા તેમને આવતા દેખીને સુમુખ ગાથાપતિએ હર્ષ સંતોષ પામી પોતાના આસનથી ઉઠીને સાત આઠ પગલાં સામા જઈને વાંદી નમસ્કાર કરીને ચાર પ્રકારનો નિર્દોષ આહાર વિહરવા મુકે અને ભાવના તેથી સાડાબાર ક્રોડી સોનૈયાની પાંચ પ્રકારના દ્રવ્યની અને વસ્ત્રની વૃષ્ટિ થઈ તથા આકાશે રહીને દેવતાએ દુંદુભી વગાડીને મોટું દાન દીધું, જેથી ઘણા લોકો કહેવા લાગ્યા કે સુમુખ ગાથાપતિને ધન્ય છે કે જેણે સાધુને દાન દીધું તેથી ધનની વૃષ્ટિ થઈ સુમુખ ગાથાપતિ ઘણાં વર્ષનું આયુષ્ય ભોગવીને કાળને સમયે કાળ કરીને ઉપર કહેલા હસ્તિનાગપુર નગરને વિષે અદીનશત્રુ રાજાની ધારિણી દેવીની કુખે પુત્રપણે ઉપન્યો. (જેનું સુબાહુ કુમાર નામ પાડવામાં આવ્યું.) એ ઉપર પ્રમાણે જાણવું

હવે સુબાહુ કુમાર શ્રાવક થયા પછી નવતત્ત્વના જાણ થઇ સાધુ-સાધ્વીને નિર્દોષ આહારાદિક પ્રતિલાભતા થકા વિચરે છે અને આઠમ ચૌદસ પુનમ અને અમાવાસ્યાના દિવસે પોષધશાળાને વિષે જઇ પુંજી વડીનીતિ-લઘુનીતિની ભુમિકા પડિલેહીને અઠમનો સથારો પાથરીને બેસીને અઠ્ઠમભક્ત તપ કરીને પોષધ વ્રત કરતા વિચરે છે. એકદા મધ્ય રાત્રિને સમયે ધર્મ જાગરિકા જાગતા તેમને એવો વિચાર ઉપન્યો કે જ્યાં ભગવાન મહાવીર વિચરે છે તે ગામ નગર પુર પટ્ટનને ધન્ય છે. તેમની પાસે દિક્ષા લેનારને ધન્ય છે. શ્રાવકપણું અંગીકાર કરનારને ધન્ય છે અને તેમનો ધર્મ શ્રવણ સાંભળનારને ધન્ય છે. જો તેઓ અત્રે પધારે તો હું તેમની પાસે દિક્ષા લઉં.

ઉપર પ્રમાણે સુબાહુ કુમારનો વિચાર જાણીને ભગવાન મહાવીર ગ્રામાનુગ્રામ વિચરતા ઉપરના હસ્તિશીર્ષ નગરે પુષ્પકરંડ ઉદ્યાનને વિષે પધાર્યા. પરષદ નગર તથા રાજા આદી વાંદવા ગયા. સુબાહુ કુમાર પણ મોટા આડંબરે વાંદી પાછા વળ્યા. પછી મેઘકુમારની પેઠે માત પિતાને પુછીને શ્રી મહાવીર સ્વામી પાસે દિક્ષા અંગીકાર કરી. પાંચ સમિતિએ સમિતા થયા. પછી અગીઆર અંગ ભણીને ઘણા છઠ્ઠ અઠ્ઠમાદિક તપે કરી પોતાના આત્માને ભાવતા થકા ઘણા સામાન્ય પર્યાય પાળીને એક માસની સંલેખણા કરી સાઠ ભક્તનો અણસણ છેદી પોતાના દોષ નાશ કરીને નિઃશલ્ય થઇ પડિ-
* ક્કમીને આત્મ સમાધિ પામી કાળને અવસરે કાળ કરીને સુધર્મ દેવલોકે દેવપણે ઉપના. ત્યાંથી આગળ રહિત દેવતાનું આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યપણું પામી સાધુ પણ પાળી ચારિત્ર પાળીને આગોતી

* ' શ્રાવક ' શિવે (પદ ભા) [illegible]

પડિક્કમીને સમાધિ પામી અનુક્રમે કાળ કરીને સનતકુમાર દેવલોકે દેવતાપણે ઉપજશે. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પામીને ચારિત્ર એક પાળીને બ્રહ્મ દેવલોકે દેવતા થઇ વળી મનુષ્યભવ પામી મહાશુક્ર દેવલોકે દેવતા થઇ મનુષ્ય ભવ પામીને આરણ્ય દેવલોકે દેવતા થઇ મનુષ્ય ભવ પામી સર્વાર્થસિદ્ધે દેવતા થશે. ત્યાંથી ચ્યવી જરા રહિત નીરોગીને મહાવિદેહ ક્ષેત્રે મોટા વ્યવહારીઆના કુળને વિષે સિઝશે.

સાર

પવિત્ર મુનિને દાન દેવાનું ફળ એ મળ્યું કે બીજા જ ભવે ઉત્તમ કુળ સુંદર શરીર અને ધર્મશ્રવણનો પ્રસંગ મળ્યો. આ રીતે મુક્તિનું પગથીયું પ્રાપ્ત કરાવનાર તે સુપાત્રદાન જ હતું.

દુઃખ તીવ્ર કર્મ અવશ્ય ફળીભૂત થાય છે તે નિયમાનુસાર સુબાહુને જે ભગવાનની ઇચ્છા થઇ હતી તે પણ ફળીભૂત થવાનો સમય ન આવ્યો. ભગવાને તેની તે ઇચ્છા જ્ઞાનથી જાણીને તે તરફ વિહાર કર્યો. એમ જ દરેક શુભ ઇચ્છા જ્યારે ખરેખર અંતઃકરણથી હોય છે ત્યારે તેને ફળીભૂત થવાના પ્રસંગ અને સમય વહેલા મોડા જરૂર મળી જ રહે છે.

ધર્મશ્રવણ કરવાનો લાભ એ છે કે તેથી ધર્મક્રિયાની ઇચ્છા થાય છે. નામ ધર્મ-ધર્મ એમ પોકાર કરવાથી કાંઇ વળતું નથી. ક્રિયા સાથે પણ સુબાહુ મુનિ સમાધિમાં ન પડતાં તપ અને ચારિત્ર પાળતા રહ્યા તેથી દેવતાપણું અને મનુષ્યપણું પામતા અંતે મુક્તિના અધિકારી બન્યા.

અધ્યયન ૨ જુ—ભદ્રનંદી



ઉષભપુર નગર, થુભકરંડ ઉદ્યાન, ધન્ના યક્ષ, ધનાવહ રાજા, સરસ્વતી પટરાણી, ભદ્રનંદી કુમાર, શ્રીદેવી પ્રમુખ ૫૦૦ કન્યાઓ પરણાવી. ભગવાન પધાર્યા, તેમની પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

પૂર્વભવ આ પ્રમાણે—મહાવિદેહ ક્ષેત્ર ... પુંડરિકણી નગરી, વિજય કુમાર ... જુગબાહુ તીર્થંકરને પ્રતિલાભ્યા, તેથી મનુષ્યનું આયુ બાંધી અહીં ઉત્પન્ન થયો. સુબાહુ કુમારની પેઠે ... મહાવિદેહ ક્ષેત્રમાં મુક્તિ જશે.

અધ્યયન ૩ જુ—સુજાત કુમાર



વીરપુર નગર, મનોરમ ઉદ્યાન, વીરકૃષ્ણમિત્ર રાજા, શ્રી દેવી રાણી, સુજાત કુમાર, બળશ્રી પ્રમુખ ૫૦૦ કન્યાઓ પરણાવી. પૂર્વભવ—ઇક્ષુકાર નગર, ઋષભદત્ત ગાથાપતિ, પુષ્પદંત અણગારને પ્રતિલાભ્યા. મનુષ્યનું આયુ બાંધી અહીં ... મહાવિદેહે મોક્ષ.

અધ્યયન ૪ થુ—સુવાસવ કુમાર



વિજયપુર નગર, નંદનવન ઉદ્યાન, ... વાસવદત્ત

રાજા કૃષ્ણાદેવી, સુવાસવ કુમારને ભદ્રા પ્રમુખ પાંચસો કન્યાઓ પરણાવી યાવત્ પૂર્વભવે કૌશંબી નગરી ધનપાળ રાજા વૈશ્રમણ ભદ્ર અણગારને પ્રતિલાભ્યો અહીં યાવત્ મુક્તિ સિદ્ધ થયા.

અધ્યયન ૫ મું—જિનદાસ



સૌગંધિકા નગરી નીલાશોક ઉદ્યાન, સુકાલ યક્ષ, અપ્રતિહત રાજા સુકૃષ્ણા દેવી મહચંદ કુમાર, તેને અરહદત્તા સ્ત્રી જિનદાસ પુત્ર તીર્થંકર સમોસર્યા જિનદાસના પૂર્વ ભવ કહ્યો આ પ્રમાણે—મધ્યમિકા નગરી મેઘરથ રાજા સુધર્મ અણગારને પ્રતિલાભ્યા યાવત્ મુક્તિ ગયા

અધ્યયન ૬ ઠું—ધનપતિ યુવરાજ



કનકપુર નગર, શ્વેતાશોક ઉદ્યાન, વીરભદ્ર યક્ષ, પ્રિયચંદ રાજા સુભદ્રાદેવી વૈશ્રમણ કુમાર યુવરાજ શ્રીદેવી પ્રમુખ પાંચસો કન્યાઓ પરણાવી તીર્થંકર સમોસર્યા ધનપતિ યુવરાજ પુત્રનો પૂર્વ ભવ પૂછ્યો મણિચયા નગરી, મિત્ર રાજા સંભૂતિવિજય અણગારને પ્રતિલાભ્યા યાવત્ મુક્તિ ગયા.

અધ્યયન ૭ મુ-મહાબળ કુમાર

મહાપુર નગર રક્તાશોક ઉદ્યાન, રક્તપાદ યક્ષ બળ રાજા સુભદ્રાદેવી મહાબળ કુમાર, રક્તવતી પ્રમુખ પાંચસો કન્યાઓ પરણ્યો પૂર્વભવે મણિપુર નગર નાગદત્ત ગાથાપતિ, ઇંદ્રપુર અણગારને પ્રતિલાભ્યા યાવત્ મોક્ષમાં ગયા

અધ્યયન ૮ મુ-ભદ્રનંદી કુમાર

સુઘોષ નગર દેવરમણ ઉદ્યાન વીરસેન યક્ષ અર્જુન રાજા તત્ત્વવતી રાણી ભદ્રનંદી કુમારને શ્રીદેવી પ્રમુખ પાંચસો કન્યાઓ પરણ્યો પૂર્વભવે મહાઘોષ નગર, ધર્મઘોષ ગાથાપતિ ધર્મસિંહ અણગારને પ્રતિલાભ્યો યાવત્ સિદ્ધપદ પામ્યા

અધ્યયન ૯ મુ-મહચંદ્ર કુમાર

ચંપા નગરી પૂર્ણભદ્ર ઉદ્યાન પૂર્ણભદ્ર યક્ષ દત્ત રાજા રક્તવતી દેવી મહચંદ્ર કુમાર યુવરાજ શ્રીકાંતા પ્રમુખ પાંચસો કન્યા પરણ્યા. પૂર્વની પેરે તિગિચ્છી નગરી જિતશત્રુ રાજા ધર્મવીર્ય અણગારને પ્રતિલાભ્યો યાવત્ સિદ્ધ થયા.

અધ્યયન ૧૦ મું-વરદત્તકુમાર

સાકેય નગર, ઉત્તરકુરૂ ઉદ્યાન પાસામિયો યક્ષ મિત્રનંદી રાજા શ્રીકાંતારાણી વરદત્ત કુમાર વીરસેના પ્રમુખ પાંચસો કન્યા પરણ્યા. તીર્થંકર સમોસર્યા શ્રાવકનો ધર્મ આદર્યો પૂર્વભવે શતદ્દ્વાર નગર, વિમલ વાહન રાજા તેણે ધર્મરૂચિ અણગારને પ્રતિલાભ્યો. મનુષ્યનું આયુષ્ય બાંધી અહીં ઉપન્યા. શેષ સર્વ સુબાહુની પેરે પોસાને વિષે ચિંતવ્યું પૂર્વવત્ દિક્ષા લીધી. દેવલોકે મરતે પહેલે દેવલોકે ૩-૫-૭-૯-૧૧ દેવલોકે યાવત્ સર્વાર્થ સિદ્ધે દેવતા થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્ર પૂર્વની પેરે સિઝશે

વિપાકસૂત્રના બન્ને સ્કંધ સમાપ્ત

શ્રી

ઉપાસક દશાંગ સૂત્ર.

(જૈન શાસ્ત્રનુ ૭ મુ અંગ)

જેમા,

ધર્મની ઉપાસના કરનારા દશ શ્રાવકોનો
ઇતિહાસ આપવામા આવ્યો છે.


---

૧ આનંદ	૬ કુંડકોલિયા
૨ કામદેવ.	૭ સદ્દાલપુત્ર
૩ ચુલણીપિતા.	૮ મહાશતક.
૪ સુરાદેવ.	૯ નંદીનીપિતા.
૫ ચુલશતક	૧૦ સાલિહીપિતા

(આ ૧૦ ચરિત્રો શ્રાવક નું કર્તવ્ય સમજાવે છે અને
દયા અથવા શ્રદ્ધા શીખવે છે)

"ज्यां धर्म छे त्यां सघळु छे"

પ્રવેશિકા.




તે કાળે, તે સમયને વિષે (એટલે અવસર્પિણીના ચોથા આરાને વિષે) ચંપા નામે નગરી હતી (તેનું વર્ણન ઉવવાઇ સૂત્રથી જાણવું) તે નગરીની બહાર ઇશાન ખુણમાં નંદનવન સમાન ઉદ્યાન હતું જેમાં પૂર્ણ ભદ્ર નામે યક્ષનું દેરૂં હતું આ ઉદ્યાનમાં શ્રી મહાવીર પ્રભુના શિષ્ય આર્ય સુધર્મ સ્વામી પધાર્યા તેમને વંદન નમસ્કાર કરી (તેમના શિષ્ય) શ્રી જંબુ સ્વામી કહેતા હવા " હે પૂજ્ય ! શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી કે જે મોક્ષને પામ્યા છે તેઓશ્રીએ સાતમું અંગ જે ઉપાસક દશાંગ છે તેના અર્થ કેવી રીતે પરુપ્યા છે તે કૃપા કરીને ફરમાવશો ? "

આર્ય સુધર્મ સ્વામી તે અરજ સ્વીકારીને શ્રી ઉપાસક દશાંગ સૂત્રનાં દશ અંગ આ પ્રમાણે ફરમાવતા હવા

અધ્યયન ૧ લું

आनंद गाथापति



ણિજ્યગ્રામ નામે નગર, કે જ્યાં જિતશત્રુ નામે રાજા રાજ કરતો હતો ત્યાં એક ઘણો ધનાઢ્ય આનંદ નામે ગાથાપતિ (ગૃહસ્થ) વસતો હતો તે એટલો સમૃદ્ધિવાન હતો કે ચાર ક્રોડી સુવર્ણ જમીનમાં દાટી રાખતો, ચાર ક્રોડી સુવર્ણથી વ્યાપાર કરતો અને ચાર ક્રોડી સુવર્ણ ઘરવખરામાં રોકી રાખતો.

તેને ત્યાં ૧   ગાયોનું એક ગોકુળ એવાં ૪ ગોકુળ હતાં*

(આટલો શ્રીમંત અને ઉપરધ્યપ્રતિપાલ હોવા ઉપરાંત) આનંદ ગાથાપતિ (એવો શાણો હતો કે) રાજપુરૂષો સાર્થવાહો કુટુંબીઓ ઘરનાં માણસો વગેરે તેની સલાહ સુખ બાબતમાં તેમજ વ્યવહારની બાબતમાં પણ પૂછતા. વળી તે કુટુંબને શિરે સ્થંભ સમાન હતો.

---

*ગૃહસ્થની લાયકી કેવી હોય તે આ પાણી લેવાનું છે કે પૈસા પાત્ર હોય એટલુંજ નહિ પણ ગાયોનો પ્રતિપાલ હોય વળી પરોપકાર અને સાધુ કોઈ સ્થાને પશુપાલના કેમણું તરીકે મનાતો હોય. અને કુટુંબીઓમાં કોઈ દુખ્યા પાત્ર હોય તો તેને આનન્દ પર્દે મદદ કરીને નિભાવે; માત્ર

આનંદની પત્ની શીવાનંદા પણ અતિ રૂપવતી અને ૩૨ લક્ષણ તથા ૬૪ કળામાં નવીણ હતી. સ્ત્રી-પુરુષ એક બીજાને પણ પ્રેમથી ચ્હાતા હતા.

વાણિજ્યગ્રામની બહાર ઈશાન કોણમાં દુતિપલાસ નામે ઉદ્યાન હતું અને કોલ્લાગ નામે સન્નિવેશ હતો. જ્યાં આનંદના ઘણા મિત્રો સ્વજનો સંબંધીઓ વ્યાપારીઓ પરિજનો અને દાસો વસતા હતા તે લોકો પણ ઋદ્ધિવંત હતા. ૧

એકદા શ્રમણ ભગવાન શ્રી મહાવીર દુતિપલાસ ઉદ્યાનમાં પધાર્યા. ઉવવાઈ સૂત્રમાં જેવી રીતે કુણિક રાજા વાંદવા નીકળ્યો તેવી રીતે આ વખતે જીતશત્રુ રાજા વાંદવા નીકળ્યો. એ વાત આનંદ ગાથાપતિના જાણવામાં આવતાં તેને વિચાર્યું કે ભગવાનને વાંદવાનું મહા ફળ છે માટે હું પણ જાઉં એવો સંકલ્પ કરતાં સ્નાન કરી શુદ્ધ થઈને ભાર/મૂલ્ય એવા ઉત્તમ વસ્ત્રાભૂષણ પહેરીને પોતાના ઘેરથી નીકળીને કોરંટ નામે વૃક્ષના ફૂલની

પોતાનું પેટ ભરીને બેસે ને કાંઈ સદુપયોગ કરે એમ નહિ. ફક્ત બીજાઓને પણ કામ લોકોને મુસાફરી આપે - કે અનેક ખાન પાન આદિ જાનવરોને પણ પાળે પોષે (આગલા વખતમાં દરેક સાહુકાર ગોકુલ રાખતા અર્થાત્ જનાવરો રાખતા, તેથી રસ કસ એ વખતમાં ઘણો હતો. આજે રસ-કસનું મુખ્ય સાધન જાનવર છે. તેની હિંસા અધિક થવાથી રસ-કસ ઘટી ગયાં અને લોકો દુર્બળ અને જમીન નીરસ થઈ ગઈ.)

'સન્નિવેશ' = શહેર નગરીનું મેદાન કે જ્યાં લોક રમત ગમત માટે જતા હોય (આ સ્થાને પણ અત્યારના suburb રૂપમાં પ્રયુક્ત વપરાતા છે)

માળા સહિત છત્ર માથે ધરીને ઘણા મનુષ્યના સમુદાય નામે પગપાળા ચાલીને વાણિજ્યગ્રામ નગરના મધ્યોમધ્ય થઈને જ્યાં દુતીપલાશ વનને વિષે ભગવાન મહાવીર બિરાજ્યા હતા ત્યાં આવ્યા અને તેમને ત્રણ વાર જમણા પાસાથી પ્રદક્ષિણા કરી વાંદી નમસ્કાર કરી ત્યાં બેઠા. શ્રમણ ભગવાન મહાવીરે આનંદ ગાથાપતિ તથા પ્રષદાને ધર્મ કહ્યા કહી. તે સાંભળી લોક તથા રાજા પાછા વળ્યા. આનંદ ગાથાપતિ ધર્મ સાંભળીને સમ્યક્ પ્રકારે વિચારી, હૃદયે ધરી, હર્ષ—સંતોષ પામ્યા અને ભગવાન મહાવીર પ્રત્યે સવિનય કહેવા લાગ્યા. "હે ભગવન્! એ સિદ્ધાંત વચન સાચું અને સંદેહરહિત છે માટે તેમને રુચ્યું છે. હે દેવાનાં પ્રિય! ઘણા રાજેશ્વર તલવર, માડંબીક કૌટુંબીક શેઠ[1] સેનાપતિ સાર્થવાહ વગેરે એ મુંડગૃહવાસ છોડી આપની પાસે સાધુપણું લીધું હશે. તેઓને ધન્ય છે! પણ હું તેમ કરવા સમર્થ નથી માટે ગૃહવાસે રહી આપની સમીપે પાંચ અનુવ્રત અને સાત શિક્ષાવ્રત એ રીતિ શ્રાવકના ધર્મરૂપ બાર વ્રત[2] આદરીશ." ભગવાન કહે "હે દેવાનાં પ્રિય જેમ સુખ ઉપજે તેમ કરો પણ ધર્મના કામમાં વિલંબ ન કરશો." પછી આનંદ ગાથાપતિએ નીચે લખ્યા બાર વ્રત શ્રી મહાવીર સમીપ અંગીકાર કર્યાં:—

[1] ધર્મ બે પ્રકારના—૧ આગાર ધર્મ અને અણગાર ધર્મ. આગાર ધર્મ તે (ઘરવાસ) શ્રાવકના અને અણગાર ધર્મ સાધુના (ત્યાગીના).
માડંબીક—પાંચસે ગામના ધણી. કૌટુંબીક—ઘણા કુટુંબવાળા. શેઠ—લક્ષ્મીવંત શ્રીમંત. સેનાપતિ—લશ્કરના ઉપરી. સાર્થવાહ—સાથના ચલાવનાર.

[2] પાંચ અનુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત.

પહેલું વ્રત.

સ્થૂલ[1] ત્રસ[2] જીવની હિંસા કરવાનાં પ્રત્યાખ્યાન અથવા પચ્ચખાણ એટલે બાધા —જાવજીવ સુધી—બે કરણ અને ત્રણ જોગ થી[3]

બીજું વ્રત.

સ્થૂલ અર્થાત્ મોટકું જૂઠું બોલવાનાં પચ્ચખાણ—જાવજીવ સુધી—બે કરણ અને ત્રણ જોગથી.

ત્રીજું વ્રત.

સ્થૂલ અદત્ત દાન લેવાનાં (એટલે કે અણદીધી ચીજ લેવાનાં અથવા ચોરી કરવાનાં) પચ્ચખાણ—બે કરણ અને ત્રણ જોગથી.

---

૧ સ્થૂલ એટલે મોટા મોટા. ૨ ત્રસ જીવ એટલે હાલતા ચાલતા જીવો. ૩. જોગ ત્રણ છે મન વચન અને કાયા. કોઈ પાપની બાધા ત્રણ જોગથી કરી તેનો અર્થ એ કે મનથી પાપ કરે નહિ વચનથી કરે નહિ તેમજ કાયાથી કરે નહિ. એવી પ્રતિજ્ઞા લીધી.

કરવું કરાવવું અને કરનારને અનુમોદવું અર્થાત્ રૂડું જાણવું એ ત્રણને કરણ કહે છે. ત્રણ કરણથી કોઈ પાપની બાધા કરી હોય તો અર્થ એ કે એ પાપનું પોતે કરવું નહિ બીજા પાસે કરાવવું નહિ અને કોઈ કરતો હોય તો તે ઠીક થાય છે એમ ખુશી થવું નહિ.

મન-વચન-કાયા એ ત્રણ જોગે કરી પાપ કરું નહિ એવા નિયમને ત્રણ કોટી નો નિયમ કહેવાય છે (૧) એ ત્રણ જોગે કરી પાપ કરાવું નહિ એવા નિયમને બીજી ત્રણ કોટીનો નિયમ કહેવાય છે. (એ બે મળી છ કોટી થઈ) તથા (૩) એ ત્રણ જોગે કરી બીજાને પાપ કરતાં રૂડું જાણું નહિ એને ત્રીજી ત્રણ કોટી કહે છે. (એ ત્રણ મળી નવ કોટી થઈ.)

ચોથું વ્રત.

પોતાની સ્ત્રીથી સંતોષના વ્રતની મર્યાદા કરે એક વિવાહિતા ભાર્યા સિવાય બીજી સ્ત્રીઓથી મૈથુન સેવવાનાં પચ્ચખ્ખાણ.

પાંચમું વ્રત.

પરિગ્રહનું પરિમાણ કરે. (૧) સોનું ઘડ્યું તથા અણ ઘડ્યું તેનું પરિમાણ—ચાર હિરણ્યની કોડી ધન ભોંયમાં દાટેલું ચાર હિરણ્યની કોડી વ્યાજે આપેલું, ચાર હિરણ્ય કોડીનો ઘરવાખરો એ સિવાય બાકી સર્વ હિરણ્ય સુવર્ણ (સોના રૂપા)ની વિધિનાં પચ્ચખ્ખાણ. (૨) ચોપગાં જાનવરનું પરિમાણ—દસ હજાર ગાયોનું એક વ્રજ અથવા ગોકુળ એવાં ચાર ગોકુળ ઉપરાંત બીજા પશુનાં પચ્ચખ્ખાણ. (૩) ખેત વથ્થુ એટલે ઉઘાડી અને ઢાંકી જમીનનું પરિમાણ—પાંચસો હળવા ઉપરાંત જમીનનાં પચ્ચખ્ખાણ. (૧ નીવર્તનો એક હળ અથવા બધી સાઠ પાંચસો હળે ૧૨૫ સાઠ થાય

સંવત ૧૮૮૫ ની સાલની પ્રતના ટબામાં આ પ્રમાણે લખ્યું છે—નિવર્તન એટલે નિવર્તન કહીએ. મગધ દેશ પ્રસિદ્ધ ભૂમિકાના પરિમાણ વિશેષ તે પ્રથમ એટલે તે નિવર્તન. સો હાથ પ્રથમ એટલે એક હળ. એ પ્રમાણે પાંચસેં હળ એટલી ભૂમિકાએ ઉપરાંત પરિમાણ લખ્યું. તથા (બીજે અર્થ) દશ હાથે કરીને એક વાંસ થાય વીસ વાંસે કરીને એક નિવર્તન થાય સો નિવર્તને કરી એક હળ. એવી પાંચસેં હળ એટલી ભૂમિકાનો પરિમાણ લખ્યો. (આ લેખ પ્રમાણે એક હળના ૨ હાથ થાય અને ૮ હાથનો એક સાઠ એ હિસાબે એક હળના રા સાઠ થાય અને પાંચસેં હળના ૧૨૫ સાઠ થાય.)

ભા૦ (૪) ગાડાં અને વહાણનું પરિમાણ—તૃણ, કાષ્ટ તથા અનાજ લાવવાને માટે જ ગાડાં મોકળાં તે સિવાયનાં પચ્ચખાણ. (૫) સમુદ્રમાં વહાણ ચાલે તેનું પરિમાણ—દેશાંતર જતાં સાથે મોટા વહાણ સાથે ચાલે એવાં ચાર નાની હોડીઓ સિવાય બાકીનાનાં પચ્ચખાણ. એક કરણ ને ત્રણ જોગે કરી એટલે મન વચન અને કાયાએ કરી પાંચમા વ્રતનાં પચ્ચખાણ.

છઠ્ઠું વ્રત.

આ વ્રતમાં ચારે દિશાના માર્ગનું પરિમાણ કરવાનું છે. તે પાંચમા વ્રતમાં ખેત વત્થુનું પરિમાણ કરેલું છે તે ઉપરથી સમજાય છે પરંતુ સૂત્ર પાઠમાં તેનો ખુલાસો નથી.

સાતમું વ્રત.

હરરોજ ભોગવવામાં આવે એવી વસ્તુનું પરિમાણ અથવા મર્યાદા (૧) ઉલણિયાવિહ—ગંધ કાષાઈ રંગેલી રાતી સાડી એક તે સિવાય બાકીનાં શરીર લુછવાના વસ્ત્રનાં પચ્ચખાણ. (૨) દંતણવિહ—લીમડાના લાકડાના દાતણ સિવાય બાકીનાં લાકડાનાં દાતણનાં પચ્ચખાણ. (૩) ફલવિહ—કળિયા સહિત ખીરની પેરે મધુર એવાં ખીર આમળાં સિવાય અન્ય ફળનાં પચ્ચખાણ. (૪) અભંગણવિહ—શત પાક અને સહસ્ત્રપાક તેલ સિવાય બાકીનાં શરીરે ચોળવાનાં તેલનાં પચ્ચખાણ. (૫) ઉવટ્ટણવિહ—ગોધુમચૂર્ણ ગંધયુક્ત સુગંધ દ્રવ્યે યુક્ત તે સિવાય બાકીનાં શરીરે ચોળવાની પીઠીનાં પચ્ચખાણ. (૬) મજ્જણવિહ—આઠ મોટા ઘડાના પાણી ઉપરાંત અંઘોળના પાણીનાં

પચ્ચખાણ. (૭) વસ્ત્રવિદ—કપાસના ન વસ્ત્ર સિવાય બાકીના વસ્ત્રનાં પચ્ચખાણ (૮) વિલેપનવિદ—અગર, કેસર ચંદનાદિ સિવાય વિલેપન વિધિના પચ્ચખાણ. (૯) પુષ્પવિદ—ધોળાં કમળ અથવા દૂધની માળાનો હાર અથવા માલતીના ફૂલની માળા સિવાય બાકીનાં સર્વ ફૂલનાં પચ્ચખાણ. (૧૦) આભરણવિદ—કાનનાં એક બારા કુંડળ તથા હાથની મુદ્રિકા સિવાય બાકીના ઘરેણાનાં પચ્ચખાણ. (૧૧) ધૂપવિ —અગર તુરક ધૂપદાનની હાથ, [illegible] ઇન વગેરે સિવાય બાકીના ધૂપનાં પચ્ચખાણ (૧૨) પેજવિદ—મગ વગેરે ની રાબ અથવા તંદુલની રાબ ન સિવાય પીવાનાં વસ્તુનાં પચ્ચખાણ. (૧૩) ભખ્ખણવિદ—ખાં બાદ ઘેવર તથા ખાજાં સિવાય બાકીનાં પકવાનનાં પચ્ચખાણ. (૧૪) ઓદનવિદ—કલમશાલી (જૈન મતના આહારે ધાન્ય) તે સિવાયનાં શાલ ધાન્યનાં પચ્ચખાણ (૧૫) સૂપવિદ—મગની દાળ અડદની દાળ ને સિવાય કઠોળના પચ્ચખાણ. (૧૬) ઘૃતવિદ—શરદઋતુમાં એકઠું કરેલું નાખનું ઘી તે સિવાય બાકીના ઘીનાં પચ્ચખાણ (૧૭) શાકવિદ—આંબોળિયાં અગથિયાની ફળી, ગલોડિં [illegible] મંડકી [illegible] સિવાય બાકીના શીમાનગીના પચ્ચખાણ. (૧૮) માધુરવિ —[illegible] મધુર વસ્તુ, મધુર સાકર તથા પાક નામ [illegible] સિવાય બાકીના મધાના પચ્ચખાણ. (૧૯) જમણવિદ—[illegible] આદિ, મુન આદિ [illegible] [illegible] સિવાય બાકીનાં પચ્ચખાણ. (૨૦) પાણીવિદ—આકાશથી પડેલું પાણી તે સિવાય બાકીનાં પાણીના પચ્ચખાણ. (૨૧) મુખવાસવિદ—[illegible]

પંચ સુગંધ સહિત તંબોળ (કાથા ચુના સાથે) સિવાય બાકીના
મુખવાસના પચ્ચખાણ.

આઠમું વ્રત.

ધર્મ અર્થ અને કામ એ ત્રણમાંનું એક પણ કામ ન આપતાં
ફોગટનું અનર્થ દંડ કહે છે. તેના ચાર પ્રકાર (૧) આર્તધ્યાન
રૌદ્રધ્યાન ધરવાથી એટલે મનમાં ઉદ્વેગ કરવાથી તથા રૌદ્ર
ધ્યાન ધરવાથી એટલે કોઈની માઠી ચીંતવણા કરવાથી (૨) વિકથા
તથા તેલ ઘી વગેરેનાં વાસણ ઉઘાડાં રાખવાનો પ્રમાદ કર
વાથી (૩) હિંસા થાય એવાં શસ્ત્રનો સંગ્રહ કરવાથી તથા આપ
વાથી અને (૪) પાપ કર્મનો ઉપદેશ કરવાથી એ ચારે પ્રકારે અ
નર્થદંડના પચ્ચખાણ.

નવમું સામાયિકવ્રત, દશમું દિશાવગાસિકવ્રત, અગ્યારમું
પૌષધવ્રત અને બારમું અતિથિસંવિભાગવ્રત.

(આ બાર વ્રત અંગીકાર કરવાની વિધિ અત્રે લખેલી નથી
પરંતુ નીચે અતિચારની આલોયણ વિધિમાં તેના અતિચાર આપેલા
છે તે ઉપરથી સમજવું.)

હવે ભગવાન મહાવીર આનંદ શ્રાવક પ્રતિ શ્રાવકે જાણવા
યોગ્ય આદરવા ન જોઈએ એવા મોટા અતિચાર કહે છે—

ઉપદેશ ચાલતી પારસા કહેવાય છે તે પૈકી ઉપરના ૨૨ બાર
વ્રતના બાકીના ૫ સપ્તમાં કહેવાના નથી. ૨૨ વાદન વિધિ ૨૩ વાદનિવિધ
૨૪ સમપ્રવિધ ૨૫ સમિતવિધ ૨૬ દનવિધ એ પાંચ પ્રતિક્રમણની
વ્યવહારથી એ લેવા.

પ્રથમ સમકીતના અતિચાર—૧ જીન વચનને વિષે શંકા રાખી હોય. ૨ અન્ય મતની પ્રચ્છા કરી હોય. ૩ ધર્મ કરણીના ફળના સંદેહ રાખ્યા હોય. ૪ પાખંડી મતની પ્રશંસા કરી હોય. ૫ પાખંડી મતનો પરિચય * કીધો હોય હવે બાર વ્રતના અતિચારકહે છે.–

(૧) પહેલા વ્રતના અતિચાર—૧ કોઈ ત્રસ જીવને બાંધ્યો હોય. ૨ ચાકીએ કરી માર્યો હોય. ૩ અંગોપાંગ છેદ્યાં હોય. ૪ મર્યાદા ઉપરાંત ભાર ભર્યો હોય. ૫ ભાત પાણીની અંતરાય પાડી હોય.

(૨) બીજા વ્રતના અતિચાર—૧ કોઈને ધાસ્કો ધ્રા? એવું વચન કહ્યું હોય. ૨ કોઈની છાની વાત પ્રગટ કરી હોય. ૩ પોતાની સ્ત્રીના મર્મ ભીન્ન કોઈને જણાવ્યા હોય. ૪ કોઈને જુઠો ઉપદેશ દીધો હોય. ૫ ખોટા લખાણ બનાવ્યા હોય

(૩) ત્રીજા વ્રતના અતિચાર–૧ ચોરીની વસ્તુ લીધી હોય. ૨ ચોરને મદદ કરી હોય. ૩ રાજ્ય વિરૂદ્ધ વસ્તુ ખરીદી કરી હોય. (સરકારની વિરૂદ્ધ વેપાર કીધો હોય) ૪ ખોટા તોલ માપ રાખ્યાં હોય. ૫ સારી વસ્તુ બતાવી નઠારી વસ્તુ આપી હોય. અગર ભેળ સેળ કરી આપી હોય.

(૪) ચોથા વ્રતના અતિચાર—૧× થોડા વખતની સ્ત્રીસંગે

પીપળ પાણી નાખ્યું હોય તથા માતા હનુમાન ઈત્યાદિની માનતા કરી હોય તે.

× આ વ્રતના પહેલા બે અતિચારના અર્થ વિષે ભિન્ન ભિન્ન મત છે ઘણું કરીને એક ટીકાકારના મતથી નાની ઉમરની. परिगहिय= परिग्रहित्य કરેલી સ્ત્રી સાથે भोगवत अपरिगहिय=अपरिग्रहीत्य કરેલી नी सी સંગ થાય છે

નાની ઉમરની પોતાની પરણેત સ્ત્રીથી ગમન કીધું હોય. ૨ નગર પરણેલી સ્ત્રીથી ગમન કીધું હોય. ૩ કોઇ પણ જાતની કામક્રીડા કીધી હોય. ૪ અન્યના વિવાહ કરાવી દીધા હોય. ૫ કામ ભોગને વિષે તિવ્ર ઇચ્છા રાખી હોય.

(૫) પાંચમા વ્રતના અતિચાર—૧ જમીન તથા ઘરની વસ્તીના મર્યાદા ઓળંગી હોય. ૨ સોનું રૂપું મર્યાદા ઉપરાંત રાખ્યું હોય. ૩ નાણું તથા ધાન્ય મર્યાદા ઉપરાંત રાખ્યું હોય ૪ બેપગાં તથા ચારપગાં નાખી મર્યાદ ઉપરાંત રાખ્યાં હોય. ૫ ઘરવખરાની વસ્તુ મર્યાદ ઉપરાંત રાખી હોય.

(૬) છઠ્ઠા વ્રતના અતિચાર—૧ ઉંચી દિશાની મર્યાદ ઓળંગી હોય. ૨ નીચી દિશાની મર્યાદ ઓળંગી હોય. ૩ તીછી (વચલી) દિશાની મર્યાદ ઓળંગી હોય. ૪ એક દિશા ઘટાડીને બીજી દિશ વધારી હોય. ૫ સંદેહ પડતા છતાં આગળ જવાયું હોય

(૭) સાતમા વ્રતના અતિચાર—૧ સચત વસ્તુ મર્યાદાથી વધારે ખાધી હોય. ૨ સચેત વસ્તુ સાથે લાગેલી વસ્તુ ખાધી હોય. ૩ પૂરી પકવેલી વસ્તુ જેમાં જીવના પ્રદેશ રહી ગયા હોય તેવી વસ્તુ ખાધી હોય. ૪ ભડકાં ઉપીઓ વગરે પકાવે ખાધું હોય. ૫ ખાવાનું થોડું અને નાખી દેવાનું ઘણું એવી વસ્તુ ખાધી હોય. હવે આ વ્રતમાં પંદર કર્મને આચરવાનાં કામ એટલે વેપાર કે જે શ્રાવકે જાણવા પણ આદરવા ન જોઇએ તે કહે છે—૧ અગ્નિ સળગાવવાનો વેપાર. ૨ વન કપાવવાનો વેપાર. ૩ ગાડાં આદિ વેચવાના વેપાર (અથવા ભાડે કરીને વસ્તુ વગેરે ગાડાં દ્વાર વગે

રૈનો સોડ કરવા ૪ લાખ મજીઠ વગેરે રાખી આ ખાવાનો વેપાર. પૃથ્વીનાં પેટ ફોડવાના વપાર ૫ હાથી આદિના દાંતનો વેપાર. ૬ ત્રસજીવોના ભાગનો વેપાર ૮ મદિરાદિકનો વેપાર ૯ હથિયાર આદિ મારવાની વસ્તુનો વેપાર ૧૦ ઝેરી વસ્તુનો વેપાર ૧૧ ઘાણી વગેરેનો વેપાર ૧૨ બળદ વગેરેના અવયવ છેદવાનો વેપાર ૧૩ દાવાનળ સળગાવવાનો વેપાર ૧૪ સરોવર, કુવા તળાવ સોસાવવાનો વેપાર ૧૫ દાસાદિ જીવ પાળીને વેચવાનો વેપાર.

(૮) આઠમા વ્રતના અતિચાર—૧ કંદર્પ (કામ) વધે એવી વાતો કરી હોય. ૨ કુચેષ્ટા કરી હોય ૩ મોઢે માઠું બોલી બીજાની ખોટી રીતે વગાડ્યું હોય. ૪ અધિકરણો સંજોગ મેળવ્યો હોય. ૫ એકવાર ભોગવવાની વસ્તુ વારંવાર ભોગવી હોય.

(૯) નવમા વ્રતના અતિચાર-૧ મન માઠું વરતાવ્યું હોય. ૨ વચન માઠું વરતાવ્યું હોય ૩ કાયા માઠી વરતાવી હોય. ૪ સામાયિક લીધું હતું તે લીધું છે કે નહિ તેની ખબર રાખી ન હોય. ૫ સામાયિકના વખત પૂરો થયા સિવાય પાર્યું હોય.

(૧૦ દશમા વ્રતના અતિચાર-૧ હદની મર્યાદા કીધી એ તેની બહારથી વસ્તુ મંગાવી હોય. ૨ મર્યાદા ઉપરાંત નોકર આદિ મારફત વસ્તુ મોકલી બહાર મંગાવી હોય. ૩ શબ્દ કરીને બીજાને હદ ઉપરાંતથી બોલાવ્યા હોય. ૪ પોતાનું રૂપ બતાવીને સમજાવી માણસને બોલાવ્યા હોય. ૫ મર્યાદા ઉપરાંત કાંકરા નાંખી કોઈને બોલાવ્યા હોય.

(૧૧) અગિયારમા વ્રતના અતિચાર- પાટ, પથ

રીતે તપાસી જોયાં ન હોય અથવા માઠી રીતે જોયાં હોય. ૨ પ્રમાર્જીને પુંજ્યાં ન હોય અથવા માઠી રીતે પુંજ્યાં હોય ૩ લઘુનીતિ તથા વડીનીતિ જવાની જગ્યાને તપાસી જોઈ ન હોય અથવા માઠી રીતે જોઈ હોય. (૪) તેની જગ્યાને પુંજી ન હોય અથવા માઠી રીતે પુંજી હોય. ૫. પોસહમાં પ્રમાદ કીધા હોય અથવા વિધિ પાળી ન હોય.

(૧૨) બારમા વ્રતના અતિચાર—૧ સચેત વસ્તુ મુકી વહોરાવ્યું હોય. ૨ અચેત વસ્તુએ કરી સચેત વસ્તુ ઢાંકી વહોરાવ્યું હોય. ૩ વખત થઈ જવાથી ભમકી એવી વસ્તુ વહોરાવી હોય. ૪ પોતે સુઝતો છતાં બીજાને વહોરાવવાનું કહ્યું હોય ૫. દાન દેઈને અહંકાર કીધો હોય.

(૧૩) હવે મરણની અંતે સંથારો કરવાનો તેના અતિચાર—૧ આ લોકમાં સુખ પામવાની ઇચ્છા કીધી હોય. ૨ પરલોકમાં દેવતા થવાની ઇચ્છા કીધી હોય. ૩ જીવવાની ઇચ્છા કીધી હોય. ૪ અશાતા ઉપજ્યાથી મરવાની ઇચ્છા કીધી હોય. ૫ મનુષ્ય તથા દેવતાના કામ ભોગની ઇચ્છા કીધી હોય.

એ રીતે આનંદ ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીરની પાસ બાર વ્રત રૂપ શ્રાવકનો ધર્મ અંગીકાર કરીને તેમને વાંદી નમસ્કાર કરીને કહેતા હવા. હે ભગવન્! આજથી મારે અન્ય તીર્થીના તપસી તથા અન્ય તીર્થીના મિથ્યાતી દેવતા તથા સાધુપણું ન પાળે તેવા અરિહંતના સાધુ એઓને વાંદવા નમસ્કાર કરવા કલ્પે નહિ તેઓની સેવા ભક્તિ પણ કરું નહિ પાસે જઉં નહિ

પ્રથમ બોલ્યું નહિ બોલાવું નહિ અણબોલ્યા વે બોલ્યું નહિ એકવાર બોલાવું નહિ વારવાર બોલાવું નહિ તેઓને અન્ન પાણી મેવા મુખવાસ આપું અપાવું નહિ. તેમાં એટલો આગાર છે-૧ રાજાના આદેશે ૨ જન સમુદાયના આદેશે ૩ બલવંતના પરવસપણે ૪ દેવતાના પરવસપણે ૫ માતપિતા તથા ગુરૂના ઉપસર્ગના કામે ૬ અટવી તથા દુકાળને વીષે એ ૭ કારણને વીષે એટલાં વાનાં કરવા પડે તો સમકીત નષ્ટ નહિ. વળી મારે સાધુને વાંદવા નમસ્કાર કરવા તેમની સેવા ભક્તિ કરવી, પ્રાસુક નિર્દોષ આહાર પાણી મેવા મુખવાસ વસ્ત્ર પાત્ર કંબળ પાટ પાટલા સ્થાનક સંથારો ઓસડવેસડ આપવા કલ્પે. આ પ્રમાણે વ્રત અંગીકાર કરીને ભગવાન મહાવીરને ત્રણ વાર વાંદી નમસ્કાર કરીને દુતીપલાસ વનથી નીકળીને જ્યાં વાણિજ્યગ્રામ નગર અને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવીને પોતાની શીવાનંદા ભાર્યાને સઘળી વાત નીવેદન કરી અને કહ્યું " હે દેવાનુપ્રિયે! તમે શ્રમણ ભગવાન મહાવીર પાસે જઈને તેમને વાંદી નમસ્કાર કરી શ્રાવિકા ધર્મ અંગીકાર કરો.

ઉપરનું વચન સાંભળી શીવાનંદા હર્ષ સંતોષ પામી કૌટુંબીક તથા સેવક પુરૂષને સાથે લેઈને ઉતાવળો ચાલે એવો ધર્મકરણ રથ તેહારે તેની અંદર બેસીને ભગવાન મહાવીરને વાંદવા નીકળ્યા. ભગવાન મહાવીરે શીવાનંદા પ્રત્યે મોટી સભામાં ધર્મકથા કહી. તે સાંભળી શીવાનંદાએ આનંદ શ્રાવકની પેરે બારવ્રતરૂપ શ્રાવિક ધર્મ અંગીકાર કીધો. પછી જે દિશાએથી આવ્યાં હતાં તે દિશાની પેરે ગયાં

એટલા ગૌતમ સ્વામી ભગવાન મહાવીર સ્વામીને વાંદી નમસ્કાર કરી પૂછતા હવા. હે ભગવન્ ! આનંદ ગાથાપતિ આપની પાસે દિક્ષા ગ્રહણ કરશે ? ભગવાન કહે "હે ગૌતમ ! આનંદ ગાથાપતિ દિક્ષા લેવા સમર્થ નથી.

આનંદ ગાથાપતિ શ્રાવક થયો તથા શીવાનંદા ભાર્યા પણ શ્રાવિકા થઇ તે બ ને જીવ અજીવ અને નવ તત્વના જાણ થઇ સાધુ–સાધ્વીને દાન દેતા વિચરે છે તથા પોષધ ઉપવાસ આયંબીલ વગેરે તપ કરતાં વીચરે છે એ રીતે ચૌદ વર્ષ પૂરાં થયાં પંદરમે વર્ષે એકદા અર્ધ રાત્રિને સમયે આનંદ ગાથાપતિએ ધર્મ-જાગરિકા જાગતાં અધ્યવસાય ઉત્પન્ન થયે સવ કોઇ સગાપતિ મિત્ર જ્ઞાતિ જન વગેરેને બોલાવી તેઓને જમાડી પોતાના વડા પુત્રને ઘરનો ભાર સોંપ્યો. વળી વડા પુત્રને પૂછીને કોલ્લાગ સન્નિવેશને વિષે પોષધશાળા તથા લઘુનીતિ અને વડીનીતિની ભૂમિ પડીલેહીને પોષધશાળામાં દભનો સંથારો પાથરીને તે ઉપર બેસી પોસહ કર્યો તથા શ્રમનો સમારાને વિષે બેસીને શ્રાવકની ૧૧ પડિમા અંગી

પહેલી પ્રતિમા ૧ માસની તેમાં સમકિત શુદ્ધ પાળવું બીજી પ્રતિમા ૨ માસની તેમા વ્રત શુદ્ધ પાળવાં. ત્રીજી પ્રતિમા ૩ માસની સામાયિક પ્રતિમા ચોથી પ્રતિમા ૪ માસની પોષધ પ્રતિમા (પાખીના ચાર પર્વે) પાચમી પ્રતિમા ૫ માસની કાઉસ્સગ પ્રતિમા. છઠ્ઠી પ્રતિમા ૬ માસની બ્રહ્મચર્યની સાતમી પ્રતિમા ૭ માસની સચિત આહાર વર્જવાની. આઠમી પ્રતિમા માસની આરંભ વર્જવાની. નવમી પ્રતિમા ૯ માસની નૃત્ય પ્રેષણવર્જન દસમી પ્રતિમા ૧ માસની ઉદ્દિષ્ટ આહાર વર્જન. અગિયારમી પ્રતિમા ૧૧ માસની, શ્રમણ ભુત થઇને રહેવુ સાધુ વતિ નહિ પણ વતિ સરીખો થઇ રહે સર્વે મળીને પાંચ વર્ષ ને ૭ માસ પૂર્ણ થાય.

ધ્યમન અભિગ્રહ કર્યા તેમા પહેલી પ્રતિમા ૧ માસની બીજી પ્રતિમા ૨ માસની એ પ્રમાણે અનુક્રમે અગીયારમી પડીમા ૧૧ માસની આરાધન કરતા વિચરવા લાગ્યા.

દુષ્કર તપ કરતાં શરીર શુષ્ક અને દુર્બળ થયું તેથી એકદા નસ્તાએ અધરાત્રીને સમયે ધર્મ જાગરિકા કરતાં એવો અધ્યવસાય ઉપન્યા કે મારા શરીરને વિષે વીર્ય બળ, પરાક્રમ કમી થયુ છે તો મારા ધર્માચાર્ય શ્રી મહાવીર સ્વામી પધારે તો તેમની સમીપે જઇને સલેહણા કરી ચાર પ્રકારનો આહાર ત્યાગ કરુ એવી નિર્મળ લેશ્યાએ પ્રવર્તતા જ્ઞાનાવર્ણીય કર્મના પ ગ ક્ષય થયાં અને નિર્મળ અવધિજ્ઞાન ઉત્પન્ન થયુ તેથી પૂર્વ દિશાએ લવણ સ મુ ને વિષે પ સો જન પ્રમાણ ક્ષેત્ર દેખે, એમ દક્ષિણ દિશા તથા પશ્ચિમ દિશાને વિષે દેખે એમજ ઉત્તર દિશાને વિષે ચુલહેમવત પર્વત, વર્ષધર નામે પર્વત દેખે ઉચી દિશાએ પહેલું સુધર્મ દેવલોક પર્યત દેખે નીચલે પાસે (અધોલોકે) રત્નપ્રભા પહેલી પૃથ્વીનો લોલુ ચુય નરકાવાસ દેખે તેની ચોરાશી હજાર વરસની સ્થિતિ છે.

પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા તેમના પ્રથમ શિષ્ય શ્રી મુનિ (ગૌતમ) નામે ગણધર, જે મોટા તપસી સાત હાથ ઉંચા સમચોરસ નામે સંઠાણ અને વજ્રઋષભનારાચ નામ સંઘયણના ધણી, સોનાની પરે શોભાયમાન કમળ સરીખા આરંગ્ય શરીર ઉપરથી રાખ ઝાટકે છે તેજોલેશ્યા ગોપવી રાખી છે ક્રોધ અહંકાર માયા અને લોભ જીત્યા છે જેમનિ પુજ ગુરુ છે છઠ્ઠના પારણાં કરતા વિચરે છે તેમણે છઠ્ઠના પારણાને દિવસ પહેલા પહોરે

સજ્ઝાય અને બીજે પહોરે ધ્યાન ધરી ત્રીજે પહોરે ભગવાન મહા-
વીરની આજ્ઞા માગીને દુતીપલાસ ઉદ્યાનથી નીકળીને વાણિજ્યગ્રામ
નગરને વિષે ગોચરીએ ગયા. ત્યાં ઉંચ નીચ ઘેર ભ્રમણ કરી સામુ-
દાની ભિક્ષા લઇ પાછા વળતાં કોલ્લાગ નામે સન્નિવેશ પાસે થઇને
જતાં ઘણા લોકોનો પ્રવાદરૂપ શબ્દ સાંભળ્યો કે, "આનંદ ગાથા-
પતિએ પૌષધશાળાને વિષે સંલેખણા કીધી છે" એવું સાંભળીને
ગૌતમ સ્વામી પૌષધશાળાને વિષે જ્યાં આનંદ શ્રાવક સુતા છે
ત્યાં ગયા. ગૌતમ સ્વામીને આવતા દેખી આનંદ શ્રાવક હર્ષ સંતોષ
પામી વાંદી નમસ્કાર કરી કહેવા લાગ્યા. "હે પૂજ્ય! ગૃહસ્થાવાસે
વસતાં થકાં શ્રાવકને અવધિજ્ઞાન ઉપજે કે કેમ?" ગૌતમ કહે
"હા શ્રાવક! ઉપજે" આનંદ કહે, "હે સ્વામિન્! મુજને અવ-
ધિજ્ઞાન ઉપન્યું છે. તેથી પૂર્વ દિશાએ લવણ સમુદ્રને વિષે પ
પાજન દેખું છું અને નીચે લોલુચ્ચુય નરકાવાસ દેખું છું" ગૌતમ
કહે "એવડું મોટું અવધિજ્ઞાન ઉપજે નહિ માટે તમે આ જ સ્થા-
નક મધ્યે આલોયો, મિચ્છામીદુક્કડ લ્યો." આનંદ કહે "હે પૂજ્ય!
સાચી વાતનું આલોયણ હોય નહિ માટે આપ જ આ સ્થાનકે મિ-
ચ્છામીદુક્કડ લ્યો." પછી ગૌતમ સ્વામીને શંકા ઉત્પન્ન થઇ તેથી
ત્યાંથી ઉતાવળા નીકળીને શ્રમણ ભગવાન મહાવીર પાસે આવીને
ગમને ભાત પાણી દેખાડી વાંદી નમસ્કાર કરી કહેવા લાગ્યા "હે
ભગવન્! આનંદ શ્રાવક આલોયણ લે કે હું લઉં?" ભગવાન કહે
"હે ગૌતમ! આનંદ શ્રાવકનું કહેવું ખરું છે માટે તમે તેમ કે
ફરી જઇને ખામણા અને વાયમિન લઇ આનંદ શ્રાવકને ખમાવો"

ગૌતમ સ્વામી શ્રી મહાવીર સ્વામીનું વચન તહત્ત કરી આનંદ પાસે આવી આલોયણ લઈ તેમને ખમાવતા હવા

આનંદ શ્રાવક વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાળીને શ્રાવકની ૧૧ પડિમા ફરસીને મરણની અંત્ય શ્વાસની સંલેખના (સંથારો) કરીને, પોતાના આત્મા નિર્મળ કરી [1] ૬૦ ભક્ત પાણીના ત્યાગ સહ છેદી કરીને આલોઈ પડિક્કમી સમાધિ સહિત પામી કાળને અવસરે કાળ કરી પહેલા સુધર્મ નામે દેવલોકે સુધર્માવતંસ નામના મોટા વિમાનથી ઉત્તર અને પૂર્વની વચ્ચે ઈશાન કોણે અરુણાભ એવે નામે વિમાનને વિષે ચાર પલ્યોપમની સ્થિતિએ દેવતાપણે ઉપન્યો.

૨ ગૌતમ કહે, " હે ભગવન્! આનંદ શ્રાવક ત્યાંથી આયુષ્ય ક્ષય કરીને ક્યાં જશે!

ભગવાન કહે " હે ગૌતમ ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રને વિષે દ્રઢપણાની પેઠે કર્મ ખપાવી મોક્ષ જશે. "

---

[1] જેમ ઉત્તમ [illegible] Plato મત માં છે? આત્મા વિદેહ થઈ શકે આત્માની તે દશા કે જ્યાં વિદેહત્વ અનુભવાય હોય; જ્યાં સ્થૂળ નહિ પણ ધ્યાન શરીરથી મન કાર્ય હોય એ સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં ઉતરવાપણું હોવું નહિ જરૂરી તે આ [2] [illegible] હોય છે તે આ આ અનુભવ પાળના પામના [illegible] આમ આત્માનો આત્માનો રૂપ વિધિ (Plato) આમ કહે છે. આ પુસ્તકો આદિ આગમનિ અનુભવ છે; ભૂલ માટે ક્ષમા કરો. [illegible]

વા. મો. શાહ.

સાર

શ્રાવકનાં બાર વ્રત સમજવા માટે આ અધ્યયન બોધપ્રદ બને છે. મોટી સાહ્યબીવાળો માણસ પણ આદરી શકે એવાં એ વ્રતો છે એમ ૧૨ ક્રોડ સુવર્ણ મહોરોના માલીક આનંદ ગાથાપતિના આ અધ્યયન પરથી સહજ સમજી શકાશે.

આનંદ શ્રાવક પ્રથમ તો જૈન ધર્મથી અજાણ્યો હતો. પરન્તુ શ્રી મહાવીર પ્રભુની મુલાકાત પહેલાં પૂર્વ ભવોના અનુભવોથી સંસ્કૃત ઘડતરનું તે જીવ રૂપી ક્ષેત્ર ઊંચી જાતના પાકને માટે તૈયાર થયું હતું. પણ ભવોના અનુભવોથી તે જીવ સહકારી થયો હતો એ તો શ્રી મહાવીરની મુલાકાત પહેલાંના આનંદજીનું વર્ણન આપ્યું છે તે વર્ણન ઉપરથી સમજાય છે. તે પ્રભો સહાય લેવા યોગ્ય કુટુંબ તથા ગરીબોને પોષનારો અને ગંભીર હતો. ટુંકમાં તે માર્ગાનુસારી હતો અને ભગવાનના દર્શન અને ઉપદેશ વડે તેનો આત્મા પાવન થતાં તે '**શ્રાવક**' બન્યો. બારવ્રત અંગીકાર કર્યા અને પછી ૧૧ પડિમા આદરી અને છેવટે કાયાને તદ્દન વોસિરાવવા આત્મયજ્ઞમાં હોમવા રૂપી સંથારો કર્યો. આમ ઉન્નતિક્રમમાં તે જીવ સ્વતંત્ર થયો. મતલબ કે ક્ષેત્ર તૈયાર થયું હતું તો વાવેતર જલદી અને વળી ઉત્તમ થયું. માટે સૌથી વધારે લક્ષ લોકોને **માર્ગાનુસારી** બનાવવા તરફ આપવાની જરૂર તરફ ઉપદેશકનું લક્ષ ખેંચાવું જોઈએ જ.

આનંદજીએ આદરેલાં વ્રતોમાં શ્રાવકની મુખ્ય કરણીનો સ

આવેલ ભય ૧૫ છે. તારે એ ત્રણે વધારે સમ્યાપૂર્વક સમભાવ નામે અભ્યાસ પુસ્તકો વાંચવાની સલાહ આ પુસ્તકના વાંચનારને આપવાનું મારું કર્તવ્ય માનું છું. વધારે વાંચવાનું બનવાથી ન બને તેવાઓ માટે મેં જમાનાને અનુસરતી જ પર ચાર વ્રતોને ચાર નિયમો ના રૂપમાં મોકલ્યા છે જે નીચે મુજબ છે. દરરોજ પન તો માણસ એ નિયમો ખુશીથી સ્વીકારશે અને પાળવાની સાથે પાળી શકશે

દરરોજ પાળવાના નિયમો

હું નિશ્ચય કરું છું કે—

(૧) આજના દિવસમાં સવારથી બનશે ત્યાં સુધી જાણીજોઈ મારા જીવોને મારી નાખવા નહિ ઈરાદાપૂર્વક કોઈ જીવ મારાથી દુઃખ ન પામે એવી કાળજી રાખીશ. અને આપના આશ્રિત નોકરચાકરથી જીવોનો સંહાર ન થાય તેનું પણ ધ્યાનમાં રાખીશ.

(૨) આજના દિવસમાં સવારથી બનશે ત્યાં સુધી કોઈ જાતનું કોઈને નુકશાન થાય એવું અસત્ય વદીશ નહિ. નશી— મ કરી ભાંગ ચરસ તથા ગાંજો મ પાં એ વગેરે જેવાં વ્યસનોનો ઉપયોગ કરવો નહિ એ અપગ્ર સ્વાથી દૂર રહેવાની કાળજી રાખીશ

(૩) આજના દિવસમાં સવારથી બનશે ત્યાં સુધી કોઈની ચોરી કરીશ નહિ દગાબાજી પરની સ્ત્રી કરીશ નહિ આહારમાં કાંઈ કરીશ નહિ.

( ) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી વિષય વૃત્તિને અંકુશમાં રાખીશ. મ્હારી પોતાની ધર્મપત્ની સિવાય બીજી દરેક સ્ત્રી પ્રત્યે ભગિનીની ભાવથી જોઇશ (સ્ત્રીએ કહેવું કે મ્હારા પોતાના પતિ સિવાય બીજા દરેક પુરુષ તરફ બંધુભાવથી જોઇશ.) અને છૂટવાળા પાત્રને પણ વિષયબુદ્ધિએ સ્પર્શ ન માનતાં સ્ત્રીને વ્યવહાર સાચવીશ. મારું મન વિષય સંબંધી વિચારોથી મુક્ત રાખીશ. મારી આંખોને વિષયાદિના પદાર્થો તરફ લગી જતાં એને અટકાવીશ. મારી જીભને અશ્લીલ શબ્દોચ્ચાર કરતાં પકડી રાખીશ.

(૫) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી પરિગ્રહમાં મુખ્ય મમતાના સ્વભાવ ઉપર અંકુશ રાખીશ. સ્થાવર અને જંગમ પરિગ્રહ જે મારી પાસે છે તે ઉપરાંત નવો રૂ. ( )ની કિંમતથી વધુ આજના દિવસમાં પ્રાપ્ત થાય તો તે પર મમત્વ ન રાખતાં દુઃખી જીવોને યથારીતે સહાય કરવામાં અને જ્ઞાનની ભક્તિ કરવામાં ખર્ચી નાખીશ.

(૬) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી ( ) માઈલ ઉપરાંત પરમાર્થના કામ સિવાય ખસીશ નહિ.

(૭) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી ઉપભોગ અને પરિભોગના પદાર્થો જેમ બનશે તેમ ઓછા ભોગવીશ. વળી પરિભોગની વસ્તુઓ અને ખાનપાનાદિ ઉપભોગની વસ્તુઓ એ વસ્તુઓની જેમ બને તેમ થોડી સંખ્યાની માત્રા કરીને ગરજ પૂરી એમ કરીશ. જેમ જરૂર વધારે તેમ આત્માને બોજાભાર વધારે

અને પોતાનું બિગાડવાની કુટેવ છોડી એવું સમજી જેમ બનશે તેમ ખાવા-પીવા-પહેરવા-મર્દન કરવા-ધોવા વગેરે કામમાં વપરાતી ચીજો પૈકી થોડીજ ચીજોથી ચલાવી લઈશ. હું મારી રહેણીમાં સાદો આત્મસંયમી નિર્ભય અને મિતાહારી બનીશ.

(૮) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી, અર્થ વગરના આરંભમાં મન-વચન-કાયાને પ્રવર્તાવીશ નહિ. મારું આત્મતત્વ ભારી બનાવે એવા ખરાબ ચિંતાઓ કુતર્કો અને દુર્ધ્યાનને વશ થવા દઈશ નહિ. ઉપભોગ-પરિભોગની ચીજોમાં મૂર્છા તજવું રાખવાથી અપધ્યાન (કોઈનું બૂરું ઇચ્છવાનું ધ્યાન) થવાથી આત્મકલ્યાણ કરવામાં આ મન લાયક નથી તે માટે શાણીને મન-વચન-કાયાના યોગને જેમ તેમ છૂટા મૂકી દેવા પહેલાં હું ખૂબ સાવચેત રહીશ.

(૯) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી ચિત્તનું સમતોલપણું સાચવી રાખીશ અને આખો દિવસ એવું સમતોલપણું સાચવવાનું ન બને તો છેવટ ૪૮ મીનીટનો કે તેથી પણ ઓછો વખત " ચિત્તના સમતોલપણા " ના મહાવરા માટે જૂદો કાઢીશ. એ જુદા કાઢેલા વખતમાં સામાયિક વ્રત મન-વચન-કાયાથી પાપ કર્મ કરવું નહિ-કરાવવું નહિ અને કરતાને અનુમોદવું નહિ એવા ૯ ભાંગા પૈકી જેટલા ભાંગા મારાથી પળાય તેટલા હું તે માટે ભાંગાથી (સમજીને) આદરીશ.

(૧) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી ( ) માઇલથી વધારે દૂરની જગાથી ઉપભોગ પરિભોગની વસ્તુ મગાવીશ

નહિ અમર એટલે કુલી આવેલી વસ્તુ વાપરીશ નહિ. (આ વ્રત અથવા નિયમ સ્વદેશભક્તિનું છે હિંદુસ્તાન બહારથી વસ્તુ મગાવીશ નહિ અગર કોઈએ મગાવેલી હશે તે વાપરીશ નહિ એવો નિયમ લેવાથી આ વ્રત ઘણું સારું પાળ્યું ગણાશે.)

(૧૧) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી, ધર્મ અને અપ્રમાદપણા વડે ભાગ આત્માને પોષીશ અને વર્ષમાં ( ) દિવસ પૌષધ વ્રત આદરીશ કે જે વ્રતમાં ૨૪ કલાક તદન નિર્દોષ જીવન ગુજારવાનું હોવાથી આત્મા પોતાની ઉત્ક્રાન્તિ સંબંધી વિચાર કરવાની ફુરસદ અને સગવડ પામે છે

(૧૨) આજના દિવસમાં મારાથી બનશે ત્યાં સુધી પાત્ર દાન અને સુપાત્રદાન કરીશ અને એ રીતે મારી બોગાંતરાયી કર્મનો નાશ કરીશ. ગરીબ દુઃખી પ્રાણીઓને દાન ઉપદેશક વર્ગને દાન, ત્યાગી મહાત્માને દાન એમ પાત્ર અને સુપાત્ર દાન દેવાનો પ્રસંગ સાધીશ અને નસીબ આપે ઉલ્લાસથી દાન દઈશ.

* * આ દરેક નિયમમાં મે " મારાથી બનશે ત્યાં સુધી" એવા શબ્દો વાપર્યા છે પરન્તુ નિયમમાં એવી કોઈ ચીજ નથી કે જે હું પાળું તો ન બની શકે. માત્ર મારા બારવ્રત ઉપર–બાર નિયમ ઉપર લક્ષ આપવાર છે માટે હું મારા ચિત્તને દૃઢ બનાવીશ અને મોક્ષનું ધ્યેય અને કર્તવ્ય વધારે એ નિયમને લક્ષમાં રાખીને કરવા આ નિયમો હું સુસ્તપણે પાળીશ. જાઓ અને દયાના સાગર જેવા શ્રી વીર પ્રભુનું ધ્યાન મને એવું સુસ્થાપણું આપનાર થાઓ !

આ ભાગ નિયમો સ્થાપ્યા પછી હવે આપણ આનંદજીના આશ્રમમાં નીકળતા બીજા ન્યાનો વિચાર કરીએ.

આનંદજી જેવા પતિ આજ ઘો [illegible] નથી. પોતાના અને અને અથાત્ ધર્મપત્નીને તેણે માનિક ધર્મ [illegible] આદરા આ હનો [illegible] કે તે તેણીને પોતાના [illegible] સુખો માટ [illegible] નથી ન [illegible] અને તેણીના [illegible] સુખ માટે ચિંતા કરતો [illegible] પોતાની સ્ત્રીને ધનધાન આપવું અને તેના આત્માના ઉદ્ધાર માટે [illegible] ની મમત કરી આપવી.

આશ્ચર્યની વાત [illegible] આવા [illegible] આનંદજી જેવો [illegible] અને [illegible] હતા [illegible] તથા [illegible] તેઓને [illegible] આશ્ચર્ય [illegible] હતા [illegible]! આપણા મુનિવરો પોતાના [illegible] વિચારના આ [illegible] મન ક્યારે [illegible] થશે! [illegible] નાનીમુની વાત નથી. [illegible] જ્યાં સુધી [illegible] નહિ

અનાદિને [illegible] તો [illegible] પોતાના [illegible] [illegible] ને [illegible] ને ધાર્મિક કર્માન્ [illegible] " નું [illegible] અને આનંદ [illegible] આત્મા [illegible] " [illegible] [illegible] [illegible] [illegible] આત્મિક [illegible] [illegible] [illegible] તેમને

ગૌતમજીનો દાખલો લ્યો મૃગાવતી ક્ષમાવવાની ફરજ પાડતાં શીખે તો કેવું સારૂં !

અરે આશ્ચર્ય તો જુઓ ! ભગવાનના વડેરા સાધુને જે જ્ઞાન વર્ષોની ક્રિયા છતાં (તે વખત સુધીમાં) ન ઉપન્યું એવું અવધિ જ્ઞાન ગૃહસ્થ આનંદજીને ઉપન્યું ! આજે સાધુઓ અમે ઉંચા ઉત્તમ શ્રાવક (માત્ર સાધુ) કરતાં પણ પોતે ઉત્તમ છે એવો દાવો કરે છે તેઓ આનું રહસ્ય પોતાના મનમાં જ વિચારવા કૃપા કરશે તો ઘણો જ્ઞાન મળશે.

શ્રી આનંદજીનું ચરિત્ર વળી પણ એક સત્યપર પ્રકાશ નાખે છે તેમણે નિયમ લીધો હતો કે " સાધુપણું ન પાળતા હોય એવા અરિહંતના સાધુને પણ હું નમસ્કાર કરીશ નહિ તેમની સેવા ભક્તિ કરીશ નહિ, (સાધુ તરીકે) વસ્ત્ર-અન્ન-જળ વગેરે પ્રતિલાભીશ નહિ. આ નિયમ લેનાર આપણા ભગવાનના મુખ્ય શ્રાવક જ છે અને એ હકીકત નોંધનાર સાક્ષાત્ ગણધર માનનીય મહાત્મા છે એવી મહા આજ્ઞા જે જે સ્નોને હોય તેમને હું તેજ વીતરાગ પ્રભુના નામથી-પૂછું છું કે તેઓ જે જે સાધુઓને વંદન કરે છે તે સર્વની લાયકાતનો તેમણે કદિ વિચાર કર્યો છે ? શું બધા સાધુ ખરા સાધુ છે ? ને શાસ્ત્રની આ વાતપર લક્ષ આપવામાં આવે તો જલ્પનાથી નિયમ જવામાં નિયમ ઘસેલો સઘળો કચરો આપોઆપ દૂર થઇ જાય.

व्रतोना रक्षण माटे

कुंचीओ

પ્રભુદેવજીના અધ્યયનમાં શ્રાવકના વ્રતો (નિયમો) નો અધિકાર કહેલો હોવાથી એ દરેક અધ્યયન કરતાં શ્રાવક વર્ગને વધારે ઉપયોગી વસ્તુ છે. બાર વ્રતોનાં મુખ્યપણે એ ઉપરથી જ યોજાયાં છે. આ વ્રતો એ જ શ્રાવકનું જીવન છે માટે તે વ્રતોનો હેતુ આપ આપ્યા પછી હવે એ વ્રતો બરાબર કેવી રીતે તેમનું રક્ષણ કરવું એ સમજવામાં થોડીક કુંચીઓ આપવી જરૂરી જાણીને નીચે (મારા પોતાના અનુભવમાં નહિ કે શાસ્ત્રના વર્ણનમાં રહે) હો હું લખું છું —

૧ સમકિત રત્ન સાચવવા માટે કુંચીઓ.

(૧) અરિહંતદેવ-ધર્મ-ગુરુને માનનારા એવા શ્રાવકને સુખી તેને અથવા ધર્મ કર્મ કર જોઈને તું મિથ્યાત્વ તરફ ઢળવા માંડે તો પહેલાં વિચાર કે તે શ્રાવક સુખ પામે છે તે તેના દેવ-ધર્મ-ગુરુના પ્રતાપે નહિ પણ પૂર્વ ભવની પોતાની જ કરણીનું ફળ ભોગવે છે. તે પાપનો ઉદય રહેશે એટલે પછી મિથ્યા ધર્મનું કરેલું ફળ પણ તે જ ભોગવશે. અને ચમત્કાર તો ઘણી વખતે મનની નિર્બળતાનો પ્રભાવ હોય છે અને કેટલીક વખતે માનતા માનેલા દેવનાનું કારણ હોય છે તેને ધર્મ સાથે કશો સંબંધ નથી.

(૨) અસત્ ધર્મમાં વધારે ધામધૂમ હતી જોઈ તે ઉપર મોહી જવાનું મન થાય તે પહેલાં વિચારજે કે—નકલી માલને ઓપની જરૂર છે સોનાને ઓપની જરૂર નથી. સાચો ધર્મ તો ધામધૂમ વગરનો—શાંત વહેતી પાણીનો મોટો જથો ખેંચી જનારી નદી જેવો હોય છે.

૨ પહેલા વ્રતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) મૃત્યુ અને પીડા તને અપ્રિય છે તો બીજા પ્રાણીને તે કેમ પ્રિય હોય શકે ?

(૨) ત્હારી જરા જેટલી આગમચી હજારો જીવનો સંહાર થાય તો ત્હારો પણ એવો વખત કેમ નહિ આવે કે જ્યારે તું પણ એવી જ રીતે બેહાલ-બેહાલ ! નિર્જીવ ચીજને પણ લાત મારવાથી જ તે વાગે છે તો આ જીવો વેર લીધા સિવાય કેમ રહેશે ?

(૩) જંતુને મનુષ્યને તથા નરકના જીવને જીવવું એક સરખું વહાલું જ.

(૪) આરંભ-સમારંભથી તું કદી ધરાયો નથી. અને એના નતીજો ભરવું પડે છે. હવે કારણની શોધ થઈ ત્યારે તો તે કારણ ટાળવા કાંઈક યત્ન કરીશ ના ?

૩ બીજા વ્રતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) જેમ તું જુઠું બોલે તેમ સર્વ જણ જુઠું બોલે તો દુનિયાનો વ્યવહાર કેમ ચાલે ?

(૨) માણસની પરીક્ષા તેની જીભ છે. જીભમાં ઝેર અને જીભમાં અમૃત છે શ્રી તીર્થંકર પ્રભુના ઉપદેશ વખતે ફુલ વરસ્યાં કહેવાય છે

(૩) જેને મ્હોંડે લગામ નથી તેનો વિશ્વાસ કોણ કરે ?

(૪) સાચું વચન અને શુદ્ધ શિયળ એમે પાળનારને વચન સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ વાતને ભલે સુધરેલા કહેવાતા લોકો ન માનતા હોય પણ તે અક્ષરે અક્ષર સત્યકથન છે

(૫) જુઠાથી મેળવેલું માન કે પૈસો લાંબો કાળ ટકી શકેજ નહિ. સત્યથી ધીમે ધીમે મેળવેલું તેજ સહિસલામત છે.

(૬) પાંચ રૂપિયાની ખરીદીની ચીજ તારે સાત રૂપિયે વેચવી હોય તો તેમ કરવાના બે રસ્તા છે.—(૧) "[illegible] મને એ ચીજ સાડા સાત રૂપીએ પડી છે પણ ખપત ન હોવાથી (અગર તમારા જેવા ગ્રાહકને પાછા ન જાય તેથી) આપને આપવી પડે છે" એમ કહીને સાત રૂપિયા ઉપજાવવા અગર (૨) મને તો મને તેટલા પડી છે પણ સાતથી ઓછા આપવાનું પાલવે તેમ નથી" અથવા તો "આવી ચીજની ખપત ઓછી હોવાથી પાંચની પડતરના સાત લીધા સિવાય વધારે પાલવે નહિ એવી તનું કાંઈ કહેવું બન્ને રસ્તે પરિણામ તો એક સરખું (૨ નો લાભ) થશે. પણ પહેલી રીત પકડનાર દુકાનદારનો વિશ્વાસ ઉઠી જવાથી ફરી તે ગ્રાહક તેને ત્યાં કદી જશે નહિ.

(૭) ચોરી ચાડી પરના જીવ દુભાવે / તથા અગર કોઇની થાપણ ઓળવવા પહેલાં ખ્યાલ રાખો કે એ કૃત્યો માટે સરકાર

ક અને કે બન્ને શિક્ષા કરવા તૈયારજ છ ઉપરાંત નવા મો પૈસા વેરવું સારૂ આવતા જ મમા આપવું પડશે તે તો ભા

(૪) ત્રીજા મતના રક્ષણ માટે કુચીઓ.

(૧) ખોટાં આપો સખનારો માણસ સરકારનો ગુન્હેગાર છ

(૨) એક માલ ખતાવી બીજને આપનારો અને તે આનક હોય કે અંગ્રેજ હોય તેમાં કશો ભિન્નભેદ નથી. એવા લોકો ધર્મને જાતને અને દેશને હ ત્યે છે.

(૩) " ચોરીનાં હાંડાં કદી સીંકે ચડ નહિ. " અને ખા ખી ખાખ. " ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે "

(૪) દુશ્મનના છુપા દુતની મારફ ખાર રસ્તે આવશે પૈસો તારી તીજોરીમાં પેસી તેમાંના સર્વે નાણાને લઈને છટકી જવા માર / આવે છે.

૪ ચોથા વતના રક્ષણ માટે કુચીઓ.

(૧) નવ વા વિશુદ્ધ વિક્રમના અર્ગે વચન સિદ્ધિ શ્રે કસાળે રહેલી છે.

(૨) ગૃહસ્થાવાસમાં રહેલો મનુષ્ય પરસ્ત્રીથી શારીરિક કે મા નસિક સંબંધ તન ત્ર અને સ્વસ્ત્રીમાં નિયમિતપણું સાચવી શકે તો તે ભાવ સાધુજ છ એવાજ નરરત્નો ધર્મ તથા દેશના આ ભુષણ રૂપ છ

(૩) ગમવતી સ્ત્રીની સાથત પાંચમા માસથી બન્ના છોકરો તથા પારસ્ત્રી પ્રમવસન્ન સવાદ આવે છ

(૪) એક વખતના સમાગમથી અસંખ્ય જીવોની હિંસા થાય છે એ વાતની શોધકોએ ખાત્રી કરી છે તે ઉપરાંત આ પણ ભુલ્યું નથી જાણ્યું કે જે વીર્ય દ નગે જીવ ઉત્પન્ન કરાવનાર તેમના નાશ કરવાનો છે તે રીતે મરીની ખાસી મઝાના ભુમાવવુ ન કાગળને ઉઠ ા રહ્યા કેવા મરવુ છે?

(૫) શરીરના વ્યભિચાર કરતાં મનનો વ્યભિચાર કાંઈ ઓછો હોવાનું નથી. મનને નમાલું પાડનાર શરીરને રોગી નાખનાર નીતિને ભ્રષ્ટ કરનાર અને ધર્મને પાડી પાડનાર આ માનસિક વ્યભિચાર જ સઘળાં દુઃખો અને સત્યાનાશની પાછીનું મૂળ છે.

(૬) કોઈ અનુપમ સુંદરીનું દર્શન કોઈ શૃંગારી નવલકથાનું વાંચન કે કોઈ પુસ્તકનો પાઠ તને માનસિક વ્યભિચારના ખા । ખાં હોમવા તૈયારી કરે ત્યારે તું વિચારજે કે —

(અ) આ જન્મ અનંત પાપો અને અસંખ્ય અવિ ધ્યાના જ મા સાથે સંકળાયલા છે તેના પાપો જ માની એક ઝરવા અને આગલા જન્મો માટે છૂટી મળવા કાંઈક ઉત્તમ કરવાનું છે કે જ અનેનાં દુ:ખ આગળ નહિ પણ આજ નદમન હવે પછી પણ ભોગવવાનાં છે.

(બ) વિષય એ એકાંત સુખ આ દુનિયામાં નથી પણ તે અનુભવ લેવાનો ખપ કરે તો ભારતના રેખાએ ઉત્તમ શ્રમણનાં પગલાં સત્પુરુષોનો સમાગમ અને દુર્બીન માટે એમણે જ મન રહેલી છે તેનો લાભ ભાગ પણ વિષય સુખમાં નથી જ વળી વિષય વિષ જેટલી વાર ચાખ છે તેટલીજ વાર સુખ છે ત્યારે

ઉપરનાં સુખો પ્રથમ ટકે છે નિયમ સુખ જેટલી જેટલી વખત લેવામાં આવે છે તેટલી દરેક વખત હવે પછી તે સુખ ભોગવવાની શક્તિ ઘટતી જાય છે અર્થાત્ ભવિષ્યના સ્વાસ્થ્ય ભોગે વર્તમાનનું કિંચિત સુખ મળે છે જ્યારે ઉપરનાં સુખો જેમ જેમ ભોગવાય છે તેમ તેમ ભવિષ્યમાં તે ભોગવવાની શક્તિ વધતી જાય છે

(ક) તું નાટકમાં જાય છે ત્યારે જારસ્ત્રોટકના વખતથી વધારે વાર બેસવુ તને ગમે છે ?

(ખ) ભોગવિલાસ એ જ શું ત્યારે મુખ્ય કર્તવ્ય ? ત્યારે પર તરફનાં કુટુંબ તરફનાં જ્ઞાતિ તરફનાં સ્વદેશ તરફનાં સ્વધર્મ તરફનાં કાંઇ કર્તવ્યો ત્યારે કરવાનાં છે કે નહિ ? અને જો છે તો ભોગવિલાસમાં અર્પણ કરેલું મન તે બધાં કર્તવ્યોની સેવામાં કાંઇ હિસ્સો કેવી રીતે આપી શકશે ?

, જ્યારે જ્યારે તને અયોગ્ય પાત્રમાં કે અયોગ્ય વખતે વિષય વિકાર ઉત્પન્ન થાય ત્યારે ત્યારે આ ભાગમાંથી આ નાથી કહાડી આ વાક્યો વાંચી તે પર મનન કર ?

૬ પાંચમા તથા સાતમા મતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) દેવનાઇ રિદ્ધિ ભોગવવા જ્યાં તું ધરાયો નહિ તો હવે શું ધરાવાનો હતો ? માટે સંતોષ એજ પરમ સુખ છે એમ સમજ

( ) દુનિયામાં વિવિધ પ્રકારના ભોગોપભોગોના પદાર્થ છે તે બધા ના તને કાંઇ મળવાનાં (નથી તેમ (તે બધાની તને જરૂર પણ નથી તો જરૂર ઉપરના અને તારી શક્તિ બહારના પદાર્થોની ભખી કરે તો તને શું નુકશાન છે ?

૭. છઠ્ઠા તથા સાતમા વ્રતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) જે ગામ જવું નહિ તેની વાત શી કરવી ?

(૨) સર્વ દિશામાં ભટકતા શરીરને તથા મનને સ્થિર કરી અંતર્દિશામાં મહાલવાનો પ્રસંગ ભાગ્યશાળી આત્માને જ મળે છે.

૮. આઠમા વ્રતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) આર્ત-રૌદ્ર ધ્યાનથી કાંઈ વળતું નથી પણ શરીર શુષ્ક થાય તો ખરું. કોઈ વખતે ક્ષય થાય કોઈ વખતે મગજ ઉપર ગરમી ચઢી જાય અને તેથી મૃત્યુ થાય.

(૨) જેમાં તારો ઉપાય નથી તે માટે નાહક ચિંતા શા સારુ કરવી ? શક્તિ હોય તો બગડી સુધાર. ન શક્તિ હોય તો શાંત બેસી રહે.

(૩) કોઈની પૂંઠ પાછળ નિંદા કરવાથી ચાડી ખાવાથી અને કાનમાં કરવાથી તું જ બંધાઈ પડે છે ખાડો ખોદે તે પડે છે

(૪) જે માણસોને તું ખોટો ઉપદેશ કરે છે તે સર્વથી થતાં દુષ્ટ કૃત્યોમાં તારો ભાગ છે તેઓએ કરેલાં પાપનો હિસ્સો તને ઘેર બેઠાં મળશે

૯. નવમા વ્રત માટે કુંચીઓ.

(૧) ધ્યાનમાં જે આનંદ છે તે બીજા કશામાં નથી. મોક્ષની વાનગી એ જ છે.

(૨) ગોળ ખાનારો માણસ ગોળને મૂકીને ખોળ ખાવાનું મન કરે તે તથા સામાયિકમાં બેઠેલો માણસ સંસારવ્યવહારમાં ચિત્ત જોડે તે બન્ને એક સરખા ડાહ્યા (!) છે

૧૦ અગિયારમા વ્રતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) મોક્ષનો રસ્તો મુનીવ્રત લેવાની વાનગી પોષધ

(૨) ચોવીસ કલાક ભાવ વ્યવહારની ભમણામાં ગોથા ખાતો તેમાંથી બચીને ખાવા-પીવા-ન્હાવા આદિ સર્વ જંજાળોમાંથી મુક્ત થઈને અન્તર્દષ્ટિમાં લીન થવાનો- આત્મનોપ્રતિનો લાભ એ મળે છે તે ખરેખર ભાગ્યશાળીપુરુષ છે

(૩) બાહ્ય ક્રિયાથી અમરાપેક્ષ ચિત અંતરધ્યાનથી શાંત અને વધારે સારું તથા વધારે ધ્યાનમાં કામ કરવા સમર્થ થાય છે

૧૧ બારમા વ્રતના રક્ષણ માટે કુંચીઓ.

(૧) દુનિયામાં ઉપકારી પુરુષને દાન દેવું એ મોટા લાભનું કારણ છે

(૨) દાનમાં અપાતી વસ્તુ તોળાતા નથી પણ દાન લેનારની લાગણી અને દેનારના ભાવ એજ તોળાતા છે.

૧ સંથારાના રક્ષણ માટે કુંચીઓ.

(૧) હું દરરોજ સામાયિક કરું છું ત્યાગી આ મુસાફરીનો નરક અનુભવ મને બીજી મુસાફરીમાં સીધે રસ્તે દોરશે.

(૨) આ શરીર મ્હારું ભાડુતી ઘર છે. તે ખાલી કરતાં વખત તેના માલિક મારે ઉપકાર્યો તેણે તે આપી જાય છે ના —ઉપકાર વચ્ચે વધી ભાવ તેને શું લાભ થશે ? પરમાર્થ તેનાથી તેમાં વાસ કર્યો તે અમુક અંગે પાર પાડીને મારે ધ્યાન સ્વભાવ મુસાફરી આરામ ભોગવવા જોઈએ.

(૩) મુસાફરી દરમ્યાન શાનમાં યુ જીવનનું અને આખરે દાન પ મળી લઉં એજ આ મ્હારી મુસાફરીનો આશય છે

અધ્યયન ૨ જું

સુશ્રાવક કામદેવ



તે કાળ, તે સમયને વિષે ચંપા નામે નગરી હતી. તે નગરીમાં પૂર્ણભદ્ર નામે ચૈત્ય (દેવળ) હતું. જીતશત્રુ નામે રાજા અહીં રાજ્ય કરતો હતો. આ નગરીમાં એક ધનાઢ્ય ગાથાપતિ વસતો હતો, જેનું નામ કામદેવ હતું. તેના ઘરમાં છ કોડી સુવર્ણ મહોર દાટેલી હતી, બીજી છ કોડીથી તે વ્યાપાર કરતો અને છ કોડી ઘરવખરી વિસ્તારનો પથરાવો હતો. ઉપરાંત દશ હજાર ગાયોનું એક એવા છ ગોકુળનો તે માલીક હતો.

કામદેવની ધર્મપત્ની ભદ્રા પણ ઘણી રૂપવતી અને પાંચ ઇન્દ્રિયોએ કરી સહિત હતી.

એકદા ભગવાન મહાવીર સ્વામી પૂર્ણભદ્ર ચૈત્યને વિષે પધાર્યા. તેમને વાંદવા (જેમ આનંદ શ્રાવક ગયા હતા તેમ) કામદેવ પણ ગયા અને ભગવાનને વાંદી–નમસ્કાર કરી દેશના સાંભળવા બાદ આનંદની પેરે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો અને પછી ઘેર આવીને ઘરનો કારભાર વડા પુત્રને સોંપ્યો.

(આશરે ચૌદમે વર્ષે પછી અર્થાત્ ચૌદમે વર્ષના અંતે એવા કામદેવ શ્રાવક સ્ત્રી, વડો પુત્ર અને મિત્ર વગેરેને પૂછીને, પૌષધ શાળામાં આવીને ધ્યાનની માફક પૌષધ કરવા લાગ્યા અને શ્રાવકની ૧૧ પડિમા અંગીકાર કરી.

એમના પૌષધવ્રતમાં બેઠેલા કામદેવને ચલિત કરવાના ઇરાદાથી એક મિથ્યાદૃષ્ટિ દેવતાએ જુદાં જુદાં ત્રણ રૂપ કરી ઘણા ઘણા ઉપસર્ગ દીધા. (પરન્તુ તે કસોટી તેમણે સમભાવે પસાર કરી.)

પ્રથમ તો દેવતાએ એક મહાભયંકર પિશાચરૂપ વિકુર્વ્યું. ઉપ પાડેલા સૂડલા જેવું તેનું માથું હતું તે પર, ડાંગરનાં [illegible] ક્ષની અગ્નિ સરખા તિવ્ર અને ચળકતા પીળા રંગના વાળ હતા; પાણી ભરવાના મોટા ઘડાની ઠીબ સરખું નીલાડ (કપાળ?) હતું

+ [illegible] Materialization [illegible]

પાશ્ચમલ્લીની પુછડી જેવી તેની આંખની પાંપણ હતી, જે વારંવાર ફરતી અને ગુમ્મજી ચમકતી. આંખના ડોળા વિકાર રહિત અને નિર્મળ હતા. મન મુખડ જેવા હતા. પોપટની નાસિકા જેવી તેની નાસિકા હતી. જેનાં મૂળના ચડાળુંના આકારે બે નસોરા હતાં. પાકતા પુંછડ સરખી તેની મૂછ શોભતી. પીળા અને કરમજી હતી. ઉંદરના દોરા જેવા તેના દાઢ ખાંભા અને સમ ના હતા. ચાવવા ખપડ જેવા દાંત હતા. મુખડ જેવી પરાળી તેની જીભ હતી. હડપચી જેવી હડપચી હતી. પી અરસાના ડુ ચાના અર્ધભાગ જેવા તથા શુભ વપુના કઠિન ખાંધ હતા. મોટા નગરના દ્વાર સરખું તેનું હૃદય હતું. મોટી પોળીના આકાર તેના બે હાથ હતા. પથ્થરની નિસા સરખી તેના હાથની બે હથેળીઓ હતી. પથ્થરની નિસાનરા સરખા તેના હાથની આંગળીઓ હતી. છીપ સરખા તેના નખ હતા. ત્રાજવાના સર સમાન તેના બે સ્તન હતા. ઘેટાના ગુરખ સરખું તેનું પેટ હતું. પાણી પાયાની પરનાળ સરખી તેની નાભિ હતી. ચિકાના આકારે ઘડેલું તેનું મુખસ્થાન હતું. કપાળથી બેઠેલી ગુણ વીંટી હાથ નથા આકારે તેના બે ઢાલ હતા. મોટી પોળીના આકારે તેની બે સાથળ હતી. અર્જુન નામે તૃણના સરખી તેની શ્રોણી હતી. ચાલતી ઝેરના આકાર તેના બે પગ હતા. ગાડાના ઉંટડાના આકાર વ હતી ભરી અપાનું દીસતું હતું. આ જાતનું કરીને ઝુમ ભરાર કરીને નીચે આકારી હતી. કટીની ગાયા તથા ઉદરની આગ ધર્મ હતી. કાન આભરણ તરીકે નોળીયાને ધાર્યો હતો. આખું ઉજમરત રૂપ હતું. આવા અતિ ભયંકર પિશાચનું રૂપ તાંબેતા

ચડતો આગનો અરરાટ હાસ્ય કરતો નાના પ્રકારના પંચવર્ણે રોમ સમે સહિત થઈ એક મોટી નીલોત્પલ (કમળ) સરખી ઝળહળતી અને અળસીનાં ફુલ સરખી તરવાર હાથમાં ઉપાડી ગ્રહીને કામદેવ શ્રાવક જ્યાં પોષો કર્યો છે ત્યા આવ્યો. આવીને અતિ ક્રોધાયમાન સ્વરૂપથી સસવાટ મારતો મોટા શબ્દે કહેવા લાગ્યો: "અહો કામદેવ શ્રાવક! અપ્રાર્થિત મરણના વાંચ્છનાર! શુદ્ર પર્વચના ધણી! શુદ્ર લક્ષણવંત! હીણી ચૌદશ-પુનમના જન્મેલા! લજ્જા શોભા શ્રી અને કીર્તિ રહિત! જો તું પોષધ નહિ ભાંગે તો તારાં આ તરવારે કરી ખંડોખંડ કટકા કરી નાખીશ તેથી તું અતિ પીડા પામી આર્તધ્યાન અને રૌદ્રધ્યાને કરી અકાળે મરણ પામીશ."

એ પ્રમાણે એકવાર-બેવાર કહ્યું, પણ એથી કામદેવ શ્રાવક પણ બીન્યા નહિ, ત્રાસ પામ્યા નહિ, કંપ્યા નહિ તે તો અણબોલ્યા રહી ધર્મધ્યાનમાં દૃઢ બન્યા.

કામદેવ શ્રાવકને ધર્મધ્યાનથી નહિ ચૂક્યા જાણી અતિ ક્રોધાયમાન થઈ કપાળે ત્રણ સળોએ ચડાવી, કામદેવના શરીરના* તરવારે

---

* આ વર્ણન આસ્તેઆસ્તે, મનનપૂર્વક, વાંચવા જેવું છે. મરણાંતના સરીખા કષ્ટ સહન કરતા છતાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન નહિ કરતાં ધર્મધ્યાનમાં જ રમ્યા એ જ ધર્મની કસોટી અને એ જ ધર્મનો અર્ક છે. ખીલાના ઓગળતામાં થઈ, બળીને કોલસા બનેલો હોવા છતાં તે ઓક્સીજન (પ્રાણવાયુ) નામના વાયુના ફુંકથી ... હોય છે તો તેની પ્રકાશની ... પણ ... પ્રકાર થાય છે. તેવી જ રીતે ધર્મધ્યાન છે તે ઓક્સીજન છે. સ્થૂલ ખીલે અને બળતો પણ એ ધર્મધ્યાન રૂપી ઓક્સીજન ફુંકાતી મહાધ્યાન થઈ આધિ-વ્યાધિ કે સર્વ રૂપી અગ્નિની અસર જ થતી નથી. આ વાત સર્વ વાતથી સત્ય અને અનુભવસિદ્ધ છે.

કરી ભયાનક રૂપ કર્યાં તેથી કામદેવને અલ્પમાત્ર અસર પ્રસિદ્ધ ઉત્પન્ન થયો પણ તે તેમણે શુદ્ધ પરિણામે-સમભાવે સહન કર્યો. મનના અધ્યવસાયને તિલ માત્ર પણ ડગવા દીધા નહિ.

પોતાના આ આચરણે નિષ્ફળ ગયો જોઈ દેવ પિશાચનું રૂપ તજીને હાથીનું રૂપ વિકુર્વ્યું એ હાથીનું રૂપ કેવું હતું!

ચાર પગ, સૂંઢ, પૂંછ ગુહ્યસ્થાન એ સાત અંગ ધરતીએ અડ્યાં છે આગળથી ઉંચા મુકસી પરે પાછળથી નીચા બકરીના સરખી લાંબી કૂખ ગણપતિના જેવું લાંબુ પેટ હાથણીના જેવા પોતા કાનપણે સાનાની પાગા બેઠી છે ધનુષ્યની પરે સૂંઢનો આગમાન પીઠ વળી છે કાચબા સરખા નખ તથા પગ છે

એવા ભયંકર અને મદોન્મત્ત હાથીનારૂપ નગની પેરે ગર્જ કરતો મન અને પવનના વેગે જ્યાં પૌષધશાળાના વિષે કામદેવ છે ત્યાં આવી કહેવા લાગ્યો "અહો કામદેવ! તેં જે મન નહિ ભાંગીશ તો તને સૂંઢે કરી પકડી, પૌષધશાળાની બહાર લઇ જઇ આકાશે ઉછાળી પડતાં અને ઘણા તીક્ષ્ણ મૂશળ સરખા દંતુશળે તને વિંધીશ ઉપરાંત અને નીચે નાખી ધરતીને વિષે પગવડે રગદોળીશ જેથી તું અત્યંત પીડા પામી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરી અકાળ મરણ પામીશ."

પરંતુ કામદેવ જરાએ ડર્યા નહિ. તેથી તે દેવે બે ત્રણ વાર ઉપર પ્રમાણે કહ્યું છતાં કામદેવના મનના અધ્યવસાય જરા પણ ડગ્યા નહિ. તેથી દેવતાએ ક્રોધવશાત થઈ આમ તેમ કરી કામદેવને પકડી ઊંચા આકાશે ઉછાળ્યો અને મૂશળ સરખા તીક્ષ્ણ દંત-

અને પાછો ઝીલી, પછી ધરતીએ નાખી, ત્રણવાર પગવડે રગદોળ્યો આથી કામદેવને ઉજ્જ્વળ (તિવ્ર) વેદના થઈ, તો તેણે સમભાવ સહન કરી. મનના અધ્યવસાય લેશ પણ કંપવા દીધા નહિ.

આ બીજો અખતરો પણ નિષ્ફળ ત્યારે દેવ પૌષધશાળા બહાર જઈ ભયંકર સર્પનું રૂપ વિકુર્વ્યું એ સર્પનું રૂપ કેવું હતું!

જેનામાં ઉગ્રવિષ તથા દૃષ્ટિવિષ છે શરીર મોટું અને મહાકાળ સરખું અસત કાળું છે આંખો અગ્નિના ભડકા સમ પ્રજ્વલિત અને ધમણી સરખી ચાલી છે ધમધમાટ કરતી ચંચલ બે જીભો વારંવાર બહાર કાઢે છે જીભના મોરલા જેવો બે શિખા છે જેના જેવી કાળી અને મોટી ફેણ સહિત જેની ડોક છે તે જેવી વિસ્તીર્ણ કરી શકે તેવી ધજા શકે છે અંદર ભરી છે એવું અસત ડરામણું સર્પનું રૂપ વિકુર્વિને સુથારની ધમણની પેરે ધમધમાટ શબ્દ કરતો અતિ રોષ ધારણ કરીને પૌષધશાળાને વિષે જ્યાં કામદેવ શ્રાવક છે ત્યાં આવીને કહેવા લાગ્યો “અરે કામદેવ! જો તું આ વ્રત નહિ ભાંગીશ તો તારા શરીર ઉપર પૂંછ સહિત હું ચઢીશ અને ડોકને વિષે ત્રણ વીંટા દેઈશ અને આકરા તીખી ઝેરપુર ડાઢાએ કરીને તારા હૈયાને વિષે ડંખ દેઈશ તેથી તું મહા તિવ્ર વેદના ભોગવી, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરી અકાળે મરણ પામીશ.” આ પ્રમાણે બેવાર ત્રણવાર કહ્યા છતાં પણ કામદેવ શ્રાવક જરા પણ ડર્યા નહિ. તેથી ક્રોધાયમાન થઈ કામદેવ શ્રાવકના શરીરના પશ્ચિમ ભાગે સરસર ચઢીને ડોકે વિષે ત્રણ વીંટા દીધા અને તિક્ષ્ણ વિષ ભરી ડાઢાએ કરી ઉર વિષે ડંખ દીધા. તેથી કામદેવ શ્રાવકને સમગ્ર શરીરે અતિ ઉજ્જ્વલ

વેદના પામી. તોપણ પોતે ધર્મથી ચળ્યા નહિ અને વેદના શુદ્ધ પરિ
ણામે સહન કરી.

ઉપર પ્રમાણે ત્રણ પરિસહ દીધા છતાં પણ કામદેવ શ્રાવક ધર્મથી ચળ્યા નહિ. તેથી દેવતાએ નિરૂપાય થઈ સર્પનું રૂપ છોડીને એક મોટું પ્રધાન દેવરૂપ વિકુર્વ્યું અને પંચવર્ણાં વસ્ત્ર પહેરી, હાર અઢારસરો હાર નાખી અને કુંડળ સાથે મુગટ, પુષ્પાદિના ચમત્કાર કરતા અને શોભિત ઉદ્યોત કરતો આવીને આકાશ માર્ગે રહી કામ દેવને કહેવા લાગ્યો. "અહો કામદેવ! ધન્ય છે તમને! તમે પુન્યવંત કીર્તિવંત અને શુભ આચરણવંત છો. હે દેવાનુપ્રિય! એક વખત શક્રે ચોરાશી હજાર સામાનિક દેવતા અને અન્ય દેવ-દેવીઓના પરિવાર વચ્ચે સિંહાસને બેઠા થકા કહ્યું હતું કે આજના સમયમાં જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે ચંપાનગરીએ કામદેવ શ્રાવક પોષધ શાળાએ પોષધ કરી બેઠા છે તેમને કોઈ દેવ, દાનવ અસુરકુમાર, ગંધર્વ વ્યંતર રાક્ષસ કિંનર, કિંપુરુષ વગેરે ચળાવવા સમર્થ નથી. એ શક્રના વચન ઉપર મને પ્રતીત નહિ આવવાથી હું તમને ચળાવવા આવ્યો હતો. પરંતુ જે પ્રમાણે શક્રે વખાણ કર્યાં તેવા જ તમે સત્યપણે છો તે વાત મેં પ્રત્યક્ષ જાણી લીધી. તેથી હે દેવાનુપ્રિય! હું તમને ખમાવું છું ના ! અપરાધ ખમજો, હવેથી એ પ્રમાણે નહિ કરું. એમ કહી નમસ્કાર કરીને પગે પડી બે હાથ જોડી, વારંવાર વંદન કરી દેવતા જે દિશાથી આવ્યો હતો તે દિશાએ ગયો.

પછી કામદેવ શ્રાવકે ઉપસર્ગ સમ્યો જાણી કાઉસ્સગ્ગ પાર્યો. એવામાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવ ચૌદ હજાર સાધુના પ

ત્યારે ઉપર કહેલા ઉદ્યાનને વિષે પધાર્યા. એ વાત જાણી તેમને વાંદી નમસ્કાર કરી પછી પોષધ પારવો એવો વિચાર કરી શુદ્ધ ઉજ્વળ વસ્ત્ર પહેરીને પણ મનુષ્યના પરિવારે ભગવાનને વાંદવા ગયા. ત્યાં ભગવાને વચનામાં ધર્મકથા કહી, પછી કામદેવ શ્રાવક પ્રત્યે કહ્યું. "અહો કામદેવ શ્રાવક ! આ ૮ અર્ધ રાત્રિને સમયે તમને દેવતાએ પિશાચ, હાથી અને સર્પનું રૂપ વિકુર્વીને ત્રણ ઉપસર્ગ દીધા તે તમે સહન કર્યા પછી દેવતા દેવલોકે ગયો એ વાત સાચી ?"

કામદેવ કહે. "હા સ્વામિન્ ! સાચી."

પછી શ્રી મહાવીર સ્વામી પણ સાધુ–સાધ્વીને આમંત્રીને કહેતા હવા "અહો આર્યો ! કામદેવ શ્રમણોપાસક (શ્રાવક) ગૃહસ્થાવાસમાં રહેતાં

---

* અહીં આ વાત વિચારવા જેવી છે કયાંથી પણું આને માનસિક હોય છે અને આ આ ... રૂપથી પણ કોઈ ... છે. પહેલા ઉપસર્ગમાં કામદેવના ... ના ટુકડા કર્યા હતા, બીજા ઉપસર્ગમાં હાથીએ શરીર વડે તેને ... અને ત્રીજા ઉપસર્ગમાં ... વિષ તેના શરીરમાં મૂક્યું. આ બધું જ માનસિક સૃષ્ટિમાં ન બન્યું હોય અને સ્થૂલ સૃષ્ટિમાં જ બન્યું હોય તો તે કામદેવનું ટુકડા ... શરીર સવારે ભગવાનનાં દર્શન કરવા શી રીતે ... એ વિચારવા જેવું છે. ... પહેલાં ભગવાનના દર્શન કરવાને ... કોઈના ટુકડા ... ... ? ... સ્થૂલ ... છે ... માનસિક સૃષ્ટિમાં ... સ્થૂલ સૃષ્ટિમાં જ આ ... બન્યો હોય ... તે ... અને ... સ્થૂલ ... તે ... શરીરની સ્થિતિ ... નહિ ... એ ... ... રૂપે ... છે ... નહિ ... સુંદર રૂપે ... નીતિ ... છે.

માટે દેવ સંબંધી રૂપ જેવા ઉપસર્ગ સહન કીધા તો તમે પણ તેવા ઉપસર્ગ સહન કરવા શક્તિમાન થાઓ." તે આજ્ઞા સર્વ સાધુ-સાધ્વીએ પ્રમાણ કીધી. પછી કામદેવ શ્રાવક અતિ હર્ષ પામી ભગવાનને વાંદી નમસ્કાર કરી જે દિશાથી આવ્યા હતા તે દિશાથી પાછા ગયા.

કામદેવ શ્રાવક ઘણા છઠ્ઠ અઠ્ઠમાદિક તપ કરી વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાળીને શ્રાવકની ૧૧ પડિમા ફરસીને મરણને અંતે એક માસની સંલેષણા (સંથારો) કરીને પોતાનો આત્મા નિર્મળ કરી ૬૦ ભક્ત પાણીનો અણસણ છેદીને આલોચી પડીક્કમી, સમાધિ-સંતોષ પામી કાળને અવસરે કાળ કરી પહેલા સુધર્મ દેવલોક સુધર્માવતંસક નામ મોટા વિમાનથી ઇશાન ખૂણે અરૂણાભ વિમાનને વિષે ચાર પલ્યોપમની સ્થિતિએ દેવતાપણે ઉપજ્યા.

ગૌતમ પૂછે "ભગવન્! કામદેવ શ્રાવક ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને ક્યાં જશે?"

ભગવાન ઉવાચ "હે ગૌતમ! કામદેવ શ્રાવક ત્યાંથી ચવીને મહાવિદેહ ક્ષેત્રને વિષે જન્મ પામી મોક્ષ જશે."

સાર

કામદેવ શ્રાવકનું આ ચરિત્ર આલેખવામાં શાસ્ત્રકારે ધન-ધાન્યની પૂરી ભરભરાટનો આશય દષ્ટિ આગળ રાખ્યો હોય એમ ભાસે છે અનુપ જેમ ધનને ચિત્તમાં જગાવ થાય છે એ ભાવન

તે આર્તધ્યાન માં છે એમ કહેવાય છે બીજી વખતે તે કોઈ ઉપર ગુસ્સે થયેલો હોય છે કોઈનું અશુભ ચિંતવે છે એ વખતે તે "રૌદ્ર ધ્યાન માં છે એમ કહેવાય છે અને જેઈ વખતે આત્મા સંબંધી વિચારમાં હોય છે જડ-ચેતનની ભિન્નતાનો ખ્યાલ કરવામાં મગ્ન હોય છે એવે વખતે તે "ધર્મધ્યાન" કે "શુક્લ ધ્યાન" માં છે એમ કહેવાય છે

આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં જ્યારે માણસ મગ્ન થયો હોય છે તે વખતે તે એવો તો એક તાર થઈ જાય છે કે આસપાસ શું બને છે તેની તેને ખબર પણ નથી હોતી. રૌદ્રધ્યાનમાં ચડેલો માણસ પોતાની મિલ્કતોને કે વડીલ તરવારના ઝટકા કરવા દોડી જાય છે તે વખતે તેને આજુબાજુનું કશું ભાન રહેતું નથી મોટી ચિંતામાં ડૂબી ગયેલા માણસને ભૂખ-તરસ લાગતી નથી એટલું જ નહિ પણ ફિર ખાતો દુઃખ વગર આમ પ્રસન્નતાપૂર્વક ન કામ તે કરે છે આમ દુર્ધ્યાનના લીન થયેલા મનુષ્યને તો એ ધ્યાન વગર બીજું કશું ગમતું જ નથી. પણ ધર્મ ધ્યાનમાં લાગેલા માણસો પૂરી ધારણ / એવી લગની લાગે છે કે જેમ મીનીટ સહિસલામત રહેશે તો મારા પર દુઃખી નહીં પાય મીનીટમાં આમ ફેંસલ ભરી જાય, આ કરવી (અને જ્યાં ડર કે વહેમ કે લુપ્યુપણું છે ત્યાં શ્રદ્ધા નથી ત્યાં આનંદ નથી)—આ સ્થિતિ મનુષ્ય ધર્મધ્યાનમાં આગળ વધી શકતો નથી. જ્યારે આગળ વધી ગામ થાય છે ત્યારે / આનંદ મળે છે દુઃખનો સ્પર્શ આગળ વધ્યાન થઈ શકતો નથી દેવનો કોપ એને અસર કરી શકતો નથી.

પૌષધ વ્રત એ ધર્મધ્યાન નો એક ઉત્તમ પ્રકાર છે આત્માને પોષણ—પુષ્ટ કરવા માટે બનાવેલો કાયમ એ પૌષધ વ્રત છે એ વ્રતમાં શરીરની જેમ વિભૂષા છોડી દેવાની છે તેમ શરીરની બધી દરકાર પણ છોડી દેવાની છે શરીરના વિષયોમાં ૧ વર્ષના ૩૬૫ દિવસના ૨૪ કલાકની આઠ મીનીટ સુધી જે મન રોકાયેલું રહેતું હતું તે મનને એટલા વખત સુધી શરીરને બદલે શરીરના દાતા સંબંધી વિચારમાં મગ્ન કરવાનો એ હેતુ માત્ર છે એ પૌષધ વ્રતમાં સામાયિક—અધ્યાત્મના ગ્રંથ વાંચવા કે સાંભળવા એટલે આત્માને જાણવાનું કામ બને તો પછી નવકાર, પ્રણામ કે ભગવાનના સ્મરણના પોષક ક્રિયા તો કરવાનું જ છે ।

વળી કહે છે કે આગળી તંદુરસ્તીવાળા માણસે પણ દર મહીને બે ચાર આઠ આઠ દિવસે લંઘન આપવા ઉપવાસ કરવા એ શરીરસામગ્રીઓનું અને તંદુરસ્તીના રક્ષણ માટે અગત્યના યોગ્ય છે. પણ જો દર મહીને કે દર અઠવાડીએ એક પૌષધ બને હોય તો માણસો સ્થૂલ તેમજ સૂક્ષ્મ બન્ને પ્રકારના મહાન લાભ લઈ શકે. પૌષધમાં કરેલ ધ્યાન પ્રભાવના ઉપવાસથી શરીરમાં ભેગા થયેલા મેલ બળી જાય છે અને શરીર નિર્મળ બને છે (આ હું તંદુરસ્ત માણસ માટે જ કહું છું બીમાર કે નબળા માણસને માટે મારો આ અભિપ્રાય દરશાવતો નથી.) વળી ૮ દિવસ કે ૩ દિવસ સુધી આ પ્રમાણે પૌષધ કરેલા વિચારો મન વિચારવાથી મન એક દિવસના એકાંતસેવન થી એકદમ શાન્તી મેળવવા શક્તિ પામે છે અને મનોબળ એ આત્મબળ છે

અનુભવ [illegible]

જોઈએ. એક જણાએ ઘણા માણસોએ પોષણ કરવો એ તો સપ કહે-વા જેવું કામ થયું એમાં આત્માને આત્મીક વિચારોથી પોતાના કામને અવકાશ કેવી રીતે મળે ! નવમના વખતમાં દરેક માનવ પોતાના ઘરમાં જ પોતાનાઓનો બોજો રાખતો જેની દયા જાણ-તિ વિચાર સરખાથી પણ નહિ જણાવા દેવાની કાળજી રખાતી.

આત્માને પોષવા માટે જે પોષણ મન અદ્રશ્ય તે પોષણને પોષવાને વળી ખાદ્ય જોઈએ. ખોરાક વગર કોઈ શરીર કે સંસ્થા ચાલતો નથી. આત્મા પણ ખોરાક માગે છે પોતાનો પણ ખોરાક માગે છે તેનો ખોરાક ભાવના છે ભાર ભાવના પછી દરેક એક ભાવનામાં ઉતરી પડવાથી એક જ ભાવનામાં આખા વિશ્વ આખો જાય તો તેની ખબર પડે નહિ. પણ ભાવના ક્યારે થાય ? એ વસ્તુ સમજો વાંચેલું કે સાંભળેલું જ્ઞાન પોતાના મગજમાં દાખલ થાય પ્રથમ ગુરુ પાસેથી કે પુસ્તકોમાંથી કોઈક જ્ઞાન મેળવવું જોઈએ અને તે જ્ઞાન પર મનન કરવાથી ભાવના આવી શકાય. માટે પ્રથમ જ્ઞાન મેળવવાનો યત્ન કરવો પછી મેળવેલા જ્ઞાનમાં ભાવના એ ઉતરી પડવાનો યત્ન કરવો, પછી ભાવના રૂપી ખોરાક વડે પોતાને મજબુત કરવો અને પોષવડે આત્માને પોષવા. આવી રીતે ક્રમસર જે જાગે માણસ દેવના ભાસથી કે શાસ્ત્રથી જ નહિ, તે કોઈ દિવસ ભાવના કે વ્રત છોડે નહિ અને એ તલ્લીનપણું એ જ આનંદ છે એજ મોક્ષની વાત છે.

અધ્યયન ૩ જુ

ચુલણીપિયા ગાથાપતિ



તે કાળ ને સમયને વિષે વાણારસી નામે નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો એ નગરીમાં ચુલણીપિયા નામે એક ગાથાપતિ વસતો હતો તેને મહા રૂપવંતી સામા નામે પત્ની હતી આ ગાથાપતિ પાસે ૮ ક્રોડી સુવર્ણ ભંડારમાં દાટેલા છે ૮ ક્રોડીથી વ્યાપાર ચાલે છે અને ૮ ક્રોડી ઘરવખરીના રોક્યા છે ઉપરાંત આઠ ગોકુળનો તે માલીક છે

એકદા ભગવાન મહાવીર સ્વામી કોષ્ટક વનમાં પધાર્યા, ત્યાં તેમને વાંદવા ચુલણીપિયા ગયો. વંદન-નમસ્કાર કરી, ઉપદેશ શ્રવણ કરી આનંદ શ્રાવકની માફક શ્રાવક ધર્મ અંગીકાર કરી, ઘેર આવીને, વડા પુત્રને કારભાર સોંપી પોતે ધર્મમાં જીવન ગુજારતા હતા. સ્ત્રી-પુત્રાદિને તજીને પૌષધશાળામાં પૌષધ કરતા તેમ અગીઆર પડિમા અંગીકાર કરીને વિચરતા હતા

શ્રાવકજી એક દિવસ પૌષધ કરીને બેઠા છે એવામાં મધ્ય રાત્રીને સમયે એક દેવતા કમળ સરખી ઉજ્જવળ અને વીજળી સરખી ઝગઝગતી તરવાર હાથમાં લઈ શ્રાવકના સન્મુખ આવીને બોલવા લાગ્યો "હે ચુલણીપિયા શ્રાવક! અપ્રાર્થિત મૃત્યુના વાંછનાર! ભૂ ન પખા

થના ધણી! ભૂંડા લક્ષણવંત! હીણી ચૌદસ-પુનમના જ મેલા! લજ્જા-શોભા-ધૈર્ય-કીર્તિ રહીત! જો તું આ વ્રત નહિ ભાંગે તો તારા વડા પુત્રને તારા ઘરમાંથી લાવીને આ તરવારે કરી તારી સન્મુખ જ કાપીશ અને તેના માંસના ત્રણ શુળા કરી કડાહ્યમાં તળી તેનું લોહી માંસ તારા શરીરે છાંટીશ. તેથી તું મહા તિવ્ર વેદના ભોગવી આર્તધ્યાન તથા રૌદ્રધ્યાને કરી અકાળે મરણ પામીશ."

પરન્તુ ચુલણીપિતા ડર્યો નહિ અને ધર્મધ્યાનથી ચલીત થયો નહિ, ત્યારે તે દેવતા ક્રોધાયમાન થયો. તેણે પછી શ્રાવકના વડા પુત્રને ઘરથી લાવીને પિતાની સન્મુખ કાપી તેના ત્રણ શુળા કરી, તેને કડાહ્યમાં તળી તેનું લોહીમાંસ ચુલણીપિતાના શરીરે છાંટયું. આથી જો કે શ્રાવકને તિવ્ર વેદના પ્રગટ થઈ ખરી પણ તે ડર્યો નહિ ત્રાસ પામ્યા નહિ તથા ધર્મથી ચળ્યા નહિ અને અણુવ્રતોમાં રહી ધર્મધ્યાન માં મગ્ન રહ્યા. તેથી દેવતાએ ચુલણીપિતા શ્રાવકના વચલા દીકરાને ઉપર પ્રમાણે મારી તેના શુળા કરી તેનું લોહી માંસ છાંટવાનું એકવાર, બેવાર અને ત્રણવાર કર્યું તો પણ શ્રાવકજી નહિ ડરવાથી ઉપર પ્રમાણે તેના મખ આનગ છોકરાને મારી તેના ત્રણ શુળા કરી તેને તળી તેનું લોહી માંસ છાંટયું તો પણ ચુલણીપિતા શ્રાવક ડર્યો નહિ તથા ધર્મથી ચળ્યા નહિ. તેથી ત્રીજીવાર તેના લઘુ દીકરાને ઉપર પ્રમાણે મારવાનું ત્રણ વાર કર્યું તથા એજ ઉપર પ્રમાણે મારી તેના ત્રણ શુળા કરી તેનું લોહી માંસ છાંટયું તોપણ ચુલણીપિતા શ્રાવક ડર્યા નહિ તથા ધર્મથી ચળ્યા નહિ. તેથી દેવતાએ તેની માતા ભદ્રાને તેના સન્મુખ મારી તેના ત્રણ શુળા કરી તળી, તેનું લોહીમાંસ છાંટવાનું કહ્યું. તેથી પણ

ચુલણીપિયા બોલ્યા જ નહિ. એમ બીજીવાર કહ્યું તો પણ બોલ્યા નહિ અને ત્રીજીવાર કહ્યું એટલે ચુલણીપિયાએ મનમાં વિચાર્યું કે–" આ પુરૂષ મહા અનાર્યબુદ્ધિનો ધણી છે તેણે મારા ત્રણે દીકરાને મારી નાખ્યા મારી માતા જે દેવગુરૂ સમાન, ધર્મમાં નિશ્ચલ કરનાર અને મહાકષ્ટ વડી મને ઉછેરનાર તેને પણ મારા મુખ આગળ મારવાનું કહે છે. માતાને મારી આંખો આગળ કપાતી જોવી એ મારે ઉચિત અણુમાત્ર નહિ. માટે એ દુષ્ટ પુરૂષને હું પકડું." આવા વિચાર કરી મન, વચન અને કાયાએ કરી ઉઠ્યા અને જેવા દેવને પકડવા જાય છે તેવો તે દેવતા આકાશ માર્ગે ચાલ્યો (ગયો) અને ચુલણીપિયાએ થાંભલો પકડીને મોટે સાદે કોલાહલ કર્યો. તે સાંભળીને ભદ્રા સાર્થવાહિની તેની પાસ આવીને પૂછવા લાગી. " અહો બેટા! દીકરા તેં મોટે સાદે કોલાહલ કેમ કીધો ?" ચુલણીપિયા કહે " હે માતાજી! જાણે કોઈ પુરૂષ મારા ઉપર કોપ્યો થકો એક મોટી કમળના ફૂલસરખી ઉજળી અને વીજળી સમાન ઝળકતી તરવાર હાથમાં લેઈને મારી સન્મુખ આવીને કેહેવા લાગ્યો કે હે ચુલણીપિયા! જો તું આ વ્રત નહિ ભાંગીશ તો તારા વડા દીકરાને તારા મુખ આગળ લાવી આ તરવારે કરી મારીશ અને તેના ત્રણ ખંડ કરી તને કઢાઇમાં નાખી, તેનું લોહી માંસ તારા શરીરે છાંટીશ. એ પ્રમાણે એકવાર બેવાર, અને ત્રણવાર કહ્યા છતાં પણ હું ડર્યો નહિ, તથી મારા વડા દીકરાને ઉપર લાવીને મારી તેનું લોહી માંસ મારા શરીર ઉપર છાંટ્યું તો પણ હું ડર્યો નહિ તેથી મારા વચલા દીકરાને તથા લઘુ દીકરાને ઉપર લાવીને મારવાનું ત્રણવાર કહ્યું તથા તેમને

મારીને તેમનું ખોટી માંસ મારા શરીરે છાંટયું તો પણ હું ડર્યો નહિ તથા ધર્મથી ચળ્યો નહિ. પણ જ્યારે હું મારાં પરમપૂજ્ય માતુશ્રી તમને ઉપર જણાવ્યે મારવાનું કહ્યું, ત્યારે એકવાર બેવાર, સહન કીધું પણ ત્રીજીવાર મારાથી સહન નહિ થવાથી હું તે દુષ્ટ પુરુષને પકડવા ગયો તો તે આકાશે ઉડી ગયો (ગયો) અને હું થાંભલાને બાઝી રહ્યો અને કોલાહલ કીધો."

ભદ્રા બોલીઃ "બેટા! તારા સર્વે પુત્રો કુશળ છે તેને કોઈ સમર્થ મારી શકે નહિ તથા મારી શકે નહિ. કોઈ દેવતા તને ઉપસર્ગ દેવા આવ્યો હશે તેણે તારાં વ્રત પચ્ચખાણ, તપ, નિયમ, સામાયક પૌષધ એ સર્વે ભગ્ન કીધાં માટે એજ ઠેકાણે મન, વચન અને કાયાએ કરી આલોચી પ્રાયશ્ચિત લે."

ચુલણીપિતા શ્રાવકે ભદ્રા માતાનું કહેવું કબૂલ કરીને તેજ ઠેકાણે આલોચીને પ્રાયશ્ચિત લીધું

ચુલણીપિતા શ્રાવક આનંદજીની પેરે ૧૧ પ્રતિમા આદરી તથા કામદેવજીની પેરે અણસણ કરી સુધર્મ દેવલોકે સૌધર્માવતંસક એવે નામે મોટા વિમાનની પાસે ઈશાન કોણે અરુણપ્રભ એવે નામે વિમાનને વિષે ચાર પલ્યોપમની સ્થિતિએ દેવતાપણે ઉપન્યા. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રે મોક્ષ જશે.



સાર

કામદેવના ચરિત્રમાં આપણે એક અતિ દૃઢ તન્મયતાવાળા ભાવના-સમાધિનું ચિત્ર જોઈ ગયા છે જે તન્મયતા આપણા સહુકે

કોઇ ઉત્તમ ગુણ પણ ખાઇ આવી શકે નહિ. ગુણસુંદરીના અતિ ગમ્ય આત્માએ એવા જ પવિત્ર પુરુષનું ચિત્ર તેણે ઝીલે પરન્તુ તેમાં કામદેવ જેટલી તન્મયતાની હાજરી નથી. ગુણસુંદરી તો ધર્મની અપેક્ષા સ્થિતિ કરતા માતાના પ્રેમ તરફ વધારે ઢળી પડયો. અત્યન્ત માતૃભક્તિ પણ જ પ્રશંસનીય બાબત છે તેમજ પિતૃભક્તિ જ તેમજ કુટુંબવાત્સલ્ય છે તેમ જ સ્વદેશભક્તિ જ તેમ જ દરેક પરોપકારનું કામ છે પરન્તુ એક ધ્યાનમાં બે તરવાર સમાય નહિ તેમ એક ધ્યાનમાં લાગી રહેલા મગજમાં બીજો વિચાર (ગમે તેવા ઉત્તમ પણ) પ્રવેશી શકે નહિ. અને જો પ્રવેશે તો તે ધ્યાન અપૂર્ણ-પૂર્ણ કહેવાય નહિ તે તન્મયતા કહેવાય નહિ.

ગુણસુંદરીએ કુમારીના હાર ખાધી તો પણ બીજે દિવસે ખારાઓ તો જમના જ જોવામાં આવ્યા (જે એમ સૂચવે છે કે કુમારી માનસિક સ્થિતિમાં વેચાય છે નહિ કે સ્થૂલ સ્થિતિમાં). અને માતાએ તેને કુમારી વયને દર રહેવાની શિખામણ આપી ત્યારે તે એકવારની હારથી નાસીપાસ ન થતા એ જ પ્રયાસ પાછળ મંડયો રહ્યો અને આખરે મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન પ્રભુના શરણ

My own imagination explains the terms મહાવિદેહ, ક્ષેત્ર, વિહરમાન & સીમંધર in this way) सीमानम् धारयति इति सीमंधरः सीमंधर is he who holds the सीमान् or boundary i.e. Protector of the Faith whose responsibility is enormous—say inconceivable. ક્ષેત્ર does not mean *physical* place, it means ભુવન or plane. મહાવિદેહ ક્ષેત્ર means that plane or ભુવન of life in which a man can exist independant of physical body or ઔદારિક

ક્રમની ભક્તિ પામ્યો અને અંતે મોક્ષ પામ્યો આ ઉપરથી શીખ-
વાનું એ છે કે પચાસ્તો અને નાસ્તિકોના દ્વારા જ અનુભવ મળતો
નથી છે અને ઉત્ક્રાન્તિ (evolution) નો માર્ગ શોધ્યો મળી શકે
છે. માટે પછી ત્યારે બેસી રહેવું નહિ પણ ... તે જ
એ ક્યાસી પાર રાખીને ફરી સ્પાર થવું

लब्धि. A Sadhu or a Saint can by means of आकाशगामि लब्धि visit सीमंधर स्वामी or the दीपक (Protector of the Faith) who cannot live in this land but who dwells in महाविदेह क्षेत्र i.e. the plane where there is perpetual चतुर्थ युग of joy or आनंद. Now what is this लब्धि? It is that power of concentration or योग which enables a man to quit the physical garb and to travel singly.

विहरमाण (Present Participle Adj of हृ with वि) means sporting airing. The High Souls in महाविदेह plane do actually move in air or subtle matter and move from one place to another as if sporting. They being full in knowledge feel आनंद even in airing, hence their विहार is equivalent to sporting.

This is what my imagination tells me unaided by any teacher either साधु or श्रावक. It may be faulty. But I am sure I am not in fault when I believe that behind what is preached by Jain Sutras there is hidden a treasure of mystic knowledge which when a man knows he will no longer care much for the *words* of Sutras but will persistently try to grasp the *sense* hidden under those simple words.

અધ્યયન ૪ થું

સુરાદેવ ગાથાપતિ



તે કાળ તે સમયને વિષે, વાણારસી નામે નગરી હતી ત્યાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં સુરાદેવ નામે એક ગાથાપતિ વસતો હતો જેને છ કોડી સુવર્ણ (સોનયા) ભોંયમાં દાટેલા છે છ કોડી સુવર્ણનો વેપાર કરે છે અને છ કોડી સુ-
ર્ણનો પરવાખરો છે ઉપરાંત દસ હજાર ગાયોનું એક ગોકુળ એવા
ગોકુળ છે (એટલે સાઠ હજાર ગાયો છે) તેને ધન્યા નામે પત્ની
ની, તે મહારૂપવંત અને પાંચ ઇંદ્રિયે કરી સહિત હતી.

એકદા ભગવાન મહાવીર સ્વામી કોઠક વનને વિષે પધાર્યા
ેમને વાંદવા જેમ આનંદ શ્રાવક થયા હતા તેમ સુરાદેવ ગાથાપતિ
પણ થયા. અને ભગવાનને વાંદી નમસ્કાર કરી, ધર્મ સાંભળી, આન-
ંદની પેરે શ્રાવક ધર્મ અંગીકાર કરી ઘેર આવીને પોષધ આદિ
ધર્મક્રિયા કરવા લાગ્યા

એકદા સુરાદેવ શ્રાવક પૌષધશાળામાં પોષધ કરીને બેઠા છે
તેવામાં અર્ધી રાત્રિને સમયે એક દેવતા, કમળ સરખી ઉજ્જ્વળ અને
ની ત્યાં સમાન ચળકતી તરવાર હાથમાં ગ્રહીને તેમના સમક્ષ આવીને

કહેવા લાગ્યો. "અહો સુરાદેવ શ્રાવક! અપ્રાર્થિત મરણના પ્રાં
ર્થનાર! શુદ્ર પર્વોશના ધણી! શુદ્ર લક્ષણવંત! હીણી ચૌદશપુન
જન્મેલા! લજ્જા, શોભા ધૈર્ય અને કીર્તિ રહિત! જો તું આ
નહિ ભાંગીશ તો તારા વડા પુત્રને તારા ઘેરથી લાવીને આ તર
કરી તારા મુખ આગળ મારીશ અને તેના માંસના પાંચ શૂળા
કઢાઈમાં તળી તેનું લોહી માંસ તારા શરીરે છાંટીશ. તેથી તું
તિવ્રવેદના ભોગવી આર્તધ્યાન અને રૌદ્રધ્યાને કરી મરણ પામીશ
એમ કહ્યા છતાં પણ સુરાદેવ શ્રાવક ડર્યો નહિ તથા ધર્મથી ચ
નહિ. તેથી દેવતાએ એ પ્રમાણે બીજીવાર, ત્રીજીવાર કહ્યું તો
સુરાદેવ શ્રાવક ડર્યો નહિ. તેથી દેવતાએ મહા ક્રોધાયમાન થઈ
સદેવના વડા પુત્રને તેના ઘેરથી આણીને તેના મુખ આગળ મ
તેના પાંચ શૂળા કરી તેને કઢાઈમાં તળી તેનું લોહી માંસ તેના શ
છાંટ્યું. તેથી સુરાદેવ શ્રાવકને મહા તિવ્ર વેદના પ્રગટ થઈ
બીન્યા નહિ ત્રાસ પામ્યા નહિ તથા ધર્મથી ચળ્યા નહિ અને
મુંગોભા રહી ધર્મધ્યાન કરવા લાગ્યા તેથી દેવતાએ સુરાદેવ શ્રા
કના વચલા પુત્રને તથા લઘુ પુત્રને ઉપર પ્રમાણે મારી તેના પાંચ પ
શૂળા કરી તેને કઢાઈમાં તળી તેનું લોહી માંસ છાંટવાનું એકવા
બેવાર અને ત્રીજીવાર કહ્યું તથા છેવટે તે પ્રમાણે તેના મુખ આગ
તેના વચલા પુત્રને તથા લઘુ પુત્રને મારી તેના પાંચ પાંચ શૂળા ક
તેનું લોહીમાંસ છાંટ્યું તોપણ સુરાદેવ શ્રાવક ડર્યો નહિ તથા ધર્મ
ચળ્યા નહિ.

ચોથીવાર દેવે કહ્યું અહો સુરાદેવ શ્રાવક! જો તું

મન નહિ આણીશ તો તારા શરીરમાં ૧ શ્વાસ, ૨ કાસ (ઉધરસ), ૩ દાહ (બળતરા) ૪ જ્વર (તાવ), ૫ કુક્ષિશૂળ ૬ ભગંદર, ૭ હરસ ૮ અજીર્ણ ૯ દૃષ્ટિશૂળ (નેત્રપીડા) ૧૦ શૂળશૂળ ૧૧ અરુચી, ૧૨ ઉદર વ્યથા ૧૩ શીંગમળી ૧૪ ખસ ૧૫ મસ્તક શૂળ, ૧૬ કોઢ એ સોળ રોગ એક સાથે ઉત્પન્ન કરીશ તેથી તું મહા વિવેદના જોરથી અકાળે મરણ પામીશ. એવી રીતે એકવાર બેવાર અને ત્રીજીવાર કહ્યું ત્યારે સુરદેવ શ્રાવક મનમાં વિચારવા લાગ્યો. આ પુરુષ મહા અનાર્ય બુદ્ધિનો ધણી છે તેણે મારા સર્વે દીકરાને મારીને સાત ખંડ આધણમાં નાખીને તેનું લોહીમાંસ તથા મારા શરીરે છાંટ્યું એટલાથી પણ ન ધરાયો માટે શરીરમાં સોળ રોગ ઉપજાવી નષ્ટ કરવાનું કહે છે. તો એ ઠીક નહિ માટે એ દુષ્ટ ઝાલવા હું જાઉં." એવો વિચાર કરી તેને ઝાલવા ઉઠ્યો એટલે દેવતા આકાશે ઉડી ગયો (ગયા) અને સુરદેવ થાંભલા સાથે ભેટી પડ્યો અને કોલાહલ કર્યો તે સાંભળીને તેની સ્ત્રી ધન્યા તેની પાસે આવીને કહેવા લાગી. "સ્વામી આપે આ કોલાહલ કેમ કર્યો?" સુરદેવ કહે "કોઈ એક પુરુષ મારા ઉપર કોપાયમાન થઈ એક પછી એક ત્રણે સમાન પુત્રોને મારી નજર આગળ મારી નાંખીને કહેવા લાગ્યો કે- હે સુરદેવ! જો તું આ વ્રત નહિ ભાંગે તો અનુક્રમે તારા ત્રણ પુત્રોને તારા મુખ આગળ મારી સાત ખંડ કરી આધણમાં નાંખી તેના કકડા કરીને તેનું લોહીમાંસ તારા શરીરે છાંટીશ. એમ ત્રણવાર કહ્યું તથા ત્યાર પછી પણ હું ચળ્યો નહિ. ત્યારે ચોથીવાર મારા શરીરમાં સોળ રોગ ઉપજાવી નષ્ટ કરવાનું

ધુના વાચ્છનારા! જો તું આ વ્રત નહિ ભાંગીશ તો તારા ત્રણે દીક-
રાને તારા ઘેરથી લાવીને તારા મૂખ આગળ આ તરવારે કરી મારીશ."
(ચુલણીપિતાની પેરે સર્વ હકીકત જાણવી પણ એટલું વિશેષ કે
એકેક પુત્રના સાત સાત માંસના કકડા સમજવા) એ પ્રમાણે કરી
અનુક્રમ તેના ત્રણે દીકરાને તેના મૂખ આગળ લાવી તેના સાત સાત
કકડા કરી તેને કડાઈમાં તળી તેનું લોહીમાંસ છાંટ્યું તોપણ સૂરા-
દેવ શ્રાવક ધ્યાનથી ચળ્યા નહિ, તેથી ચોથીવાર દેવે કહ્યું "અરે
સુરાદેવ શ્રાવક! જો તું આ વ્રત નહિ ભાંગીશ તો તારૂં તમામ
ધન એટલે છ કોડી દીરણ નીધાનમાં દાટેલા છે છ કોડી વ્યાજે ફરે
છે અને છ કોડી દીરણનો ઘરવખરો છે તે સર્વ લાવીને આલંભિકા
નગરીને વિષે રસ્તામાં ચોકિક વેરી નાંખીશ તેથી તું આર્તધ્યાન
અને રૌદ્રધ્યાને કરી અકાળે મરણ પામીશ." એમ એકવાર, બેવાર
અને ત્રણવાર કહ્યું એટલે સુરાદેવ શ્રાવકે મનમાં વિચાર્યું "અરે!
આ પુરૂષ મહા અનાર્ય બુદ્ધિનો ધણી છે તેણે મારા ત્રણે દીકરાને
મારા મૂખ આગળ મારી તેનું લોહીમાંસ કડાઈમાં તળી મારા શરીરે
છાંટ્યું વળી મારી તમામ ઋદ્ધિ આલંભિકા નગરીમાં વેરી નાખ-
વાનું કહે છે તો એ ઠીક નહિ માટે એ દુષ્ટ પુરૂષને હું પકડું."
એમ વિચારી તેને પકડવા જાય છે તો દેવતા આકાશે ઉડતો અને
સુરાદેવે થાંભલો પકડીને મોટે સાદે કોલાહલ કીધો. તે સાંભળીને
તેની પત્ની ધન્યા તેની પાસે આવી કહેવા લાગી. સ્વામી! તમે મોટા
સાદે કોલાહલ કેમ કીધો!" સુરાદેવ કહે "કોઈ દુષ્ટ પુરૂષ મારા
મૂખ આગળ મારા ત્રણે દીકરાને મારી તેનું લોહીમાંસ કડાઈમાં તળી

મારા શરીરે છેદયું (સર્વ ઉજ્ઝિત સુરાદેવની પેરે જાણવું.) વળી મારી તમામ ઋદ્ધિ આલભિકા નગરમાં વેરી નાખવાનું કહ્યું, તેથી હું એ દુષ્ટ પુરુષને ઝાલવા ગયો તો તે આકાશે ગયો અને હું આ થાંભલાને વળગી રહ્યો."

બહુલા કહે "આપણા ત્રણે પુત્રો હયાત છે તમને કોઈ દેવતા ઉપસર્ગ દેવા આવ્યો હશે, તેણે તમારાં મન પચખાણ ભગ્ન કીધાં માટે એ દોષને મન, વચન અને કાયાએ કરી આલોચી પ્રાયશ્ચિત લ્યો."

શ્રાવકે તે દોષને આલોચીને પ્રાયશ્ચિત લીધું

ચુલશતક શ્રાવક અણુશણ કરી સુધર્મ દેવલોકને વિષે અરૂણસિદ્ધ વિમાનને વિષે ઉપન્યા ત્યાં ચાર પલ્યોપમની સ્થિતિ ભોગવી મહાવિદેહ ક્ષેત્રે અવતરી મોક્ષ જશે.

સાર

આપણા પોતાના આત્માની પડી છે ત્યારના વિચારમાં ગોથાં ખાનારને બહુલા જેવી ધર્મિષ્ઠ સુપત્ની મળે તો કેવું સારું? કે જેથી ભૂલ બતાવી પ્રાયશ્ચિત લેવરાવી શકે અને દૃઢધર્મી બનાવી શકે.

અધ્યયન ૬ ઠ્ઠું

કુંડકોલિયા ગાથાપતિ

તે કાળ, તે સમયને વિષે, કંપીલપુર નામે નગરી હતી ત્યાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં કુંડકોલિક નામે ગાથાપતિ વસતો હતો. અને ૬ કોડી સુવર્ણ ભોંયમાં દાટેલા હતા, ૬ કોડી સુવર્ણનો વેપાર કરતો હતો અને ૬ કોડી સુવર્ણનો ઘરવખરો હતો તથા દસ હજાર ગાયોનું એક ગોકુળ એવાં ૬ ગોકુળ હતા. તેને પુષ્પા નામે સ્ત્રી હતી.

એકદા શ્રમણભગવાન મહાવીર સહસ્રામ્રવન નામે ઉદ્યાને પધાર્યા. તેમને વાંદવા જેમ આનંદ શ્રાવક ગયા હતા તેમ કુંડકોલિક ગાથાપતિ પણ ગયા. ત્યાં ભગવાનને વાંદી નમસ્કાર કરી ધર્મકથા સાંભળી, આનંદની પેરે બાર વ્રત અંગીકાર કરી જે દિશાથી ગયા હતા તે દિશાથી ઘેર આવ્યા અને સાધુ-સાધ્વીના આધાર પામી [illegible] તથા ધર્મક્રિયા કરતા વિચરવા લાગ્યા.

એકદા દિવસના પાછલા પહોરને વિષે કુંડકોલિક શ્રાવક ત્યાં અશોક નામે વાડી હતી ત્યાં આવીને પૃથ્વીશિલા નામે પટ ઉપર પોતાની નામાંકિત મુદ્રિકા અને ઉત્તરીય વસ્ત્ર એ બે વસ્તુ

મહીને, શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી સમીપે (જે શ્રાવક ધર્મ પોતે અંગીકાર કીધો છે તે અનુ) સામાયિક વ્રત લેઇ બેઠા તે વખત એક દેવતા આવીને નામાંકિત* મુદ્રિકા અને ઉત્તરીય વસ્ત્ર પૃથ્વી શિલાપટ્ટ ઉપરથી લેઇને ઘુઘરી વગાડતો આકાશે ઉભો રહી કહેવા લાગ્યોઃ હે કુંડકોલિયા શ્રાવક! ગોશાળા નામે મંખલીપુત્રના ધર્મમાં ઉત્થાનાદિક ક્રિયા તપ, સંયમ, ચારિત્ર બળ, પરાક્રમ, વીર્ય વિના કર્મ ખપે છે અને મોક્ષ જવાય છે એમ કહ્યું છે અને શ્રમણ ભગવાન મહાવીરના ધર્મમાં ઉત્થાનાદિક ક્રિયા તપ, સંયમ, પરાક્રમ ઇત્યાદિ વિના મોક્ષે ન જવાય એમ કહ્યું છે તો એ ગોશાળા નામે મંખલીપુત્રનો ધર્મ ભલો છે તે તું અંગીકાર કર. અને મહાવીરનો ધર્મ ખોટો છે એમ તજ." કુંડકોલિક શ્રાવક દેવતાનું કહેવું સાંભળીને એમ કહેવા લાગ્યો. "અહો દેવ! તું કહે છે કે ગોશાળા મંખલીપુત્રના ધર્મે ક્રિયા તપ સંયમ ઇત્યાદિ વિના મોક્ષે જવાય તેથી તે ભલો છે અને શ્રમણ ભગવાન મહાવીરનો ધર્મ ઉદ્યમનો અને બળ, વીર્ય, પુરૂષાકાર સહિત છે તે ખોટો છે તો અહો દેવાનુપ્રિય! તું આવી દેવની પદવી, ઋદ્ધિ રૂપ અને સુખ એ સઘળું ઉત્થાનાદિક ક્રિયા તપ, સંયમ, બળ પરાક્રમ વિના પામ્યો કે શી રીતે? અને દેવપણામાં જે જીવ ઉત્થાનાદિક ક્રિયા તપ વગર કરતા નથી તેઓ મોક્ષ જાતા કે કેમ?"

એ પ્રમાણે કુંડકોલિયા શ્રાવકનું કહેવું સાંભળી દેવ શંકા પામ્યો અને પાછો ઉત્તર દેઇ ન શક્યો અને અણબોલ્યા રહી લીધેલી મુદ્રિકા

---

* જેમાં પોતાનું નામ કોતરેલું છે એવી વીંટી.

અને ઉત્તરીય વસ્ત્ર અને પાછાં પૃથ્વીશિલાપટ્ટ* ઉપર મૂકી જે દિશાથી આવ્યો હતો તે દિશાથી પાછો ગયો.

તે કાળ, તે સમયને વિષે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. તે વાત સાંભળી હર્ષ સંતોષ પામી, જેમ કામદેવ શ્રાવક વાંદવા ગયો હતો તેમ કુંડકોલિક વાંદવા ગયો. ધર્મકથા કહી રહ્યા બાદ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કુંડકોલિકપ્રત્યે કહેતા હવા "અહો કુંડકોલિક શ્રાવક! કાલ પાછલા પહોરને વિષે તું અશોકવાડીમાં સામાયિક લેઈ બેઠો હતો તે વખતે એક દેવતા તારી સમીપ પ્રગટ થયો અને તારી નામાંકિત મુદ્રિકા અને ઉત્તરીય વસ્ત્ર લઈ પાછાં મૂકી પાછો ગયો એ વાત સાચી?" કુંડકોલિકે કહે "હા મહારાજ! સાચી." ભગવાન મહાવીર કહે "ધન્ય છે તુજને! તું કામદેવ શ્રાવકની પેરે ધર્મમાં આરાધક રહ્યો." ત્યાર પછી ભગવાન મહાવીરે ઘણા સાધુ-સાધ્વીને બોલાવીને કહ્યું "અહો આર્યો! કુંડકોલિક શ્રાવક ગૃહવાસમાં છતાં તેને અન્યતીર્થી અન્ય શાસનનો દેવ પ્રશ્ન પૂછતાં હરાવી ન શક્યો ત્યારે તમો કે જેઓ દ્વાદશાંગીના જાણકાર છો તેમણે તો અન્યતીર્થીને હરાવી શકો એવા થવું ઉચિત છે." સર્વ સાધુ સાધ્વીએ તે વાત તહત્ત (પ્રમાણ) કીધી ને વિનય કરી પ્રશંસા કીધી. તે સાંભળી કુંડકોલિક હર્ષ સંતોષ પામી, ભગવાન મહાવીરને પ્રદક્ષિણા દેઈ વાંદી-નમસ્કાર કરી જે દિશાથી આવ્યો હતો તે દિશાથી ઘેર ગયો અને શ્રમણ ભગવાન મહાવીર જનપદમાં વિહાર કરી વિચરવા લાગ્યા.

---

* સસેવ વણ્ણઓ (= તે સર્વ) એનું આગળના ઉલ્લેખ મુજબ લેવું.

કુંડકોલિકો શ્રાવક ૧૪ વર્ષ પર્યંત શીલવ્રત આદિ વ્રત પાળી, પંદરમા વર્ષના મધ્યમાં કામદેવ શ્રાવકની પેરે પોતાના વડા પુત્રને ઘરનો ભાર સોંપી, પોષધશાળાને વિષે શ્રાવકની ૧૧ પ્રતિમા અંગી વિચરવા લાગ્યો અને ઘણું અણસણ કરી સુધર્મ દેવલોકને વિષે અરુણધ્વજ વિમાનને દેવતા થયો ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રે જાતી મોક્ષ જશે.



અધ્યયન ૭ મું

સદ્દાલપુત્ર



તે કાળ તે સમયને વિષે પોલાસપુર નામે નગર હતું. જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું તે પોલાસપુર નગરમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સદ્દાલપુત્ર એવે નામે કુંભકાર (કુંભાર) વસતો હતો તે આજીવિક મત ગોશાળા નામે મંખલીપુત્રના ઉપાસક હતો. તે ગોશાળાના મતમાં નિપુણ હોઇ તે ધર્મમાં તેની હાડહાડની મીંજાઓ રંગાએલી હતી અને તે ધર્મ સિવાય બાકીના ધર્મને અનર્થ જાણતો હતો. તેને એક ક્રોડી સુવર્ણ સોનૈયા ગોપવ્યા હતા એક ક્રોડી સુવર્ણનો વેપાર કરતો હતો અને એક ક્રોડી સુવર્ણનો પરવાળો હતો. તથા એક ગોકુળ એટલે દસ હજાર ગાયો હતી. તેને અગ્નિમિત્રા નામે સ્ત્રી હતી. વળી તેને પોલાસપુર નગર બહાર પ   દુકાનો હતી. તે ઘણા માણસોને નોકર રાખી ગાડવા કુંડાં ઘડા કળસા ગાગરો પીતેય ભરવાનાં ઠામ વગેરે ઘણાં વાસણો કરાવતો હતો અને પોતાની દુકાનને વિષે તથા રાજમાર્ગપર વેપાર કરતો હતો.

એકદા તે ગોશાળાનો શ્રાવક સદ્દાલપુત્ર, દિવસના પાછલા પહોરને વિષે અશોકવાડીમાં ગોશાળાના ધર્મની પ્રરૂપણા લેઇ બેઠો હતો

તેવામાં તેની સમીપ એક દેવતા પ્રગટ થયો અને આકાશે ઉભા રહી, ઘુઘરી વાળાં વસ્ત્રાભૂષણ પહેર્યાં થકાં કહેવા લાગ્યો. " હે દેવાનુપ્રિય શ્રાવક! અહીં કાલ સવારે એક મહા ગુરુ આવશે જ્ઞાનદર્શનના ધરણહાર તથા ત્રણ કાળના જાણ, અરિહંતજિનકેવળી, સર્વ દર્શી ત્રીલોકવાસી સર્વ દેવતા-મનુષ્ય-અસુરાદિકને અર્ચનિક, પૂજનિક વંદનિક અને સર્વને ત્રિવિધે કરી વાંદવા યોગ એવા તે ભગવાનને તું વંદીને ત્રિકરણ યોગે સેવા કરજે વળી તેઓશ્રીને પડીહારા પીઠ ફલગ શય્યા સંથારો તથા વસ્ત્ર પાત્રે કરીને નિમંત્રણ કરજે " એ પ્રમાણે ત્રણ વાર કહી દેવતા જે દિશાથી આવ્યો હતો તે દિશાયે પાછો ગયો

બીજે દિવસે પ્રભાતે શ્રમણ ભગવાન શ્રીમહાવીર પરમ તીર્થંકર પધાર્યા. તેમને ૧૨ પરખદા વાંદવા ગઈ યાવત્ વંદી પર્યુપાસના કરી. તે વાત સદ્દાલપુત્ર સાંભળી મનમાં વિચાર્યું કે, ગોશાળકના આચાર્ય અને જિનેશ્વર શ્રમણ ભગવાન શ્રી મહાવીર વિચરે છે માટે હું જાઉં. દેવે કહ્યું હતું માટે તેમને હું વાંદુ એવો હું એમ વિચારી શુદ્ધ થઇ પ્રધાન વસ્ત્ર પહેરી ઘણા માણસોના સમુદાયે નીકળીને પોલાસપુર નગરના મધ્યોમધ્ય થઈને જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાનમાં ભગવાન મહાવીર વિચરતા હતા ત્યાં આવીને તેમને ત્રણવાર પ્રદક્ષિણા દઇ વાંદી, નમસ્કાર કરી પર્યુપાસના કરી ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે સદ્દાલપુત્ર તથા મોટી પરખદા આગળ ધર્મ-કથા કીધી ત્યાર સદ્દાલપુત્રને કહ્યું જે સદ્દાલપુત્ર! કાલ પાછલા પહોરે અશોક વાટીકા વિષયે થકાં એક દેવતા તારી સમીપ પ્રગટ

થયો અને આકાશ માર્ગે ઊભો રહી કહેવા લાગ્યો કે કાલ અહીંઆ મહાપુરુષ આવશે તેની સેવા ભક્તિ કરજે એ વાત સાચી!" સાલપુત્ર કહે "હા, સ્વામિન્! સાચી." પછી સાલપુત્રે દેવના કહેવા મુજબ શ્રમણ ભગવાન મહાવીરને વંદી નમસ્કાર કરી કહ્યું "હે ભગવન્! મારે પોલાસપુર નગર બહાર ૫ કુંભારની હાટ છે ત્યાં તમે પાટીઆરું, પીઠ, ફલક, શય્યા સંથારો ઉપકરણ, ઔષધ ? તેઓએ તે લેતા વિચરો." એ પ્રમાણે કહેવાથી શ્રમણ ભગવાન મહાવીર સાલપુત્રની ૫ હાટથી પણ નાથક એષણીય પાટીઆરા પીઠ, ફલક શય્યા સંથારો ઉપકરણ, આદિક પ્રમુખ લઈ વિચરતા હવા

એકદા સાલપુત્રને માટીનાં કામે વાસણો કુંભનની બહાર તડકે સૂકવેલા દેખીને શ્રમણ ભગવાને પૂછ્યું "અહો સાલપુત્ર! એ માટીનાં વાસણ કેમ થયાં?" સાલપુત્ર કહે "હે પૂજ્ય! એ પહેલાં માટી હતી તેને પાણી સાથે ભીંજવી રાખી નાની મોટી વગેરે એકત્ર કરી એક પીંડ કીધો. પછી ચાક ઉપર ચઢાવી ફેરવી હાથ વડે જેવો તેઓએ તેના ઘાટ બનાવ્યો." શ્રમણ ભગવાન કહે "અહો સાલપુત્ર! એ શું માટીનાં વાસણ ઉત્થાન, બળ વીર્ય યાવત્ સર્વે પુરુષાકાર પરાક્રમ કીધા વગર થયાં?" સાલપુત્ર કહે "હે ભગવન્! ઉત્થાન, બળ વીર્ય પુરુષાકાર, પરાક્રમ કાંઈ છે જ નહિ. સર્વે ભાવ નિત્ય છે."

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સાલપુત્ર પ્રત્યે કહેતા હવા. "અહો સાલપુત્ર શ્રાવક! તારાં કામ અથવા પાકાં

ભારીનાં વાસણ કોઇ પુરૂષ તારા દેખતાં ભાંગે તથા ચોરે તથા તારી અગ્નિમિત્રા ભાર્યા સાથે સંસારનાં વિષય સુખ ભોગવે તો તેને તું શી શિક્ષા કરે ?" સદાલપુત્ર કહે "હે ભગવન્! હું તે પુરૂષને આક્રોશ વચન કહું બાંધું, મારૂં તથા જીવિતથી રહિત કરૂં" ભગવાન કહે "હે સદાલપુત્ર તું કહે છે કે ઉત્થાનાદિક ક્રિયા પરાક્રમ નથી અને સર્વ ભાવ નિત્ય છે તો તારો ઉપર પ્રમાણે ગુન્હો કરનારને તું ઉપર પ્રમાણે શિક્ષા કરે એ સર્વ નત્યક્ષ જેવું એ ખરૂં ?" એટલે સદાલપુત્ર શ્રાવક પ્રતિબોધ પામ્યો અને શ્રમણ ભગવાનને વાંદી નમસ્કાર કરી બોલ્યો " ભગવન્! હું ઇચ્છું છું, વાંછું છું, તમારી પાસે સાંભળ્યો તે ધર્મ ભલો "

ત્યાર પછી શ્રમણ ભગવાને પ્રખદા વચ્ચે મોટી ધર્મદેશના દીધી. તે સાંભળી હર્ષ સંતોષ પામી આનંદ શ્રાવકની પેઠે બાર વ્રત અંગીકાર કરી ભગવાનને વાંદી નમસ્કાર કરી, પોલાસપુર નગરની મધ્યો મધ્ય થઈને સદાલપુત્ર પોતાને ઘેર આવ્યો અને પોતાની પત્ની અગ્નિમિત્રાને ભગવાન મહાવીરને વાંદવા જવાની આજ્ઞા કરી.

સ્વામીની આજ્ઞા કબુલ કરી અગ્નિમિત્રા સ્નાન કરી, બહુમૂલ્ય વસ્ત્રાભૂષણ પહેરી બહાર દેશની દાસીઓ સાથે રથે બેસી ભગવાનને વાંદવા ગઇ. ત્યાં ભગવાનથી અતિ વેગળા નહિ તથા અતિ નજીક પણ નહિ એવી રીતે ઉભી રહી ભગવાનને સવિનય વાંદી નમસ્કાર કરી ધર્મદેશના સાંભળી, હર્ષ સંતોષ પામી, શ્રાવકના બાર વ્રત અંગીકાર કરી રથે બેસી, જે દિશાથી આવી હતી તે દિશાએ પાછી ઘેર આવી. ત્યાર પછી ભગવાન મહાવીર સ્વામી અન્યદા પ્રસ્તાવે સહસ્રામ્ર વનથી નીકળીને જનપદ દેશ, પુર, નગર, ગામ વિહાર કરતા હવા.

હવે મંખલીપુત્ર ગોશાલે સદ્દાલપુત્રને મહાવીર પાસે ધર્મ અંગીકાર કર્યાનું સાંભળીને વિચાર્યું કે હું સદ્દાલપુત્ર પાસે જઈને મારો છોડેલો ધર્મ ફરીથી અંગીકાર કરાવું એમ વિચારી સંઘ સમુદાય લેઈને જ્યાં પોલાસપુર નગરમાં પોતાનું સાધુસ્થાનક છે ત્યાં આવ્યો અને પોતાનાં વસ્ત્રપાત્રાદિ ઉપકરણ સ્થાનકમાં મૂકી કેટલાએક સાથી લેઈને જ્યાં સદ્દાલપુત્ર શ્રાવક છે ત્યાં આવ્યો. ગોશાલાને આવતો દેખીને સદ્દાલપુત્રે આદરસન્માન દીધું નહિ, સામું પણ જોયું નહિ અને મૌન રહ્યો. ત્યારે ગોશાલો, આદર સન્માન ન મળ્યું જાણી તેની તરફથી પીઠ ફલગ, શય્યા સંથારો ઔષધાદિ મળવાની લાલચે શ્રમણ ભગવાન મહાવીરના ગુણકીર્તન કરતો થકો કહેવા લાગ્યો. "અહો સદ્દાલપુત્ર શ્રાવક! અહીં પૂર્વે એક મહાત્મા પુરૂષ આવ્યા હતા?" સદ્દાલપુત્ર કહે. "શ્રમણ ભગવાન મહાવીર મહા માહણ પુરૂષ તે શા માટે?" ગોશાલો કહે. "તેઓ ઉત્પન્ન જ્ઞાન, દર્શન અને ચારિત્રના ધણી છે ચોસઠ ઇંદ્રના પૂજનિક છે અને અને વાચા યોગ્ય છે માટે મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથાના કહેનાર અને મહાનિર્યામિક શ્રમણ ભગવાન મહાવીર છે." સદ્દાલપુત્ર કહે "કેવી રીતે?" ગોશાલો કહે "અહો દેવાનુપ્રિય! સંસારરૂપ અટવીમાં ઘણા નાસતા–ભાગતા જીવોને ગોપવી રાખવા માટે મહાગોપ તથા સંસારરૂપ અટવીને વિષે ઘણા જીવ,

---

મૂળ પાઠમાં મહા માહણ શબ્દ છે તેનો અર્થ કોઈ જીવને હણવો નહિ એવો ઉપદેશ કરનાર.

નિર્યામક એટલે વહાણ ચલાવનાર.

દેશક જીવના ભયથી નાસતા-વાસતા તેમને ધર્મ માર્ગે રાખે અને નિર્વાણરૂપ વાડાને પામે માટે મહાસાર્થવાહ* તથા સંસારમાંથી ઉન્મતિ ભ્રમણ કરનાર સાંભળે એવી ધર્મકથા કહેનાર માટે મહાધર્મ કથાના કહેનાર અને સંસારરૂપ સમુદ્રમાં ડૂબતા જીવને તારનાર એટલે ધર્મરૂપ નાવે કરી મોક્ષ ગતિ આપનાર માટે મહા નિ-ર્યામિક" સદ્દાલપુત્ર કહે "હે દેવાનુપ્રિય! મારા ધર્માચાર્ય એવા વિજ્ઞાનવંત અને સમર્થ છે તો તમે એમની સાથે વા વિવાદ કરશો નહિ." ગોશાળો કહે "અહો સદ્દાલપુત્ર! જેમ કોઇ બળવત, રૂપ-વત અને યુવાન ગતી વગનો પુરુષ સૂઅર, કુકડે તીતર વગેરે જન-વરોને તેઓના હાથથી પગથી પૂછથી પીછથી, શીંગથી અને કાનથી જ્યાં જ્યાંથી ઝાલે ત્યાં ત્યાંથી તેઓ છુટવા સમર્થ નહિ એટલે નાશી શકે નહિ તેમ શ્રમણ ભગવાન મહાવીર જે જે પ્રશ્ન પૂછે તેનો ઉત્તર દેવા હું અસમર્થ તેથી વિવાદ કરી શકું નહિ." સદ્દાલપુત્ર કહે હે દેવાનુપ્રિય! તમે મારા ધર્મગુરુ ભગવાન મહાવીર સ્વામીનું ગુણકીર્તન કીધું તે માટે (ધર્મમાટે નહિ) હું તમને પાટીઆ, પીઠ, ફલગ§ તથા સંથારો લેઇ કરી નિમંત્રણ કરૂં છું માટે મારી કુંભારની દુકાનેથી ઉપર પ્રમાણે વસ્તુઓ લેઇ વિચરો અને ઉપાસરા જેમ ત્યાં સુખે વસો." એ રસ્તે કહ્યાથી ગોશાળો મંખલીપુત્ર સદ્દાલ-પુત્રની દુકાનેથી ઉપર પ્રમાણે વસ્તુઓ લેઇ વિચરવા લાગ્યો પરંતુ સદ્દાલપુત્ર ગોશાળાના અનુકૂળ વચને કરી, વિનંતિએ કરી સમજાવ્યા

---

* સાર્થવાહ—વણજારાનો ઉપરી આગેવાન, શેઠ.

§ ફલગ—પાટી (Board Table).

ભય્યા નહિ ક્ષોભ પામ્યા નહિ તથા લગાર માત્ર ચલમ પામ્યા નહિ તેથી ગોશાળો થાકીને પોલાસપુર નગરથી નીકળીને જનપદ, દેશમાં વિહાર કરવા લાગ્યા.

સદ્દાલપુત્ર શ્રાવકને ઘણા શીલાદિક વ્રત પાળતાં ૧૪ વર્ષ પૂર્ણ થયા પછી પંદરમા વર્ષની મધ્યમાં એક દિવસે મધ્યરાત્રિને સમયે પોષધશાળામાં ધર્મની પ્રવૃત્તિ કરી બેઠા છે તેવામાં એક દેવ હાથમાં કમળ સમાન તરવાર લેઈ સન્મુખ આવી ચુલણીપીયાની પેઠે બોલવા લાગ્યો તથા ઉપસર્ગ દેવા લાગ્યો. એટલું વિશેષ કે એક પુત્રના નવ નવ માંસના સોળા કર્યા. અને વડા પુત્રને, વચલા પુત્રને લઘુ પુત્રને મારી તેનું લોહીમાંસ શરીરે છાંટ્યું પણ સદ્દાલપુત્ર ધર્મથી ચલ્યા નહિ. ત્યારે દેવતા ચોથી વાર કહેવા લાગ્યો "હે સદ્દાલપુત્ર! જો તું આ વ્રત નહિ ભાંગીશ તો તારી અગ્નિમિત્રા સ્ત્રીને તારા ઘરથી આણીને તારી ઉપર પ્રમાણે મારી તેના સોળા કરી તેનું લોહીમાંસ તારા શરીરે છાંટીશ તેથી તું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરી મરી દુર્ગતિ પામીશ. એ પ્રમાણે એકવાર, બેવાર અને ત્રીજીવાર કહ્યું અરસે ચુલણીપિયાની પઠે સદ્દાલપુત્રને સંકલ્પ ઉપન્યો. તેથી દેવને ઝાલવા ઉઠ્યો તો તે આકાશે ઉત્પત્યો અને, સદ્દાલપુત્ર થાંભલાને બાઝી રહ્યો. આદીથી સઘળો અધિકાર ચુલણીપિયાની પેઠે જાણવા. એટલું વિશેષ કે તે મરી અરૂણભૂત એવે નામે વિમાને દેવતાપણે ઉપન્યા ત્યાંથી મહાવિદેહક્ષેત્ર આવી મોક્ષ જશે.

જનપદ દેશ Kingdom country

અધ્યયન ૮ મું

મહાશતક



તે કાળ, તે સમયને વિષે રાજગૃહી નામે નગરી હતી. ત્યાં ગુણશીલ ચૈત્ય નામે ચૈત્ય હતું. તે રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં મહાશતક નામે ગાથાપતિ વસતો હતો. તેને આઠ કોડી સુવર્ણ ભોંયમાં દાટેલા હતા, આઠ કોડી સુવર્ણનો વેપાર કરતો હતો અને આઠ કોડી સુવર્ણનો ઘરવખરો હતો તથા દસ હજાર ગાયોનું એક ગોકુળ એવા આઠ ગોકુળ હતાં. તેને રેવતી વગેરે તેર સ્ત્રીઓ હતી. તેમાં રેવતીને પોતાના પિયરથી આપેલી આઠ હીરણ્યની કોડી અને આઠ ગોકુળ વ્રજ હતાં. તે સિવાય બાકીની બાર સ્ત્રીઓમાંની દરેકને પોતાના પિયરથી આપેલી એક હીરણ્યની કોડી અને એક વ્રજ ગોકુળ હતાં.

તે કાળ તે સમયને વિષે, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. તેમને વાંદવા બાર પરખદા ગઈ. જેમ આનંદ શ્રાવક વાંદવા ગયો હતો તેમ મહાશતક પણ વાંદવા ગયો. ત્યાં ભગવાનને વાંદી નમસ્કાર કરી આનંદની પેરે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. તેમાં એટલું વિશેષ કે આઠ હીરણ્યની કોડી ભાજન સહિત અને આઠ વ્રજ ગોકુળ

ગોકળ તથા રેવતી પ્રમુખ તેર ભાર્યા સિવાય સર્વ મૈથુન વિધિનો ત્યાગ કર્યો.

એકદા રેવતી ગાથાપત્નીને મધ્યરાત્રિને સમયે એવો અધ્યવસાય (વિચાર) ઉપન્યો કે મારે બાર શોક્યો છે તેથી હું મહાશતકની મનુષ્ય સંબંધી ઉદાર ભોગ ભોગવી શકતી નથી માટે એ બાર શોક્યોને અગ્નિ પ્રયોગ કરીને, વિષાદિકે કરીને કે વિષે કરી જીવથી રહિત કરું અને એ બાર શોક્યોની બાર હીરણ્ય કોડી તથા બાર વ્રજ ગોકુળ લેઉં સુખે વિચરૂં. એમ ચીંતવીને તે શોક્યોને મારવા અંતર, અવસર છળાદિક એકાંત સ્થાન વગેરે જોતી વિચરે છે ત્યારબાદ કેટલેક દિવસે એકાંત ભાગ અને લાગ જોઈ પોતાની બાર શોક્યો મધ્યેથી છને શસ્ત્રે કરી મારી અને છને વિષ દેઈ મારી અને તે બારે શોક્યોની બાર હીરણ્યકોડી તથા વ્રજગોકુળ પોતે લીધાં, અને મહાશતકની સુખે વિષય સુખ ભોગવતી વિચરવા લાગી. તથા ઘણા પ્રકારે માંસના શુળાદિ કરી તેને તેલમાં તળી મદિરા સાથે ખાતી વિચરવા લાગી. ત્યારબાદ કેટલેક દિવસે રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજાએ અમારનો (જીવહિંસા ન કરવાનો) ઢંઢેરો પીટાવ્યો. તેથી રેવતી ગાથાપત્ની પોતાના પિયરથી (પોતાને મળેલાં ગોકુળમાંથી) દરરોજ પ્રભાતે બબ્બે વાછરડાં મગાવી તેને મારી તેના માંસના શુળા આદિક કરી ખાતી વિચરવા લાગી.

૮૨ મહાશતક શ્રાવક ચૌદ વર્ષ પર્યંત શીલાદિક વ્રત પાળીને પંદરમે વરસે પુત્રને ઘરનો ભાર સોંપીને પોષધશાળાને વિષે શ્રાવકની અગિયાર પ્રતિમા લેઈ વિચરવા લાગ્યા ત્યારબાદ એકદા સમયે

મદ્ય માંસ ખાનારી રેવતી મહામદે મત્ત થઈ ઉન્માદે માથે, માથાના વાળ છુટા મૂકી મોહ પમાડે એવા સોળ શણગાર સજી પૌષધશાળા ને વિષે મહાશતક શ્રાવકની પાસે આવીને, અભિલાષ દેખાડતી સ્ત્રીના હાવ ભાવ ચેષ્ટા કરતી, કહેવા લાગી "અહો મહાશતક શ્રાવક! આ જ ધર્મનું કામ આ જ પુણ્યનું કામ, આ જ સ્વર્ગનું કામ, આ જ ધર્મની વાંછા આકાંક્ષા માની તમે મારી સાથે સંસારનાં સુખ ભોગવતા નથી એ સારૂં નહિ" એમ એક વાર બે વાર, ત્રણ વાર કહ્યા છતાં મહાશતક શ્રાવકે તેના સામું જોયું નહિ, આદર સત્કાર દીધો નહિ અને મૌન રહી ધર્મધ્યાનને વિષે વિચરવા લાગ્યા તેથી રેવતી થાકીને આમળુંમસળતી થઈ જે દિશાથી આવી હતી તે દિશાથી પાછી પોતાને ઘેર ગઈ

મહાશતક શ્રાવક શ્રાવકની અગિયાર પ્રતિમા સૂત્રવિધિએ આરા-ધતા વિચરવા લાગ્યા તેથી શરીર સુકાઈને ખાખરા વસ્ત્રની ધમણ સરખું નિર્માંસ થયું એકદા પ્રસ્તાવે મધ્ય રાત્રિને સમયે ધર્મ જાગ-રિકા જાગતાં થકાં તેમને એવો અધ્યવસાય ઉપન્યો કે જેમ આનંદ શ્રાવકે અંત અવસ્થાએ સંથારો કીધો અને પરિગ્રહ મૂર્છા તથા ચાર પ્રકારનાં આહાર પાણી તજ્યાં તેમ હું પણ સર્વ તજીને કરૂં એમ વિચારી તે પ્રમાણે ધર્મધ્યાનને વિષે વિચરતાં થકાં શુભ ધ્યાન અને શુભ પરિણામે કર્મનો ક્ષય કરી અવધિજ્ઞાન ઉપન્યું તેથી પૂર્વ તથા દક્ષિણ દિશાએ લવણ સમુદ્ર મધ્યે ૧ હજાર જોજનનું ક્ષેત્ર દેખવા લાગ્યા પશ્ચિમ તથા ઉત્તર દિશાએ ચુલહેમવંત તથા વર્ષધર પર્વત

અને નીચે રત્નપ્રભા નામની પહેલી નરકનો લોલુચ્ચુય નામે પાથડે દેખવા લાગ્યા તે પાથડાની ચોરાશી હજાર વર્ષની સ્થિતિ છે

અન્યદા પ્રસ્તાવે એકદા સમયે રેવતી ગાથાપત્ની ઉપરની પેઠે પોષધશાળાને વિષે મહાશતક શ્રાવકની પાસે જઈને એક વાર, બે વાર ત્રણ વાર પ્રથમની પેઠે મોહક વચનો કહેવા લાગી તેથી મહાશતક શ્રાવકને ક્રોધ ઉપન્યો અને અવધિજ્ઞાને કરી જોઈ કહ્યું કે "અરે અપ્રાર્થિત મરણની વાંછનાર રેવતી! તું જરૂર સાત અહોરાત્રિની અંદર અલસ રોગથી પીડાઈને આર્તધ્યાન તથા રૌદ્રધ્યાને કરી દુઃખ પામતી અસમાધિ પરિણામે મરીને રત્નપ્રભા નામની પહેલી નરકને વિષે લોલુચ્ચુય નામે પાથડે ચોરાશી હજાર વર્ષના આયુષ્યે નારકી પણે ઉપજીશ." એવાં વચન સાંભળી રેવતી ત્રાસ પામતી નાઠી અને હળવે હળવે ઘેર આવી. ત્યાર બાદ તે સાત અહોરાત્રિમાં અલસ રોગ ઉપન્યે કરી આર્તધ્યાન અને રૌદ્રધ્યાને કરી કાળ કરી એજ રત્નપ્રભા નરકના લોલુચ્ચુય નામે પાથડે ચોરાશી હજાર વર્ષના આયુષ્યે નારકીપણે ઉપની

તે કાળ તે સમયને વિષે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમવસર્યા. તેમને પરખદા વાંદવા ગઈ યાવત્ ધર્મદેશના સાંભળી પાછી વળી. ત્યાર પછી શ્રમણ ભગવાને ગૌતમ સ્વામીને કહ્યું "હે ગૌતમ! આ રાજગૃહી નગરીને વિષે મારો અંતેવાસી (શિષ્ય) મહાશતક નામે શ્રાવક છે તેણે પોષધશાળાને વિષે છેલ્લી મરણ સમયની સંલેખના કરીને ધર્મધ્યાને વિચરતાં થકાં તેની રેવતી નામની સ્ત્રીએ મદમાદક વચનો કહેવાથી કોપાયમાન થઈ અવધિજ્ઞાને કરી

એવું કહ્યું કે હે રેવતી અપ્રાર્થની! તું સાત અહોરાત્રિમાં અલસક રોગ ઉપન્ન થવાથી મરી રત્નપ્રભા નરકમાં ઉપજીશ. હે ગૌતમ! શ્રમણોપાસક શ્રાવકને છેલ્લી સંલેખનાને વિષે સદ્ભાવવાળું સાચું વચન છતાં પણ અમનોજ્ઞ અને કઠોર વચન કહેવું કલ્પે નહિ. માટે તમે જઈને મહાશતક શ્રાવકને કહો કે એ સ્થાનકે આલોવો, નિંદો યથાયોગ્ય પ્રાયશ્ચિત લ્યો" એ પ્રમાણે કહેવાથી શ્રી ગૌતમ સ્વામીએ રાજગૃહી નગરીની મધ્યોમધ્ય થઈને પોષધશાળામાં જ્યાં મહાશતક શ્રાવક છે ત્યાં આવી ઉપર પ્રમાણે કહ્યું. મહાશતક શ્રાવકે ગૌતમ સ્વામીનું વચન તહત્ (કબૂલ) કરી તે સ્થાનકે આલોવી પ્રતિક્રમી, પ્રાયશ્ચિત લીધું. પછી ગૌતમ સ્વામી ત્યાંથી નીકળીને શ્રમણ ભગવાન મહાવીર પાસે આવી તેમને વાંદી, નમસ્કાર કરી સત્તર ભેદે સંયમ અને બાર ભેદે તપ કરતા વિચરવા લાગ્યા. ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અન્યદા જનપદ દેશમાંહી વિહાર કરી વિચરતા હવા.

મહાશતક શ્રાવક ઘણાં શીલાદિ વ્રત સાથે વીસ વર્ષ પર્યંત શ્રાવકનો ધર્મ પાળીને, શ્રાવકની અગીઆર પ્રતિમા પાળીને એક માસની સંલેખના કરીને પોતાનો આત્મા શોષીને, સાઠ ભક્ત આહારનો અનપૂરણ કરીને, પાપ આલોઈ, સમાધિવંત થઈ કાળ માસે કાળ કરીને સૌધર્મ દેવલોકના અરુણાવતંસક વિમાનને વિષે ચાર પલ્યોપમની સ્થિતિએ દેવતાપણે ઉપન્યો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રે ઉપજી મોક્ષ જશે.

અધ્યયન ૯ મું

નંદિનીપ્રિય



કાળ તે સમયને વિષે સાવત્થી નામે નગરી હતી, ત્યાં કોષ્ટક નામે વન હતું. એ સાવત્થી નગરીને વિષે જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં નંદિનીપ્રિય નામે ગાથાપતિ વસતો હતો. તેને ચાર ક્રોડ સુવર્ણ ભોંયમાં દાટેલા હતા. ચાર ક્રોડ સુવર્ણનો વેપાર કરતો હતો અને ચાર ક્રોડ સુવર્ણનો પરસ્તાવરો હતો તથા ચાર ગોકુળ એટલે ચાળીસ હજાર ગાયો હતી. તેને અશ્વિની નામે ભાર્યા હતી.

તે કાળ તે સમયને વિષે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમવસર્યા (પધાર્યા). તેમને વાંદવા માટે રાજા ગયો. નંદિનીપ્રિય ગાથાપતિ પણ વાંદવા ગયો. ત્યાં ભગવાનની દેશના સાંભળી આનંદ શ્રાવકની પેઠે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરી પાછો વળ્યો. પરખદા પણ પાછી વળી. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બાહ્ય દેશમાંહી વિહાર કરી વિચરતા હવા.

નંદિનીપ્રિય ગાથાપતિ, શ્રાવકપણું અંગીકાર કરી ઉત્સાહ ભાવના વિચરવા લાગ્યો અને ચૌદ વર્ષ પર્યંત ઘણાં શીલવ્રતાદિ પાળી પંદરમે વર્ષે પોતાના વડા પુત્રને ઘરનો ભાર સોંપી ધર્મની ઉપાસના કરતાં વીસ વરસના પર્યાય પાળીને શુભ ધ્યાને અરુણગવ વિમાન દેવતાપણે ઉત્પન્ન થયો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રે આવી મોક્ષ જશે.

અધ્યયન ૧૦ મું

સાલિહીપિયા



તે કાળ તે સમયને વિષે સાવથી નામે નગરી હતી ત્યાં કોષ્ટક નામે વન હતું તે સાવથી નગરીને વિષે જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સાલિહીપિયા નામે ગાથાપતિ વસતો હતો તેને ચાર કોડી સુવર્ણ ભોંયમાં દાટેલા હતા ચાર કોડી સુવર્ણનો વ્યાપાર કરતો હતો અને ચાર કોડી સુવર્ણનો ઘરવખરો હતો તથા ચાર ગોકુળ એટલે ચાલીસ હજાર ગાયો હતી. તેને ફાલ્ગુની નામે ભાર્યા હતી. (સાલિહીપિયાનું સંસ્કૃત નામ શાલિનીપિતા)

તે કાળ, તે સમયને વિષે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા તેમની પાસે સાલિહીપિયા ગાથાપતિએ આનંદ શ્રાવકની પેઠે શ્રાવક ધર્મ અંગીકાર કીધો અને કામદેવ શ્રાવકની પેઠે વડા પુત્રને ઘરનો ભાર સોંપી પોષધશાળામાં શ્રી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમીપ વીચરતો ધર્મ પ્રજ્ઞપ્તિ ઉપસંપદા લઈ ધર્મને વિષે વિચરવા લાગ્યા. એટલું વિશેષ કે ઉપસર્ગ રહિત શ્રાવકની અગીઆર પ્રતિમા ભલી પેરે પરિફરી બાકી સર્વ કામદેવ શ્રાવકની પેરે જાણવું યાવત્ સૌધર્મ દેવલોકને વિષે અરુણકીલ વિમાન દેવતાપણે ચાર પલ્યોપમની સ્થિતિએ જઈ ઉપન્યો ત્યાંથી મહાવિદેહ ક્ષેત્ર માંહી મોક્ષ જશે.

એ શ્રાવકને પંદરમે વર્ષે ધર્મ કરવાની ચિંતા ઉપની. વળી એ શ્રાવકે વીસ વર્ષનો શ્રાવકનો પર્યાય પાળ્યો.

શ્રી

નિરયાવલીકા સૂત્ર


જેમાં

કલ્પવડંસિય, પુપ્ફીઆ, પુપ્ફચુલા અને
વિન્હિદશા એ ૪ સૂત્રોનો પણ
સમાવેશ કરવામાં આવ્યો છે

નિરયાવલીકા સૂત્રના ૧૦ અધ્યયનો.

અધ્યયન	૧ લું—કાલીકુમાર.	અધ્યયન	૬ ઠું—મહાકૃષ્ણકુમાર.
"	૨ જું—સુકાલીકુમાર.		૭ મું—વીરકૃષ્ણકુમાર
"	૩ જું—મહાકાલીકુમાર.	"	૮ મું—રામકૃષ્ણકુમાર.
	૪ થું કૃષ્ણકુમાર	"	૯ મું—નિયસેનકુમાર
	૫ મું—સુકૃષ્ણકુમાર.		૧ મું—મહાસેનકુમાર

પ્રવેશિકા.



તે કાળ ને સમયને વિષે (એટલે અવસર્પિણીના ચોથા આરાને વિષે) રાજગૃહી નામે નગરી હતી, જે ૪૮ ગાઉ લાંબી અને ૩૬ ગાઉ પહોળી હતી તથા ઋદ્ધિ અને ભવનાદિકે કરી સહિત તથા ઉપદ્રવ રહિત હતી.

એ નગરીની બહાર ઇશાન કોણમાં ગુણશીલ નામે ઉદ્યાન હતું, જે છ ઋતુના ફળ-ફૂલે કરી સહિત હતું. એ ઉદ્યાનમાં અશોક નામે એક વૃક્ષ હતું, તેની નીચે પૃથ્વીશિલાપટ્ટક* હતો. તે વર્ણે શ્યામ અને ચિત્રવિચિત્ર હતો.

એ શિલાપટ્ટ ઉપર શ્રમણ ભગવાન શ્રી મહાવીરના શિષ્ય—પાંચમા ગણધર આર્ય સુધર્મ સ્વામી (કે જેઓ જાતિ અને કુળે કરી શુદ્ધ હતા વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર નામક સંસ્થાનના ધણી હતા તેઓ) પાંચસો સાધુના પરિવાર સહિત એક ગામથી બીજે ગામ વિહાર કરતા પાદચારી ઉપકરણ સહિત સંયમ તથા તપ કરી આત્માને ભાવતા થકા જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ કરતા થકા વિચરતા વિચરતા આવીને ઉતર્યા. ત્યાં તેમને વાંદવા રાજગૃહીમાંથી પર્ષદા આવી, જે ધર્મકથા સાંભળી વિદાય થઈ.

* શિલાપટ્ટ, એટલે પાષાણ મૂકી બનાવેલી બેસવાની જગ્યા. એ ઓટલા જેવું હોય છે.

આર્ય સુધર્મ સ્વામીના શિષ્ય આર્ય જમ્બુસ્વામી કે જેઓ સમચોરસ નામક સંસ્થાનવાળા હતા અને સર્વ અંગે સુંદર હતા તથા જેઓએ તેજસ્ લેશ્યા ગોપવી રાખી હતી તેઓએ ગુરુથી અતિ નજીક નહિ તેમ અતિ દૂર નહિ એવે સ્થાને ઉભા રહીને, શિર નીચું નમાવી શુભ ધ્યાન કરતા થકા વંદન નમસ્કાર કરી સવિનય પૂછ્યું "હે પૂજ્ય! શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી મોક્ષ પધાર્યા તેમણે આઠમા ઉપાંગને વિષે કેવા અર્થ પરૂપ્યા છે તે કૃપા કરીને ફરમાવશો?"

આર્ય સુધર્મ સ્વામી કહેતા હવા હે જમ્બુ! શ્રમણ ભગવાન મહાવીર દેવે આઠમા ઉપાંગના પાંચ વર્ગ પરૂપ્યા છેઃ (૧) નિરયાવલીકા (૨) કપ્પ સિયા (૩) પુપ્ફિયા, (૪) પુપ્ફચૂલા (૫) વિન્હિદશા.

આ પાંચ પૈકી પહેલા શ્રી નિરયાવલીકા* સૂત્રમાં પણ ૧ અધ્યયન છે જેનું વર્ણન સાંભળો.



* નિરય+આવલિકા=નિરયાવલિકા, A series of (men in) નિરય or hell. નિરય એટલે નરક. તે શબ્દ નિર્+અય એટલે અય એટલે પુણ્ય (શુભ ફળ) તેના ફળ વગરની સ્થિતિ તે નિરય. એવાં પ્રાણીઓ અનુક્રમે વર્ણન જેમાં આપ્યું છે તે સૂત્રનું નામ નિરયાવલિકા સૂત્ર. (બીજી રીતે, નિરયાવલિકા એટલે અધ્યયન ... નરકગામી ... તે નિરયાવલિકા સૂત્ર)

અધ્યયન ૧ લું

કાલીકુમાર



તે કાળ તે સમયને વિષે, આ જમ્બુદ્વિપના ભરતક્ષેત્રને વિષે ચંપા નામે નગરી હતી (જેનું વર્ણન શ્રી ઉવવાઇ સૂત્રમાંથી જાણવું) નગરીની બહાર ઈશાન કોણમાં પૂર્ણભદ્ર નામે એક ઉદ્યાન હતું

આ નગરમાં, શ્રેણીક રાજાનો પુત્ર અને ચેલણા રાણીનો અંગજાત કોણીક નામે રાજા રા ય કરતો હતો. તે સુખદમનન પરત સમાન મોટો હતો. તેને પદ્માવતી નામે રાણી હતી, જે અતિ સુંદર હતી.

શ્રેણીકરાજાને બીજી એક કાલી નામક રાણી હતી જનાથી તેને એક કાલીકુમાર નામક પુત્ર થયો હતો. તે પણ સુંદર હતો

(કોણિક અને કાલીકુમાર આદિ કુમારોને ૧ ભાગે વહેંચણી કરી હતી. અભયકુમારે દિક્ષા લીધાથી તેનો ભ ર ા માં આવ્યો નહોતો.)

એકદા, કાલીકુમાર પોતાના ભાઈ કોણીક સાથે યુદ્ધને અર્થે ગયો. ૩ ૦ હાથી ૩ ઘોડા, ૩ રથ અને ૩ કોટી મનુષ્યને

સાથે હાથી આગળ થયું તથા પાછળ રહ્યું. એવા આકારે સૈન્ય ગોઠવી તેણે કોણીક સાથે રથમુશળ યુદ્ધ આરંભ્યું.

આ તરફ, કાલી રાણી કુસુમ નગરીમાં બેઠાં (અર્થાત્ કુંવરના સુખ-દુઃખનો વિચાર કરતાં) એવા સંકલ્પ કરવા લાગી કે "મારો કાલીકુમાર સંગ્રામમાં જીતશે કે નહિ? જીવશે કે મરશે?" એવા વિચાર થી તે આત્માને વિષે આર્તધ્યાન ધ્યાતી હતી. એવામાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ સમવસર્યા. તેમને વાંદવાને પ્રજા જાય છે એવા ખબર મળવાથી કાલીરાણીને પણ વિચાર થયો કે ભગવાન મહાવીરને વાંદવાનું મહા ફળ છે માટે હું પણ ત્યાં જઈ વાંદું, ધર્મકથા સાંભળું અને સંશય પૂછું એમ વિચારી સ્નાન-મંજન કરી મહામૂલ્યવાન વસ્ત્રાલંકાર પહેરી સેવિકા પાસે ધાર્મિક

---

* મગધિપતિએ જ્યારે એમ કહ્યું છે કે ભગવાનની ભક્તિ વિશાળ પ્રમાણમાં કરી ત્યારે નગરીમાં ઢંઢેરો પીટાવ્યો છે કે ત્યાં આવ્યા હતા એવા ભાવિકજનો માટે આ પ્રમાણે ગોઠવણ કરવામાં આવી છે. ભગવાન પ્રભુના દર્શન કરવા નીકળતી પ્રજા પ્રભુની વાણી સાંભળી શકે તે માટે રસ્તા ખુલ્લા રાખ્યા છે. ભગવાન મહાવીરની અંતર્ગત વધારે કેમ થાય? તે માટે આ અર્થ દેખાડેલ છે.

વાસ્તવિક રીતે જોઈએ તો નગરીના સર્વ લોક છે તેમાંથી કેટલા લોકો આ બાબત સમજ્યા (અથવા સર્વજ્ઞ ભગવાનની ભાવના જાણવી) અને બીજું ગામ નગરીમાં રહેલ છે પણ આ વખતે સ્નાન કરી સાથે નગરમાં જવાને દોડતી હોય તેમ અર્થ કરેલ છે તેમ દેખાય છે. તે વાત મને યુક્તિસંગત લાગે છે.

પરંતુ આ બન્ને અર્થો કરતા એક વધુ બંધબેસતો, વધારે ઉચ્ચ ભાવનાવાળો અને વધુ યુક્તિયુક્ત અર્થ એક મિત્ર તરફથી મને મળેલ છે તે એવો કે સામાન્ય

રથ મંગાવી તે ઉપર બેસી ઘણાં દાસ-દાસી સાથે ચંપાનગરીની મધ્યોમધ્ય થઈ પૂર્ણભદ્ર ઉદ્યાનમાં ગઈ. દૂરથી તીર્થંકરના છત્ર વગેરે અતિશય જોવામાં આવતાં રથથી નીચે ઉતરીને ઘણાં દાસ-દાસી સાથે પગે ચાલીને શ્રમણ ભગવાન સમીપે આવીને તેમને ત્રણવાર પ્રદક્ષિણા દેઈને, વંદન-નમસ્કાર કરી ઉભી રહી. ભગવાને રાણી પ્રમુખ વિસ્તારપૂર્વક ધર્મકથા કહી, જેમાં સાગારી અને અણગારી એમ બે પ્રકારના ધર્મનું વર્ણન કર્યું (સાગારી ધર્મ એટલે શ્રાવક-શ્રાવિકાના બાર વ્રતરૂપ ધર્મ અને અણગારી ધર્મ તે સાધુ-સાધ્વીનાં પંચમહાવ્રતરૂપ ધર્મ) આ પ્રમાણે ધર્મથી આરાધક થવાય.

ધર્મકથા સાંભળ્યાથી હર્ષ પામેલી કાલી રાણી ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા દેઈ વંદન-નમસ્કાર કરી સવિનય પૂછવા લાગી. “હે ભગવન્! મારો કાલી કુમાર રથમુશલ નામક સંગ્રામને વિષે ગયો છે તે જીતશે કે નહિ? હું તેને જીવતો દેખીશ કે નહિ?” ભગવાન બોલ્યા: “હે રાણી! તારો પુત્ર કાલીકુમાર સંગ્રામને વિષે હણાયો છે અને મરણ પામ્યો છે. તેના સુભટો મરાયા છે અને ધ્વજ પતાકાઓ ચારે દિશાએ પડી ગઈ છે. આ રીતે સંગ્રામને વિષે આધાર આપ્યો છે. ચેડા મહારાજે કાલીકુમારનો રથ સામો આવતો

આકાશવર્તિ મોટો ભગવંત પણ જિનેન્દ્ર દેવો વડે ભગવંત ભવનપતિ આદિ ઈંદ્ર કરીને પછી ભગવાનની સમીપ થઈ ભવ ભાવના ભેદ એ દર્શાવે છે. માનુષિક ભવ સમ ભાવો નથી પણ હવે વિચાર. અને હવે ઈન્દ્રિયોનો ભેદ સમજાવે છે. મહાત્મા ભગવાન પણ ત્યાં પધાર્યા. શરીર ૨૮ ભેદે. દરેકથી અધિક પણ ભિન્ન ભાવથી વિભૂષિત કરી, ઉપદેશ સંબંધથી વૈરાગ્ય કરી. [illegible]

દેખીને મહાક્રોધાયમાન થઇ ધનુષ્ય ચઢાવી બાણ સહીત તીર ખેંચી એક જ પ્રહારે તેને જીવથી રહિત કર્યો છે માટે હે કાલીરાણી! હું કાલીકુમારને જીવતો દેખીશ નહિ."

આ સાંભળી કાલીરાણી મહા શોકાતુર થઇ જેમ ચંપકની લતા ફરસીએ કાપવાથી પડે તેમ ભોંયપર પડીને પછી અને તેનાં સર્વ અંગ સંકોચાયાં. ત્યાર બાદ એક મુહુર્તના આંતરે ભગવાન મહાવીરે ધીરજ દેવાથી રાણી સચેતન થઇ ઉઠી અને ભગવાનને વાંદી નમસ્કાર કરી કહેવા લાગી "હે ભગવન્! તમે કહ્યું તે સર્વ હું સત્ય અને સંદેહ રહિત માનું છું" એમ કહી ભગવાનને ફરીથી વાંદી નમસ્કાર કરી પાછી રથે ચઢી જે દિશાથી આવી હતી તે દિશાએ પોતાને ઘેર ગઇ.

ત્યાર પછી ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને વાંદી નમસ્કાર કરી કહ્યું "હે ભગવન્! એ કાલીકુમાર, કાળને અવસરે કાળ કરીને ક્યાં ઉપન્યો?"

આ ઠેકાણે ટીકાને અનુસરી [illegible] કે [illegible] ઉપરાંત [illegible] આત્મા [illegible] [illegible] પોતાની [illegible] નામે [illegible] કહ્યું કે "હું [illegible] [illegible] [illegible] જઇ [illegible] મૃત્યુ પામી [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible] અને [illegible] હોવાથી શ્રી ભગવાને ગૌતમ સ્વામીને [illegible] [illegible] [illegible] તો ભગવાને [illegible] [illegible] [illegible] અને [illegible] વચન [illegible] કહ્યાં! તેમ [illegible] (કેવળી પાસે) દિક્ષા લેનાર છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વર્તમાનમાં [illegible] આગમ [illegible] હોય છે.

ભગવાન ઉવાચ–"હે ગૌતમ! કાલીકુમાર વિપરીત મરણ પામવાથી કાળને અવસરે કાળ કરીને ચોથી પંકપ્રભા નરકના હેમાભ નામે નરકાવાસને વિષે દસ સાગરોપમના આયુષ્યે નારકીપણે ઉપન્યો.

શ્રી ગૌતમે વળી પૂછ્યું "હે ભગવન્! કાલીકુમાર કેવા આરંભ સમારંભ, કેવા અશુભ દુષ્ટ કર્મે કેવી રીતવડે અને કેવા ભાવે કરી ચોથી પંકપ્રભા નરકને વિષે નારકીપણે ઉપન્યો?"

ભગવાન ઉવાચ–હે ગૌતમ! સાંભળ–

(પ્રથમ શ્રેણિક રાજાની ઉત્પત્તિ તથા તેણે રાજ્ય શી રીતે સંપાદન કર્યું તે હકીકત કહી પછી કાલીકુમાર શ્રેણિક રાજાની સાથે વિહલ્લકુમાર પાસેથી હાર-હાથી લેવા સારુ સંગ્રામ કરવા ગયો ત્યાં તે શી રીતે મરાયો વગેરે હકીકત કહેવામાં આવશે.)

તે કાળ તે સમયને વિષે રાજગૃહી નામે નગરી હતી. તે ઋદ્ધિ સ્તિમિતાદિકે કરી સહિત અને ભય રહિત હતી. તે નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે મોટો મહાહિમવત્ પર્વત સમાન હતો. તેને નંદા નામે રાણી હતી. તે રૂપે સુંદર હતી. તે શ્રેણિક રાજાનો પુત્ર અને નંદારાણીનો અંગજાત અભયકુમાર નામે હતો. તે રૂપે સુંદર, મહા બુદ્ધિવંત અને સામ-દામ-ભેદ-દંડનો જાણકાર હોઈ રાજ્યનો ભાર ઉપાડવાને ધોરી સમાન હતો. શ્રેણિક રાજાના

૧ નંદારાણી એક વાણીઆની હતી. પ્રસેનજિત રાજાને શ્રેણિક વગેરે સો પુત્ર હતા. તેમાં શ્રેણિક સહુથી વધારે બુદ્ધિવંત હોવાથી બીજા ભાઈઓ દ્વેષ કરતા હતા, તેથી તે પરદેશ ગયા હતા, ત્યાં નંદાને પરણ્યા હતા.

બીજી ચેલણા નામે એક રાણી હતી. તે રૂપે સુંદર હતી. તે એકદા પ્રસ્તાવે રાત્રિને સમયે સિંહનું સ્વપ્ન દેખીને જાગી. (જેમ પ્રભાવતીનો અધિકાર કહ્યો તેમ.) સ્વપ્નપાઠકને* તેડાવીને તેનું ફળ પૂછીને તેને દાન દઈ વિદાય કીધા. પછી એકદા ગર્ભવતી ચેલણા રાણીને ગર્ભને ત્રણ માસ પૂરા થયે એવો દોહદ ઉપન્યો કે, શ્રેણિક રાજાના ઉદરના માંસના શૂળા કરી તેને તળી, દારૂ સાથે ખાતી પીતી વિચરે ધન્ય છે તે સ્ત્રીને ? એવા મનોરથ પૂર્ણ કરતી હશે! એમ આર્ત્તધ્યાન અને સંકલ્પ વિકલ્પ કરતી શરીરે શુષ્ક અને તેજરહિત થઈ તથા દુઃખી, સુમુખ આહાર અને સરસ વસ્ત્ર આભૂષણરહિત થઈ વિચરવા લાગી.

એકદા તેના અંગની શુશ્રૂષા કરનાર દાસીએ તેને આર્તધ્યાન ધરતી દેખીને શ્રેણિકરાજન પાસે આવીને તે વાત સવિનય નિવેદન કરી. તેથી શ્રેણિકરાજન ચિંતાતુર થઈ ચેલણારાણી પાસે આવીને પૂછવા લાગ્યા "તમે શા માટે આર્તધ્યાન ધરો છો ?" તેનો ઉત્તર તેણે નહિ દેવાથી બીજીવાર, ત્રીજીવાર પૂછ્યું ત્યારે ચેલણારાણીએ

* સ્વપ્નપાઠક કહે છે-મૂળ સ્વપ્ન ૭૨ છે તેમાં ૪૨ સામાન્ય અને ૩૦ મુખ્ય છે તે ત્રીસ મધ્યે ૧૪ સ્વપ્ન (૧ હસ્તી, ૨ વૃષભ, ૩ સિંહ, ૪ લક્ષ્મી ૫ ફૂલની માળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજ, ૯ કળશ, ૧૦ પદ્મસરોવર, ૧૧ ક્ષીરસમુદ્ર, ૧૨ દેવવિમાન, ૧૩ રત્નનો ઢગલો, ૧૪ નિર્ધૂમઅગ્નિ) આવા છે.-એ ચૌદ સ્વપ્ને તીર્થંકરની માતા ૧૪ દેખે, એ પણ તેમ ચક્રવર્તીની માતા દેખે, તે મધ્યેનાં સાત વાસુદેવની માતા દેખે અને તે મધ્યેનાં ચાર બળદેવની માતા દેખે, તે મધ્યેનું એક માંડલિક રાજાની માતા દેખે. માટે આ સિંહ સ્વપ્ન દેખવે કરી માંડલિક રાજાનો જન્મ થશે.

† [illegible]

કહ્યું: હે સ્વામિન્! એ વાત તમને કહેવા લાયક નથી." શ્રેણિક રાજાએ ફરીથી બહુ આગ્રહ કરીને પૂછ્યું ત્યારે કહ્યું "હે સ્વામિન્! મને સિંહનું સ્વપ્ન દેખવાને ત્રણ માસ થયા પછી તમારા કાળજાનું માંસ ખાવાનો દોહદો ઉપન્યો છે તેથી આર્તધ્યાન ધ્યાઉં છું." શ્રેણિક રાજાએ કહ્યું "તમે આર્તધ્યાન ધરશો નહિ, તમારો દોહદો પણ પૂર્ણ થશે એમ અમે કરીશું" એમ સંતોષકારક વચન કહી તેની આશ્વાસના કરી શ્રેણિકરાજા જ્યાં પોતાને બેસવાની બહારની ઉપસ્થાનશાળા છે ત્યાં આવીને સિંહાસન ઉપર પૂર્વ સન્મુખ મુખ રાખીને બેઠા અને ઉત્પાતિકા બુદ્ધિ,[1] વિનય બુદ્ધિ,[2] કાર્મિકા બુદ્ધિ[3] અને પરિણામિકાબુદ્ધિએ કરી દોહદો પૂર્ણ કરવાનો ઉપાય શોધ્યો પણ કાંઈ હાથ લાગ્યો નહિ તેથી આર્તધ્યાન ધરતા શોકાતુર મુખે બેઠા છે. એવે અવસરે અભયકુમાર સ્નાન કરી, વસ્ત્રાલંકાર પહેરી પોતાના ઘરથી નીકળીને ત્યાં આવ્યા. અને શ્રેણિક રાજાને ચિંતાતુર દેખી કહેવા લાગ્યા "હે પિતાજી! આપ હમેશાં મને દેખીને હર્ષિત થતા અને આજ હર્ષિત થતા નથી તેનું શું કારણ?" ત્યારે શ્રેણિક રાજાએ કહ્યું "હે પુત્ર! તારી અપર માતા ચેલ્લણાદેવીને એક રાત્રે સિંહ સ્વપ્ન દીઠા પછી ત્રણ માસ પૂર્ણ થયે મારા કાળજાના માંસના શૂળા કરી તે ખાવાનો દોહદો ઉપન્યો છે તે પૂરો નહિ થવાથી દુઃખ પામી આર્તધ્યાન ધ્યાવે છે. તેથી તે દોહદો પૂર્ણ કરવાનો ઉપાય શોધું છું પણ હાથ લાગતો નથી." અભય-

---

૧ સ્વાભાવિક બુદ્ધિ. ૨ વિનય કરવાથી આવતી બુદ્ધિ ૩ કામ કરવાથી આવેલી બુદ્ધિ ૪ ઉમર પ્રમાણમાં આવતી બુદ્ધિ.

કુમારે કહ્યું "હે પિતાજી! આપ ફિકર કરશો નહિ મારી સાવકી માતાજીનો ડોહલો પૂર્ણ થશે તેમ હું કરીશ."

એમ કહી શ્રેણિક રાજાને સંતોષી પોતાને ઘેર આવ્યા અને પછી ત્યાં ગુપ્ત રીતે પ્રતિહારી પુરુષને તેડાવીને કહ્યું "હે દેવાનુપ્રિય! તમે ખાટકીના ઘેરથી લોહીભર્યું તાજું માંસ તથા કાળજાની કોથળી લાવો." પછી પ્રતિહારી પુરુષે હુકમ પ્રમાણે કાળજાની કોથળી અને લોહીભર્યું તાજું માંસ લાવીને આપ્યું. તે માંસને કાપી કકડા કરીને તે લેઇ શ્રેણિક રાજા પાસે આવ્યા અને બન્ને જણે મળી મસલત કરીને શ્રેણિકરાજાને સભાને વિષે સીધા સુવાડ્યા. પછી તેમની ઉદરસ્થાને વિષે લોહી ખરડ્યું માંસ કાળજાના માંસની કોથળીએ વીંટીને ગુપ્ત રાખ્યું અને ચેલ્લણારાણીને તે સભાની સન્મુખ તે ઝરોખામાં જોઇ શકે તેવી રીતે ઘરના મેડે ઠામે બેસારી. પછી અભયકુમાર શ્રેણિક રાજાના કૃત્રિમ કાળજાના માંસને થોડે થોડે કાપીને કકડા કરીને ઉજ્ઝિત ભાજનને વિષે મુકીને ચેલ્લણા રાણીના મુખ આગળ મુકવા લાગ્યા. (માંસને કાપતાં શ્રેણિક રાજા કૃત્રિમ મૂર્છિત થતા તથા

* આવી રીતને રાજ પછી કે-આવા પુત્રરત્ન જનની કુક્ષેમાં ઉત્પત્તિ થવા વડે ચેલ્લણારાણીને આવો દુષ્ટ ડોહલો કેમ ઉત્પન્ન થયો? તેનો ખુલાસો કે-આ જીવમાં ઉત્પન્ન થતાં શ્રેણિક રાજાનો જીવ, પૂર્વ ભવે તાપસ હતો. તે માસ માસ-ખમણ તપ કરતો હતો. પ્રથમ પારણાના આવતા દિવસે શ્રેણિક રાજાએ તેને નિમંત્રણ ન પર જમવા [illegible] પારણાના દિવસે જમવાનું કહેવાનું ભુલી ગયા એમ ત્રણ વાર માસખમણના પારણે [illegible] કરી જમવાનું કહેવાનું ભુલી ગયા તેથી તાપસે ધાર્યું કે શ્રેણિક રાજા મારી મશ્કરી કરે છે તેથી દ્વેષભાવ [illegible] પરિણામે નિયાણું કર્યું કે આવતા ભવે હું શ્રેણિક રાજાનો [illegible]

સમાગમ સ્નેહ કરતા હતા) ચેલણારાણીએ તે માંસના સોળા કરી તેમજ દારૂ સાથે ખાઈ પોતાનો દોહલો પૂર્ણ કર્યો અને પછી ગર્ભને સુખ સુખે વૃદ્ધિ પમાડવા લાગી.

એકદા અવસરે મધ્યરાત્રિએ સમયે ચેલણા રાણીને એવો વિચાર ઉત્પન્ન થયો કે આ બાળકે ગર્ભમાં છતાં પોતાના પિતાના કાળજાનું માંસ ખાધું તો જન્મ્યા પછી શું કૃત્ય કરનારો થશે માટે તે ગર્ભને સાડુ પાડુ અગર વિનાશ કરું એમ વિચારીને ઘણું દવા ઔષધિ એ ગર્ભને ગાળવાના[1] પાડવાના[2] આગળના વિનાશ કરવાના ઘણા ઉપાય કીધા પણ તેનો વિનાશ થયો નહિ. ઉપરાંત નવ માસ પૂર્ણ થયે સુકુમાળ અને સ્વરૂપવંત બાળક (કુમાર) નો જન્મ થયો. તે સમયે પણ ચેલણા રાણીએ વિચાર્યું કે આ બાળક ગર્ભમાં ઉત્પન્ન થતાં પિતાના કાળજાનું માંસ ખાવાનો દોહલો ઉપન્યો તો મોટા થયે કુળનો નાશ કરનાર થશે માટે એ બાળકને મોહ ન લાગે તેવી રીતે ઉકરડે નખાવું એમ વિચારીને એક દાસીને બોલાવીને કહ્યું "હે દેવાનુપ્રિયે! આ બાળકને એકાંત ઉકરડામાં નાખી આવ." દાસીએ રાણીનો હુકમ માથે ચડાવી બાળકને હાથમાં ગ્રહણ કરી અશોક વાડીના ઉકરડામાં નાખ્યો. આ બાળક પુણ્યવંત હોવાથી આખી વાડીમાં ઉદ્યોત થઈ રહ્યો. તે વાત વનપાળે આવી શ્રેણિક રાજાને સવિનય નિવેદન કરી. તેથી શ્રેણિક રાજા તરત વાડીમાં આવી જુએ છે તો ઉકરડામાં મહાપુણ્યવંત બાળકને દેખ્યો. તે બાળકને પોતાના હાથમાં લેઈ ઘેર આવી ચેલણા રાણીને ઠપકો આપ્યો અને ઉકરડામાં નાખવા

---

૧ ગળી જવાના, ઔષધિ ખવરાવવા. ૨ ગર્ભપાત કરાવવા.

બાળક બહુ આક્રોશ વચન કહી ઠપકો દીધો તથા હવેથી તેને નહિ મારવા બાબત પાકો બંદોબસ્ત કર્યો.

તે બાળકને ઉકરડામાં નાખવાથી કુકડા જાતીએ તેની આંગળીનો છેડો કરડ્યો હતો તે પાકવાથી તેમાંથી પરુ, લોહી વહેતું હતું અને વેદનાએ કરી તે બાળક મોટે મોટે શબ્દે આક્રંદ કરતો હતો. તે આક્રંદના શબ્દો સાંભળી શ્રેણિક રાજા તે બાળકને હાથમાં લઈ આંગળીના છેડાને મુખમાં ઘાલી પરુ અને લોહી ચુસતો તેથી તે બાળક વેદના રહિત થઈને રડતું બંધ થતો. એમ જ્યારે જ્યારે તે બાળક રડતો ત્યારે ત્યારે શ્રેણિક રાજા કરડેલી આંગળીનું લોહી પરુ ચુસતો અને તે બાળક વેદનારહિત થઈ ચુપ રહેતો. હવે ત્રીજે દિવસે તે બાળકને ચંદ્ર-સૂર્યનાં દર્શન કરાવ્યા અને બારમે દિવસે ગુણનિષ્પન્ન (કુકડે આંગળી કરડી માટે) કોણિક એવું નામ પાડ્યું તે પછી તેનો મોત્સવ કર્યો (યાવત્ મેઘકુમારની પેઠે જાણવું) અને આઠ કન્યાઓ પરણાવી. એમ અનુક્રમે મોટો થઈ સંસારનાં સુખ ભોગવવા લાગ્યો.

એકદા પ્રસ્તાવે કોણિકકુમારને અર્ધરાત્રિએ એવો વિચાર ઉપજ્યો કે હું હવે રાજ્ય કરવા લાયક થયો છું તો શ્રેણિક રાજા રાજ્ય કરે એ સારું નહિ માટે શ્રેણિક રાજાને મહા આઘાત પમાડી મોટા મ ભુથી હું રાજ્યગાદીએ બેસું. એમ વિચારી લાગ જોતો હતો પણ તેમાં ફતેહ નહિ પામવાથી કાલિ આદિક દશ કુમારને બોલાવીને કહ્યું "હે દેવાનુપ્રિય! શ્રેણિક રાજાને મારવા હું એકલો સમર્થ નથી માટે તેમ બંધનમાં નાખી હું રાજ્યગાદીએ બેસું અને રાજ્ય

લક્ષ્મી આપશે અગ્યાર ભાગે વહેંચી લઈએ." તે વાત તેઓએ કબુલ કીધી. પછી કોણિકકુમારે એકદા નસ્લાવે લાગ જોઈને શ્રેણિક રાજાને બંધનમાં નાખ્યા અને પોતે મોટા મહોત્સવથી રાજ્યગાદી ઉપર બેઠો. ત્યાર પછી સ્નાન કરી વસ્ત્રાલંકાર પહેરી પોતાની માતા ચેલણા રાણીને પગે લાગવા આવ્યો. તે વખતે ચેલણારાણી આર્ત-ધ્યાન ધરતી હતી તેથી તેને પગે લાગી કહેવા લાગ્યો "હે માતાજી! આજે હર્ષનો દિન છે તેમ છતાં તમે શોકાતુર કેમ છો? શું મને રાજ્ય ગાદીએ બેસતો જોઈ તમે ખુશી નથી?" ચેલણા રાણીએ કહ્યું "હે પુત્ર! તારા દેવ-ગુરુ સમાન પિતાને બંધનમાં નાખી તું ગાદીએ બેઠો છે તો હું ખુશી શી રીતે થાઉં?" કોણિકે કહ્યું "હે માતાજી! મારા પિતાજી મને મારવા તથા દેશવટો દેવાનો લાગ જોતા હતા તેથી હું તેમને બંધનમાં નાખી ગાદીએ બેઠો છું" ચેલણાએ કહ્યું "તું જ્યાર ગર્ભમાં હતો ત્યારે મને તારા પિતાના કાળજાનું માંસ ખાવાનો દોહલો ઉપન્યો હતો. તે પણ તારા પિતાએ પોતાના કાળજાનું માંસ ખવરાવીને પૂરો કર્યો હતો વળી તું જન્મ્યો તે વખતે તને મેં ઉકરડામાં નખાવ્યો હતો ત્યાંથી તારા પિતાએ લાવી મને સોંપ્યો હતો. ઉકરડામાં કુકડાપક્ષીએ તારી આંગળીનો છેદ કર્યો તે પાકી તેમાંથી લોહી-પરુ વહેતું હતું અને તેની વેદનાથી તું બહુ દુઃખી થતો હતો. તે વખતે તારા પિતાએ તારી આંગળી પોતાના મોંમાં ઘાલી તેનું લોહી-પરુ ચૂસી તને શાન્તિ ઉપજાવી હતી. આવી રીતે તારા પિતાને તારા ઉપર બહુ સ્નેહ હોવાથી પોતે દુઃખ વેઠી તને મોટો કર્યો છે તેમ છતાં આજે તું તેમને બંધનમાં નાખી ગાદીએ બેઠો છે તે જોઈ હું શી રીતે ખુશી થાઉં?"

ઉપર પ્રમાણે હકીકત સાંભળી શ્રેણિકરાજા બહુ દીલગીર થઈ પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને પોતાની માતાને કહેવા લાગ્યો "હે માતાજી! મેં મારા દેવકુમાર સમાન પિતાજીને બંધન કીધું તે બહુજ અનુચિત કીધું, માટે હવે હાલ ત્યાં જઈ બંધન તોડીશ." એમ કહી હાથમાં ફરસી લેઈ બંદીખાનાના પાસે આવવા લાગ્યો. તેને આવતો દેખી શ્રેણિકરાજા ભયભીત થયા અને એ ફરસીએ કરી મને મારશે એમ ધારી તાલપુટ નામે વિષને મુખમાં ઘાલી એક મુહૂર્તમાં પ્રાણ રહિત થયા અને કલેવર પૃથ્વી ઉપર પડ્યું તે જોઈ કોણિકકુમાર બહુજ પસ્તાવો કરવા લાગ્યો અને જેમ આ પાવકની અણી ફરસીએ કપવાથી ભોંય પડી પડે તેમ પોતે મૂર્છા આવવાથી ભોંય પડી પડ્યો પછી એક મુહૂર્તના આંતરે સાવધ થઈ રોતો કકળતો ઘેર આવી ઘણા મનુષ્યના સમુદાય સાથે સ્મશાનભૂમિમાં જઈ પોતાના પિતાના કલેવરને અગ્નિદાહ દીધો પછી ઘેર આવી મૃતક્રિયા કરી-ત્યારબાદ કેટલીક મુદતે પોતાના પિતાના મરણના માનસિક દુઃખને લીધે રાજગૃહી નગરીથી નીકળીને પોતાનું અંતઃપુર તથા સર સામાન લેઈ ચંપાનગરીએ આવી રહ્યો અને કેટલેક દિવસે શોક શમ્યા પછી કાળિ વગેરે દસ કુમારને બોલાવીને જનપદ દેશની રાજ્યલક્ષ્મી ૧૧ ભાગ વહેંચી થઈ પોતે રાજ્યગાદીએ બેઠો.

હવે ચંપાનગરીને વિષે શ્રેણિકરાજાના પુત્ર અને ચેલણા રાણીનો અંગજાત તથા કોણિક કુમારનો સહોદર (નાનોભાઈ) વિહલકુમાર રહેતો હતો તે સૌભાગ્ય અને રૂપવંત હતો. તેને શ્રેણિક રાજા છતાં સિંચાનક ગંધહસ્તી અને અઢારસરો હાર એ બે

દેલ વસ્તુઓ પ્રથમથી મળેલી હતી. વિહલ્લકુમાર હમેશાં તે હસ્તી લેઈને અંતઃપુર તથા પરિવાર સહિત ચંપાનગરીની મધ્યોમધ્ય થઈને ગંગા મહાનદીને વિષે જળક્રીડા કરવા જતો હતો. ત્યાં નદીમાં પેઠા પછી તે હાથી કોઈ રાણીને સુંઢે કરી ગ્રહે કોઈને સુંઢ ઉપર, કોઈને કુંભસ્થળે કોઈને મસ્તકે અને કોઈને દંતૂશળ ઉપર બેસાડે કોઈને સુંઢ માંડે લેઈને ઉંચી આકાશે ઉછાળી ઝીલે કોઈને સુંઢ માંડે પાણીને હવારે કોઈને દાંત વચ્ચે લેઈને બહાર મૂકે કોઈને સુંઢથી શીતળ પાણી ભરીને સ્નાન કરાવે. એ રીતે સર્વને અનેક પ્રકારે જળક્રીડા કરાવે તથા રમાડે. આવું જોઈ ચંપાનગરીના રાજમાર્ગને વિષે ઘણા લોકો પરસ્પર વાતો કરવા લાગ્યા કે વિહલ્લકુમાર, સિંચાનક ગંધ-હસ્તીએ કરી અંતઃપુર તથા પરિવાર સહિત અનેક પ્રકારની જળ-ક્રીડા કરે-કરાવે છે તેથી પ્રત્યક્ષ તેઓ રાજ્યશ્રીનું સુખ ભોગવે છે. કોણિક રાજા, રાજા છતાં પણ તેવું સુખ ભોગવતા નથી. આવી વાતો પદ્માવતી પટરાણીએ સાંભળવાથી તેને એવો અધ્યવસાય ઉ-પન્યો કે આવો હસ્તી અમારી પાસે નથી તો આ જનપદ દેશનું રાજ્ય શા કામનું છે? એવો વિચાર કરી કોણિક રાજા પાસે આવીને બે હાથ જોડીને સવિનય કહેવા લાગી “હે સ્વામિન્! વિહલ્લ-કુમાર સિંચાનક ગંધહસ્તીએ કરીને અનેક પ્રકારની જળક્રીડા કરે-કરાવે છે રમાડે છે બેસાડે છે તો આપણું પેર જનપદ દેશનું રાજ્ય હોવા છતા પણ એવો હસ્તી નથી એ ઠીક નહિ.” એ વાત કોણિક રાજાએ સાંભળીને સત્ય કરી માની અને અમુંઝાયો રહ્યો. પદ્મા-વતી રાણી, કોણિક રાજાને વારંવાર સિંચાનક ગંધહસ્તી અને અ-

હારસરા વંકહારની વાત કર્યા કરે અને એ ચીજોને લાવવાની માગણી કર્યા કરે. એમ કરતાં એકદા અવસર કોણિકરાજાએ વિહલ્લકુમારને બોલાવીને એ હસ્તી તથા અઢારસરો વંકહાર માગ્યો. જવાબમાં તેણે કહ્યું "હે સ્વામિન્! જો તમે મને રાજ્યલક્ષ્મીમાંથી અર્ધો ભાગ આપો તો હું તમને એ બન્ને ચીજો આપું" પરંતુ તે વાત કોણિક રાજાએ કબુલ કીધી નહિ અને વારંવાર એ બન્ને ચીજો માગ્યા કરે પણ વિહલ્લકુમાર તે આપે નહિ. તેથી કોણિક રાજાએ તે બળાત્કારે છીનવી લેવાની ઈચ્છા જણાવી. આથી વિહલ્લકુમાર ગુપ્તપણે તે બન્ને ચીજો લેઈ અંતઃપુર પરિવાર તથા ઘરવખરા સહિત ચંપાનગરીથી નીકળીને વિશાળા નગરીને વિષે (આર્યક અથવા આર્ય એટલે પોતાની માના બાપ) ચેડારાજા નાના આશ્રય તળે આવી રહ્યા.

કોણિકરાજા 1 વિહલ્લકુમારને પોતાની આજ્ઞા સિવાય ગંધહસ્તી અને વંકહાર લેઈ વિશાળા નગરીએ ગયાની વાત સાંભળી ઘણો કોપ્યો અને એક દૂતને બોલાવી કહ્યું "હે દેવાનુપ્રિય! તમે વિશાળા નગરીમાં ચેડારાજા પાસે જઈ તેમને વધાવી સવિનય કહો કે, હે સ્વામિન્! વિહલ્લકુમાર કોણિકરાજાની આજ્ઞા વગર સીંચાનક ગંધહસ્તી અને અઢારસરો વંકહાર લેઈ તમારી તરફ આવ્યા છે માટે તે હાથી તથા હારને કૃપા કરી પાછાં મોકલી આપો" દૂતે કોણિક રાજાનો હુકમ માથે ચડાવી જેમ ચિત્ત સારથી સાવથી નગરીએ ગયો તેમ વિશાળા નગરીમાં ચેડારાજા પાસે જઈ તેમને વધાવી સવિનય કોણિકના કહેવા પ્રમાણે કહ્યું. તેના ઉત્તરમાં ચેડારાજાએ કહ્યું કે "હે દેવાનુપ્રિય! કોણિકરાજા ન શ્રેણિકરાજાનો પુત્ર ચેલણા

રાણીનો અંગજાત અને મારો દોહિત્ર (હીરાનો હારો) છે તેમજ વિહલ્લકુમાર પણ શ્રેણિક રાજાનો પુત્ર ચેલ્લણારાણીનો અંગજાત અને મારો દોહિત્ર છે. વિહલ્લકુમારને શ્રેણિકરાજાએ ગંધહસ્તી અને હાર જન્મથી જ આપેલાં છે માટે કોણિકરાજા વિહલ્લકુમારને જન પર દેવાના રાજ્યમાંથી અરધો ભાગ આપે તો એ ગંધહસ્તી અને હાર મોકલી દેશું" એ પ્રમાણે કહી દૂતને સત્કારાદિક કરી સન્માન દેઈ પાછો વાળ્યો. ત્યાર પછી તે દૂતે અનુક્રમે (બે પગ સાથે અને બે પગ આગળ પાછળ એવા) પોતાના રથ ઉપર બેસીને વિશાલાનગરીની મધ્યમાંથી નીકળીને ચંપાનગરીએ આવી યોગ્ય રીતે સકલ ઉત્તર કોણિકરાજાને કહ્યો. તે સાંભળીને ફરી કોણિકરાજાએ ત્રીજી વાર દૂતને મોકલી કહ્યું "હે દેવાનુપ્રિય! તમે વિશાલાનગરીમાં જઈ ચેડારાજાને કહો કે "રાજ્યના તમામ ઉત્તમ રત્ન વસ્તુઓ ઉપર તો તે રાજ્યના અધિપતિનો હક ગણાય. તો સેચનક નામે હસ્તી અને અઢારસેરો હાર એ બે રત્ન વસ્તુઓ શ્રેણિકરાજાના રાજ્ય ઉપર થયેલી છે તો એ બે વસ્તુઓ રાજ્ય પરંપરાની રીતિ મુજબ અમારા સ્વાધીન કરો તથા વિહલ્લકુમારને મોકલો." દૂતે ઉપર પ્રમાણે ત્રીજી વાર વિશાલાનગરીએ જઈ ચેડારાજાને સવિનય નિવેદન કરી. તેના ઉત્તરમાં તમને પ્રથમ દૂતને કહ્યું હતું તે પ્રમાણે કહ્યું. અને દૂતને સન્માન દઈ રજા આપી વિદાય કર્યો. દૂતે તે ચંપાનગરીએ આવી કોણિકરાજાને નિવેદન કરી. તે સાંભળી કોણિક અત્યંત ક્રોધાયમાન થયો અને ચોથીવાર દૂતને મોકલી કહ્યું કે હે દેવાનુપ્રિય! વિશાલાનગરીમાં

જઈ ચેડારાજાના સિંહાસનને ડાબા પગે ઠેસમેર લાત મારી ભાલા ઉંચી ભરછીના અગ્રભાગે કરી આ લેખ આપજો અને રોષાયમાન થઈ નેત્ર લાલ કરી કપાળે ત્રણ લીટીઓ ચડાવી ભ્રુકુટી વાંકી ચડાવી તેમને એમ કહેજો કે હે ચેડારાજા! અપ્રાર્થિત વસ્તુના પ્રાર્થનાર, દુષ્ટ લક્ષણના ધણી! બુદ્ધિ અને લક્ષ્મી રહિત! કોણિકરાજાએ આપેલી વસ્તુઓ ગંધહસ્તી અને વંકહાર પાછાં આપો અને વિહલ્લકુમારને મોકલો અથવા યુદ્ધ કરવા તૈયાર થાઓ. કોણિકરાજા યોદ્ધા તથા પાયદળ સહિત લશ્કર લઈ તમારી તરફ આવવાને આવે છે."

ત્યાર પછી તે દૂત વિશાળાનગરીએ જઈ ચેડારાજાને વધાવી વિન-ય કહેવા લાગ્યો "હે સ્વામિન્! મારા દૂતના ધર્મ પ્રમાણે આપને પ્રાર્થના કર્યું અને હવે મારા રાજાના હુકમ પ્રમાણે ક્રિયા કરું" એમ કહી તેમના સિંહાસનને ડાબે પગે ઠેસમેર લાત મારી અને અતિ રોષાયમાન થઈ ભરછીના અગ્રભાગે કરી લેખ આપ્યો. અને કોણિકરાજાના કહેવા પ્રમાણે સર્વ કહ્યું. તે સાંભળી ચેડારાજા પણ રોષાયમાન થઈ ભ્રુકુટી ચઢાવીને કહ્યું: "હું કોણિકને સેચનક ગંધહસ્તી, અઢારસેરો વંકહાર અને વિહલ્લકુમાર સ્વાધિન નહિ કરું અને સંગ્રામ કરવા તૈયાર થાઉં." એમ કહી દૂતને અપમાન કરી અપદ્વાર (બારી) વાટે થઈ નગરી બહાર કાઢ્યો. દૂત ચંપા નગરીએ આવી કોણિકરાજાને બનેલી હકીકત નિવેદન કરી. તે સાંભળી કોણિક રાજા અતિ રોષાયમાન થઈ કાલિઆદિક દશકુમારને બોલાવી કહેવા લાગ્યો: "હે દેવાનુપ્રિય! વિહલ્લકુમાર, મારી આજ્ઞા સિવાય ગંધહસ્તી અને વંકહાર લઈ વિશાળાનગરીમાં ચેડારાજાના

રાજ્યમાં જઈ રહ્યા છે તેને આવી તેડવા સારૂ મેં બે વાર દૂતને મોકલ્યો તો તેને ચેટકરાજાએ નિષેધ્યો અને ત્રીજીવાર દૂતને મોકલ્યો તેને અપમાન કરી અપદ્વાર (બારી) માર્ગે કાઢી પાછો વાળ્યો. માટે ચેટકરાજ ઉપર ચઢાઈ કરી એ ત્રણે વસ્તુઓ લેવી છે." એ વાત સાંભળી કાલિ આદિક દશે કુમારે કહ્યું "જાઓ તમે સજ્જ થાઓ અમે પણ સર્વ સૈન્ય લઈ તૈયાર થશું"

ત્યાર પછી કાલિ આદિક દશે કુમાર પોતપોતાના ત્રણ હજાર હાથી ત્રણ હજાર ઘોડા ત્રણ હજાર રથ અને ત્રણ કોડી પાયદળ લેઈ સર્વ છત્રાદિક ઋદ્ધિ સહિત હાથી ઉપર બેસી વાજીંત્ર વગડાવતા પોત-પોતાની નગરીથી નીકળી જ્યાં અંગ નામે જનપદ દેશને વિષે ચંપા નગરીમાં કોણિક રાજા છે ત્યાં આવી તેમને વધાવ્યા પછી કોણિક રાજા જ્યાં બેસવાની ઉપસ્થાનશાળા છે ત્યાં આવી સ્નાન તિલકાદિ કરી, પટ્ટ હસ્તી ગંધહસ્તીન ઉપર ચઢી પોતાનું ચાર પ્રકારનું સૈન્ય લઈ જ્યાં કાલિ આદિક દશ કુમાર છે ત્યાં આવ્યા. પછી ત્યાંથી સર્વ એકઠા થઈ તેત્રીસ હજાર હાથી તેત્રીસ હજાર રથ, તેત્રીસ હજાર ઘોડા અને તેત્રીસ કોડી પાયદળ લઈ વાજીંત્ર વગડાવતા યુદ્ધ માટે પરિવર્યા. તેઓ ખાનપાન ભોજન વીસામણ કરતા થોડી થોડી મજલ કરતા અંતર અંતરે વાસો વસતા અંગદેશ માંહી થઈ વિદેહ નામે દેશ અને વિશાલાનગરી છે ત્યાં વચ્ચે પહોંચ્યા.

હવે ચેટક રાજા કોણિકરાજાનું યુદ્ધ કરવા આવતો જાણી નવ મલ્લકી જાતિના અને નવ લચ્છકી જાતિના કાશી અને કોશલ દેશના અધિપતિ અઢારે રાજાના મંડળને બોલાવી કહેવા લાગ્યા "દેવાનુ-

ત્રિશા વિદલ્લ કુમાર કોણિકરાજાને કહ્યા વગર સિંચાનક ગંધહસ્તી અને અઢારસેરો વંકહાર લઈને સત્વર અહીં આવ્યો છે તેથી કોણિકરાજાએ એ ગંધહસ્તી અને વંકહાર પાછાં મંગાવવા સારૂ ત્રણ વાર દૂતને અત્રે મોકલ્યો. તે દૂતને મેં કહ્યું કે, એ વસ્તુઓ શ્રેણિક રાજાએ વિદલ્લકુમારને આપેલી છે માટે જો કોણિકરાજા, વિદલ્લ કુમારને જનપદ દેશની રાજ્યલક્ષ્મીમાંથી ભાગ આપે તો અમે એ હાથી તથા હાર મોકલી આપીશું પણ એ વાત કોણિકરાજા કબુલ નહિ કરતાં માટે પ્રમાણયુ સૈન્ય લેઈ અત્રે યુદ્ધ કરવા સારૂ આવે છે. માટે હે દેવાનુપ્રિયા એ ગંધહસ્તી અને વંકહાર કોણિક રાજાને પાછાં આપવાં કે યુદ્ધ કરવું?" તે સાંભળી નવ કાશીદેશના અને નવ કોસળ દેશના અધિપતિ એમ અઢારે રાજાનો સમૂહ કહેવા લાગ્યો "હે સ્વામિન્! એ હાથી અને હાર પાછાં આપવા ઘટીત નથી. સત્પુરૂષને કરવા લાયક એ કામ નહિ તેમજ વિદલ્લકુમાર શરણે આવ્યો તથી તેને પણ મોકલવા ઘટીત નહિ. માટે અમે કોણિકરાજા સાથે યુદ્ધ કરીશું" એવી રીતે અઢારે દેશના રાજાએ કહ્યું "હે દેવાનુપ્રિય! ત્યારે હવે તમે યુદ્ધ સામગ્રી સજો" પછી તે સર્વે રાજાઓ પોત પોતાના રાજ્યમાં જઈ હસ્તી ઉપર ચઢી પોતાનું ત્રણ હજાર હાથી ત્રણ હજાર ઘોડા ત્રણ હજાર રથ અને ત્રણ કોડી પાયદળ લશ્કર લેઈ છત્રાદિક સહિત વાજીંત્ર વગડાવતા જેમ કાળિ આદિક દસ કુમારે કોણિકરાજાને વધાવ્યા તેમ એ અઢારે દેશના રાજાએ આવી ચેટકરાજાને વધાવ્યા પછી ચેટકરાજા ગંધહસ્તી સણગારાવી તે ઉપર બેઠા ત્રણ હજાર હાથી, ત્રણ હજાર ઘોડા ત્રણ

હજાર રથ અને ત્રણ કોડી પાયદળ આપે તેમ કોલિંગરાજ પણ નગરમાંથી નીકળ્યો તેમ વિરાટ નગરીથી નીકળીને જ્યાં અત્યારે દેશના રાજા છે ત્યાં આવ્યા. પછી ત્યાંથી સર્વે એકત્ર થઇ સત્તાવન હજાર હાથી સત્તાવન હજાર ઘોડા સત્તાવન હજાર રથ અને સત્તાવન કોડી પાયદળ લેઈ વાજીંત્ર વગાડતા ધોરે ધોરે વિશ્રામો કરતા જ્યાં વિદેહ નામે દેશનો અંત છે ત્યાં આવીને મુકામ કર્યો અને કોલિંગરાજની વાટ જોતા થકા યુદ્ધમાંથી સજ્જને તૈયાર રહ્યા

વિદેહ નામે દેશના અંત ભાગને વિષે આવી બેઉરાજાના લશ્કરથી ચાર કોશના અંતરે પડાવ કર્યો. હવે બન્ને પક્ષના રાજાઓ સંગ્રામ ભૂમિ શુદ્ધ કરાવીને યુદ્ધની તૈયારી કરતા હતા. કોલિંગરાજાએ તેત્રીસ હજાર હાથી તેત્રીસ હજાર રથ, તેત્રીસ હજાર ઘોડા અને તેત્રીસ કોડી પાયદળ સહિત ગરૂડ પક્ષીના આકારે (આગળ પહોળું પાછળ સાંકડું) રચના કરી અને બેઉરાજાએ સત્તાવન હજાર હાથી, સત્તાવન હજાર રથ સત્તાવન હજાર ઘોડા અને સત્તાવન કોડી પાયદળ સહિત સાપને આકારે (શકટવ્યૂહ=આગળ સાંકડું અને પાછળ પહોળું) રચના કરી. પછી બન્ને પક્ષના સૈન્ય તૈયાર કરેથી રણમુખ સંગ્રામ ભૂમિને વિષે આવ્યા

યુદ્ધ વર્ણન.

બન્ને પક્ષના સૈન્ય સામસામાં અન્યોન્યાદિક ધરીને તથા હાથને વિષે વિજયની પૌ મમકારા કરી તરવારો તથા બીજા ટોળાં બાંધીને સામા સામી ધસ્યા. તેનો ક્રમ એવી રીતે જાણવો આગળ આવી વીર નામ છે તેમની ડાબીને વિષે આયુધ પણ

તેમના આમંત્રણ કરવાને લીધે નાદ કરી રહ્યા છે અને પોતે પણ સિંહનાદ કરતા થકા ધરાને ધ્રુજાવતા એવા અને સમુદ્રના ક્ષુબ્ધ વાયુની પેઠે શબ્દ કરે છે. ઘોડાના સવારની સામે ઘોડાના સવાર, હાથીના સવારની સામે હાથીના સવાર, રથના સવારની સામે રથના સવાર અને પાયદળની સામે પાયદળ એવી રીતે મંડિઆઈ સામસામાં યુદ્ધ કરવા લાગી પડ્યા. તેઓ એક બીજાનો ક્ષય કરે છે વધ કરે છે મર્દન કરે છે તથા મનુષ્યોને સંવર્તક વાયુની પેઠે ઉડાવે છે નાચે છે મસ્તકરહિત નિષ્પાદન કરે છે એવી રીતે સંગ્રામને વિષે યોદ્ધાનો ક્ષય કરતા થકા યુદ્ધ કરે છે તે યુદ્ધમાં પ્રથમ કાલિકુમારનું સૈન્ય (કોણિકસભાના કટકના અગ્યારમા ભાગે) ચેડા રાજાના "રથ મુસળ × સંગ્રામને વિષે હણીની પેઠે મથાયું અને જેમ શ્રી ભગવાન મહાવીર સ્વામીએ પ્રથમ કાલીરાણી આગળ કહ્યું હતું તેમ આયુષ્ય કાલીકુમાર જીવિતથી રહિત થયો.

શ્રી ભગવાન વદ્યા "હે ગૌતમ! કાલીકુમાર એવો આરંભ કરીને કાળને અવસરે કાળ કરીને ચોથી પંકપ્રભા નરકને વિષે હેમાભ નામા નરકાવાસને વિષે દસ સાગરોપમને આયુષ્યે નારકીપણે ઉપન્યો. ત્યાંથી આગળ રહિત નીકળીને મહાવિદેહ ક્ષેત્રને વિષે સારી જાતિ અને આઢ્ય કુળને વિષે જન્મશે, ચારિત્ર લેશે. જેમ ઉપપાતિક સૂત્ર મધ્યે દૃઢપ્રતિજ્ઞ અધિકાર કહ્યો તેમ સર્વ કાપ સિદ્ધ કરી સિદ્ધ થશે."



× રથમુસળ સંગ્રામમાં ૯૬ લાખ માણસ મરી ગયાં. તેમાં દશ હજાર મ ત્સ્ય માછલીની કુખમાં આવ્યા દેવલોકને વિષે અને આ મનુષ્યના વિષે ઉપન્યાં.

અધ્યયન ૨ જુ.

સુકાલીકુમાર



તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું. તે નગરીને વિષે કોણિક નામે રાજા, પદ્માવતી નામે રાણી અને શ્રેણિક રાજાની ભાર્યા તથા કોણિકરાજાની અપર માતા સુકાલી નામે રાણી હતી. તે સુકાલીરાણીને સુકાલીકુમાર નામે પુત્ર હતો. એકદા ત્રણ હજાર હાથી ત્રણ હજાર રથ ત્રણ હજાર ઘોડા અને ત્રણ ક્રોડ પાયદળ લઈને જેમ કાલીકુમાર, કોણિકરાજાની સાથે રથમુસલ સંગ્રામને વિષે યુદ્ધ કરવા ગયા હતા તેમ સુકાલીકુમાર પણ ગયા. તે પણ કાલીકુમારની પેઠે મરાયા.

"હે ગૌતમ! સુકાલીકુમાર નારકીનો ભવ કરી મહાવિદેહ ક્ષેત્રે આવી મોક્ષ જશે.

અધ્યયન ત્રીજુ, ચોથુ, પાંચમુ, છઠ્ઠું, અને સાતમુ, આઠમુ, નવમુ અને દસમુ

પહેલા અધ્યયન પ્રમાણેજ ઉપરના આઠ અધ્યયનનો અધિકાર જાણવો. વિશેષ એટલું કે કુમારોના નામ જુદાં અને તેમની માતાઓના નામ પણ જુદાં એટલે કુમારોના નામ પ્રમાણેજ જાણવાં. પ્રથમ કાલીકુમાર મરાયો તે પ્રમાણે અનુક્રમે દસે કુમારો ચેડારાજાના યુદ્ધમાં મરાયા તે સર્વે નારકીમાં ઉપજી મહાવિદેહે જાતી મોક્ષ જશે. ઇતિ વર્ગ પહેલાનો દસ અધ્યયન સંપૂર્ણ.*

---

* આ દસે અધ્યયનમાં યુદ્ધમાં [illegible] અને રૌદ્રધ્યાનમાં મરણ [illegible] રીતે [illegible] છે તેનું વર્ણન છે [illegible] કરી [illegible] છે [illegible] જેમ [illegible] છે તેવી રીતે યુદ્ધમાં [illegible] નથી [illegible] છે કે તેઓ [illegible] મહાવિદેહમાં જન્મ પામી [illegible] અને [illegible] છે [illegible] નથી [illegible] ઉપાય કરી.

વા. મો. શાહ.

શ્રી

કલ્પવડિંસિયા સૂત્ર

(कल्पवतसक सूत्र)

જેમા

કલ્પ એટલે દેવલોકના વર્તંસક નામે એક
આવાસમા ઉપજનારા (દસ) પુરૂષોનું
વર્ણન આપવામા આવ્યું છે

---

૧ પદ્મકુમાર	૬ પદ્મસેનકુમાર
૨ મહાપદ્મકુમાર	૭ પદ્મગુલ્મકુમાર
૩ ભદ્રકુમાર	૮ નલીનીગુલ્મ કુમાર
૪ સુભદ્રકુમાર	૯ આનંદકુમાર
૫ પદ્મભદ્ર કુમાર	૧ નંદનકુમાર

અધ્યયન ત્રીજુ, ચોથુ, પાંચમુ, છઠું, અને સાતમુ, આઠમુ, નવમુ અને દસમુ

પહેલા અધ્યયન પ્રમાણેજ ઉપરનાં આઠ અધ્યયનનો અધિકાર જાણવો. વિશેષ એટલું કે કુમારોના નામ જુદાં અને તેમની માતાઓનાં નામ પણ જુદાં એટલે કુમારોનાં નામ પ્રમાણેજ જાણવાં. પ્રથમ કાલીકુમાર મરાયો તે પ્રમાણે અનુક્રમે દસે કુમારો ચેડારાજાના યુદ્ધમાં મરાયા તે સર્વે નારકીમાં ઉપજી મહાવિદેહે જાશે મોક્ષ *ઈતિ વર્ગ બીજાનો દશ અધ્યયન સંપૂર્ણ.

* આ દસે અધ્યયનમાં કહ્યું પ્રમાણે ... નારકમાં ગયા અને કેટલાક ... પાપકર્મો કેવી રીતે નરકમાં જાય છે તેનું વર્ણન છે. કિંતુ કુમ ... છે. પરન્તુ એમ પાપના વર્ણનમાં ... હિંસાના ફળ વગેરે ... અને તે પછી ... તેવી રીતે યુદ્ધમાં ... નારકીઓ ... છે કે તેઓ નરકમાં ... મહાવિદેહમાં જન્મ પામી છે અને મુક્ત થાય છે. ... સંપૂર્ણ ... છે ... પરંતુ ... નથી. કોઈ વિદ્વાન મુનિરાજ આ ... તો મોટો ઉપકાર થશે.

ના. મે. શાહ.

શ્રી

કલ્પવડિંસિયા સૂત્ર

(कल्पवतसक सुत्र)

જેમાં

કલ્પ એટલે દેવલોકના વતંસક નામે એક
આવાસમાં ઉપજનારા (દશ) પુરૂષોનું
વર્ણન આપવામાં આવ્યું છે



૧	પદ્મકુમાર	૬	પદ્મસેનકુમાર
૨	મહાપદ્મકુમાર	૭	પદ્મગુલ્મકુમાર
૩	ભદ્રકુમાર	૮	નલીનીગુલ્મકુમાર
૪	સુભદ્રકુમાર	૯	આનંદકુમાર
૫	પદ્મભદ્રકુમાર	૧૦	નંદનકુમાર



અધ્યયન ૧ લું

પદ્મકુમાર



તે કાળ તે સમયને વિષે ચંપા નામે નગરીમાં કોણિકરાજા રાજ્ય કરતો હતો, જેને પદ્માવતી રાણી હતી.

આ કોણિકની સાવકી માતા (શ્રેણિક રાજાની રાણી) જેનું નામ કાલીરાણી હતું તેને કાલીકુમાર નામે એક પુત્ર હતો. કાલીકુમાર પોતાની રમણી પત્ની પદ્માવતીથી સુખ ભોગવતો દિવસ નિગમન કરતો હતો.

એકદા પદ્માવતીને પોતાના ઘરમાં, પુણ્યવંત પ્રાણીને ભોગવવા યોગ્ય શય્યાને વિષે સૂતા થકા, રાત્રીને સમયે સિંહનું સ્વપ્ન આવ્યું તેથી તે રાણીને પતિ પાસે જઈ ફળ પૂછવા લાગી. કાલીકુમારે જવાબ આપ્યો કે એ સ્વપ્ન એમ સૂચવે છે કે રાણીને પુણ્યવંત પુત્રની પ્રાપ્તિ થશે.

નવ માસ પરિપૂર્ણ થયે પુત્રનો જન્મ થયો તેનું નામ માતાના નામપરથી પદ્મકુમાર એવું પાડવામાં આવ્યું. ઉંમરલાયક થયે તેને આઠ કન્યાઓ પરણાવીને આઠ દાત દેવામાં આવી.

એકદા ભગવાન મહાવીર સ્વામી પધાર્યા તેમને વાંદવા કોણિક રાજા ગયો. પદ્મકુમાર પણ મહાબળ રાજાની પેઠે માતાપિતાને પુછીને વાંદવા નીકળ્યો તથા ત્યાં આવી ભગવાનને સવિનય વંદન કરી ઉપદેશ સાંભળ્યો અને દિક્ષા લઇ પંચસમિતિએ સમતો થકો ગુપ્તબ્રહ્મચારી થયો. ભગવાનના સ્થિવર સાધુ પાસે સામાયિક આદિ અગ્યારે અંગ ભણી ઘણા ઉપવાસ, બેલા તેલા માસાદિક કરતો વિચરવા લાગ્યો. એકદા મેઘકુમારની પેઠે ધર્મ જાગરિકા જાગતાં થકા ભગવાનને પૂછીને વિપુલગિરિ પર્વત ઉપર ચઢીને પાદોપગમન સંથારો કીધો. એક માસની સંલેખણા એટલે સાઠ ભક્તનો અનશન છેદી સમ આલોવી, પડીકમી, સમાધિ પામી, ઉંચા ચંદ્રમા સમ ઉલ્લંઘીને સાંધી અસંખ્યાતા યોજન ઉપર સુધર્મ દેવલોકે દેવતાપણે ઉપન્યો. તેનું મરણ જાણી સ્થિવર સાધુએ કાઉસગ્ગ કરીને તેના ચારિત્ર પાળવાનાં ઉપકરણ લઇ વિપુલગિરિથી હળવે હળવે ઉતરી ભગવાન સમીપે આવ્યા.

ભગવાન કહેતા હવા. હે ગૌતમ! પદ્મકુમાર પાંચ વર્ષ લગી ચારિત્ર પ્રવજ્યા પાળી એક માસની સંલેખણા એટલે સાઠ ભક્તનો અનશન છેદી પહેલા દેવલોકને વિષે બે સાગરોપમના આયુને દેવતા થયો. તે પહેલા દેવલોકથી આયુષ્ય ક્ષય કરી મહાવિદેહ ક્ષેત્રને વિષે દ્રઢપ્રતિજ્ઞાની પેઠે દુઃખનો અંત કરી મોક્ષ જશે.

અધ્યયન ૧ લું

મહાપદ્મકુમાર



તે કાળ તે સમયને વિષે ચંપા નામે નગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર નામે બાગ હતો. તે નગરીમાં કોણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તેની સાવકી માતા સુમતી નામે રાણી હતી. તે સુકાળી રાણીને સુકાળ નામે કુમાર હતો. તેને મહાપદ્માવતી નામે રાણી હતી, તે રૂપવતી હતી. તેનાથી કાળીકુમાર સુખ ભોગવતો દિવસ વ્યતીત કરતો હતો.

એકદા પ્રસ્તાવે મહાપદ્માવતી રાણીને પોતાના રહેવાના ઘરને વિષે પુણ્યવંત પ્રાણીને ભોગવવા યોગ્ય શય્યાને વિષે સૂતાં થકાં સુખે સિંહ સ્વપ્ન લાધ્યું, તેથી જાગીને તરત પોતાના સ્વામી પાસે જઈને તેનું ફળ પૂછ્યું તેના ઉત્તરમાં કાળીકુમારે કહ્યું "તમને પુણ્યવંત પુત્રની પ્રાપ્તિ થશે." એ વાત સાંભળી મહાપદ્માવતી રાણી અતિ આનંદ પામી. નવ માસ પૂર્ણ થયે પુત્ર જન્મ્યો. તેનું માતાના નામ ઉપરથી મહાપદ્મકુમાર નામ પાડ્યુ (યાવત્ સર્વ અધિકાર પહેલા અધ્યયન પ્રમાણે જાણવો. એટલું વિશેષ કે,) મહાપદ્મ કુમાર ઇશાન દેવલોકને વિષે ઉત્કૃષ્ટી બે સાગરની ઝાઝેરી સ્થિતિએ ઉપન્યો.

અધ્યયન ૩-૪-૫-૬-૭-૮-૯ અને ૧૦ મું

પહેલા અધ્યયન પ્રમાણે ઉપરનાં આઠ અધ્યયનોનો અધિકાર જાણવો. વિશેષ એટલું કે માતા સરીખાં નામ જાણવાં.

પદ્મકુમાર અને મહાપદ્મકુમાર એ બેએ પાંચ પાંચ વર્ષ ચારિત્ર પાળ્યું ભદ્રકુમાર, સુભદ્રકુમાર અને પદ્મકુમાર એ ત્રણે ચાર ચાર વર્ષ ચારિત્ર પાળ્યું પદ્મસેનકુમાર, પદ્મગુલ્મકુમાર, નલીનીગુલ્મકુમાર એ ત્રણે ત્રણ ત્રણ વર્ષ ચારિત્ર પાળ્યું આનંદકુમાર અને નંદનકુમાર એ બેએ બે બે વર્ષ ચારિત્ર પાળ્યું

પદ્મકુમાર સુધર્મ દેવલોકે મહાપદ્મકુમાર ઇશાન દેવલોકે ભદ્રકુમાર સનત્કુમાર દેવલોકે સુભદ્રકુમાર માહેન્દ્ર દેવલોકે પદ્મભદ્રકુમાર બ્રહ્મ દેવલોકે પદ્મસેનકુમાર લાંતક દેવલોકે પદ્મગુલ્મકુમાર મહાશુક્ર દેવલોકે નલીનીગુલ્મકુમાર સહસ્રાર દેવલોકે આનંદકુમાર પ્રાણત દેવલોકે અને નંદનકુમાર અચ્યુત દેવલોકે ઉપના. સઘળાની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી અને એ સઘળા મહાવિદેહ ક્ષેત્રે મોક્ષ જશે.



શ્રી

પુપ્ફીઆ સૂત્ર

જેમાં

વેરાગ્ય ગુણોની મારફ ઉચ્ચ વિમાનમા ઉપજનારા આત્માઓના

દસ અધ્યયનો

આપવામા આવ્યા છે



૧	ચંદ્ર	૬	માણીભ
૨	સૂર્ય	૭	દત્તકુમાર
૩	શુક્ર	૮	શીવકુમાર
૪	બહુપુત્રીકા	૯	બલકુમાર
૫	પૂર્ણભ	૧	અણાઢીકુમાર



પેઠે ચંદ્રમા ભગવાનને વાંદવા સારૂ આવ્યો. એટલું વિશેષ કે એક હજાર યોજન વિસ્તીર્ણપણે અને સાડીબાસઠ યોજન ઉંચાઈએ વિમાન તેની માહેંદ્ર નામની મોટી ધ્વજ પચીસ યોજન ઉંચાઈએ વિકુર્વી યાવત્ સુર્યાભ દેવતાની પેઠે ભગવાન પાસે આવી તેમને વાંદી નમસ્કાર કરી તેમને નાટકવિધિ બતાવી પાછો ગયો. અન્ય ન[illegible] પણ ચાલતી થઈ.

આ પછી શ્રી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી સવિનય પૂછ્યું "હે ભગવન્! ઉપર કહેલા દેવતાએ બતાવેલી નાટકવિધિની સર્વ ઋદ્ધિ એકદમ ક્યાં સમાઈ ગઈ?"

ભગવાન કહે હે ગૌતમ! એ દેવતાના શરીરમાં સમાઈ ગઈ જેમ કુટાગાર શાળામાં સર્વ વસ્તુઓ વિસ્તીર્ણ કરી હોય તેને વરસાદના ભયથી એકદમ સંકેલી લે તેમ."

શ્રી ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું "હે ભગવન્! એ ચંદ્ર દેવતા પૂર્વ ભવે કોણ હતો?"

શ્રી ભગવાન બોલ્યા તે કાળ તે સમયને વિષે સાવથી નામે નગરી હતી ત્યાં અંગતિ નામે ગાથાપતિ વસતો હતો. તે સમયે પુરૂષ માંહી પ્રધાન અને ચરિત્ર ધર્મ અને શ્રુતધર્મની આદિના કરનાર ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ તીર્થંકર સોળ હજાર સાધુ અને આડત્રીસ હજાર સાધ્વી સહિત યાવત્ કોષ્ટક વને પધાર્યા. તેમને વાંદવા પર્ષદા નીકળી. તે વાત સાંભળી અંગતિ નામે ગાથાપતિ પણ (ભગવતિ શતક ૧૮ ઉદ્દેશો બીજો કહેલા) કાર્તિકશેઠની પેઠે વાંદવા ગયો.

સાંભળી ભગવાનને સવિનય વાંદી નમસ્કાર કરી ધર્મકથા સાંભળી દિલે ધારીને જમાલવત ઘેર આવી પોતાના જ્યેષ્ઠ પુત્રને ઘરનો ભાર સોંપી આનંદ ગાથાપતિની પેઠે દિક્ષા લીધી. યાવત્ ગુપ્તબ્રહ્મચારી થયા. તથારૂપના સ્થવિરની પાસે સામાયિકઆદિ અગ્યાર અંગ ભણ્યા. ચોથભક્ત છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરીને યાવત્ આત્માને ભાવતા ઘણા વર્ષો પર્યંત સામાન્ય ચારિત્ર પાળીને પંદર દિવસની સંલેખણા કરીને ત્રીસ ભક્ત અનશન છેદીને વિરાધીને ચારિત્ર ઉત્તર ગુણમાં દોષ લાગ્યો. કાળને અવસરે કાળ કરીને શુક્રાવતંસક વિમાનને વિષે ઉપપાતની સભાને વિષે દેવશય્યાની શય્યાને વિષે દેવદુષ્ય વસ્ત્રના આંતરે જ્યોતિષીના ઇંદ્ર પણે ઉપન્યો અને પાંચ પ્રકારની પર્યાય જેવી કે આહાર શરીર, શ્વાસોશ્વાસ, ઇંદ્રી અને ભાષા તથા મન એમાં પામી પર્યાપ્તો થયો. એક પલ્યોપમ અને એક લાખ વર્ષથી અધિક સ્થિતિ ભોગવી ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રે મોક્ષ જશે.



અધ્યયન ૨ જુ

સૂર્ય



તે કાળ તે સમયને વિષે રાજગૃહી નામે નગરી હતી, જ્યાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરના ગુણશીલનામે ઉદ્યાનને વિષે એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા. તેમને વાંદવા ચંદ્રમાની પેઠે સૂર્યદેવ પણ આવ્યો યાવત્ નાટકવિધિ ભગવાનને બતાવી પાછો ગયો. ત્યાર પછી શ્રી ગૌતમ સ્વામીએ ભગવાનને વંદન નમસ્કાર કરી સવિનય પૂછ્યું "હે ભગવન્! સૂર્યદેવ પૂર્વે ભવે કોણ હતો?"

ભગવાન ઉવાચ: સાવત્થી નગરીમાં ઋદ્ધિવંત સુપ્રતિષ્ઠ નામે ગાથાપતિ વસતો હતો. તે અંગતિ નામે ગાથાપતિની પેઠે વડા દીકરાને ઘરનો ભાર સોંપી ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ તીર્થંકર પાસે દીક્ષા લઈ ગુણવ્રતધારી થયો. યાવત્ ચંદ્રમાની પેઠે તપ કરી વિરાધિક થઈ સૂર્યના વિમાનને વિષે ઉપન્યો. ત્યાં એક પલ્યોપમ અને એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મહાવિદેહ ક્ષેત્રે મોક્ષ જશે.



અધ્યયન ૩ જું.

શુક્ર



તે કાળ તે સમયને વિષે રાજગૃહી નામે નગરી હતી, જ્યાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતો. શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી એક ગામથી બીજે ગામ વિહાર કરતા ઉપર કહેલી રાજગૃહી નગરીના ગુણશીલ નામે બાગને વિષે એકદા પધાર્યા. તેમનું આગમન જાણી શ્રેણિક રાજા આદિ પ્રજા વાંદવા આવી. આ વખતે શુક્રાવતંસક નામે વિમાનના શુક્ર સિંહાસને બિરાજતા થકાં શુક્રદેવ મોટા મહ ચાર હજાર સામાનિક દેવના સમુદાયે ચંદ્રમાની પેરે ભગવાનને વાંદવા આવ્યો. યાવત્ નાટકવિધિ બતાવી સ્વસ્થાનકે ગયા. પ્રજા પણ આવી પાછી ગઈ. આ પછી શ્રી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી સવિનય પૂછ્યું "હે ભગવન્! એ શુક્રદેવ પૂર્વ ભવ કોણ હતો?"

ભગવાન ઉત્તર દે: હે ગૌતમ! વાણારસી નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ વસતો હતો તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ એમ ચાર વેદ તથા બીજા ઘણા શાસ્ત્રનો જાણ હતો. તે સમયે પુરીમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ શ્રી વણારસી નગરીના અંબશાલ

વનમાં આવી સમોસર્યા. તેમને પ્રભુ વાંદવા આવી, તે વાત સોમીલ નામે બ્રાહ્મણે સાંભળીને વિચાર્યું કે "હું પણ જઈને શ્રી પાર્શ્વનાથને પ્રશ્ન પૂછું તેઓ તેનો ઉત્તર યથાસ્થિત આપશે તો હું તેમને વાંદી, સેવા કરીશ, નહિતો વગરનમ્યે ઘેર પાછો આવીશ." એમ વિચારી, સ્નાન કરી, વસ્ત્રાલંકાર પહેરી પોતાના ઘેરથી નીકળીને ચ પાનભરીની મધ્યોમધ્ય થઈને પગપાળો ચાલીને વાણારસી નગરીના આમ્રશાલ વનમાં આવ્યો અને પાર્શ્વનાથ ભગવાન પાસે જઈ તેમને વગર નમ્યે નિચે નમાવ્યું પ્રશ્ન પૂછવા લાગ્યો

સોમીલ—તમારે યાત્રા છે?

શ્રી પાર્શ્વનાથ—હા જ્ઞાન, દર્શન, ચારિત્ર, બારે ભેદે તપ, અભિગ્રહ, સત્તરે ભેદે સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, આદિ છએ શુભ યોગે જયણા કરતી (જીવ રક્ષા કરવી) તે રૂપે અમારે યાત્રા છે

સોમીલ—તમારે ઇંદ્રિયાદિનું જતવું છે?

શ્રી પાર્શ્વનાથ—હા જતવું બે પ્રકારે એક પાંચ ઇંદ્રિ (શ્રોત, ચક્ષુ, ઘ્રાણ, રસ અને સ્પર્શ) ને વશ રાખી છે અને બીજી નોઇંદ્રિ (ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય) ને ઉપસમાવી છે.

સોમીલ—તમારે બાધા (રોગ) રહિતપણું છે?

શ્રી પાર્શ્વનાથ—વાયુ, પિત્ત, શ્લેષ્મ, સંનિપાતાદિક* રોગો શરીરમાં છે તે ઉપસમ્યા છે ઉદેર્યા નથી

સોમીલ—તમારે પ્રાસુક વિહાર છે?

---

* મનુષ્યના શરીરમાં [illegible] રોગ છે [illegible] ૧૧૨૫ રોગ છે

શ્રી પાર્શ્વનાથ—હા, ઉદ્યાન, દેવકુળ, સભા અને જે નાદિ સ્થાનક સ્ત્રી પશુ નપુંસક રહિત વસ્તીને વિષે કામુક અને નિર્દોષ પાટ, પાટલા તથા સંથારો અંગીકાર કરીને વિચરૂં છું.

સોમીલ—તમારે સરિસવ ખાવા યોગ્ય કે નહિ? +

શ્રી પાર્શ્વનાથ—ખાવા યોગ્ય છે અને અયોગ્ય પણ છે. કારણ કે બ્રાહ્મણના મતને વિષે બે પ્રકારના સરીસવ કહ્યા છે. એક મિત્ર સરિસવ અને બીજો ધાન્ય સરિસવ. મિત્ર સરિસવના ત્રણ પ્રકાર—સાથે જન્મ્યા, સાથે વૃદ્ધિ પામ્યા અને સાથે રમત કરી. એ ત્રણે સાધુને ખાવા યોગ્ય નહિ. ધાન્ય સરિસવ બે પ્રકારે—એક શસ્ત્ર પરિણમ્યું છે અને બીજું નથી પરિણમ્યું. જેને શસ્ત્ર નથી પરિણમ્યું તે સાધુને ખાવા યોગ્ય નહિ. શસ્ત્ર પરિણમ્યું છે તેના બે ભેદ—એક એષણીય અને બીજું અનેષણીય. તેમાં એષણીય ભક્ષ્ય છે અને અનેષણીય અભક્ષ્ય છે. એષણીયના બે ભેદ—એક યાચીને આપેલા અને બીજા અણયાચ્યા. તેમાં યાચેલા ભક્ષ્ય અને અણયાચેલા અભક્ષ્ય છે. યાચેલાના પણ બે ભેદ—એક લબ્ધ અને બીજો અલબ્ધ. તેમાં અલબ્ધ ન કામે. લબ્ધના બે ભેદ—તેમાં એક દાતારે આપેલા અને બીજા દાતારે નથી આપ્યા. તેમાં દાતારે નથી આપ્યા તે ખાવા યોગ્ય નહિ અને દાતારે આપ્યા છે તે સાધુને ખાવા યોગ્ય છે.

સોમીલ—તમારે માસ ખાવા યોગ્ય કે નહિ?

+ આવી પ્રશ્નમાળા શ્રી [illegible] ખાવા યોગ્ય [illegible] તમારે [illegible] પણ [illegible] નહિ.

શ્રી પાર્શ્વનાથ—માસ ખાવા યોગ્ય છે અને અયોગ્ય પણ છે કારણ કે બ્રાહ્મણના મતને વિષે ત્રણ પ્રકારે માસ કહ્યા છે એક કાળમાસ બીજો અર્થમાસ અને ત્રીજો ધાન્ય માસ. તેમા શ્રાવણથી માંડીને અસાડ સુધીના બાર મહિના તે કાળમાસ તે સાધુને ખાવા યોગ્ય નહિ. બીજા અર્થમાસ તે એક ધાતુની મહોર છે તે પણ સાધુને ખાવા યોગ્ય નહિ. ત્રીજા ધાન્ય માસ તે અડદ કહેવાય છે. તે ધાન્ય સરિસવની પેઠે ખાવા યોગ્ય છે અને અયોગ્ય પણ છે.

સોમીલ—તમારે કુલથી ખાવા યોગ્ય કે નહિ?

શ્રીપાર્શ્વનાથ—ખાવા યોગ્ય છે અને અયોગ્ય પણ છે. કારણ કે બ્રાહ્મણના મતને વિષે કુલથી બે પ્રકારે છે એક કુળવતી સ્ત્રીને કુલથી કહેવાય છે. અને બીજું કુલથી જે ધાન્ય વિશેષ છે તે જાણવું. કુલથી સ્ત્રીના ત્રણ ભેદ—એક કુળપુત્રી, બીજી કુળમાતા અને ત્રીજી કુળવધુ (વહુ) એ ત્રણ તો ખાવા યોગ્ય નથી. અને જે ધાન્ય કુલથી છે તે સરિસવની પેઠે જાણવી.

સોમીલ—તમે એક છો કે બે છો? અક્ષય છો કે અવ્યય છો? અવસ્થિત છો કે અનેક ભૂતભાવિ ભાવ સ્વભાવ છો?

શ્રીપાર્શ્વનાથ—હું એક પણ છું અને બે પણ છું યાવત અનેક ભૂતભાવિ ભાવ સ્વભાવ પણ છું અસંખ્યાત પ્રદેશની અપેક્ષાએ અક્ષય છું અવ્યય છું અવસ્થિત છું ઉપયોગની અપેક્ષાએ અનેક ભૂતભાવિ ભાવસ્વભાવ હું છું એ રીતે નિત્યાનિત્ય જાણે મર્મ સમજ્યા.

ઉપર પ્રમાણે ઉત્તર સાંભળી સોમીલ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યો અને પાર્શ્વનાથ અરિહંતને નમસ્કાર કરી તાપસપણાથી સમ્યગ્ વસ્તુના વિચારથી શ્રાવકની પેઠે બાર વ્રત અંગીકાર કરી પોતાના ઘેર ગયો અને જીવ-અજીવના ભેદ જાણીને વિચરવા લાગ્યો. ત્યારબાદ શ્રી પાર્શ્વનાથ ભગવાન એકદા વણારસી નગરીના આમ્રશાલ વનથી નીકળીને બાહેરના દેશે વિહાર કરી વિચરતા હવા.

હવે સોમીલ બ્રાહ્મણને કેટલીક મુદતે સાધુનો સમાગમ નહિ મળવાથી મિથ્યાત્વીના પર્યાય વધ્યા અને શ્રાવકના પર્યાય ઘટતા ગયા. તેથી એકદા અર્ધી રાત્રિને સમય કુટુંબજાગરિકા જાગતા થકાં એવો વિચાર ઉપન્યો કે હું અતિ શુદ્ધ છું, બ્રાહ્મણના કુળમાં જન્મ્યો છું, વેદ ભણ્યો છું, સ્ત્રી પરણ્યો છું, પુત્ર જન્મ્યા છે ઇત્યાદિક ઋદ્ધિ પામ્યો છું, પશુના વધ કરી યજ્ઞ કીધા છે, બ્રાહ્મણોને દક્ષિણા દીધી છે, અગ્નિહોત્ર કીધા છે, યજ્ઞસ્તંભ રોપ્યા છે તે માટે સવારે નગરને આંબાદિ ફળના બાગ રોપાવું એમ વિચારી વણારસી નગરી બહાર ઘણાં આંબાના વૃક્ષ બીજોરા કોઠ આમળી આદિ તથા પુષ્પ રોપાવીને સુંદર બાગ બનાવ્યા. ત્યાર બાદ એકદા અર્ધી રાત્રિએ એવો વિચાર ઉપન્યો કે ઉપર કહેલ બાગમાં કામ સગાને મિત્ર જ્ઞાતિ અને નજીકના સર્વને જમાડીને આપી તાપસની જાત ... વિચરું એમ વિચારી પ્રભાતે લોઢાની કડાહ ભાજની ... તાપસના ભાજન ધારીને અનેકનાં ભોજન નીપજાવીને મિત્ર જ્ઞાતિ સગા જનોને જમાડીને જમાડ્યા ત્યારબાદ વડા દીકરાને ઘરનો ભાર સોંપીને મિત્ર જ્ઞાતિને પૂછીને લોઢાની કડાહ કડછી વગેરે તાપસના ભા

જન સેઇ ગંગા નદીના કાંઠે ૧દિશાપોખિયા તાપસની સમાપે દિશા સેઇ વિચરવા લાગ્યો અને એવો અભિગ્રહ લીધો કે જાવજ્જીવ બેબે ઉપવાસનાં પારણાં આંતરા રહિત કરી ચાર દિશાએ ચક્રવાલે કરી ઉંચા હાથ કરી સૂર્ય સામુ મુખ કરી આતાપના લેતા વિચરવું.

એ પ્રમાણે અભિગ્રહ લેઇને પ્રથમ છઠ્ઠભક્ત અંગીકાર કરીને વિચરે છે. પ્રથમ છઠ્ઠના પારણાને દિવસે આતાપના લેવાની ભૂમિકાથી પાછા વળીને અત્યાર[2] વસ્ત્ર પહેરી જ્યાં પોતાની મઢી છે ત્યાં આવીને વાંસભાજન વિશેષ કાવડને લેઇને પૂર્વ દિશાએ જઇ તે દિશા પોખી એટલે કે તે દિશાએ પાણી નાંખ્યો. અને સોમ મહારાજાની પ્રાર્થના કરીને કહ્યું કે કંદ, મૂળ, છાલ, પાન, ફુલ, ફળ, બીજ, વનસ્પતિ તમારી આજ્ઞાએ લઉંછું અને તે લેતા વિચરવા લાગ્યા. એમ કરી

1 તાપસ ઘણી જાતિના છે—અગ્નિહોત્રિ, વનવાસી, ભૂમિશયના સ્નાનકાર, મજ્જન સ્નાનકાર, મહાગ્નત, ઉષ્ણમૂ પાણી ને પાણી રહે, એક ગમ ના રહે, ઉદ ખાય, એક વાર પાણી એમે ડુબકી મારે, વાર વાર ડુબકી મારે, પાણી માંહે રહે, માટી ઘસી ઘસી સ્નાન કરે, ગંગા નદીના દક્ષિણ પાસે રહે, ઉત્તર નદીના ઉત્તર પાસ રહે, શંખ વગાડીને જમે, કોઇ શબ્દ કરી જમે, મૃગના શિકારસીન ખાય, હાથિને મારી તેના શરીરથી ઘણા દિવસ સુધી ખાય, ઉંચા દંડ રાખીને ચાલે, દિશાએ પાણી છાંટી ફલ ફુલ ખાય (દિશાપોખી) વૃક્ષના વકલના વસ્ત્રધારી, પાણીની સેવ કરે, બિલમાં રહે, સદા પાણીમાં રહે, એમાં ઝાડને મૂળે રહે, પાણી પીને રહે, વાયુ ભક્ષીને રહે, સેવાળ ભક્ષીને રહે, મૂળનો આહાર કરે, કંદનો આહાર કરે, પત્રનો આહાર કરે, છાલનો આહાર કરે, ફળનો આહાર કરે, ફુલનો આહાર કરે, બીજના આહાર કરે, પડ્યા પડ્યા જે કંદ મૂળ, છાલ, પાન ફલ તેનો આહાર કરે, ઇત્યાદિ.

2 અત્યારે પ્રાય: વલ્કલ ચિરી કાષ્ઠની બનાવેલ વસ્ત્ર હોય છે

કે સૂર્યની કાંઇક અર્ધીન પ્રભા ૮૩ સહિત કુંભ ૮૩ સહિત અગ્ની
કર્મ કરી પદ્માસનાદિ વડે પોતાની મઢી છે ત્યાં આવીને કાષ્ઠ
ને અગ્નિ પ્રદિપ્ત કરી લીધી ક્રમો મૂકર્યો. પછી પ્રભ, ક્રમસ
પ્રપમા સર્વ ગ ના મહાનદીમાં જઈ તેમાં પ્રેપમીને પાણીમાંહિ સ્નાન
કરીને આચમન એક શુદ્ધ થઇ દેવ સંબંધી પિતૃ સંબંધી સર્વે ક્રયા.
કરી પ્રભ ક્રમસ હાથમાં લેઈ નેમ નદીમાંથી નીકળીને પોતાની
મઢીએ આવીને પ્રભ કરી કુંડી કરી વેળુએ કરી વેદિકા રચીને
અરણીના કાષ્ઠે અગ્નિ સળગાવી ૧ ઉપકરણ ૨ અસર્થ વસ્ત્ર, ૩
આસન, ૪ શય્યા ઉપકરણ, ૫ દ કમંડળ ૬ પાણીપાત્ર ૭ કાષ્ઠ
૮ એ સાત વાના જમણું પાસે થાપીને ઘી અને તાંદુલે અગ્નિહોમ
કરી અગ્નિની પૂજા કરી ને પછી અતિથિ આવે તેની પૂજા કરી,
તને જમાડી પછી પોતે આહાર કરતો વિચરે. ત્યાર પછી બીજે
દિને પારણે દક્ષિણ દિશાએ યમ મહારાજની રજા લઇને પારણું
પશ્ચિમ દિશાએ વરુણ મહારાજની અને ચોથા છઠને પારણે ઉત્તર
દિશાએ વૈશ્રમણ મહારાજની આજ્ઞા માની કંદ મૂળ પૂર્વદિશાની
પેરે આહાર કરે એ ૮ પ્રમાણે ચાર દિશાઓથી ફળ કંદ મૂળ લઈ
આહાર કરે. ત્યાર પછી એકદા રાત્રિ મધ્યરાત્રી વખતે ધર્મ જાગરણ
કરતાં તેને એવો પરલોક વિષે આવીને ઉત્તરદિશાએ જાવાભિ
મુખ વિચાર કરતો વિચરે તેમાં જે મને મળી આવે, પવન, ખાડ
માંહે પિંડ પડે તો ત્યાંથી ઉઠવું ન કરવું એ પ્રમાણે વિચાર કરતાં
પ્રથમ અભિગ્રહ લઇ આવી વહિકા ગ્રહી પણ ન ચાલવું કરતાં અધરા-
ત્રિને સમયે એક દેવતા પ્રગટ થઇ તેને કહેવા લાગ્યો “હે સોમિલ!

તારી દુઃપ્રવ્રજ્યા ! " એ પ્રમાણે બે ચાર વખત કહ્યું પણ સોમીલે કાંઈ ધ્યાનમાં લીધું નહિ તેથી તે આવ્યો હતો તે દિશાએ પાછો ગયો. એ પ્રમાણે સોમીલને વિહાર કરતાં બીજે દિવસે, ત્રીજે દિવસે અને ચોથે દિવસે દેવતાએ પ્રગટ થઈ ઉપર પ્રમાણે કહ્યું પણ તેને તેનું આદર નહિ કરવાથી દેવતા આવ્યો હતો તે દિશાએ પાછો ગયો. છેવટ પાંચમે દિવસે મધ્યરાત્રિને વિષે દેવતાએ આવીને કહ્યું " હે સોમીલ ઋષિ ! તમે શ્રી પાર્શ્વનાથ અરિહંત પાસે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં હતાં તે ભંગ કરી દુઃપ્રવ્રજ્યા (દીક્ષા) અંગિકાર કરી ! " એમ કહી પૂર્વની સર્વે હકીકત કહી સંભળાવી તે સોમીલે લક્ષમાં લીધી તેથી દેવતા તેને વંદી નમસ્કાર કરી જે દિશાથી આવ્યો હતો તે દિશાએ પાછો ગયો.

હવે સોમીલઋષિ દેવતાની વાત લક્ષમાં લેઈ શ્રાવકનાં બાર વ્રત પોતાની મેળે અંગીકાર કરી વિચરવા લાગ્યો. ઘણા ઉપવાસ, બેલા તેલા યાવત માસખમણ તપ કરી આત્માને ભાવતો થકો ઘણા વર્ષ સુધી શ્રાવકપર્યું પાળી મરણને અંતે ૧૫ દિવસની સંલેખણા કરી ત્રીસ ભક્તને છેદીને તે સ્થાનક આલોચ્યો નહિ, પડિકમ્યો નહિ, સમ્યક્ત્વને વિરાધીને તથા ઉત્તર ગુણ વિરાધીને કાળને અવસરે કાળ કરીને શુક્રાવતંસક વિમાનને વિષે ઉપપાતની સભાને વિષે દેવતાની શય્યાને વિષે યાવત્ સાત હાથની અવગાહનાએ શુક્ર નામે મહાગ્રહ પણે ઉપન્યો. તે શુક્ર મહાગ્રહ તત્કાળ ઉપન્યો થકો યાવત્ ભાષા મન અને પર્યાપ્તિએ કરી સહિત છે એક વખત પલ્યોપમનું આયુષ્ય છે તે ક્ષય કરી મહાવિદેહ ક્ષેત્રે સીઝશે, બુઝશે.

અધ્યયન ૪ થું

બહુપુત્રા દેવી



તે કાળ તે સમયને વિષે, રાજગૃહી નામે નગરી હતી ત્યાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી એક ગામથી બીજે ગામ વિહાર કરતા થકા રાજગૃહી નગરીના ગુણશીલ નામે ઉદ્યાનને વિષે એકદા પધાર્યા તેમનું આગમન જાણી શ્રેણિક રાજા આદિ લોકો વાંદવા આવ્યા. આ સમયે બહુપુત્રિકા (બહુપુત્રા) દેવી સુધર્મ દેવલોકને વિષે બહુપુત્રિકા વિમાનને વિષે સુધર્મ સભાને વિષે બહુપુત્રિકા નામે સિંહાસનને વિષે ચાર હજાર સામાનિક દેવતા અને ચાર હજાર મોટી દેવી સહિત સૂર્યાભદેવની પેઠે સુખ ભોગવતી વિચરે છે તે સમયે કેવલકલ્પ જંબુદ્વીપ પ્રત્યે વિસ્તીર્ણ અવધિજ્ઞાને કરી જોતી થકી સૂર્યાભ દેવતાની પેરે શ્રમણ ભગવાન શ્રી મહાવીરને ગુણશીલ નામે ઉદ્યાનને વિષે વિચરતા દેખી તેમને નમસ્કાર કરીને પ્રધાન સિંહાસનને વિષે ઉત્તર દિશા સન્મુખ મુખ કરીને બેઠી અને સુસ્વરા નામે ઘંટા વગડાવી સેવક દેવતાઓને બોલાવી યાન નામે વિમાન એક હજાર યોજન વિસ્તીર્ણપણે વિકુર્વી ઉત્તરદિશાના નીકળવાના માર્ગે

કરીને એકહજાર યોજન પ્રમાણ શરીર વિકુર્વીને નાટક સૂર્યાભ દેવતાની પેરે ભગવાનને વાંદવા આવી. ત્યાં ભગવાનને વાંદી નમસ્કાર કરી ધર્મકથા સાંભળી. ધર્મકથા પૂરી થયા પછી બહુપુત્રિકાદેવીએ જમણો હાથ પસારી દેવકુમાર સરીખા ૧૦૮ કુમાર કાઢ્યા અને ડાબો હાથ પસારી દેવકુમારી સરીખી ૧૦૮ કુમારિકા કાઢી અને દસ વરસના ઘણા બાળક અને દસ વરસની ઘણી કન્યા વિકુર્વી સૂર્યાભદેવતાની પેરે બત્રીસવિધિ નાટક ભગવાનને બતાવી ચાલતી થઈ. અન્ય પ્રકારે પણ ચાલતી થઈ. ત્યાર પછી શ્રી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી સવિનય પૂછ્યું “હે ભગવન્! એ બહુપુત્રિકાદેવી દેવી ઋદ્ધિ કેમ પામી અને એ દેવરૂપ કુમાર-કુમારિકાઓ શા રીતે કાઢી બતાવ્યાં?”

શ્રી ભગવાન બોલ્યા—વણારસી નામ નગરીમાં મહા ઋદ્ધિવંત ભદ્ર નામે સાર્થવાહ વસતો હતો તેને સુભદ્રા નામે મહા રૂપવંત ભાર્યા હતી. તે સંતાન રહિત એટલે વાંઝણી હતી જાણે કે “કોપર-વના એટલે તનુ ઢીંચણની માતા હોય નહિ! તે વાર પછી તે સુભદ્રા સાર્થવાહિની એકદા મધ્ય રાત્રિને સમયે કુટુંબ જાગરિકા જાગતાં આવા સંકલ્પ વિકલ્પ કરવા લાગી કે—“હું ભદ્ર સાર્થવાહની સાથે કામભોગ ભોગવું છું તથાપિ મારે સંતાન નથી માટે મને અધન્ય જાણું ? સ્ત્રી બાળક જણે છે તેને ધન્ય છે કે પોતાનાં પુત્ર પુત્રીને પોતાના સ્તને ધવરાવે છે તેમજ મધુર વચને કરી કાલાકાલા શબ્દો બોલે છે તેઓને ખોળે બેઠાં કરે છે ખોળામાં લેઈ રમાડે છે દુલરાવે છે તે માતાને ધન્ય છે મને અધન્ય કે હું એક પણ

પામક ન પામો." એવી રીતે આર્તધ્યાન-રૌદ્રધ્યાન ધ્યાવે છે.

એકદા ઘણાં શાસ્ત્રમાં નિપુણ એવી સુવ્રતા નામે આર્યા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરી સહિત, ઘણી આર્યાના પરિવારે ગ્રામાનુગ્રામ વિહાર કરતી વણારસી નગરીમાં આવી. એકદા પ્રસ્તાવે તે આર્યાનો એક સિંઘાડો ઉચ્ચકુળ, નીચકુળ, મધ્યમકુળે ભિક્ષા અર્થે ફરતો થકો સાર્થવાહના ઘરમાં પેઠો. તેમને દેખીને સુભદ્રા સાર્થવાહિની હર્ષિત થઇ ને શીઘ્ર આસન પરથી ઉઠી સાત આઠ ડગલાં સામી આવીને વંદન નમસ્કાર કરીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર વહોરાવ્યો (પ્રતિલાભ્યો) અને પછી કહેવા લાગી: "હે આર્યો! તમે ઘણું ભણ્યા છો, ઘણાં ગામ નગરાદિ વિષે વિચરો છો, ઘણા રાજા-શેઠ-સાર્થવાહ આદિના ઘરને વિષે પ્રવેશ કરો છો તો કાંઈ દેવઆરાધના વિદ્યા, મંત્ર, તંત્ર, ઔષધ આદિ તમારી પાસે હોય તો મને બતાવો કે જેથી હું બાળક જણું." આવા સુભદ્રા સાર્થવાહિનીના વચન સાંભળી "હે દેવાનુપ્રિયે! અમે નિર્ગ્રંથ સાધ્વી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ સહિત ગુપ્ત બ્રહ્મચારિણી છીએ તો આવાં વચન સાંભળવાં કલ્પે નહિ, તો પરંતુ ... પણ કલ્પે નહિ. કેવળીપ્રરૂપિત ધર્મ કહેવા કલ્પે." પછી તે સુભદ્રા સાર્થવાહિની આર્યા સમીપે ધર્મ સાંભળી હ-તુષ્ટ થઇ આર્યાને ત્રણ વાર વંદી નમસ્કાર કરીને કહેવા લાગી: "તમારું આ નિર્ગ્રંથનું પ્રવચન સાચું છે તે મને રુચ્યું છે માટે હું શ્રાવિકા ધર્મ અંગીકાર કરું!" આર્યા કહે: "હે દેવાનુપ્રિયે! ધર્મમાં વિલંબ ન કરો."

પછી તે સુભદ્રા સાર્થવાહિનીએ આર્યા સમીપે શ્રાવિકાનો ધર્મ અંગીકાર કર્યો. ત્યાર બાદ આર્યા અન્ય સ્થળે ગયા.

એકદા સુભદ્રા શ્રાવિકાને અરધી રાત્રિને સમયે કુટુંબજાગરિકા જાગતાં થકાં એવો અધ્યવસાય (વિચાર) ઉપન્યો કે "મારે અદ્યાપિ સુધી એકપણ બાળકનો પ્રસવ ન થયો માટે કાલ પ્રભાતે સૂર્ય ઉગ્યે ભદ્ર સાર્થવાહને પૂછીને સુવ્રતા આર્યા સમિપે આર્યા થઉં" એમ વિચારી ભદ્ર સાર્થવાહ પાસે જઈ હાથ જોડી કહેવા લાગી. "હે સ્વામિન્! મારે અદ્યાપિ સુધી એક પણ પુત્ર પુત્રી લાભ ન થઈ માટે હું સુવ્રતા આર્યા પાસે દીક્ષા લેઉં?" તે વારે ભદ્ર સાર્થવાહ કહે "હે દેવાનુપ્રિયે! તું હમણાં દીક્ષા ન લે. થોડો કાળ ભોગ ભોગવી પછી દીક્ષા લે?" એ વાત સુભદ્રા સાર્થવાહિનીએ કબુલ કરી નહિ અને બે વાર ત્રણ વાર આજ્ઞા માગી. ભદ્ર સાર્થવાહે તેને મનાવવાની ઘણી લાલચ દીધી તથા ઘણા ઉપાય કર્યા પરંતુ તે સર્વ નિષ્ફળ ગયા અને તેને રાખવા સમર્થ ન થયો એટલે દીક્ષા લેવાની આજ્ઞા દીધી. પછી ભદ્ર સાર્થવાહ પુષ્કળ આહાર પાણી રંધાવીને સગા સંબંધીને જમાડીને સુભદ્રા સાર્થવાહિનીને સ્નાન કરાવી વસ્ત્ર અલંકાર પહેરાવીને હજાર પુરુષ ઉપાડે એવી પાલખીમાં બેસાડીને સગા સંબંધી પરિવાર સહિત વાજિત્ર વાજતાં થકાં વણારસી નગરીની મધ્યોમધ્ય થઈને જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય છે ત્યાં આવ્યો ત્યાર પછી સુભદ્રા સાર્થવાહિનીને પાલખીમાંથી ઉતારીને ભદ્ર સાર્થવાહ તેને આગળ કરીને જ્યાં સુવ્રતા આર્યા છે ત્યાં આવીને તેમને વાંદી નમસ્કાર કરી બોલ્યો. "હે દેવાનુપ્રિયે! સુભદ્રા નામે મારી

આશ ? મને ઘણી વહાલી છે તે સંસારના રોગાદિ ભયથી તથા જન્મ મરણના ભયથી કરીને તમારી સમીપે દિક્ષા લેવા આવે છે- માટે હું તમને શિષ્યારૂપ ભિક્ષા દેઉં છું " આર્યા કહે. " હે દેવાનુપ્રિયા! વિલંબ મા કરો " પછી મુખ્ય સાધ્વાદિની એવું કહ્યાથી ઇશાન જઈ પોતાના આભરણ ઉતારીને પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરી મુકતા માતાને ગળગળાટ કરીને દિલથી રડતિયા દેઈ થોડી નમસ્કાર કરીને દેવાનંદાની પેઠે દિક્ષા લઈ સાધ્વી થઈ શુભ અધ્યવસાયિણી થઈ.

મુખ્યાએ આચાર્યનું અંગીકાર કરવા છતા બાળકોને વિશે અનુરાગ હોવાથી બાળક ૮ વરસના કુમાર ૮ વર્ષની કુમારિકા અને ૮ વ. ઉપરાંતનાં બાળકોનાં શરીર નેહાદિ ચોળે કેટલાંકને હાથ પગીએ કરી સ્નાન કરાવે કેટલાકના પગ-હાથ રંગે કેટલાંકનું મામુખ, કેટલાકની આંખે સુરમાદિક આંજે કેટલાંકને બાજુબંધ પ્રમુખ ઘરેણાં પહેરાવે કેટલાંકને ખોળામાં બેસારે કેટલાંકને નિતંબ કરે કેટલાંકને ડિલ્લમ (ગોદ ત્યાં) બેસારે કેટલાંકને પલિયામાં બેસારે કેટલાકને પગ-અની-આયગ અને મન બેસારે કેટલાકને હાથે લઈ રમાડે કેટલાંકને ગીત ગાય એવી રીતે પોતાના પુત્રાદિકની ઉપર ભક્તિ મોહના રકતી રહેવાથી ઉપર પ્રમાણે વરતવા લાગી। તેથી વર્તતી વિચારે છે આથી મોહક પ્રસ્તાર ગુરુના આર્યાએ તેને કહ્યું " હે દેવાનુપ્રિયા! આપણ સાધ્વી નિગ્રંથીને આવા ચરિત્રો ધારવાનું કલ્પુ ન આ બાળકોને રમાડવા કે ઉપર પ્રમાણે ક્રિયા કરવી આપણને કલ્પે નહિ માટે એ આચરિતનું આલોચણ કરી શુદ્ધ થાઓ."
મુખ્ય આર્યાએ આ વાત અંગીકાર નહિ કરતા મનમાં વિચાર્યું "હું

જ્યારે ગૃહસ્થાવાસમાં હતી ત્યારે સુવ્રતા આર્યા મારા ઉપર અતિપ્રેમ રાખતી હતી. પણ જ્યારથી હું સાધ્વી થઈ ત્યારથી મારા ઉપર પ્રેમ રાખતી નથી. માટે હવે પ્રભાતે તેની પાસેથી નીકળી બીજે ઉપાશ્રયે જઈશ." એમ વિચારી બીજે ઉપાશ્રયે જઈ રહી. અને ઉપર પ્રમાણે લોકોનાં બાળકોને નવરાવતી, રમાડતી, ભરાવતી, હુલરાવતી ઇત્યાદિક ક્રિયાઓ કરતી પાસત્થાની પેરે વિચરવા લાગી. ઉપર પ્રમાણે સુભદ્રા આર્યા શુદ્ધ આચાર રહિત ઘણાં વરસ સુધી ચારિત્ર પર્યાય પાળી, મરણ અંતે પંદર દિવસની સંલેખણા કરી ત્રીસ ભક્ત આહારને છેદીને તે સ્થાનકે આળોઇ મનથી અનાચાર આલોવ્યા વગર, પડિક્કમ્યા સિવાય કાળને અવસરે કાળ કરીને સુધર્મ નામે પ્રથમ દેવલોકે બહુપુત્રિકા નામે વિમાનને વિષે ઉપપાતની સભાને વિષે દેવશય્યાના વિષે દેવદુષ્ય વસ્ત્રના આંતરે એક આંગળના અસંખ્યાતમા ભાગની અવગાહનાએ બહુપુત્રિકા નામે દેવાંગનાપણે ઉપની, તે આહાર, શરીર, ઇંદ્રી, શ્વાસોશ્વાસ અને ભાષા મન એવી પાંચ પ્રકારની પર્યાપ્તિ પૂરી પામી.

ઉપર પ્રમાણે હકીકત કહેવા ઉપરાંત શ્રીભગવાન મહાવીરે શ્રી-ગૌતમ સ્વામીને કહ્યું કે હે ગૌતમ! એ બહુપુત્રિકાએ પૂર્વભવે ઉપર પ્રમાણે કરણી કરવાથી પ્રધાન દેવતાની ઋદ્ધિ પામી. ત્યારે દેવતાના સભા શક્રેંદ્ર ની સેવ કરે ત્યારે તે ૮ વરસનાં ૧ ૮ બાળક અને ૧ ૮ બાળકી વિકુર્વી નાટક વિધિ સાથે દેવની ઋદ્ધિ દેખાડે."

ગૌતમ કહે "હે ભગવન્! એ દેવીની કેટલા કાળની સ્થિતિ?

ભગવાન કહે હે ગૌતમ! ચાર પલ્યોપમની સ્થિતિ."

ગૌતમ કહે "હે ભગવન્! એ બહુપુત્તિકા દેવી દેવની સ્થિતિ ક્ષય કરીને ત્યાંથી આનંતર રહિત ચ્યવીને ક્યાં ઉપજશે?"

શ્રીભગવાન ઉવાચ—આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે વિંધ્યાચલ પર્વતના મૂળને વિષે વિભેલ નામે સન્નિવેશમાં બ્રાહ્મણના કુળને વિષે પુત્રીપણે ઉપજશે. તે પુત્રીનું બારમે દિવસે તેના માતપિતા સોમા એવું નામ પાડશે. તે બાલ્યાવસ્થાથી મુક્ત થઈ યૌવનાવસ્થા પામ્યે અતિ રૂપવંત થશે. તેને પોતાના ભાણેજ નામે રાષ્ટ્રકૂટ વરે પરણાવશે. તે વાર પછી સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટ સાથે ઘણા ભોગ ભોગવતી થકી દરવર્ષે જોડલાં જણશે. અનુક્રમે સોળ વર્ષે બત્રીસ બાળક જણશે. તેમાંથી કેટલાંક બાળકોને પાન અન્નપાન ક્ષણમાં કેટલાંકને પવન નાખશે. કેટલાંકને નવરાવશે. કેટલાંકને આંગણામાં ક્રીડા કરાવશે. કેટલાંક બીજા નાનાં કેટલાંક રૂવે નાચશે. કેટલાંક પરસ્પર બાઝશે. કેટલાંક ભોજન માગશે. કેટલાંક દૂધ માગશે. કેટલાંક ભોજન વમન કરશે. કેટલાંક ઝાડો પેશાબ કરશે. કેટલાંક નાશી જશે. કેટલાંક બાળકોના શરીર લોહી માંસ મૂત્ર વિષ્ટાથી ખરડશે. કેટલાંક વસ્ત્ર મલિન કરશે. કેટલાંક ચૂંટીઓ ભરશે. કેટલાંક વાળ ખેંચશે. કેટલાંક બાળકોના શરીર અને વસ્ત્ર અશુચિમાં ખરડશે. અને દુઃખ પામશે. અને તે સોમા બ્રાહ્મણી પોતાના બાળકોથી વિષમ પુત્રનું મલ મૂત્ર ભોગવતી વિચરશે. એવા બાળકો રડતાં જોઈ દૂધ પાવા સમર્થ નહીં થશે. આ બાળકોને વિચારે છે કે હું એવાં છોકરાં ઉછેરીને કા

મહાજનથી પરવારી નિરાંતે બેસવા પામતી નથી. તથા રાષ્ટ્રકૂટથી સુખે ભોગ ભોગવતી વિચરી શકતી નહિ. માટે જેને બાળક પ્રસવ નહિ હોય (પ્રિયમ્બાલ એટલે જાનુ દીસતી માતા અર્થાત્ વાંઝણી સ્ત્રી) તેને ધન્ય! કે ? મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના ભોગ ભોગવી શકે છે.

એકદા સુવ્રતા[1] નામે આર્યા ઈર્યાસમિતિએ ચાલતી ઘણા પરિવાર સહિત અનુક્રમે જ્યાં વિભેલ નામે સન્નિવેશ છે ત્યાં ચાલવા યોગ્ય વસ્તુ પામી વિચરે છે. તેનો-એક સિંઘાડો સન્નિવેશને વિષે ઉંચકુળ, નીચકુળ અને મધ્યમ કુળને વિષે ભિક્ષા અર્થે ફરતો થકો રાષ્ટ્રકૂટના ઘરને વિષે પેઠો. તેને દૂરથી આવતો દેખીને સોમા બ્રાહ્મણી હર્ષિત થઈ ઉતાવળી આસનથી ઉઠીને સાત આઠ ડગલાં સામી આવીને વંદન નમસ્કાર કરી આહાર પાણી, ખાદિમ સાદિમ પ્રતિલાભી કહેવા લાગી. "હે આર્યો! હું રાષ્ટ્રકૂટ સાથે ભોગ ભોગવતાં દરવર્ષે જન્મે બાળક જોડલે જન્મ્યું અનુક્રમે સોળ વર્ષે બત્રીસ બાળક મેં જણ્યાં છે તે ઘણાં બાળકે કરીને હું ભોગ ભોગવવાને અસમર્થ થઈ વિચરૂં છું માટે હું તમારી સમીપે ધર્મ સાંભળવા ઉત્સુક છું."

આર્યાએ સોમા બ્રાહ્મણી પ્રત્યે કેવળી પરૂપ્યો ધર્મ કહ્યો. તે સાંભળી હૈયે ધારીને હર્ષવંત થઈ આર્યાને વંદન નમસ્કાર કરી કહેવા લાગી. "હે આર્યો! તમારૂં સાધ્વી નિગ્રંથનું પ્રવચન સારૂં અનુકૂળ તે મને રૂચ્યું છે માટે રાષ્ટ્રકૂટને પૂછીને તમારી સમીપે દિક્ષા અંગી-

---

૧ સુભદ્રાના ભવે દિક્ષા આપનાર આર્યાનું નામ પણ સુવ્રતા હતું.

કાર કરીશ." આર્યા કહે "હે દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો પણ ધર્મના કાર્યમાં વિલંબ ના કરશો."

પછી તે સોમા બ્રાહ્મણી આર્યાને વાંદી નમસ્કાર કરી ત્યાંથી પાછી વળી અને ઘેર આવી રાષ્ટ્રકૂટને બે હાથ જોડી કહેવા લાગી "આર્યા સમીપ દીક્ષા લેવાની મને ઇચ્છા થઈ છે માટે આપની ઇચ્છા હોય તો તેમ કરું." રાષ્ટ્રકૂટ કહે "તું હમણાં દીક્ષા ગ્રહણ નહિ. થોડા વખત સંસારનાં સુખ ભોગવીને પછી દીક્ષા લેજે ?" પછી તે સોમા બ્રાહ્મણીએ પોતાના સ્વામીના એવાં વચન સાંભળીને વસ્ત્રાલંકાર પહેરીને ઘણા મનુષ્યના સમુદાયે વિભેલ સન્નિવેશને વિષે સુવ્રતા આર્યાના ઉપાશ્રયે આવીને સુવ્રતા આર્યાને વાંદી નમસ્કાર કર્યા. સુવ્રતા આર્યાએ કેવળી ભાષિત ધર્મ કહ્યો. તે સાંભળીને સોમા બ્રાહ્મણીએ બાર પ્રકારના શ્રાવિકા ધર્મ અંગીકાર કર્યા. પછી આર્યાને વાંદી નમસ્કાર કરીને પોતાના ઘર આવી. હવે સોમા બ્રાહ્મણી શ્રાવિકા થઈ અને જીવ અજીવ તથા તત્ત્વની જાણ થઈ યાવત્ આત્માને ભાવતી વિચરવા લાગી.

એકદા પ્રસ્તાવે સુવ્રતા આર્યાઓ વિભેલ સન્નિવેશથી નીકળીને બહાર જનપદ દેશને વિષે વિહાર કર્યા. વળી ફરીથી તે આર્યા ત્યાં આવી. તે વાત સોમા બ્રાહ્મણીએ સાંભળવાથી હર્ષિત થઈ સ્નાન કરી ઘરથી નીકળી ત્યાં જઈ આર્યાને વાંદી નમસ્કાર કરી ધર્મકથા સાંભળી કહેવા લાગી "હે આર્યા ! હું રાષ્ટ્રકૂટને પૂછીને તમારી અંતિકે દીક્ષા લઈશ." આર્યા કહે "જેમ સુખ ઉપજે તેમ કરો પણ વિલંબ ના કરો." પછી સોમા બ્રાહ્મણી ત્યાંથી નીકળીને ઘ

આવી રાષ્ટ્રકૂટને બે હાથ જોડી કહેવા લાગી "સ્વામિન્! હું સુવ્રતા આર્યા પાસે દિક્ષા લેઉં?" રાષ્ટ્રકૂટે રજા આપી એટલે પછી ચાર પ્રકારનો આહાર નીપજાવીને સર્વ સ્વજનોને જમાડીને જેમ સુભદ્રા આર્યા થઈ તેમ સોમા બ્રાહ્મણી પણ આર્યા થઈ ઈર્યાસમિતિ સહિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થઈ આચારાંગાદિ અગીઆર અંગ ભણીને ઘણા છઠ્ઠ અઠ્ઠમ, કરતી થકી ઘણા વર્ષ સુધી ચારિત્ર પર્યાય પાળીને એક માસની સંલેખણા કરીને સાઠ ભક્ત આહાર છેદીને આલોચી પડિક્કમી સમાધિ પામીને કાળને અવસરે કાળ કરીને દેવતાના રાજા શક્રેન્દ્રના સામાનીક દેવની બરોબરના દેવતાપણે ઉપજશે. ત્યાં કેટલાએક દેવતાની બે સાગરોપમની સ્થિતિ છે તેમજ આ સોમ દેવતાની પણ બે સાગરોપમની સ્થિતિ સમજવી.


ગૌતમે પૂછ્યું "હે ભગવન્! એ સોમદેવતા ત્યાંથી દેવનું આયુષ્ય ક્ષય કરીને ક્યાં ઉપજશે"

ભગવાન વદ્યા "હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્ર યાવત્ કર્મનો અંત કરશે."



અધ્યયન ૫ મું

પૂર્ણભદ્ર



કાળ તે સમયને વિષે રાજગૃહી નામે નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી એક ગામથી બીજે ગામ વિહાર કરતા કરતા જ્યાં રાજગૃહી નગરીના ગુણશીલ નામ ઉદ્યાન વિષે પધાર્યા. તેઓનું આગમન જાણી શ્રેણિક રાજા આદિ વંદના કરવા આવી. આ સમયે પૂર્ણભદ્ર નામે દેવ સુધર્મ દેવલોક વિષે પૂર્ણભદ્ર દેવતાના વિમાને સુધર્મા સભાને વિષે પૂર્ણભદ્ર નામના સિંહાસન વિષે બેઠા હતા. ચાર હજાર સામાનિક દેવતા સહિત ભગવાન પાસે આવ્યા યાવત સૂર્યાભ દેવતાની પેઠે નાટક વિધિ કરી દિવ્ય ... આ જ પાછા ગયા.

આ વખતે શ્રી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીરને વંદન નમસ્કાર કરી વિનય પૂર્વક ભગવાનને પૂર્વ ભવ પૂછ્યો હતો।

ભગવાન બોલ્યા. આ ભરત ક્ષેત્રના જંબુદ્વીપ વિષે મણિવતી નામે નગરી હતી ત્યાં પૂર્ણભદ્ર નામે એક ગાથાપતિ રહેતા હતા. એકદા સ્થવિર ભગવંત જેઓ જાતિ સંપન્ન ... હતા

અને જન્મ મરણના ભયથી રહિત છે તેઓ ઘણા સાધુના પરિવાર સહિત પધાર્યા. તેમને વાંદવા પ્રજા નીકળી. પદ્મભદ્ર આચાર્યની જ-દર સહિત જેમ ભગવતિસૂત્રમાં ભગવતના અધિકાર કહ્યા તેમ વંદના નીકળ્યો. ત્યાં જઈ તેમને વાંદી નમસ્કાર કરી ધર્મકથા સાંભળી યાવત્ દિક્ષા લઇ ગુપ્ત બ્રહ્મચારી થયો. ત્યાર પછી તે પુષ્પભદ્ર કુમાર સ્થિવર ભગવાન સમીપે સામાયિક આદિ અગ્યાર અંગ ભણીને ઘણા ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ કરતાં આત્મા જતે ભાવતા થકા ઘણાં વરસની સામાન્ય પ્રવજ્યા પાળીને એક માસની સંલેખણા કરીને સાઠ ભક્ત આહાર છેદીને આલોચી પડિકમી સમાધિ પામી કાળને અવસરે કાળ કરીને સુધર્મ દેવલોકમાં પુષ્પક વિમાનની ઉત્પાત સભાને વિષે દેવતાની શય્યા માંહી ભાષા મન પર્યાપ્તિ સહિત ઉપન્યા. તેમની બે સાગરની સ્થિતિ કહી. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્ર સિદ્ધશે (મુક્તિ જશે.)



અધ્યયન ૬ ઠું

મણિભદ્ર



તે કાળ ને સમયને વિષે, રાજગૃહી નામે નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા શુભ સમય આવ્યે વિષે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પધાર્યા. તેમને શ્રેણિક રાજા આદિ વંદના કરવા ગયા. આ સમયે મણિભદ્ર નામે દેવ સુધર્મ દેવલોકને વિષે મણિભદ્ર વિમાનને વિષે સિંહાસનને વિષે બેઠો હતો. ચાર હજાર સામાનિક દેવના પરિવાર સહિત ભગવાનની પાસે આવ્યો. પાછો ભગવાનને વાંદી નાટકવિધિ દેખાડી પાછો ગયો. તેના પૂર્વ ભવ શ્રી ગૌતમ સ્વામીએ પૂછ્યા.


શ્રી ભગવાન કહે છે. ભરતક્ષેત્રના જંબુદ્વીપને વિષે મણિવય નગરી હતી. ત્યાં મણિભદ્ર નામે ગાથાપતિ રહેતો હતો. તેણે સ્થવિર ભગવંત પાસે દીક્ષા લીધી. અગિયાર અંગ ભણ્યા. ઘણાં વર્ષ ચારિત્ર પાળ્યું. આયુષ્યની સંલેખણા કરી કાળ કરી સૌધર્મ દેવલોકે મણિભદ્ર વિમાનને વિષે ઉત્પન્ન થયો. બે સાગરનું આયુષ્ય ભોગવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.



અધ્યયન ૭-૮-૯ અને ૧૦ મું



સાતમું અધ્યયન દત્તનું આઠમું શીવ ગાથાપતિનું, નવમું બલનું અને દસમું અણાઢીનું સર્વનો અધિકાર પુર્ણભદ્રની પેઠે જાણવો. સઘળાની બે સાગરની સ્થિતિ વિમાન અને દેવતાનાં નામ સરખા જાણવાં. દત્તનામ -ચંદના નામે નગરીનો વાસી શીવ મિથિલા નગરીના વાસી બલ ગાથાપતિ હસ્તિનાપુર નગરનો વાસી અને અણાઢી કાકંદી નગરીના વાસી ચૈત્ય સઘળા આગલાની પેરે જાણવાં.



શ્રી

પુષ્પચૂલા સૂત્ર

જેમાં,

શ્રી પાર્શ્વનાથ પ્રભુની શિષ્યા પુષ્પચૂડાની
૧૦ સહચરી સાધ્વીઓનો ઇતિહાસ
આપવામાં આવ્યો છે



૧ શ્રીદેવી.	૬ લક્ષ્મીદેવી.
૨ હ્રીદેવી.	૭ ઈલાદેવી.
૩ ધતિદેવી.	૮ સુરદેવી.
૪ કીર્તિદેવી.	૯ રસદેવી.
૫ બુદ્ધિદેવી.	૧૦ ગંધદેવી.



અધ્યયન ૧ લું

શ્રી દેવી



તે કાળ, તે સમયને વિષે, રાજગૃહી નગરીના રાજા શ્રેણિક ગુણશીલ બાગમાં પધારેલા પ્રભુ ભગવાનને વાંદવા ગયા તે વખતે સુધર્મ દેવલોકના અવતંસક વિમાનને વિષે સભા સુધર્મને વિષે શ્રી નામ સિંહાસન બીરાજેલી શ્રી દેવી નામે દેવી ૪ સામાનિક દેવતા અને તેટલી ૪ હજારી દેવીના પરિવાર સહિત બહુપુત્રા દેવીની માફક ભગવાનને વાંદી નાટકવિધિ દેખાડી પાછી ગઇ (એટલું વિશેષ કે પુત્ર પુત્રી નથી.)

બાદ ગૌતમ સ્વામીના પુછવાથી ભગવાન પૂર્વભવ કહેતા હવા મેષીકરા તની રાજગૃહી નગરીમાં સુદર્શન નામ ઋધિવંત ગાથાપતિ વસતા હતા તેને પ્રિયા નામે રૂપવતી ભાર્યા હતી અને ભૂતા નામે પુત્રી હતી. તે શરીરે જીર્ણ અને ઘરડી થઇ. તેની કેડના ભાગ તથા સ્તન નમી ગયા ૭

એકદા પુરૂષાંદણી પ્રધાન અને જેનું નવ હાથનું શરીર છે એવા શ્રી પાર્શ્વનાથ અરિહંત ગુણશીલ બાગને વિષે પધાર્યા. તેમને વાંદવા ભૂતા પુત્રીએ પોતાના માતપિતાની આજ્ઞા માગી. પછી સ્નાન કરી, શરીરે અલંકાર પહેરી દાસીના સમુહે કરી પરિવરી થકી, પો-

વાન પેરથી નીકળીને જ્યાં બહારની બગીચાની જગા છે ત્યાં આવી યાનરથમાં બેઠીને પોતાના પરિવાર સહિત રાજગૃહી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળી. તે ગુણશીલ બાગને વિષે તીર્થંકરના છત્રાદિક અતિશય દેખીને યાનરથથી હેઠે ઉતરીને સામીના ચરણે પગી થયા ત્યાં પાર્શ્વનાથ અરિહંત છે ત્યાં આવીને વંદન નમસ્કાર કર્યા. પછી તે ભૂતા પાર્શ્વનાથ ભગવાનનો ધર્મોપદેશ સાંભળી કહેવા લાગી "હે [illegible]! હું નિગ્રંથનાં પ્રવચન સિદ્ધાંત સાચાં માનું છું ને મન રમ્યાં છે માટે હું માતાપિતાને પૂછીને દીક્ષા લઈશ." ભગવાન "હે દેવાનુપ્રિયે! જેમ સુખ ઉપજે તેમ કરો. પણ ધર્મના કામમાં વિલંબ મા કરો." પછી ભૂતા તે ધર્મરથ ઉપર બેસીને પાછા ઘરને વિષે ઉતરી [illegible] પોતાનાં માતાપિતા છે ત્યાં આવી બે હાથ જોડી પૂછવા લાગી. માતાપિતા કહે "હે દેવાનુપ્રિયે જેમ સુખ ઉપજે તેમ કર." પછી સુદર્શન ગાથાપતિ [illegible] કરી આધાર પાણી [illegible] સગાંસંબંધીને [illegible] ઉપર બેસાડી પાલખી ઉપર ભૂતા બેઠી. તેમાંથી [illegible] પરિવાર સહિત ભગવાન પાસે [illegible] ત્યાં [illegible] તીર્થંકરના છત્રાદિક અતિશય દેખીને ભૂતાને પાલખીથી હેઠી ઉતારીને જ્યાં શ્રી પાર્શ્વનાથ અરિહંત છે ત્યાં આવી નમન વંદી કહેવા લાગ્યા "હે ભગવાન આ મારી ભૂતા બેટી છે તે અમને ઘણી વહાલી છે તે મારેના [illegible] તમારી સમીપ દીક્ષા લેવા તત્પર થઈ છે માટે હું શિષ્યણી ભિક્ષા દઉં છું." ભગવાન કહે "હે દેવાનુપ્રિય! જેમ સુખ ઉપજે તેમ કરો." પછી તે ભૂતા પાર્શ્વનાથ [illegible] તે

એમ કહ્યાથી હર્ષ પામી અને પ્રસન્ન મુખમાં જઇ પોતાની આભ રણ, અની માળા વગેરે મુકીને દેવાનંદાની પેઠે પુષ્પચુલા આર્યા સમીપે દિક્ષા લેઇ ગુમ બ્રહ્મચારિણી થઈ ત્યાર બાદ તે શરીર બાકુ શિયા બકુશ ચારિત્રની ધારણ કરી શબલ ચારિત્રની ધારણહારી થઈ વારંવાર હાથ ધુવે પગ ધુવે, માથું ધુવે, મુખ ધુવે સ્તનના આંતરા કાખના આંતરા ગુહ્યસ્થાનના આંતરા ધુવે જ્યાં જ્યાં કા- ઉસ્સગ્ગ કરવાનું સ્થાનક છે અથવા બેસવાની કે સુવા શય્યાની જગ્યા છે ત્યાં પણ પ્રથમ પાણી છાંટી પછી બેસે કે તેનો ઉપયોગ કરે, એવી રીતે વરતવા લાગી. એકદા પ્રસ્તાવે પુષ્પચુલા આર્યા ભૂતા આર્યા પ્રત્યે બોલી કે હે દેવાનુપ્રિયે! તપની કરણહાર સાધ્વી! આપણ સાધ્વીને વારંવાર હાથ પગ ધોવા તથા શુશ્રુષા કરવી કલ્પે નહિ- માટ તમે તે આલોચના આલોચો (શેઠ અધિકાર સુભદ્રાની પેરે જા- ણવા.) આથી તે ભૂતા આર્યા જુદો ઉપાશ્રય અંગીકાર કરીને નિ- રંકુશ થઇ અને વારંવાર હાથ પગાદિ ધોતી તથા પોતાના ઇચ્છા વરતતી હતી. અનુક્રમ ઘણા ઉપવાસ કરીને ઘણાં વર્ષ લગી સામાન્ય ચારિત્ર પાળીને તે સ્થાનકે પગ હાથ ધોવાના પાપને આલોચ્યા- પડિ કમ્યા વિના કાળને અવસરે કાળ કરીને સુધર્મ દેવલોકને વિષે શ્રી અવતંસક વિમાન, ઉપજવાની સભા અને દેવતાની શય્યા વિષે યાવત્ અંગુલના અસંખ્યાતમે ભાગ દેહની અવગાહનાએ શ્રી નામ દેવીપણે ઉપજી ત પંચવિધિ પર્યાય પૂરી પામી. તેની એક પલ્યોપમની સ્થિતિ જાણવી. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્ર મુક્તિ જશે.

અધ્યયન ૨-૩-૪-૫-૬-૭-૮-૯ અને ૧૦ મું



પહેલા અધ્યયનની પેઠે બાકીના નવે અધ્યયન જાણવાં. શ્રી નામા વિમાનને વિષે સુધર્મ દેવલોકને વિષે પૂર્વે ભવ પૂછ્યા. નગર, ચૈત્ય, પિતામાતાના નામ જેમ પોતાના નામ તેમ જાણવા. જેમ સુ ભદ્રીઅજ્ઞીની નામા સઘળીએ પાર્શ્વનાથની સમીપ નીકળી દિક્ષા લીધી. સર્વે પુષ્પચૂલા આર્યાની શિષ્યા થઇ શરીરની સુશ્રુષા કીધી. સઘળી આંતરા રહિત ચવીને મહાવિદેહ ક્ષેત્ર મુક્તિ જશે.



શ્રી

વન્હીદશા સૂત્ર

જેમા,

અંધકવિષ્ણુ રાજાના ૧૨ કુમારોનો
ઇતિહાસ આપવામાં આવ્યો છે



૧ નિષધ કુમાર.	૭ દઢ ર.
૨ અનિરૂદ્ધ કુમાર.	૮ મહાધનુષ્ય.
૩ વહ કુમાર.	૯ સપ્તધનુષ્ય.
૪ અગતી કુમાર.	૧ દસ ધનુષ્ય.
૫ મુક્તિ કુમાર.	૧૧ નામ કુમાર
૬ દસરથ.	૧૨ શત ધનુ ષ.

અધ્યયન ૧ લુ

નિષધકુમાર

તે કાળ તે સમયને વિષે દ્વારિકા નામે નગરી હતી. તે બાર યોજન લાંબી નવ યોજન પહોળી, [illegible] દેવલોક [illegible] અને મહામનોહર હતી. તે નગરીની બહાર ઇશાન કોણમાં રૈવત નામે પર્વત હતો તે આકાશને અડે એવા ઉંચા હતો અને તેના શિખરને વિષે નાના પ્રકારના [illegible] ગુચ્છ-ગુલ્માદિ ગુલ્મ-[illegible] લતા-ચંપકાદિ વલ્લી-[illegible] વિગેરેથી શોભતા હતા અને તેમાં હંસ, મૃગ, મયુર કૌંચ, સારસ, [illegible] કોયલ, [illegible] વગેરે [illegible] પક્ષીઓ મધુર સ્વર કરતા હતા અને ત્યાં [illegible] સમૂહ, દેવતાના સમૂહ, વિદ્યાધરના જોડલા એકઠા મળી હમેશ રમતો ખેલ કરતા અને [illegible] કરતા હતા. એ રૈવત પર્વત અથવા ગીરનાર પર્વતથી અતિ દૂર નહિ તેમ અતિ નજીક નહિ એવા [illegible] નંદનવન નામે ઉદ્યાન હતું [illegible] [illegible] ઋતુનાં ફળ ફુલ કરી સહિત અને તેના [illegible] ત્યાં સુરપ્રિય નામે એક યક્ષનું સ્થાન હતો.

ઉપર કહેલી દ્વારિકા નગરીને વિષે કૃષ્ણ નામે વાસુદેવ રાજ્ય કરતા હતા તે નગરીના [illegible] [illegible] [illegible] સમુદ્રવિજય પ્રમુખ

દસ દસાર બળદેવ પ્રમુખ પાંચ મહાવીર (બળવંત) ઉગ્રસેન પ્રમુખ સોળ હજાર રાજા હતા તેમને પ્રદ્યુમ્ન પ્રમુખ સાડાત્રણ ક્રોડ કુમાર હતા. સાંબકુમાર આદિ જીતવા મુશ્કેલ એવા સાઠ હજાર યોદ્ધા વીરસેન પ્રમુખ એકવીસ હજાર સુભટ રુક્મિણી આદિ સોળ હજાર રાણી, અનંગસેના પ્રમુખ અનેક ગણિકાઓ અને બીજા ઘણાઓના માલીક હતા અને ઉત્તર દિશાએ વૈતાઢ્ય પર્વત સુધી ને પૂર્વ પશ્ચિમ દક્ષિણ, સમુદ્ર સુધી એટલે દક્ષિણાર્ધ ભરતના અધિપતિ તેઓ હતા વળી તે દ્વારિકા નગરીને વિષે બળદેવ નામે રાજા હતો તેને રેવતી

નામે રૂપવતી રાણી હતી. તે રેવતી રાણી એકદા પ્રભાતે પુણ્યવંતને સૂવા યોગ્ય શય્યાને વિષે સૂતાં થકા સિંહનું સ્વપ્ન દેખીને જાગી અને પતિ પાસે જઈ સવિનય તેનું ફળ પૂછ્યું બળદેવ સ્વપ્નપાઠકને બોલાવી તેનું ફળ પૂછ્યું, તેના ઉત્તરમાં તેણે કહ્યું "રાણીની કુખે માંડલિક રાજાનો જીવ ઉત્પન્ન થયો છે" એવી વાત સાંભળી હર્ષ પામી સ્વપ્નપાઠકને દક્ષિણા આપી વિદાય કીધો અનુક્રમે સમયનો માસ પૂર્ણ થયે રાણીને મહા રૂપવંત પુત્ર જન્મ્યો. તેનું મોટા ઉત્સવ વડે વિધિપૂર્વક નિષધકુમાર નામ પાડ્યું. તે ૭૨ કળા શીખ્યો

મહાબળ કુમારની પેઠે તેને પચાસ રાજાની કન્યાઓ પરણાવી પચાસ દાત લીધી તેનાથી તે અનેક પ્રકારનાં સુખ ભોગવવા લાગ્યો એકદા ધર્મની આદિના કરનાર બાવીસમા શ્રી અરિષ્ટનેમીનાથ તીર્થંકર દસ ધનુષ્યનું દેહમાન છે તેઓ પધાર્યા. તેમને વાંદવા નીકળી. એ વાત સાંભળી શ્રી કૃષ્ણવાસુદેવ હર્ષિત થઈ સેવક [illegible] સુધર્મસભા વિષે હતી

જય વગાડનારી સામુદાનિક ભેરી છે તે વગાડ. સેવકે આજ્ઞા અંગીકાર કરી ભેરી વગાડી તેના સ્વર સાંભળીને સમુદ્રવિજય પ્રમુખ દશ દશારની દેવી રૂક્ષ્મણી પ્રમુખ તથા અનંગસેના પ્રમુખ અનેક ગણિકાઓ અને અનેક સ્નાન આદિ સ્નાન કરી સુશોભિત વસ્ત્રાલંકાર પહેરી પોતપોતાના હાથી અને સેવકોના સમુહ સહિત પગે ચાલતા જ્યાં શ્રી કૃષ્ણ વાસુદેવ છે ત્યાં આવી જયવિજય શબ્દો બોલી તેમને વધાવ્યા. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ સેવક પુરુષ પાસે પટ્ટહસ્તી સજ્જ કરાવી પોતે સ્નાન કરી વસ્ત્રાલંકાર પહેરી પટ્ટહસ્તીપર બેસી સમુદ્રવિજય પ્રમુખ દશ દશાર અને સર્વ સાથે સહિત છત્ર ચામરાદિક ઋદ્ધિ સહિત ગાજતે વાજતે દ્વારિકા નગરીની મધ્યોમધ્ય થઈને અરિષ્ટ નેમીને વાંદવા નીકળ્યા ત્યાં જઈ કોણિકની પેઠે તેમને સવિનય વાંદીને યાવત્ સેવા ભક્તિ કરવા લાગ્યા. નિષધકુમાર મહેલમાં બેઠા થકા લોકોના મોઢા થી સાંભળીને તે પણ વસ્ત્રાલંકાર પહેરીને ભગવાનને વાંદવા ગયા. તેઓ જમાલીની પેઠે ધર્મ સાંભળીને હર્ષ પામીને ભગવાનને વાંદી નમસ્કાર કરી એમ કહેવા લાગ્યા કે પૂજ્ય હું સદ્દહું છું નિર્ગ્રંથનાં સિદ્ધાંત પ્રવચન આપે ભાખ્યું છે તે મને રૂચ્યું છે એમ કહી ચિત્ત સારથીની પેઠે શ્રાવકના ધર્મ અંગીકાર કરી પાછા ઘેર પાછા ગયા.

અરિહંતભગવાનના વરદત્ત નામે મુખ્ય ગણધર નિષધકુમારને જોઈને ભગવાનને વાંદી નમસ્કાર કરી એમ કહેવા લાગ્યા "હે પૂજ્ય! નિષધકુમાર આવું મનોહર અને વલ્લભરૂપ તથા આવી ઋદ્ધિ કેમ કરી પામ્યા?"

ભગવાન કહ્યાઃ જમ્બુદ્વિપના ભરતક્ષેત્રને વિષે રોહી નામ ઋદ્ધિવંત નગર હતું તેના ઈશાનકુણ ઉદ્યાનને વિષે મણિદત્ત યક્ષનું દેહરું હતું તે નગરને વિષે મહાબળ નામ રાજા રાજ્ય કરતો હતો તેને પદ્માવતી નામે રાણી હતી. તેનો વીરંગત નામે કુમાર હતો તેને બત્રીશ કન્યા પરણાવી બત્રીશ દાત દીધી. તેનાથી અનેક પ્રકારના સુખ ભોગવતો વિચરતો હતો તે સમયે જાતિ અને કુળે કરી શુદ્ધ, બહુ સુત બહુ જ્ઞાની બહુ પરિવારના ધણી સિદ્ધાર્થ નામે આચાર્ય રોહી નગરના ઈશાનકુણ ઉદ્યાનને વિષે વિચરતા હતા. તેમને વંદના વાંદવા નીકળી વીરંગતકુમાર પણ વાંદવા નીકળ્યો. ત્યાં જઈ આચાર્યને વાંદી ધર્મકથા સાંભળી જમાલીની પેરે સાધુ થયો યાવત શુભ બ્રહ્મચારી થયો. પછી સિદ્ધાર્થ આચાર્ય પાસે સામાયિક આદિ અગ્યાર અંગ ભણીને ઘણા ઉપવાસ બેલા તેલા કરી યાવત આ માન ભાવના થકી બત્તાલીશ વર્ષ સુધી સામાન્ય પર્યાય પાળીને બે માસની સંલેખણા કરીને એકસો વીસ ભક્ત આહાર છેદીને શુભ ધ્યાન આલોવી સમાધી પામી મરણ અવસરે કાળ કરીને પાંચમા બ્રહ્મ દેવલોક વિષે મનોરમા વિમાને દસ સાગરોપમની સ્થિતિએ દેવતાપણે ઉપન્યા તે વીરંગત દેવતા દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરીને યાવત અનંતર ચવીને ઉપર કહેલી દ્વારિકા નગરીને વિષે બળદેવ રાજાની રેવતી રાણીની કુખ કમળને ઉપન્યો અને ઉપર બતાવ્યું સુંદર રૂપ અને ઋદ્ધિ પામવા સમર્થ થયો.

વરદત્ત કહે "હે પ્રભુ! એ નિષધકુમાર દિક્ષા લેશે કે નહિ? ભગવંત કહે હા લેશે. ત્યાર પછી વરદત્ત સાધુ આત્માને ભાવતા

ધમ વિચરતા હતા. અરિહંત અરિષ્ટનેમી પણ એકદા ત્યારે દ્વારિકા નગરીથી વિહાર કરતા હતા. ત્યાર પછી નિષધકુમાર શ્રમણોપાસક શ્રાવક થયા. એકદા ત્યારે પૌષધશાળામાં આવી ડાભના સંથારા ઉપર બેઠા. અર્ધી રાત્રીને સમયે ધર્મ જાગરિકા જાગતાં તેને એવો અધ્યવસાય ઉપન્યો કે "ધન્ય છે ! તે ગામ, નગરને કે જ્યાં અરિષ્ટનેમી વિચરતા હોય તેને તથા ધન્ય છે તે રાજા યુવરાજ સાર્થવાહ આદિ નમન વંદન સેવાભક્તિ કરતા હોય તેને. તે નેમિ નંદનવનને વિષે પધારે તો હું નમન ત્યાં જઈને કરું." ત્યાર પછી અરિષ્ટનેમી નિષધકુમારના એવા અધ્યવસાય જાણીને અઢાર હજાર સાધુ સાથે નંદનવન બાગને વિષે પધાર્યા. તેમને વાંદવા રાજા નીકળ્યા. નિષધકુમાર પણ ચાર ઘંટાવાળા અશ્વરથે બેસી વાંદવા નીકળ્યા યાવત્ જમાલીની પેઠે માતા પિતાને પૂછીને દીક્ષા લીધી અને ગુપ્ત બ્રહ્મચારી થયા. અરિહંત નેમિનાથની અને તથારૂપ સ્થવિરની સમીપ અગિયાર અંગ ભણીને ઘણા ઉપવાસ, છઠ યાવત્ વિચિત્ર તપસ્યા કરીને આત્માને ભાવતા થકા નવ વરસ સુધી શ્રામણ્યપર્યાય પાળીને બેતાલીસ ભક્ત આહાર છેદીને આલોઈને પડિકમી કાળના અવસરે કાળ કરીને સમાધિ પામ્યા.

હવે વરદત્ત સાધુ નિષધ અણગારને કાળ પામ્યા જાણી અરિહંત અરિષ્ટનેમી પાસે આવી એમ કહેવા લાગ્યા "હે પૂજ્ય ! આ નિષધ અણગાર સ્વભાવે ભદ્રિક અને વિનયવંત હતા. કાળ કરીને ક્યાં ઉપન્યો ?" ભગવાન કહે "હે વરદત્ત ! મારો શિષ્ય નિષધકુ નવ વરસ સુધી સાધુ પર્યાય પાળી બેતાલીસ ભક્ત આહાર છેદીને

આલોચી પડિકમી સમાધી પામી કાળને અવસરે કાળ કરીને તેત્રીશ સાગરોપમની સ્થિતિએ સર્વાર્થસિદ્ધ વિમાનને વિષે દેવતાપણે ઉપન્યો" ત ન ક્ષ્વ હે ભગવન્ નિષધદેવ, દેવતાનું આયુષ્ય ક્ષય કરીને અનંતર રહિત ચવીને ક્યાં ઉપજશે?" ભગવાન કહે હે ગૌતમ! આ જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રને વિષે ઉન્નત નામા નગરને વિષે રાજાના કુળને વિષે પુત્રપણે ઉપજશે. તે બાલ્યાવસ્થાએ તથા રૂપ સ્થવિરની સમીપ સ્ત્ર ા ૫ ધા ધર્મ સમજી અનુસાર થશે. ઘણા ઉપવાસ બેલા તેલા ચોલા પચોલા ઇત્યાદિ નાના પ્રકારનો તપ કરીને આત્માને ભાવતા ઘણા વર્ષ ... ની ચારિત્ર પર્યાય પાળીને એક માસનો સંથારો કરીને આલોવી આહાર છેદીને આવિના અર્થે આરાધીને છેલ્લા ઉશ્વાસ આ ા ... કરી સિદ્ધશે.

ઉપરના પહેલા અધ્યયનની પેઠે બાકીના અગ્યાર અધ્યયન નમસ્કૃતીની ગાથાને અનુસારે જાણવાં.



આ છ સૂત્રના સાર સ્થાને નર્મ મગ્ન શ્રી મહત્ત વદે ગાકે ભીમ ૪ સૂત્રો ના ા ... રીને મગ્ન મના ... ઉ કોઈ બહાર સહસ્ર અ પૂર્વ ઉપાસ ... ૬ ા ક ... ના આત્માને ... — ... પિ. શાહ.